# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654


| હવામાન | | |
|---|---|---|
| શહેર | મહત્તમ | લઘુત્તમ |
| અમદાવાદ | 33.00 | 27.00 |
| વડોદરા | 33.00 | 27.00 |
| સુરત | 31.00 | 27.00 |



RBIનો નવો ડ્રાફ્ટ: વર્ષ 2027થી બદલાશે પર્સનલ અને હોમ ....

પેજ 5


21 AUGUST-2026 FRIDAY




અમેરિકામાં ગ્રીન કાર્ડ મેળવવું વધુ મુશ્કેલ બન્યું, પરિવાર આધારિત ....

પેજ 10


વર્ષ-15 । અંક-277 । વિક્રમ સંવત-2082 । શ્રાવણ સુદ - 09 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક





AHMEDABAD EXPRESS
AHMEDABAD • અમદાવાદ

અમદાવાદ એક્સપ્રેસ
FRIDAY • 21-08-2026

# ગોપાલ ઈટાલીયાએ ભાવનગર ખાતે લઠ્ઠાકાંડના પીડિતોની લીધી મુલાકાત

અમદાવાદ | આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઇટાલિયા, રાષ્ટ્રીય સહ સચિવ રાજુભાઈ સોલંકી અને પ્રદેશ યુવા મોરચા પ્રમુખ બ્રિજરાજ સોલંકીએ ભાવનગરની સર ટી. હોસ્પિટલ ખાતે લઠ્ઠાકાંડના પીડિતોની મુલાકાત લીધી હતી. આ તકે પત્રકારોને સંબોધતા 'આપ' ધારાસભ્ય ગોપાલ ઇટાલિયાએ જણાવ્યું હતું કે, ભાવનગર જિલ્લામાં બનેલા લઠ્ઠાકાંડના અનુસંધાનમાં જે પીડિતો હોસ્પિટલમાં દાખલ છે, તેમની મેં મુલાકાત લીધી, ખબર-અંતર પૂછ્યા અને પ્રશ્નો પૂછીને જાણવાની કોશિશ કરી કે તેઓ શું કહેવા માંગે છે. ગુજરાતમાં અને એમાંય ભાવનગરમાં લઠ્ઠાકાંડ થયો એ દુઃખની બાબત છે, પણ તેના કરતાંય વધુ દુઃખ એ વાતનું છે કે આજથી ત્રણેક વર્ષ પહેલાં આ જ જગ્યાએ બેસીને બોટાદ-બરવાળાના લઠ્ઠાકાંડ બાબતે મેં ગળું ફાડી-ફાડીને કહ્યું હતું કે આ સરકાર આપણા નિર્દોષ યુવાનોનો ભોગ લે છે. આજે ત્રણ વર્ષ પછી ફરીથી એ જ સરકારી ભાવનગર હોસ્પિટલનું એ જ બિલ્ડિંગ, એ જ ત્રીજા માળનો એ જ વોર્ડ અને એ જ ખાટલા પર લઠ્ઠાકાંડના દર્દીઓ સુતા છે; બસ ત્યારે એ દર્દીઓ બોટાદના હતા. દર વર્ષે અલગ-અલગ જિલ્લાઓમાં લઠ્ઠાકાંડ થાય છે અને હજારો બહેનો નાની ઉંમરે વિધવા બને છે. આ રાજ્યની સરકાર હિંદુઓના નામે મત માંગે છે, ત્યારે ગુજરાત સરકારના રીલ બનાવતા ગૃહમંત્રીને પૂછવું છે કે આ આવતી રક્ષાબંધને જે બહેનોના ભાઈઓ આ રોયલ સ્ટેગ દારૂ પીવાથી છીનવાઈ ગયા છે, તેમના ભાઈઓને તેઓ પાછા લાવી શકશે? હિંદુ-મુસલમાન કરીને હિંદુઓના દીકરાઓને ઝેરી દારૂ પીવડાવીને મારી નાખવામાં આવે છે. ગાંધીનગરમાં બેઠેલા ગૃહ વિભાગના મંત્રીને પૂછવું છે કે રક્ષાબંધન આવે છે ત્યારે બહેન ક્યાં રાખડી બાંધવા જશે, કયા ઘરે જશે અને કયા હાથે રાખડી બાંધશે? આ બહેનો, માતાઓ અને ભાણીઓની પીડા ગાંધીનગર સુધી પહોંચવાની છે કે નહીં? જો આ પીડા ગાંધીનગર પહોંચતી હોત, તો બરવાળા-બોટાદના લઠ્ઠાકાંડ પછી આ બીજો લઠ્ઠાકાંડ ન બન્યો હોત. દર વખતે લઠ્ઠાકાંડ બને એટલે એસપી, આઈજી, કલેક્ટર કે મંત્રીઓ એકસાથે કડક કાર્યવાહીના નાટકો કરે છે, કમિશન બનાવવાની અને કોઈને નહીં છોડવાની વાતો કરે છે. મારો ભાવનગરના એસપી અને આઈજીને સીધો પ્રશ્ન છે કે બોટાદના લઠ્ઠાકાંડના આરોપીઓને ક્યાં ફાંસીએ ચડાવ્યા તેનો હિસાબ આપો. જો તમે એકલા જ ઈમાનદાર અને હરિશ્ચંદ્રના વારસદારો હોવ, તો બોટાદના આરોપીઓને કઈ સજા કરાવી તેનો જરાક હિસાબ આપો! ઘટના પછી ઘટનાઓ બનતી રહે, નિર્દોષ યુવાનોના ભોગ લેવાતા રહે અને સરકાર માત્ર વાતો કર્યા કરે એ કેટલું દુઃખદ છે.AAP ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ વધુમાં જણાવ્યુ હતુ કે ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં અહીં નકલી ઈંગ્લિશ દારૂનું મેન્યુફેક્ચરિંગ



ચાલુ થઈ ગયું છે અને બધા જ જિલ્લાઓમાં ફેક્ટરીઓ ચાલે છે. બોટાદ લઠ્ઠાકાંડ વખતે પણ અમદાવાદની ફેક્ટરીમાંથી ઈથનોલ લાવવામાં આવ્યું હતું અને ભાવનગરમાં દારૂ બન્યો ત્યારે પણ અમદાવાદથી જ ઈથનોલ લાવવામાં આવ્યું હતું. સરકાર કડક હાથે કામ લેવાનો દાવો કરે છે, પણ આ કડક હાથે કામ કોની સામે લેવાય છે, જનતા સામે કે બૂટલેગરો સામે? અગાઉના લઠ્ઠાકાંડ વખતે ગૃહ રાજ્યમંત્રીએ કહ્યું હતું કે હવે પછી દાખલારૂપ કડક કાર્યવાહી થશે, પરંતુ બૂટલેગરો તો મંત્રી કે સરકારને ઘોળીને પી ગયા છે અને તેમને કોઈનો ડર જ રહ્યો નથી. આ પરિસ્થિતિમાં આપણી બહેન-દીકરીઓનો શું વાંક? આજુબાજુવાળા તો કહે છે કે આ દાદાની સરકાર છે, પરંતુ દાદા એવા હોય જે પોતાની દીકરીના પતિ કે ભાઈને મારી નાખે? દાદાની સરકાર તો દયાળુ હોવી જોઈએ, જ્યાં દારૂ તો શું પણ પાણી પણ ખરાબ ન આવવું જોઈએ! એના બદલે અહીં તો દર વર્ષે લઠ્ઠાકાંડની લોલમલોલ ચાલે છે. સૌથી દુઃખનો વિષય એ છે કે આપણા રાજ્યમાં ગુંડાઓ, તોડબાજો અને માફિયાઓ આગળ ચાલે છે અને સરકાર તેમની પાછળ ચાલે છે. લઠ્ઠાકાંડ થાય એટલે અઠવાડિયા સુધી ડ્રાઈવ ચલાવે, દારૂ ન મળે અને જેવું બધું નોર્મલ થાય એટલે પાછા દારૂના અડ્ડાઓ શરૂ થઈ જાય છે. મેં પોતે પોલીસમાં નોકરી કરી છે એટલે ગૃહમંત્રીને કહું છું કે જો તમે ઈમાનદારીથી પગલાં લેવા માંગતા હોવ તો વહિવટદારોનું લિસ્ટ હું ગોપાલ ઈટાલિયા આપું છું. કયા જિલ્લામાં એલસીબી, એસઓજી કે ક્રાઈમ બ્રાન્ચના કયા વહિવટદારો ક્યાંથી પૈસા કમાય છે તેની તમામ ડિટેલ મારી પાસે છે. તેઓ કરોડો રૂપિયાના હપ્તા ઉઘરાવીને કમલમ સુધી પહોંચાડે છે અને લોકોને મરવા માટે છોડી દે છે.ગોપાલ ઈટાલિયાએ જણાવ્યુ હતુ કે માણસને મારવાની દવાઓ આખા રાજ્યમાં ઉપલબ્ધ છે પણ જીવ બચાવવાની ટીકડીઓ ભાવનગરમાં મળતી નથી, જે અમાનવીયતાનું સ્પષ્ટ ઉદાહરણ છે. એસપી અને કલેક્ટર પોતાના પ્રમોશન અને મલાઈદાર પોસ્ટીંગના ચક્કરમાં ભાન ભૂલી ગયા છે અને શબ્દચાલાકી કરીને એને 'લઠ્ઠાકાંડ'ના બદલે 'કેમિકલવાળો દારૂ' ગણાવે છે. કાયદાની વ્યાખ્યા બાજુ પર મૂકીને માણસની ભાષામાં બોલો કે આને 'કમોત' કહેવાય કે નહીં? જો અંગ્રેજો જેવું જ વર્તન કરવાનું હોય તો આવી આઝાદીનો શું ફાયદો? દર વખતે બે-ત્રણ કોન્સ્ટેબલ કે પીઆઈને સસ્પેન્ડ કરીને સરકાર કડક નેતા હોવાની જાહેરાત કરે છે. જો સરકાર ગંભીર હોય તો ભાવનગરના એસપી અને છેલ્લા દસ વર્ષમાં રહી ગયેલા એલસીબી પીઆઈની મિલકતોની તપાસ કરાવીને તેનો રિપોર્ટ જાહેર કરે. બોટાદ લઠ્ઠાકાંડમાં બદલી થયેલા તમામ પોલીસવાળા અને એસપી પાછા નોકરી પર લાગી ગયા, જે દર્શાવે છે કે સરકારને બૂટલેગરો પ્રત્યે કેટલો લગાવ છે! હોસ્પિટલમાં જ્યારે મેં દર્દીઓને પૂછ્યું ત્યારે પોલીસે તેમને પઢાવી રાખ્યા હતા કે 'અમે ભાવનગરથી નથી પીધો, વાપીથી પીધો છે' અથવા 'તબિયત સારી છે'. પોપટની જેમ બોલતા આ દર્દીઓ પાછળ હદનું તુત ચાલી રહ્યું છે અને આટલી મોટી ઘટનાને છુપાવવાની કોશિશ થઈ રહી છે. સરકારમાં તો શરમ નથી પણ એસપી-કલેક્ટરમાં હોવી જોઈએ. આ સરકાર બિનસંવેદનશીલ છે અને તેમના આત્મા મરી ગયા છે, તેઓ રાજીનામું નહીં આપે. તેથી મારી ગુજરાતની જનતાને બે હાથ જોડીને વિનંતી છે કે આપણી બહેન-દીકરીઓને બચાવવા માટે આપણે પોતે જાગવું પડશે અને આ લોકોને યોગ્ય પાઠ ભણાવવો પડશે.

## ભાડજ સ્થિત ઈસ્કોન હરેકૃષ્ણ મંદિર, ભગવાન શ્રીકૃષ્ણનો જન્માષ્ટમીનો સંદેશ "સ્વાગતમ્ કૃષ્ણ 2026" સમગ્ર ગુજરાતમાં સમાજના દરેક વર્ગ સુધી પહોંચાડશે



(એજન્સી) અમદાવાદ | તા 20

ઈસ્કોન હરેકૃષ્ણ મંદિર, ભાડજ દ્વારા દર વર્ષે ભવ્ય રીતે શ્રીકૃષ્ણ જન્માષ્ટમી મહોત્સવનું આયોજન કરવામાં આવે છે, જેમાં અસંખ્ય ભક્તો અને શ્રદ્ધાળુઓ જોડાય છે. આ વર્ષે ઈસ્કોન હરેકૃષ્ણ મંદિર, ભાડજ દ્વારા જન્માષ્ટમીની ઉજવણી તેમજ તેના આધ્યાત્મિક સંદેશને સમાજના વિવિધ વર્ગો સુધી પહોંચાડવા માટે "સ્વાગતમ્ કૃષ્ણ 2026"ની નવી પહેલ શરૂ કરવામાં આવી છે. આ પહેલ દ્વારા સમગ્ર ગુજરાતના વિવિધ શહેરો જેવા કે અમદાવાદ, ગાંધીનગર, રાજકોટ, સુરત, વડોદરા, સાણંદ, વિરમગામ, કડી-કલોલ ખાતે 22 ઓગષ્ટ થી 13 સપ્ટેમ્બર 2026 દરમિયાન આધ્યાત્મિક-સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા શ્રીકૃષ્ણનો જન્માષ્ટમીનો સંદેશ "સ્વાગતમ્ કૃષ્ણ 2026"ની ઉજવણી કરવામાં આવશે. સાથોસાથ 23 થી 28 ઓગષ્ટ દરમિયાન ઝુલન મહોત્સવનું ભાડજ હરેકૃષ્ણ મંદિર ખાતે કરવામાં આવ્યુ છે. ઈસ્કોન હરે કૃષ્ણ મૂવમેન્ટના પ્રમુખ જગનમોહનકૃષ્ણ દાસજીએ સમગ્ર ગુજરાતમાં આયોજીત "સ્વાગતમ્ કૃષ્ણ 2026" કાર્યક્મની રૂપરેખા આપતાં જણાવ્યું હતું કે, 22 ઓગસ્ટે સાંજે 6-00 કલાકે ચાંદખેડા - શ્રી સદારામ બાપા કોમ્યુનિટી હોલ, ઉમિયા પાર્ટી પ્લોટ, ગોતા, બાલાજી ઓએસિસ લૉન, પાલજ, ગાંધીનગર, 23 ઓગસ્ટે સાંજે 6-00 કલાકે હરેકૃષ્ણ મૂવમેન્ટ, રાજકોટ - સિસન્સ હોટેલ, 29 ઓગસ્ટે સાંજે 6-00 કલાકે ચાંદલોડિયા કોમ્યુનિટી સેન્ટર, મંગલપાંડે હોલ, નિકોલ, મેડોઝ, અદાણી શાંતિગ્રામ, 30 ઓગસ્ટે સાંજે 6-00 કલાકે સાણંદ, કલોલ ટાઉનહોલ, વેદમંદિર, મણિનગર, તેમજ 4 સપ્ટેમ્બરે જન્માષ્ટમીની સાંજે 6-00 કલાકે હરેકૃષ્ણ મૂવમેન્ટ, સુરત - મહેશ્વરી ભવન, હરેકૃષ્ણ મૂવમેન્ટ, વડોદરા - ઈવામોલ ખાતે આધ્યાત્મિક-સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા ભગવાન શ્રીકૃષ્ણનો જન્માષ્ટમી મહોત્સવનો સંદેશ ભક્તો સુધી પહોંચાડવામાં આવશે. આ સાથે 4 સપ્ટેમ્બરે જન્માષ્ટમીના રોજ સવારે 8 થી રાત્રી 12:30 સુધી ભાડજ ખાતે આવેલા ઈસ્કોન હરેકૃષ્ણ મુખ્ય મંદિરમાં તેમજ સેકટર-1 ગાંધીનગર ખાતે સવારે 8 થી રાત્રી 12:30 સુધી ભગવાન શ્રીકૃષ્ણની મહિમા વિવિધ સંદેશા સાથેના સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા જનમાષ્ટમી પર્વની ઉજવણી કરવામાં આવશે. અંતમાં 13 સપ્ટેમ્બરે કડી ટાઉનહોલ ખાતે "સ્વાગતમ્ કૃષ્ણ 2026"નું આયોજન કરવામાં આવ્યું છે. અ સિવાય સમગ્ર શ્રાવણ માસ દરમિયાન વિરમગામ તાલુકાના આશરે 10 ગામોમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.ઈસ્કોન હરે કૃષ્ણ મૂવમેન્ટના પ્રમુખ જગનમોહનકૃષ્ણ દાસજીએ વધુમાં જણાવ્યું હતું કે "સ્વાગતમ્ કૃષ્ણ 2026" નો ઉદ્દેશ શ્રી કૃષ્ણ જન્માષ્ટમીના સંદેશ અને ભાવનાને મંદિરની બહાર સમાજના વિવિધ વર્ગો જેવા કે અબાલ વૃધ્ધ સ્ત્રી-પુરૂષ તેમજ ભારતના આશાસ્પદ ભવિષ્ય એવા યુવાવર્ગ સુધી પહોંચાડવાનો છે. શ્રાવણ માસ દરમિયાન વિવિધ શહેરો, નગરો અને ગામોમાં આધ્યાત્મિક તથા સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ પહેલની પ્રેરણા, કૃષ્ણ કૃપામૂર્તિ શ્રીલ પ્રભુપાદ, ઈસ્કોનના સ્થાપક-આચાર્ય પાસેથી પ્રાપ્ત થઈ છે. શ્રીલ પ્રભુપાદે પોતાનું સમગ્ર જીવન ભગવાન શ્રીકૃષ્ણના સંદેશ, ભગવદ ગીતાના ઉપદેશો અને હરેકૃષ્ણ મહામંત્રને સમગ્ર વિશ્વ સુધી પહોંચાડવામાં સમર્પિત કર્યું હતું જે સંદેશ "સ્વાગતમ્ કૃષ્ણ 2026" નો અગ્ર ભાગ છે."સ્વાગતમ્ કૃષ્ણ 2026" ની ઉજવણીના દરેક સ્થળોએ પ્રતિષ્ઠિત મહાનુભાવો તથા સમાજના અગ્રણી વ્યક્તિઓ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી ભગવાન શ્રીકૃષ્ણના આશીર્વાદ પ્રાપ્ત કરશે. આ પહેલની પરાકાષ્ઠા 4 સપ્ટેમ્બર 2026ના રોજ શ્રી કૃષ્ણ જન્માષ્ટમીના પાવન અવસરે થશે. આ દિવસે ઈસ્કોન હરેકૃષ્ણ મંદિર, ભાડજ અને ઈસ્કોન ગાંધીનગર, સેક્ટર-1 ખાતે સમગ્ર દિવસ દરમિયાન ભવ્ય જન્માષ્ટમી મહોત્સવ યોજાશે.આ ઉજવણીમાં ભક્તો તથા સામાન્ય જનતા માટે દર્શન, કીર્તન, ભક્તિ સંગીત, સાંસ્કૃતિક કાર્યક્રમો તથા વિશેષ જન્માષ્ટમી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે અને ભગવાન શ્રીકૃષ્ણના દિવ્ય પ્રાગટ્યનો આનંદમય ઉત્સવ ઉજવાશે.

## ભાવનગર લઠ્ઠાકાંડ મામલે આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલના ઉગ્ર પ્રહાર

### ગાંધીના ગુજરાતમાં લઠ્ઠાકાંડની વારંવાર બનતી ઘટનાઓ અંગે કેજરીવાલના ગંભીર સવાલો

અમદાવાદ | ગુજરાતના ભાવનગરમાં ઝેરી મિશ્રણથી બનેલા બોગસ દારૂ (લઠ્ઠા)નું સેવન કરવાને કારણે અંદાજે 9 જેટલા લોકોના કમનસીબ મોત નિપજ્યા છે, જ્યારે અન્ય અનેક લોકોની તબિયત લથડતાં તેઓને ત્વરિત તબીબી સારવાર અર્થે સ્થાનિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. હોસ્પિટલમાં દાખલ દર્દીઓ પૈકી કેટલાકની સ્થિતિ હજુ પણ ગંભીર હોવાનું જાણવા મળી રહ્યું છે. આ બનાવને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે શોક અને રોષની લાગણી વ્યાપી ગઈ છે, તેમજ પોલીસ વિભાગ અને સ્થાનિક વહીવટી તંત્રમાં પણ દોડધામ મચી ગઈ છે.આ ઘટનાને લઈને આમ આદમી પાર્ટીના



રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે શાસક પક્ષ પર તીખો હુમલો કરતા ટ્વીટ કર્યું હતું. તેમણે લખ્યું હતું કે, 'આખા ગુજરાતમાં દારૂબંધી છે અને અહીં જ નકલી દારૂ પીવાથી લોકોના જીવ જઈ રહ્યા છે. વિચાર કરો, છેલ્લા 30 વર્ષથી ભાજપ અહીં સરકાર ચલાવી રહી છે. આનાથી વધુ શરમજનક બીજું કંઈ હોઈ ન શકે. આ લોકોએ ગુજરાતને ગેરકાયદે દારૂના ધંધાનું કેન્દ્ર બનાવી દીધું છે.તેમણે ગાંધીના ગુજરાતમાં લઠ્ઠાકાંડની વારંવાર બનતી ઘટનાઓ અંગે ગંભીર સવાલો ઉઠાવીને દારૂબંધીના કડક અમલીકરણ સામે શંકા વ્યક્ત કરી છે.

## શ્રાવણ સુદ આઠમ નિમિત્તે આદિ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવને વિશેષ ચંદન શૃંગાર અર્પણ કરાયો; દર્શન કરી ભક્તો ધન્ય બન્યા

નરેન્દ્ર દવે જૂનાગઢ



આજે શ્રાવણ માસની સુદ આઠમના પવિત્ર દિવસે આદિ જ્યોતિર્લિંગ ભગવાન સોમનાથ મહાદેવને વિશેષ ચંદન શૃંગાર કરવામાં આવ્યો હતો. ચંદન શીતળતા પ્રદાન કરનારું માનવામાં આવે છે, તેથી વિશ્વ શાંતિ અને જનકલ્યાણ ના પવિત્ર ભાવ સાથે શ્રી સોમનાથ મંદિરના પૂજારીવૃંદ દ્વારા મહાદેવને આ ખાસ શૃંગાર અર્પણ કરવામાં આવ્યો હતો.આ દિવ્ય શૃંગારને તૈયાર કરવા માટે સેવંતી, ગલગોટા , ગુલાબ, બિલ્વપત્રો અને અન્ય પુષ્પો મળીને કુલ ૧૦૧ કિલો પુષ્પોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. સોમનાથ મહાદેવના આ અદભુત ચંદન અને પુષ્પ શૃંગારની ઝાંખીના દર્શનનો લાભ લઈને શ્રદ્ધાળુઓએ ધન્યતા અનુભવી હતી.

### જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા શહેરમાં ચાલી રહેલા વિકાસપ્રકલ્પોનું સ્થળ નિરીક્ષણ પદાધિકારીઓ અને અધિકારીઓ

નરેન્દ્ર દવે જૂનાગઢ | જૂનાગઢ શહેરના સર્વાંગી વિકાસ અને નાગરિક સુવિધાઓમાં વધારો કરવાના આશયથી માન.મેયરશ્રી ધર્મેશ ડી. પોંશીયા,કમિશનરશ્રી આઈ.આર.વાળા, ડે.મેયરશ્રી આકાશ કટારા તથા સ્થાયી સમિતિના ચેરપર્સનશ્રી પલ્લવીબેન ઠાકર દ્વારા શહેરમાં ચાલી રહેલા વિવિધ પ્રકલ્પો ની વિસ્તૃત સ્થળ મુલાકાત લેવામાં આવી હતી. આ ઉપરાંત સક્કરબાગ પાસે સોનરખ નદી પર નવા પુલના નિર્માણ સમયે આપવાના થતા ડાઈવર્ઝન તથા ભરડાવાવ રોડ પર જેલની વાડી પાસેથી વધારાનો નવો અલ્ટરનેટ રૂટ બનાવવા માટેની જગ્યાની સમીક્ષા કરવામાં આવી હતી, સાથે જ ધારાગઢ રોડને ફોર-લેન કરવા માટે મેળવવાની થતી જગ્યા અંગે જરૂરી સ્થળ તપાસ કરવામાં આવી હતી.શહેરીજનો માટે મહત્વના એવા વાઘેશ્વરી તળાવના ડેવલપમેન્ટનું કામ હાલ ૯૦ ટકા જેટલું પૂર્ણ થઈ ગયેલ હોય, તેનો લાભ જૂનાગઢની જનતાને સત્વરે મળે તે અર્થે બાકી રહેલી કામગીરી વહેલીતકે પૂર્ણ કરી લેવા જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.

# શ્રાવણમાં ભેળસેળિયાઓ સામે આરોગ્ય વિભાગની કડક કાર્યવાહી

(એજન્સી) ગાંધીનગર | તા 20

રાજ્યના નાગરિકોને શ્રાવણ માસના પવિત્ર દિવસોની શુભકામનો પાઠવતા આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરિયાએ જણાવ્યું હતું કે, શ્રાવણ માસના પવિત્ર દિવસોમાં નાગરિકોની શ્રદ્ધા અને સ્વાસ્થ્ય સાથે ખીલવાડ કરનારા ભેળસેળિયા વેપારીઓ સામે રાજ્ય સરકાર 'ઝીરો ટોલરન્સ' નીતિ અપનાવી રહી છે.આ પવિત્ર માસ દરમિયાન નાગરિકોને શુદ્ધ અને સાત્વિક આહાર મળી રહે તે માટે આરોગ્ય વિભાગ દ્વારા સ્થળ પર દરોડા પાડીને કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા સમગ્ર રાજ્યમાં ફરાળી લોટ, માવો, પનીર, ઘી અને દૂધ જેવી ખાદ્યસામગ્રીનું સતત ચેકિંગ હાથ ધરીને નકલી તથા ભેળસેળયુક્ત જથ્થો જપ્ત કરવામાં આવી રહ્યો છે. આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ વધુમાં જણાવ્યું હતું



કે, નાગરિકોએ શક્ય હોય ત્યાં સુધી ખાવાની વસ્તુઓ ઘરે જ બનાવવી જોઈએ અથવા કોઈ પ્રમાણિક વ્યક્તિ, માન્ય કંપની કે ગૃહ ઉદ્યોગ પાસેથી જ ખરીદવી જોઈએ. તેમણે ચેતવણી આપતાં ઉમેર્યું હતું કે, વધુ નફો કમાવાની લાલચમાં જો કોઈ વેપારી ખાદ્ય સામગ્રીમાં ભેળસેળ કરશે, તો રાજ્ય સરકાર તેની સામે કડકમાં કડક કાનૂની પગલાં ભરશે. મંત્રીશ્રીએ શ્રદ્ધાળુઓને અપીલ કરતાં જણાવ્યું હતું કે, શ્રાવણ માસના પવિત્ર દિવસોમાં નાગરિકો પોતાની શ્રદ્ધાથી માત્ર 'પૂજા માટેનું ઘી' એવું લેબલ જોઈને ખરીદી લેતા હોય છે, જે કેટલાક કિસ્સાઓમાં ભેળસેળયુક્ત હોઈ શકે છે. નાગરિકોએ આવા બનાવટી ઘીનો ઉપયોગ ટાળવો જોઈએ. જો આપણે આવું ઘી ખરીદીશું, તો ભેળસેળિયા તત્વોને પ્રોત્સાહન મળશે. રાજ્ય સરકાર દ્વારા નાગરિકોના આરોગ્યની ચિંતા કરીને બનાવટી ઘી વેચનારા તમામ તત્વોની ફેક્ટરીઓને શોધીને સીલ કરી દેવામાં આવી છે.'ભેળસેળ મુક્ત ગુજરાત'ના આ મહાઅભિયાનમાં જાગૃતિ ફેલાવવામાં સક્રિય ભૂમિકા ભજવવા બદલ આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ તમામ મીડિયા મિત્રોની કામગીરીને બિરદાવી હતી.

## જિલ્લા કલેકટરશ્રી મયુર મહેતાએ સુઇગામ CHCની આકસ્મિક મુલાકાત લીધી

માહિતી બ્યુરો,થરાદ વાવ-થરાદ જિલ્લા કલેક્ટરશ્રી મયુર મહેતાએ સુઈગામ સામુદાયિક આરોગ્ય કેન્દ્ર (CHC)ની આકસ્મિક મુલાકાત લઈ આરોગ્ય સેવાઓ અને વહીવટી કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. મુલાકાત દરમિયાન તેમણે તબીબો અને કર્મચારીઓની હાજરી, હાજરી રજીસ્ટર સહિતના વિવિધ રેકોર્ડની ચકાસણી કરી હતી. સાથે જ આરોગ્ય કેન્દ્રમાં ઉપલબ્ધ સારવાર અને અન્ય સુવિધાઓ અંગે સંબંધિત અધિકારીઓ પાસેથી માહિતી મેળવી હતી.કલેક્ટરશ્રીએ CHCના વિવિધ વિભાગોની મુલાકાત લઈ દર્દીઓને મળતી આરોગ્ય સેવાઓ, દવાઓની ઉપલબ્ધતા, સ્વચ્છતા, ઈમરજન્સી સેવાઓ તેમજ દર્દીઓ માટેની પાયાની સુવિધાઓનું નિરીક્ષણ કર્યું હતું. આરોગ્ય કેન્દ્રમાં સારવાર માટે આવતા નાગરિકોને કોઈપણ પ્રકારની હાલાકી ન પડે અને તેમને સમયસર જરૂરી સારવાર તથા માર્ગદર્શન મળી રહે તે સુનિશ્ચિત કરવા સંબંધિત અધિકારીઓ અને કર્મચારીઓને જરૂરી સૂચનાઓ આપી હતી.કલેક્ટરશ્રી મયુર મહેતાએ આરોગ્ય સેવાઓમાં ફરજ પ્રત્યે નિયમિતતા અને જવાબદારી જાળવવા પર વિશેષ ભાર મૂક્યો હતો. નાગરિકલક્ષી સેવાઓમાં કોઈપણ પ્રકારની બેદરકારી ન રહે, આરોગ્ય કેન્દ્રમાં સ્વચ્છતા જળવાય અને દર્દીઓ સાથે સંવેદનશીલ તથા સૌજન્યપૂર્ણ વ્યવહાર કરવામાં આવે તે માટે કડક સૂચનાઓ આપી હતી. સાથે જ ઉપલબ્ધ આરોગ્ય સુવિધાઓનો મહત્તમ લાભ નાગરિકોને મળે તે દિશામાં કામગીરી કરવા જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

## મુરંમબારી ફોરેસ્ટ ચેકપોસ્ટ પર રોજમદાર સાથે મારામારી કરનાર આરોપીને બે વર્ષ છ માસની સજા અને દંડ

સુશીલ પવાર | ડાંગ

ડાંગ જિલ્લાના મુરંમબારી ફોરેસ્ટ ચેકપોસ્ટ પર પોતાની સરકારી ફરજ પર હાજર રોજમદાર સાથે ગાળાગાળી કરી, ઢીકાપાટુનો માર મારી તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપનાર આરોપીને જે.એમ.એફ.સી. કોર્ટ આહવા દ્વારા બે વર્ષ અને છ માસની સજા તેમજ રૂ. ૨૫૦૦/- નો દંડ ફટકારતો હુકમ કરવામાં આવ્યો છે.બનાવની વિગત અનુસાર, ફરિયાદી મોતીરામભાઈ કાકડીયાભાઈ દળવી મુરંમબારી ફોરેસ્ટ ચેકપોસ્ટ ખાતે પોતાની સરકારી ફરજ પર હાજર હતા. તે દરમિયાન આરોપી ગણેશભાઈ સોમાભાઈ ચૌધરી (રહે. પીપલઘોડી તા.આહવા જી.ડાંગ) પોતાની બોલેરો પીકઅપ ગાડી (નં. GJ-15-BB-2572) લઈને ચેકપોસ્ટની આડાસ સાથે અડાડી દીધેલ.આથી ફરિયાદીએ નિયમ મુજબ તેમને જણાવ્યું કે 'ગાડી નંબર અને લાયસન્સ રજિસ્ટરમાં લખાવી આગળ જાઓ.'આ વાત સાંભળી આરોપી એકદમ ઉશ્કેરાઈ ગયો હતો અને ફરિયાદીને અસભ્ય ગાળો આપી, ઢીકાપાટુનો માર મારી ગાલના ભાગે તથા કમરના ભાગે પકડી રોડ પર ફેંકી દીધો હતી. તેમજ ફરિયાદીના ડાબા ખભા અને ડાબા હાથની કોણીએ ઈજા પહોંચાડી સરકારી ફરજમાં રૂકાવાટ ઊભી કરી હતી. આ ઉપરાંત આરોપીએ 'તમે નોકરી કેમ કરો છો તે હું જોઈ લઈશ' એમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.આ બનાવ અંગેનો કેસ જે.એમ. એફ.સી. કોર્ટ, આહવા ખાતે ચાલવા જતાં, નામદાર કોર્ટના ન્યાયાધીશ વાય. પી. યાદવે તમામ પુરાવાઓ અને દલીલો ધ્યાને લઈ આરોપીને બે વર્ષ અને છ માસની કેદની સજા તથા રૂ. ૨૫૦૦/- નો દંડ ફટકાર્યો છે. આ કાનૂની કેસમાં સરકાર તરફથી સરકારી વકીલ સુરેશભાઈ કોંકણી દ્વારા ધારદાર અને સચોટ દલીલો રજૂ કરવામાં આવી હતી.

### અંકલેશ્વર ખાતે ૪૦૦ હેક્ટરમાં અત્યાધુનિક આંતરમાળખાકીય સુવિધાઓ સાથે વિકસાવાયો છે રેસિડેન્શિયલ ઝોન

# અંકલેશ્વર વસાહત મંડળની રજૂઆત રંગ લાવી: નાયબ મુખ્યમંત્રીના હસ્તે પારદર્શક પદ્ધતિથી પ્લોટ વિતરણ

(એજન્સી) ગાંધીનગર | તા 20

રાજ્યમાં ઉદ્યોગો અને કર્મચારીઓના કલ્યાણ માટે સતત કાર્યરત રાજ્ય સરકાર દ્વારા વધુ એક સંવેદનશીલ અને હકારાત્મક નિર્ણય લેવામાં આવ્યો છે. નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની અંકલેશ્વર વસાહતની મુલાકાત દરમિયાન થયેલી રજૂઆતને પગલે, વર્ષ



૨૦૧૮થી પડતર રહેલી રહેણાંક પ્લોટની ફાળવણીનો માત્ર ગણતરીના દિવસોમાં જ સુખદ ઉકેલ લાવી દેવામાં આવ્યો છે. જી.આઈ.ડી.સી. દ્વારા પારદર્શક ઓનલાઈન ડ્રો સોફ્ટવેરના માધ્યમથી કુલ ૧૭૪ ઉદ્યોગકારો તેમજ નિગમના ૨૬૦ અધિકારી-કર્મચારીઓને રહેણાંક પ્લોટની ફાળવણી કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, અંકલેશ્વર વસાહત ખાતે રહેણાંક પ્લોટ મેળવવા માટે ઉદ્યોગકારો દ્વારા વર્ષ ૨૦૧૮માં ઓનલાઈન અરજીઓ કરવામાં આવી હતી, જે લાંબા સમયથી નિર્ણય અર્થે પડતર હતી. ગત તા. ૧૭.૦૮.૨૦૨૬ના

**GIDCના ૨૬૦ અધિકારી-કર્મચારીઓને પણ પાત્રતા મુજબ પ્લોટની ફાળવણી**

રોજ નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ અંકલેશ્વર વસાહતની લીધેલી મુલાકાત દરમિયાન વસાહત મંડળ દ્વારા આ પડતર અરજીઓના નિકાલ અર્થે રજૂઆત કરવામાં આવી હતી. આ રજૂઆતને ગંભીરતાથી લઈ નાયબ મુખ્યમંત્રીશ્રી દ્વારા તાત્કાલિક ધોરણે હકારાત્મક નિર્ણય લેવા સૂચના આપવામાં આવી હતી. આ ઉપરાંત, નિગમમાં ઉત્કૃષ્ટ સેવા આપતા ૨૬૨ જેટલા અધિકારીઓ અને કર્મચારીઓની પણ રહેણાંક પ્લોટ ફાળવણી અંગેની રજૂઆત લાંબા સમયથી વિચારણા હેઠળ હતી. આ સમગ્ર પ્રક્રિયાને વેગ આપીને તા. ૧૯.૦૮.૨૦૨૬ના રોજ અંકલેશ્વર ઔદ્યોગિક વસાહત મંડળના પ્રતિનિધિઓની પ્રત્યક્ષ ઉપસ્થિતિમાં ઓનલાઈન ડ્રો સોફ્ટવેર દ્વારા અત્યંત પારદર્શક પદ્ધતિથી પ્લોટ ફાળવણી કરવામાં આવી હતી. નિગમની નીતિ મુજબ પાત્રતા ધરાવતા અંકલેશ્વર, ઝઘડિયા અને પાનોલી વસાહતના કુલ ૧૭૪ ઉદ્યોગકારોને તેમની શ્રેણી મુજબ ૧૨૫, ૧૫૦ તથા ૨૦૦ ચોરસ મીટર ક્ષેત્રફળના રહેણાંક પ્લોટ ફાળવવામાં આવ્યા છે. તે ઉપરાંત પાત્રતા ધરાવતા કુલ ૨૬૦ અધિકારીઓ અને કર્મચારીઓને પણ નિયત વિસ્તાર મુજબ રહેણાંક પ્લોટ ફાળવવામાં આવ્યા છે. અત્રે નોંધનીય છે કે, જી.આઈ.ડી.સી. દ્વારા અંકલેશ્વર વસાહત ખાતે અંદાજિત ૪૦૦ હેક્ટર વિસ્તારમાં સુવ્યવસ્થિત 'રેસિડેન્શિયલ ઝોન' વિકસાવવામાં આવ્યો છે. આ વિસ્તારમાં પીવાનું શુદ્ધ પાણી, ગુણવત્તાયુક્ત રસ્તા, સ્ટ્રીટ લાઈટ્સ, વરસાદી પાણીના નિકાલ માટે વરસાદી ગટર તેમજ સીવેજ ગટર જેવી તમામ અત્યાધુનિક પાયાની આંતરમાળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. નાયબ મુખ્યમંત્રીશ્રીના ત્વરિત અને નિર્ણાયક અભિગમથી વર્ષો જૂની માંગણીનો સુખદ અંત આવતાં સ્થાનિક ઉદ્યોગકારો તેમજ જી. આઈ.ડી.સી. પરિવારમાં ભારે હર્ષ અને સંતોષની લાગણી વ્યાપી છે.

## 'વિકાસ પણ, વિરાસત પણ'ના સંકલ્પ સાથે ગુજરાતમાં સંસ્કૃતનું મહા જનઅભિયાન

(એજન્સી) ગાંધીનગર | તા 20

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે લોકાર્પિત તથા રાજ્યકક્ષાની ઉચ્ચસ્તરીય સ્થાયી સમિતિમાં નિર્ધારિત 'સંસ્કૃત સપ્તાહ મહોત્સવ' અંતર્ગત તા. ૨૫ થી ૩૧ ઓગસ્ટ, ૨૦૨૬ દરમિયાન ગુજરાતમાં સંસ્કૃત સપ્તાહની રાજ્યવ્યાપી ઉજવણી કરવામાં આવનાર છે.આ વર્ષે સંસ્કૃત સપ્તાહને શાળા, મહાવિદ્યાલય અને યુનિવર્સિટી ત્રણેય સ્તરે તથા જિલ્લા અને તાલુકા વહીવટીતંત્રની સક્રિય ભાગીદારી સાથે વ્યાપક સ્વરૂપ આપવામાં આવ્યું છે. આ સમગ્ર આયોજનને સફળ બનાવવા શિક્ષણ મંત્રી શ્રી ડૉ. પ્રદ્યુમન વાજાની અધ્યક્ષતામાં યોજાયેલી ઉચ્ચસ્તરીય ઓનલાઈન બેઠકમાં ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડના ચેરમેન શ્રી હિમાંજય પાલીવાલ, જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ તથા યુનિવર્સિટીના કુલસચિવશ્રીઓ જોડાયા હતા. આ વર્ષે સંસ્કૃત સપ્તાહની ઉજવણીને માત્ર શિક્ષણ વિભાગ પૂરતી મર્યાદિત રાખવામાં આવી નથી.જિલ્લા કક્ષાએ જિલ્લા કલેક્ટરશ્રીની અધ્યક્ષતામાં જિલ્લા સ્તરીય અમલીકરણ સમિતિ,તાલુકા કક્ષાએ મામલતદારશ્રીની અધ્યક્ષતામાં તાલુકા સ્તરીય અમલીકરણ સમિતિની રચના કરવામાં આવશે. આ સમિતિઓમાં શિક્ષણ તંત્ર ઉપરાંત સ્થાનિક વહીવટીતંત્ર, સંસ્કૃતજ્ઞો, શિક્ષણવિદો તથા સામાજિક સંસ્થાઓને જોડવામાં આવ્યા છે. જિલ્લા અને તાલુકા કક્ષાએ સંસ્કૃત ગૌરવ, સંસ્કૃત સંભાષણ, સંસ્કૃત સાહિત્ય તથા સુભાષિત આધારિત વિવિધ કાર્યક્રમો યોજી સંસ્કૃતને જનભાગીદારી સાથે જોડવામાં આવશે. તા.૨૫ ઓગસ્ટથી સંસ્કૃત ગૌરવ યાત્રા સંસ્કૃત ગીતો, સુભાષિતો, સંસ્કૃત ગ્રંથો તથા સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ સાથે શોભાયાત્રા વિદ્યાર્થીઓ, શિક્ષકો, વાલીઓ અને નાગરિકોની ભાગીદારીથી ઉજવણી શરૂ કરવામાં આવશે.તા.૨૭ ઓગસ્ટના રોજ સંસ્કૃત સંભાષણ દિવસ શાળા, તાલુકા, જિલ્લા અને રાજ્યકક્ષાના અધિકારીઓ, વિદ્યાર્થીઓ અને કર્મચારીઓ દ્વારા દૈનિક વ્યવહારમાં સંસ્કૃતનો ઉપયોગ. સોશિયલ મીડિયા પર સંસ્કૃત સંદેશાઓનો પ્રસાર કરાશે. ૨૯ ઓગસ્ટ સંસ્કૃત સાહિત્ય દિન નિમિત્તે વેદ, ઉપનિષદ, શ્રીમદ્ ભગવદ્ ગીતા, રામાયણ, મહાભારત, મહાકાવ્યો અને સુભાષિતોનું વાચન, વ્યાખ્યાન, પુસ્તક પ્રદર્શન, કાવ્યપઠન અને નિબંધ સ્પર્ધાઓ યોજાશે. તા.૩૧ ઓગસ્ટના રોજ સામૂહિક સુભાષિત પઠન દિવસે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા વિવિધ પ્રસંગોએ ઉલ્લેખિત ૧૦ પ્રેરણાદાયી સંસ્કૃત સુભાષિતોનું સામૂહિક પઠન અને રાજ્યસ્તરીય સમાપન નું આયોજન કરવામાં આવ્યું છે. પ્રધાનમંત્રીશ્રીના સંસ્કૃત પ્રત્યેના સત્સંકલ્પને જનઆંદોલનનું સ્વરૂપ તેમજ 'વિકાસ પણ, વિરાસત પણ'ના સંકલ્પ સાથે ભારતની જ્ઞાનપરંપરા અને સાંસ્કૃતિક વારસાના સંવર્ધનને નવી દિશા મળી છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### પ્રસાદ લેવા નીકળેલું 7 વર્ષનું બાળક રહસ્યમય સંજોગોમાં ભોગ બન્યું

# વડોદરામાં બસના દરવાજામાં ફસાતાં માસૂમનું મોત

(એજન્સી) વડોદરા । તા. 20

શહેરના સૂર્યનગર-તરસાલી બાયપાસથી ધન્યાવી તરફ જવાના રસ્તા પર આવેલા એક ગેરેજ-રિપેરિંગ કારખાનામાં એક અત્યંત હૃદયદ્રાવક અને કરુણ દુર્ઘટના સર્જાઈ છે, જ્યાં લક્ઝરી બસના ઓટોમેટિક દરવાજામાં ગળું ફસાઈ જવાથી સાત વર્ષના માસૂમ બાળકનું કમકમાટીભર્યું મોત નીપજ્યું છે. પ્રાપ્ત વિગતો અનુસાર, મૂળ છોટા ઉદેપુર જિલ્લાના જેતપુર પાવી તાલુકાના અને હાલ તરસાલી બાયપાસ પાસે એક બાયોગેસ કંપનીમાં મજૂરી કામ કરતા શ્રમિક પરિવારનો પુત્ર દિવ્યેશ રાઠવાનો દીકરો શાળાએથી પરત આવ્યા બાદ ઘરમાંથી મંદિરે પ્રસાદ લેવા જવાનું કહીને બહાર નીકળ્યો હતો, પરંતુ આ માસૂમને ક્યારેય ખબર ન હતી કે તેનું આ બહાર જવું તેની જીંદગીનો આખરી પ્રવાસ સાબિત થશે.

ઘર નજીક આવેલા ગેરેજમાં ઊભેલી એક લક્ઝરી બસના ઓટોમેટિક દરવાજા પાસે રમતા રમતા કે અજાણતાં જ બાળકનું ગળું અંદર ફસાઈ ગયું હતું, જેના કારણે શ્વાસ રૂંધાવાથી તે ગંભીર હાલતમાં ઢળી પડ્યો હતો. થોડા સમય બાદ અજાણ્યા લોકોએ પરિવારના સભ્યોને જાણ કરી હતી કે બાળક બસના દરવાજા પાસે બેભાન અવસ્થામાં પડ્યો છે. આ ખબર સાંભળતા જ પરિવારમાં હાહાકાર મચી ગયો હતો અને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવીને માસૂમ દિવ્યેશને વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો, પરંતુ હોસ્પિટલ પહોંચતા જ ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. આ અચાનક ઘટેલી ઘટનાથી શ્રમિક પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો છે.




આ બનાવ અંગે કપુરાઈ પોલીસ સ્ટેશનનો કાફલો તાત્કાલિક હોસ્પિટલ અને ઘટનાસ્થળે દોડી ગયો હતો અને પંચનામું કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસ તપાસ દરમિયાન એક અત્યંત શંકાસ્પદ અને ચોંકાવનારી બાબત સામે આવી છે કે ઘટનાસ્થળની આસપાસના સીસીટીવી ફૂટેજ તપાસતા મૃત્યુ પહેલાંના અને પછીના દ્રશ્યો તો મળી આવ્યા છે, પરંતુ જે પંદર મિનિટના ગાળામાં આ દર્દનાક બનાવ બન્યો તે જ સમયના સીસીટીવી ફૂટેજ ગાયબ છે. પ્રાથમિક તપાસમાં એવું જાણવા મળ્યું છે કે તે સમયે અચાનક લાઈટ જતી રહી હોવાને કારણે આ ફૂટેજ રેકોર્ડ થયા ન હતા, પરંતુ મહત્વના સમયના જ ફૂટેજ ગાયબ થવાને કારણે આખી ઘટના શંકાના ઘેરાવામાં આવી ગઈ છે.

#### પરિવારની ન્યાયની માંગ અને ટેકનિકલ પાસાઓ

મૃતક બાળકના દુઃખી પિતાએ મીડિયા અહેવાલ સમક્ષ આ મામલે ઉચ્ચસ્તરીય અને નિષ્પક્ષ તપાસની માંગ કરી છે. પિતાનું માનવું છે કે સીસીટીવીની યોગ્ય તપાસ થાય તો જ સાચી હકીકત બહાર આવી શકે કે બાળક જાતે દરવાજા પાસે ગયો હતો કે કોઈ અજાણી વ્યક્તિ દ્વારા તેની સાથે કોઈ અઘટિત બનાવ બન્યો છે. કપુરાઈ પોલીસે આ તમામ ટેકનિકલ પાસાઓ, વીજળી ગુલ થવાની ઘટના અને આસપાસના લોકોના નિવેદનોના આધારે ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી છે, જેથી માસૂમ દિવ્યેશના પરિવારને ન્યાય મળી શકે.

#### સલામતી અને જાગૃતિ માટેના પગલાં

આ પ્રકારની દુર્ઘટનાઓ ભવિષ્યમાં ન સર્જાય તે માટે ગેરેજ સંચાલકો અને વાહન માલિકોએ પણ પોતાની વર્કશોપમાં બાળકોના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવા તેમજ ઓટોમેટિક દરવાજા જેવા જોખમી સાધનો લોક કરીને રાખવા અત્યંત જરૂરી છે. સ્થાનિક સ્તરે આ ઘટનાને લઈને ભારે રોષ અને અરેરાટી વ્યાપી ગઈ છે, અને સૌકોઈ પોલીસ તપાસના અંતિમ પરિણામની રાહ જોઈ રહ્યા છે.

## સૌરાષ્ટ્રમાં મેઘરાજાની રૂખસદથી દુષ્કાળના ભણકારા, ચોમાસું નબળું પડતા ચિંતા વધી



રાજકોટ | સૌરાષ્ટ્રમાં ચાલુ વર્ષે મેઘરાજાએ આરંભથી જ દગો દેતા ચોમાસાની સ્થિતિ અત્યંત ગંભીર બની છે. જેઠ અને અષાઢ મહિનાની વિદાય બાદ શ્રાવણ મહિનામાં પણ મેઘરાજાએ મૌન ધારણ કરતા ખેડૂતો અને વહીવટી તંત્રમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે. અત્યાર સુધીમાં સમગ્ર સૌરાષ્ટ્રમાં મોસમના કુલ સરેરાશ માત્ર ૫૫.૯૧ ટકા વરસાદ જ નોંધાયો છે, જેના કારણે આગામી સમયમાં ગંભીર જળ સંકટ અને પાક નિષ્ફળતાના વાદળો ઘેરાઈ રહ્યા છે. આ વર્ષે ચોમાસાની પેટર્ન ખૂબ જ અસમાન રહી છે. જિલ્લાવાર આંકડાઓ પર નજર કરીએ તો, ભાવનગર જિલ્લો ૭૨.૪૬ ટકા વરસાદ સાથે સૌરાષ્ટ્રમાં મોખરે છે, પરંતુ અન્ય ઘણા વિસ્તારોની સ્થિતિ ચિંતાજનક છે. ખાસ કરીને દેવભૂમિ દ્વારકા જિલ્લો માત્ર ૬.૪૧ ટકા વરસાદ સાથે અત્યંત વિકટ સ્થિતિનો સામનો કરી રહ્યો છે. ઘણા તાલુકાઓમાં તો વરસાદનો આંકડો ૫૦ ટકાથી પણ નીચે અટકી ગયો છે, જે દુષ્કાળના ભણકારા સમાન છે. ખેતી આધારિત સૌરાષ્ટ્રના અર્થતંત્ર માટે આ સ્થિતિ ખૂબ જ જોખમી છે.

## રાજસ્થાનના પ્રોજેક્ટમાં કોન્ટ્રાક્ટર સાથે ઠગાઈ, ત્રણ પ્રોજેક્ટના સબ કોન્ટ્રાક્ટના નામે આચરવામાં આવ્યું મોટું કૌભાંડ

(એજન્સી) વડોદરા । તા. 20

વડોદરા શહેરના સારાભાઈ કેમ્પસ વિસ્તારમાં આવેલી પ્રતિષ્ઠિત દિનેશચંદ્ર એક્વાટેક કંપની સાથે રાજસ્થાનના વિવિધ વિકાસકીય પ્રોજેક્ટ્સમાં રૂપિયા ૫.૯૧ કરોડની મસમોટી આર્થિક છેતરપિંડી થઈ હોવાનો સનસનીખેજ મામલો પ્રકાશમાં આવ્યો છે. અમદાવાદ અને સુરતની બે અલગ-અલગ સબ-કોન્ટ્રાક્ટર કંપનીઓના ચાર ડાયરેક્ટરોએ મિલકત અને પ્રોજેક્ટના નામે ખોટા કરારો કરીને કંપની સાથે વિશ્વાસઘાત કર્યો છે. આ મામલે ગોત્રી પોલીસ સ્ટેશનમાં ચારેય આરોપી ડાયરેક્ટરો સામે સત્તાવાર રીતે ગુનો દાખલ કરવામાં આવ્યો છે અને પોલીસ દ્વારા આ સમગ્ર કૌભાંડની ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરવામાં આવી છે.

વડોદરાની દિનેશચંદ્ર એક્વાટેક કંપનીનું કાનૂની અને લીગલ કામ સંભાળતા વિનેશભારતી ગોસ્વામીએ પોલીસ સમક્ષ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે કંપનીએ રાજસ્થાનના ગંગાનગર પ્રોજેક્ટ અંતર્ગત ગટરના પાણીના વિભાજનનું કામ કરવા માટે અમદાવાદની સીનર્જેઝ સોલ્યુશન પ્રા.લિ.ના ડાયરેક્ટર મૌનેશ નિરંજન પંડ્યા અને તેની પત્ની હર્ષા પંડ્યાને સબ કોન્ટ્રાક્ટ સોંપ્યો હતો. આ બંને આરોપીઓ અમદાવાદના આંબાવાડી વિસ્તારમાં આવેલા ઈન્દ્રપ્રસ્થ-૨ ના રહેવાસી છે. આ ઉપરાંત, ગંગાપુર સિટી પ્રોજેક્ટ અને સવાઈ-માધોપુર પ્રોજેક્ટનો સબ કોન્ટ્રાક્ટ સુરતની ટર્બોટેક ઈન્ફ્રાનેટ પ્રા.લિ.ના ડાયરેક્ટર કૈલાસચંદ્ર રામગોપાલ લોહિયા અને તેની પત્ની દિશા લોહિયાને આપવામાં આવ્યો હતો, જેઓ સુરતના વેસુ વિસ્તારમાં આવેલા કેપિટલ ગ્રીન ખાતે રહે છે. આ બંને કંપનીઓના વહીવટ માટે વડોદરાના અક્ષર પવેલિયન ખાતે આવેલી એચડીએફસી બેંકમાં એક વિશેષ ખાતું પણ ખોલાવવામાં આવ્યું હતું. પોલીસ તપાસમાં એવું બહાર આવ્યું છે કે આ સમગ્ર કૌભાંડ ખૂબ જ આયોજનબદ્ધ રીતે આચરવામાં આવ્યું હતું. સબ કોન્ટ્રાક્ટ મેળવનાર સીનર્જેઝ કંપનીએ તો સ્થળ પર જઈને કોઈપણ પ્રકારનું વાસ્તવિક કામ જ શરૂ નહોતું કર્યું, તેમ છતાં ટર્બોટેક કંપનીના માધ્યમથી તેના ખાતામાં રૂપિયા ૬૪ લાખ ઉધારીને મેળવી લીધા હતા.

## જૂનાગઢના કેશોદમાં પત્નીની હત્યા કરી પતિનો આપઘાત, ડાકુઓ જેવી ઘટના

(એજન્સી) જૂનાગઢ । તા. 20

જૂનાગઢ જિલ્લાના કેશોદ શહેરમાંથી એક અત્યંત હૃદયદ્રાવક અને કમકમાટીભર્યો કિસ્સો સામે આવ્યો છે, જ્યાં કૌટુંબિક કંકાશ અને પારિવારિક વિવાદના કારણે એક યુવાને પોતાની જ પત્નીની હત્યા કરી નાખી હતી અને ત્યારબાદ રેલવે સ્ટેશન નજીક જઈને ટ્રેન નીચે ઝંપલાવીને પોતાની જીવનલીલા પણ ટૂંકાવી દીધી હતી. આ ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને મૃતકના મોબાઈલમાંથી મળેલા એક ચોંકાવનારા વિડીયોના આધારે સમગ્ર પ્રકરણનો પર્દાફાશ થયો છે. એક જ પરિવારના બે મોભીઓના આ રીતે કરુણ અંત આવવાથી આખો વિસ્તાર શોકમાં ડૂબી ગયો છે. કેશોદની સુમન સોસાયટીમાં રહેતો ગિરીશ બાબુભાઈ બાલસ (ઉ.વ. ૨૭) નામનો યુવાન અર્બન હેલ્થ સેન્ટરમાં કરાર આધારિત લેબ ટેકનિશ્યન તરીકે ફરજ બજાવતો હતો. આજે બપોરે કેશોદ રેલવે સ્ટેશન પરથી વેરાવળ-બાંદ્રા ટ્રેન પસાર થઈ રહી હતી ત્યારે આ યુવાને ફાટક પાસે અચાનક ટ્રેન નીચે ઝંપલાવી દીધું હતું, જેના કારણે તેનું ગંભીર ઈજાઓને લીધે કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. આ બનાવની જાણ થતાં કેશોદ પોલીસ સ્ટેશનનો સ્ટાફ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને મૃતદેહની તપાસ કરતા તેના પાકીટ કે પોશાકમાંથી એક મોબાઈલ ફોન મળી આવ્યો હતો. પોલીસે જ્યારે આ મોબાઈલની પ્રાથમિક તપાસ કરી ત્યારે તેઓ પણ સ્તબ્ધ થઈ ગયા હતા, કારણ કે મોબાઈલમાં એક સેલ્ફી વિડીયો હતો જેમાં યુવકે સ્પષ્ટપણે કબૂલાત કરી હતી.



## રાજકોટમાં કારની લાયસન્સ ટેસ્ટમાં 85 ટકા નાપાસ, આર.ટી.ઓ.માં નાપાસનો આંક ઊંચો

(એજન્સી) રાજકોટ । તા. 20

શહેરના જૂના માર્કેટ યાર્ડ પાસે નેશનલ હાઈવે-૮ ઉપર આવેલી અને જી. જે.૩ નંબરના વાહનોનું રજીસ્ટ્રેશન કરતી રિજિયોનલ ટ્રાન્સપોર્ટ ઓફિસ (આર.ટી.ઓ.) માં એક અત્યંત ચોંકાવનારી સ્થિતિ સામે આવી છે. વર્ષ ૧૯૫૭માં સ્થપાયેલી આ કચેરીના ૭૦ વર્ષના લાંબા ઈતિહાસમાં પ્રથમવાર વાહનચાલકો માટે પાકું ડ્રાઈવિંગ લાયસન્સ મેળવવું લોઢાના ચણા ચાવવા સમાન સાબિત થઈ રહ્યું છે. નવા શરૂ થયેલા એ.આઈ. સંચાલિત ટેસ્ટ ટ્રેક પર કારના ડ્રાઈવિંગ લાયસન્સ માટે ટેસ્ટ આપનારા આશ્ચર્યજનક રીતે ૮૫ ટકા કારચાલકો નાપાસ થયા છે, જેના કારણે લાયસન્સ મેળવવા માગતા યુવાનો અને નશા-અનુભવી ચાલકોમાં ભારે નિરાશા વ્યાપી ગઈ છે.

અગાઉના સમયમાં પરંપરાગત પદ્ધતિથી લેવાતી ટેસ્ટમાં પાસ થનારાનું પ્રમાણ ઘણું ઊંચું રહેતું હતું, પરંતુ હવે સ્થિતિ બિલકુલ બદલાઈ ચૂકી છે. નવો આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સંચાલિત ટેસ્ટ ટ્રેક શરૂ થવાથી સમગ્ર પ્રક્રિયા પારદર્શક અને કડક બની ગઈ છે. આર.ટી.ઓ. અધિકારીઓના જણાવ્યા મુજબ, આ એ.આઈ. સિસ્ટમ ન તો કોઈની ભલામણ સ્વીકારે છે, ન તો કોઈ પ્રકારનો 'વહીવટ' કરે છે અને ન તો માનવતા દાખવીને કોઈ છૂટછાટ આપે છે.

નિયમોનું પાલન ન કરનાર ઉત્સાહી કારચાલકોને ટેસ્ટ પૂરો થતાં જ સીધા ફેઈલ જાહેર કરી દેવામાં આવે છે. પ્રાપ્ત આંકડાઓ અનુસાર, છેલ્લા આશરે એક મહિનાના સમયગાળામાં બે હજાર જેટલા કારચાલકોએ ડ્રાઈવિંગ ટેસ્ટ આપી હતી, જેમાંથી માત્ર ત્રણ સો જ કારચાલકો પાસ થઈ શક્યા છે, જ્યારે બાકીના તમામ નાપાસ થયા છે. જો કે, આ સામે ચાર હજાર પાંચ સો જેટલા ટુ વ્હીલર ચાલકોએ પણ આ જ ટ્રેક પર ટેસ્ટ આપી હતી, જેમાં ત્રણ હજાર ત્રણ સો પાસ થયા હોવાથી તેમાં નાપાસનું પ્રમાણ પ્રમાણમાં ઓછું એટલે કે ૨૭ ટકા જેટલું નોંધાયું છે. કારની ડ્રાઈવિંગ ટેસ્ટમાં મોટા પ્રમાણમાં નિષ્ફળતા મળવા પાછળના કારણોની સ્પષ્ટતા કરતા આર.ટી.ઓ. અધિકારી આઈ.એસ. ટાંકે જણાવ્યું છે કે મુખ્યત્વે ત્રણ ગંભીર ભૂલોના કારણે ઉમેદવારો નાપાસ થઈ રહ્યા છે.

## વડોદરામાં વિદેશ મોકલવાના નામે કરોડની છેતરપિંડી, વિદેશ મોકલવાના નામે કરોડોની ઠગાઈ




વડોદરા | વિદેશમાં જવાની ઘેલછા ધરાવતા યુવાનોને નિશાનો બનાવીને તેમની સાથે લાખો રૂપિયાની છેતરપિંડી આચરવામાં આવી હોવાનો વધુ એક ગંભીર મામલો શહેરના અલકાપુરી વિસ્તારમાંથી પ્રકાશમાં આવ્યો છે. અહીં આવેલી તિરૂપતિ ઈમિગ્રેશન ઓફિસના સંચાલક પિતા-પુત્રએ કેનેડા અને અન્ય દેશોમાં વર્ક પરમીટ અપાવવાના નામે અનેક લોકોને છેતર્યા હોવાની સત્તાવાર ફરિયાદ નોંધાઈ છે. આ બનાવને પગલે વિદેશ જવા માંગતા નોકરીવાચ્છુક યુવાનોમાં ભારે રોષ અને ફફડાટ ફેલાઈ ગયો છે. અલકાપુરી વિસ્તારમાં ધમધમતી આ ઈમિગ્રેશન ઓફિસના સંચાલક જીજ્ઞાસુ પટવા અને તેમના પુત્ર કશ્યપ પટવા દ્વારા આ આખું કાવતરું રચવામાં આવ્યું હતું. આરોપીઓ વિદેશ જવા ઈચ્છુક લોકોને ભોળવવા માટે પહેલા કાયદેસરના કરાર કરતા હતા જેથી કોઈને શંકા ન જાય. નડિયાદના એક યુવક સહિત કુલ ૧૬ જેટલા અલગ-અલગ નાગરિકો પાસેથી કેનેડા, ફિનલેન્ડ અને પોલેન્ડ મોકલવાના બહાને ટુકડે-ટુકડે કુલ રૂપિયા ૧.૨૩ કરોડ પડાવી લેવામાં આવ્યા હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે.

### બજારમાં ઘી 200 રૂ. લીટર વેચાતા ગુણવત્તા શંકાસ્પદ

## સુરતમાં દીવાના ઘીના વેચાણમાં મોટી ભેળસેળ




(એજન્સી) સુરત । તા. 20

પવિત્ર શ્રાવણ માસ દરમિયાન ધાર્મિક આસ્થા અને ભક્તિના માહોલ વચ્ચે સુરત શહેરમાંથી એક અત્યંત ચોંકાવનારી અને ચિંતાજનક બાબત સામે આવી છે, જ્યાં ભગવાનની પૂજા અને દીપ પ્રાગટ્ય માટે વપરાતા 'દીવાના ઘી'ના નામે બજારમાં શંકાસ્પદ અને ભેળસેળયુક્ત પ્રોડક્ટ્સનું ખુલ્લેઆમ વેચાણ થઈ રહ્યું છે. અત્યાર સુધી આપણે ખાદ્ય પદાર્થોમાં જ ભેળસેળ થતી સાંભળતા આવ્યા છીએ, પરંતુ હવે ધાર્મિક ઉપયોગમાં લેવાતી પૂજા સામગ્રી પણ આ ભેળસેળિયા માફિયાઓની પહોંચમાંથી બહાર નથી રહી. બજારમાં સામાન્ય ઘી કરતા અત્યંત નીચા ભાવે, એટલે કે માત્ર બસ્સોથી બસ્સો દસ રૂપિયા પ્રતિ લીટરના ભાવે મળતા આ ઘીની ગુણવત્તા સામે ગંભીર સવાલો ઊભા થયા છે અને તંત્ર દ્વારા તાત્કાલિક તપાસની માંગ કરવામાં આવી છે.

શ્રાવણ માસ શરૂ થતાં જ શહેરોના મંદિરો અને ઘરોમાં દીપ પ્રાગટ્ય તેમજ પૂજા-અર્ચના માટે ઘીની માંગ અચાનક વધી જાય છે. આ વધતી માંગનો ગેરલાભ ઉઠાવીને કેટલાક બેજવાબદાર વેપારીઓ દ્વારા બજારમાં વિવિધ નામોથી સસ્તું ઘી વેચવામાં આવી રહ્યું છે. શ્રદ્ધાળુઓ ઓછી કિંમતથી આકર્ષાઈને આ પ્રોડક્ટ્સ ખરીદી લે છે, પરંતુ તેમાં વાસ્તવમાં શુદ્ધ ઘી છે કે પછી કોઈ હાનિકારક ચરબી અને કેમિકલનો ઉપયોગ થયો છે તે મોટો પ્રશ્ન છે. રસ્તા પરના અસ્થાયી સ્ટોલથી માંડીને કેટલીક પરચૂરણ દુકાનો સુધી આ પ્રકારના દીવાના ઘીનું વેચાણ ધમધમી રહ્યું છે, જેના કારણે સામાન્ય ગ્રાહકો છેતરાઈ રહ્યા છે.

આ સમગ્ર મામલાનું સૌથી મોટું પાસું એ છે કે આ પ્રકારના 'દીવાના ઘી' કે 'પૂજા ઘી'ના ડબ્બા કે બોટલના પેકિંગ પર જ અત્યંત વિવાદાસ્પદ નોંધ લખેલી હોય છે. પ્રોડક્ટ પર સ્પષ્ટ શબ્દોમાં 'માનવ વપરાશ માટે નથી' અને 'ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ'ની જોગવાઈઓ લાગુ પડતી નથી તેવું છાપવામાં આવ્યું છે. ઉત્પાદકો દ્વારા માત્ર એવું દર્શાવવામાં આવે છે કે તેનો ઉપયોગ ફક્ત દીપ પ્રજ્વલન, હોળી કે હવન સામગ્રી માટે જ કરવાનો છે. સવાલ એ થાય છે કે જો કોઈ વસ્તુ માનવ વપરાશ માટે યોગ્ય જ નથી, તો તેને ઘીના નામે વેચવી એ ગ્રાહકો સાથે સીધી છેતરપિંડી સમાન નથી શું?

આ ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને રાજ્યના આરોગ્ય મંત્રી પ્રફુલ્લ પાનસેરિયા દ્વારા નાગરિકોને વિશેષ ટકોર કરવામાં આવી છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે નાગરિકોએ બજારમાં પૂજા માટે મળતા આવા અતિ સસ્તા ઘીનો ઉપયોગ કરવાનું ટાળવું જોઈએ, કારણ કે લેબોરેટરી તપાસ વગર આવી પ્રોડક્ટ્સમાં પામ ઓઈલ અને હાનિકારક કેમિકલ હોવાની પૂરી શક્યતા છે. આ ઉપરાંત, શ્રાવણ માસ બાદ આવનારા ગણેશોત્સવ અને નવરાત્રી જેવા તહેવારોને પગલે મીઠાઈઓમાં વપરાતા માવા અંગે પણ સાવચેત રહેવા જણાવ્યું છે.

### ત્રિમાસિક સમીક્ષા બેઠક યોજાઈ, કલેક્ટર કચેરીના કોન્ફરન્સ હોલ ખાતે અધિકારીઓની મહત્વપૂર્ણ ઉપસ્થિતિ.

## નર્મદા જિલ્લામાં લાંચ રૂશ્વત તકેદારી સમિતિની બેઠક

(એજન્સી) રાજપીપળા । તા. 20

નર્મદા જિલ્લાના વહીવટી મુખ્ય મથક ખાતે આવેલા કલેક્ટર કચેરીના કોન્ફરન્સ હોલની અંદર તાજેતરમાં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા લાંચ રૂશ્વત તકેદારી સમિતિની ત્રિમાસિક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું, જેની અધ્યક્ષતા જિલ્લા કલેક્ટરશ્રી ગંગા સિંઘ દ્વારા સંભાળવામાં આવી હતી. આ ઉચ્ચસ્તરીય બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય જિલ્લાની વિવિધ સરકારી કચેરીઓમાં ચાલતી કામગીરીમાં પારદર્શિતા જાળવવાનો અને લાંચ-રૂશ્વત તેમજ ભ્રષ્ટાચાર સંબંધિત પેન્ડિંગ કેસોની સ્થિતિની ઝીણવટભરી સમીક્ષા કરવાનો હતો. બેઠકની શરૂઆતમાં જ વહીવટી તંત્ર દ્વારા ભૂતકાળના અણઉકેલાયેલા મામલાઓની વિગતો રજૂ કરવામાં આવી હતી, જેના પર લાંબી ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

બેઠક દરમિયાન જિલ્લામાં લાંચ-રૂશ્વત અને ભ્રષ્ટાચારને લગતા પેન્ડિંગ કેસોની વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી. કલેક્ટરશ્રી ગંગા સિંઘે આ તમામ જૂના અને પેન્ડિંગ કેસોના ઝડપી અને સમયબદ્ધ નિકાલ માટે સંબંધિત અધિકારીઓને તાત્કાલિક ધોરણે જરૂરી કાર્યવાહી હાથ ધરવા અને એક સ્પષ્ટ એક્શન પ્લાન તૈયાર કરીને રજૂ કરવાના સખત નિર્દેશો આપ્યા હતા. મીડિયા અહેવાલ મુજબ, કલેક્ટરે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે જૂના કેસોના નિકાલમાં કોઈપણ પ્રકારનો બિનજરૂરી વિલંબ ચલાવી લેવામાં આવશે નહીં અને દરેક કેસનો નિયમોનુસાર ત્વરિત નિકાલ લાવવા માટે તમામ વિભાગોએ પરસ્પર સંકલન સાથે કામ કરવું પડશે.




સરકારી કચેરીઓમાં ભ્રષ્ટાચારને કોઈપણ સંજોગોમાં સ્થાન ન મળવું જોઈએ તે વાત પર ભાર મૂકતા કલેક્ટરે જણાવ્યું હતું કે સામાન્ય જનતાને મળતી સરકારી સેવાઓમાં કોઈ અડચણ ન આવે અને દરેક નાગરિકનું કામ સમયસર પૂરું થાય તે સુનિશ્ચિત કરવાની જવાબદારી અધિકારીઓની છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, સરકારી યોજનાઓનો લાભ સાચા લાભાર્થીઓ સુધી પહોંચાડવા માટે અને વહીવટી તંત્રમાં શિસ્ત જાળવી રાખવા માટે અધિકારીઓને વધુ સતર્ક રહેવાની તાકીદ કરવામાં આવી છે. લાંચ રૂશ્વત તકેદારી સમિતિની આ બેઠકથી ભ્રષ્ટ તત્વોમાં ફફડાટ ફેલાયો છે અને વહીવટી તંત્ર વધુ સક્રિય બન્યું છે.

આ મહત્વપૂર્ણ ત્રિમાસિક બેઠકને સફળ બનાવવા અને યોગ્ય નિર્ણયો લેવા માટે જિલ્લાના તમામ શીર્ષસ્થ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી આર.વી. વાળા, નિવાસી અધિક કલેક્ટરશ્રી સી.કે. ઉંધાડ, નાયબ પોલીસ અધિક્ષકશ્રી પી.આર. પટેલ તેમજ અન્ય સંબંધિત વિભાગોના ઉચ્ચ અધિકારીઓએ સક્રિયપણે ભાગ લીધો હતો અને પોતપોતાના વિભાગોને લગતી કામગીરીનો અહેવાલ રજૂ કર્યો હતો. આ તમામ અધિકારીઓએ સંયુક્તપણે ભ્રષ્ટાચાર મુક્ત વહીવટ આપવા માટેની પ્રતિબદ્ધતા દોહરાવી હતી.

આગામી દિવસોમાં જિલ્લામાં ભ્રષ્ટાચાર વિરોધી અભિયાનને વધુ વેગ આપવામાં આવશે અને નાગરિકો સરળતાથી પોતાની ફરિયાદો નોંધી શકે તે માટેની વ્યવસ્થાઓને વધુ મજબૂત બનાવવામાં આવશે.

### કેવાયસી અપડેટના બહાને મોબાઈલનું એક્સેસ મેળવી આચર્યું કૌભાંડ

## રાજકોટમાં સાયબર ગઠિયાનો કારસો, 6.52 લાખ સેરવ્યા

(એજન્સી) રાજકોટ । તા. 20

રાજકોટ શહેરમાં સાયબર ગુનેગારોનો ત્રાસ દિન-પ્રતિદિન વધી રહ્યો છે, જેમાં વધુ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. શહેરના યુનિવર્સિટી રોડ પર રહેતા અને શાપરમાં દવા તથા કોસ્મેટિક્સનો વ્યવસાય કરતા એક ઉદ્યોગકારને કેવાયસી અપડેટ કરવાના બહાને વીડિયો કોલ કરીને લાખો રૂપિયાનો ચૂનો લગાવવામાં આવ્યો છે. સાયબર ગઠિયાઓએ અત્યાધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરી વેપારીના મોબાઈલનું સ્ક્રીન શેરિંગ કરાવીને તેમના ત્રણ ક્રેડિટ કાર્ડમાંથી કુલ ૬.૫૨ લાખ રૂપિયા ઉપાડી લીધા હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે.

નિલેશભાઈ પ્રધાનભાઈ ચંદારાણા (ઉ.વ. ૫૨) નામના વેપારીને ગત તારીખ ૨ ના રોજ સવારે એક અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો. કોલ કરનારે પોતાને બેંકનો કર્મચારી ગણાવીને ક્રેડિટ કાર્ડ કેવાયસી અપડેટ કરવાની લાલચ આપી હતી. ત્યારબાદ સાંજે ફરી એકવાર કોલ કરીને વીડિયો કેવાયસીની પ્રક્રિયા પૂર્ણ કરવાના બહાને વીડિયો કોલ કર્યો હતો. આ દરમિયાન ગઠિયાઓએ વેપારી પાસેથી તેમના આધારકાર્ડ, પાનકાર્ડ, સેલ્ફી ફોટો તેમજ ત્રણેય ક્રેડિટ કાર્ડની વિગતો મેળવી લીધી હતી. [Aadhaar Redacted] અને અન્ય ઓળખના પુરાવા મેળવ્યા બાદ ગઠિયાઓએ કેવાયસીમાં 'એરર' આવવાનું બહાનું કાઢી મોબાઈલની સ્ક્રીન શેર કરવા માટે મજબૂર કર્યા હતા.

જેવા નિલેશભાઈએ પોતાના મોબાઈલની સ્ક્રીન ગઠિયાઓ સાથે શેર કરી, કે તરત જ ગઠિયાઓએ તેમના મોબાઈલનું સંપૂર્ણ એક્સેસ મેળવી લીધું હતું. આ ગઠિયાઓએ ટેકનોલોજીનો દુરુપયોગ કરી વેપારીના ત્રણ ક્રેડિટ કાર્ડમાંથી ટુકડે-ટુકડે ૬.૫૨ લાખ રૂપિયા ઉપાડી લીધા હતા. વેપારીને છેતરપિંડીનો અહેસાસ થતા જ તેમણે તાત્કાલિક અસરથી પોતાના ત્રણેય ક્રેડિટ કાર્ડ બ્લોક કરાવી દીધા હતા, પરંતુ ગઠિયાઓ ત્યાં સુધીમાં ટ્રાન્ઝેક્શન કરવામાં સફળ રહ્યા હતા.

### મુંબઈ-દિલ્હી એક્સપ્રેસ-વે પર દરોડો

## વડોદરામાં કારમાંથી ઝડપાયો 4.60 લાખનો દારૂ

(એજન્સી) વડોદરા । તા. 20

વડોદરા નજીક આવેલા મુંબઈ-દિલ્હી એક્સપ્રેસ-વે ઉપર કાયદો અને વ્યવસ્થાના ધજાગરા ઉડાડતી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જ્યાં નંદેસરી પોલીસ સ્ટેશનની ટીમે બાતમીના આધારે સફળ દરોડો પાડીને લાખો રૂપિયાની કિંમતનો વિદેશી દારૂ જપ્ત કર્યો છે. આ કાર્યવાહી દરમિયાન ગોધરાના ડેરોલ રેલવે પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતો એક હેડ કોન્સ્ટેબલ પોતાના સાગરીત સાથે રંગેહાથ ઝડપાઈ ગયો છે. પોલીસ દ્વારા કરવામાં આવેલી આ કડક કાર્યવાહીથી સમગ્ર પોલીસ બેડામાં ભારે ચકચાર મચી ગઈ છે અને ખાખી વર્દીને શરમજનક બનાવનાર આ કિસ્સાની ચર્ચા ચારેય તરફ થઈ રહી છે.

નંદેસરી પોલીસ મથકના અધિકારીઓને મળેલી ચોક્કસ બાતમીના પગલે પોલીસે મુંબઈ-દિલ્હી એક્સપ્રેસ-વે પર ફાજલપુર ઉતરવાના ટોલનાકા નજીક વોચ ગોઠવી હતી. આ દરમિયાન શંકાસ્પદ હાલતમાં પસાર થઈ રહેલી એક ક્રેટા કારને રોકીને તેની તલાશી લેવામાં આવી હતી.



કારની અંદરથી મોટા પ્રમાણમાં વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો, જેની કુલ કિંમત રૂપિયા ૪.૬૦ લાખ આંકવામાં આવી છે. આ ગાડીમાંથી ડેરોલ રેલવે પોલીસનો હેડ કોન્સ્ટેબલ સંજય વિક્રમભાઈ રૂખડભાઈ ચૂડાસમા તેમજ તેનો સાગરીત વિક્રમ વલ્લભભાઈ ઢાપા પોલીસના હાથે ઝડપાઈ ગયા હતા. પકડાયેલા બંને આરોપીઓને સ્થાનિક પોલીસ દ્વારા કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા, જ્યાં તપાસની અદાલતે બંને આરોપીઓને આગામી તા. ૨૦ સુધીના પોલીસ રિમાન્ડ પર મોકલી આપવાનો હુકમ કર્યો છે.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

તમારા જીવનસાથીની તબિયત તાણ તથા બેચેનીનું કારણ બની શકે છે. સટ્ટાકીય પ્રવૃત્તિઓ નફો લાવશે. તમે ભાગ્યે જ મળતા હો એવા લોકો સાથે સંપર્ક સાધવા માટે સારો દિવસ. આજે મિત્રતામાં ભંગ પડવાની પૂરેપૂરી શક્યતા હોવાથી ચોકસાઈ રાખો.

**વૃષભ : બ. વ. ઉ.**

ઉત્સાહિત કરનારી તથા તમને નિરાંતવા રાખતી પ્રવૃત્તિઓ સાથે સંકળાઓ. આજે ઘર થી નીકળતા પહેલા વડીલો નું આશીવાદ લો. આના થી તમને ધન લાભ થયી શકે છે. નિકટના મિત્રો તથા ભાગીદારો આક્રમક થઈને તમારૂં જીવન મુશ્કેલ બનાવી દેશે.

**મિથુન : ક. છ. ઘ.**

મિત્રો સહકાર આપશે તથા તમને ખુશ રાખશે. જો તમે કોઈ ની જોડે પાછું માંગી રહ્યા હતા અને તે દર સમયે તમારી વાત ને ટાળતો હતો તે આજ ના દિવસે કીધા વગર તમારા પૈસા પાછા આપી શકે છે. કોઈક અંગત સમસ્યા સૂલઝાવવામાં તમારી મદદની અપેક્ષા રાખતા કોઈક વૃદ્ધ સંબંધી તરફથી આશીર્વાદ મળશે.

**કર્ક : ડ. હ.**

કંઈપણ કરતા પહેલા તમારા વર્તનના પ્રત્યાઘાતો વિશે વિચારજો. શક્ય હોય તો તમારો મૂડ બદલવા ક્યાક બહાર જતા રહો. જો તમે પરિણીત છો તો આજે પોતાના બાળકો નું વિશેષ ખ્યાલ રાખો કેમકે જો તમે આવું નહિ કરો તો તેમની તબિયત બગડી શકે છે અને તમને તેમના સ્વાથ્ય પર તમારે ઘણા પૈસા ખર્ચ કરવા પડી શકે છે.

**સિંહ : મ. ટ.**

તમને પ્રેરણા આપતી લાગણીઓને ઓળખજો. ભય, શંકા, ગુસ્સો, લાલચ વગેરે જેવી નકારાત્મક લાગણીઓને તમારે છોડી દેવી જોઈએ, કેમ કે આ લાગણીઓ લોહચુંબકની જેમ કામ કરે છે, તમને જે જોઈએ છે તેનાથી વિરૂદ્ધ બાબતને તેઓ આકર્ષે છે.

**કન્યા : પ. ઠ. ણ.**

તબિયત પર ધ્યાન આપવું પડશે. અન્યો પર વધુ પડતો ખર્ચ કરશો એવી શક્યતા છે. પૌત્ર-પૌત્રી તથા દોહિત્ર-દોહિત્રી અત્યંત આનંદનો સ્રોત બનશે. પવિત્ર અને નિર્ભેળ પ્રેમને અનુભવો. તમને તમારા કાર્યક્ષેત્ર માં સારા ફળ મેળવવા માટે તમને પોતાની કાર્યશૈલી ઉપર ધ્યાન આપવા ની જરૂર છે .

**તુલા : ર. ત.**

આજે તમે નિરાંત અનુભવશો તથા મોજ-મજા માટે યોગ્ય મૂડમાં હશો. આજે તમારા માતા પિતા માં થી કોઈ તમને ધન ની બચત સંબંધી વાત પર ભાષણ આપી શકે છે, તમારે તે વાતો ઘણા ધ્યાન થી સાંભળવા ની જરૂર છે નહીંતર આવનારા સમય માં તકલીફ તમારેજ વેઠવવી પડશે.

**વૃશ્ચિક : ન. ય.**

ભીડભરી બસમાં પ્રવાસ કરતી વખતે બ્લ્ડ પ્રેશરના દરદીઓએ વધારે તકેદારી રાખવી. બૅન્કને લગતા કાર્યો ખૂબ જ તકેદારીપૂર્વક પાર પાડવાની જરૂર પડશે. પરિવારમાંના કોઈ મોટી વયની વ્યક્તિની તબિયત તાણ ઊભી કરી શકે છે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

પોતાના ગુસ્સા પર નિયંત્રણ રાખો અને ઓફિસ માં બધા જોડે સારી રીતે વાત કરો નહીંતર તમારી નોકરી જ્યી શકે છે અને તમારી આર્થિક સ્થિતિ બગાડી શકે છે. તમારા પરિવારના સભ્યોની જરૂરીયાતો પર ધ્યાન આપવું એ આજના દિવસની પ્રાથિમકતા હોવી જોઈએ. રૉમાન્સ માટેની તકો દેખીતી છે.

**મકર : ખ. જ.**

લાગણીની દૃષ્ટિએ તમે આજે સ્થિર નહીં હો-આથી અન્યોની સામે તમે કઈ રીતે વર્તો છો તથા શું બોલો છો તે અંગે સાવચેત રહેજો. આજે શક્યતા છે કે તમને ધન સંબંધી કોઈ મુશ્કેલી હોય પરંતુ તમે પોતાની સમજદારી થી ખોટ ને નફા માં બદલી દેશો.

**કુંભ : ગ. સ. શ. ષ.**

સારા લાભ મેળવવા માટે મોટી વયના લોકોએ તેમની શક્તિનો હકારાત્મક ઉપયોગ કરવો જરૂરી છે. લાંબા-ગાળાના દૃષ્ટિકોણથી રોકાણ કરવું જરૂરી. તમારી વધારાની ઊર્જા તથા અસાધારણ ઉત્સાહ તમારી તરફેણમાં પરિણામો લાવશે તથા ઘરના મોરચે રહેલું ટૅન્શન હળવું કરશે.

**મીન : દ.ચ. ઝ. થ.**

દિવસ ની શરૂઆત તમે યોગ અને ધ્યાન થી કરી શકો છો આવું કરવું તમારા માટે ફાયદાકારક રહેશે અને તમારી અંદર ઉર્જા કાયમ રહેશે। જે લોકો શેરબજાર માં રોકાણ કરે છે તેમના પૈસા આજે ડૂબી શકે છે. સમય રહેતા સાવચેત થયી જવું તમારા માટે સારું રહેશે। તમારા પરિવારને યોગ્ય સમય આપો.

### માથા, ગળા અને હાથમાં ગંભીર ઈજા

# જામનગરમાં ચારિત્ર્યની શંકામાં પત્ની પર તલવારથી પતિનો જીવલેણ હુમલો

(એજન્સી) જામનગર | તા.20

જામનગરના મોરકંડા રોડ વિસ્તારમાં ચારિત્ર્ય અંગેની શંકાને લઈને પતિએ પત્ની સાથે બોલાચાલી કર્યા બાદ તલવાર વડે જીવલેણ હુમલો કર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવાઈ છે. હુમલામાં મહિલાને માથાના ભાગે છ, ગળામાં બે તથા બંને હાથ અને ડાબા કાનમાં તલવારના ઘા લાગ્યા હતા. મોઢાના બે દાંત પણ તૂટી જતાં લોહીલુહાણ હાલતમાં તેણીને જી.જી. હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવી હતી.બેડી વિસ્તારમાં રહેતી નસીમબેન બોદુભાઈ વગીંડાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમની 32 વર્ષીય પુત્રી રેશમાબેનના લગ્ન આશરે 11 વર્ષ પહેલાં હબીબ હસનભાઈ મજબુલ સાથે થયા હતા. હાલમાં દંપતી મોરકંડા રોડ પર રબાની શેરી નં. 1માં ભાડાના મકાનમાં રહેતું હતું.આશરે આઠ દિવસ પહેલાં હબીબ પત્નીના ચારિત્ર્ય અંગે શંકા રાખતો હોવાથી રેશમાબેન રીસામણે માતાના ઘરે



આવી હતી. જોકે, ચાર દિવસ પહેલાં પરિવારજનો વચ્ચે સમાધાન થતાં હબીબ પત્નીને પરત ઘરે લઈ ગયો હતો.

દરમિયાન ગઈકાલે બપોરે આશરે ચાર વાગ્યે રેશમાબેને અજાણ્યા નંબર પરથી માતાને ફોન કરી જણાવ્યું હતું કે, પતિએ તેને તલવારના ઘા માર્યા છે અને પાડોશીઓ તેને હોસ્પિટલ લઈ જઈ રહ્યા છે. ત્યારબાદ માતા, પિતા અને ભાઈ તોશીફભાઈ તાત્કાલિક જી.જી. હોસ્પિટલ પહોંચ્યા હતા.

ત્યાં રેશમાબેન સારવાર હેઠળ જોવા મળી હતી. તેના માથાના ભાગે છ, ગળામાં બે તેમજ બંને હાથમાં તલવારના ઘા અને ડાબા કાનમાં ઈજા થઈ હતી. મોઢાના બે દાંત પણ તૂટી ગયા હતા. રેશમાબેને પરિવારજનોને જણાવ્યું હતું કે, કામેથી ઘરે પરત ફર્યા બાદ હબીબે તેની સાથે બોલાચાલી કરી હતી અને ત્યારબાદ ઘરમાં પડેલી તલવાર કાઢી તેના પર આડેધડ ઘા મારવા લાગ્યો હતો. રેશમાબેન રાડો પાડતાં હબીબ ત્યાંથી નાસી ગયો હતો અને ત્યારબાદ પાડોશીઓ તથા મકાન માલિકે તેને હોસ્પિટલ પહોંચાડી હતી.ફરિયાદમાં વધુમાં જણાવાયું છે કે, પતિ હબીબ પત્નીના ચારિત્ર્ય અંગે શંકા રાખતો હતો અને આ શંકાના કારણે તેણે તલવાર વડે હુમલો કરી રેશમાબેનને ગંભીર ઈજાઓ પહોંચાડી જીવલેણ હુમલો કર્યો હતો. બનાવ અંગે પોલીસે હબીબ હસનભાઈ મજબુલ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## જામનગરની ભાગોળે નંદન નિકેતન ટાઉનશીપમાં કંપનીના મેનેજરના ક્વાર્ટરમાં રૂ.4.58 લાખની ચોરી

જામનગર: ખંભાળિયા ધોરીમાર્ગ નજીક આવેલી નંદન નિકેતન ટાઉનશીપમાં ખાનગી કંપનીના ક્વાર્ટરમાં તસ્કરોએ ત્રાટકી દરવાજાનો નકુચો તોડી અંદર પ્રવેશ કરી લોખંડના કબાટમાંથી સોનાના દાગીના, ચાંદીની ચીજવસ્તુઓ તથા રોકડ મળી કુલ રૂ.4.58 લાખની માલમતા ચોરી કરી ગયાની ફરિયાદ સિક્કા પોલીસ મથકમાં નોંધાઈ છે.ફરિયાદી નીતિનભાઈ યશવંતભાઈ દીક્ષિત (54) નયારા એનર્જી લિમિટેડમાં ઓપરેશન વિભાગમાં સિનિયર મેનેજર તરીકે છેલ્લા પંદર વર્ષથી ફરજ બજાવે છે અને કંપની તરફથી નંદન નિકેતન ટાઉનશીપમાં ક્વાર્ટર ફાળવવામાં આવ્યું છે. તેમના બાળકોના અભ્યાસને કારણે પરિવાર છેલ્લા ચાર માસથી જામનગરના પંચવટી સર્કલ નજીક સફલ એપાર્ટમેન્ટમાં ભાડાના મકાનમાં રહે છે, જ્યારે રજાના દિવસોમાં તેઓ નંદન નિકેતનના ક્વાર્ટરે આવતા જતા હતા.ફરિયાદ મુજબ, ક્વાર્ટરની ચાવી પરિવાર ઉપરાંત ઓળખીતા એક વ્યક્તિના ઘરે પણ રાખવામાં આવતી હતી અને છેલ્લા સાત વર્ષથી કામકાજ માટે આવતાં કામવાળા મહિલા બપોરના સમયે ક્વાર્ટરમાં સફાઈ કરવા આવતી હતી. તા.16 ઓગસ્ટના રોજ રવિવાર હોવાથી ફરિયાદી પરિવાર સાથે ક્વાર્ટરે આવ્યો હતો અને સાંજે સાડા સાત વાગ્યાની આસપાસ મકાનને તાળું મારી જામનગરના ફ્લેટે પરત ગયો હતો.

### પોલીસે પેટ્રોલિંગ

## રાજસ્થાનના દારૂ સાથે કંડક્ટર ઝડપાયો : રૂ.17,100નો દારૂ-બિયરનો જથ્થો કબજે

જામનગર : જામનગર શહેરમાં પોલીસે પેટ્રોલિંગ દરમિયાન પંચવટી સર્કલ-બેડેશ્વર પુલ નજીકથી રાજસ્થાનના માર્કાવાળા ભારતીય બનાવટના વિદેશી દારૂ અને બિયરના જથ્થા સાથે એક શખ્સને ઝડપી લીધો હતો. પોલીસે આરોપીના કબજામાંથી દારૂની 47 બોટલ તથા બિયરના 24 ટીન મળી કુલ રૂ.17,100નો મુદ્દામાલ કબજે કરી પ્રોહિબિશન એક્ટ હેઠળ કાર્યવાહી કરી છે. પોલીસ પેટ્રોલિંગમાં હતી ત્યારે આશાપુરા હોટલ પાસે ખાનગી રાહે બાતમી મળી હતી કે, પંચવટી સર્કલ-બેડેશ્વર પુલ પાસે એક શખ્સ ગ્રે રંગના થેલામાં વિદેશી દારૂનો જથ્થો રાખીને ઊભો છે. બાતમીના આધારે પોલીસે બે રાહદારી પંચોને સાથે રાખી સ્થળ પર દરોડો પાડ્યો હતો.દરોડા દરમિયાન ગ્રે રંગના થેલા સાથે મળી આવેલા શખ્સની પૂછપરછ કરતાં તેણે પોતાનું નામ ક્રિપાલસિંહ સુખદેવસિંહ ઝાલા (ઉંમર 24, વ્યવસાયે કંડક્ટર, રહે. શાંતિનગર શેરી નં.7, મચ્છરનગર, જામનગર હોવાનું જણાવ્યું હતું. પોલીસે તેની તલાશી લેતાં થેલામાંથી 847 બોટલ મળી આવી હતી. એક બોટલની કિંમત રૂ.300 મુજબ કુલ રૂ.14,100નો દારૂ કબજે કરાયો હતો.આ ઉપરાંત 3000 હજાર રૂપિયાની કિંમતના બિયરના 500 મિલીના 24 ટીન મળી આવ્યા હતા. પોલીસે દારૂ અને બિયર રાખવા અંગે પાસ-પરમિટ માગતાં આરોપીએ પોતાની પાસે ન હોવાનું જણાવ્યું હતું.આમ પોલીસે કુલ રૂ.17,100ના મુદ્દામાલ સાથે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

### મની ગેમ

## કાલાવડના મોટાવડાળા ગામમાંથી મોબાઈલમાં લુડો કિંગ રમી જુગાર રમતા 4 શખ્સો ઝડપાયા

કાલાવડ: કાલાવડ ગ્રામ્ય પોલીસ દ્વારા જુગાર વિરોધી ડ્રાઈવ અંતર્ગત પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે મોટાવડાળા ગામમાં બાપા સીતારામ મંદિર પાસે દરોડો પાડવામાં આવ્યો હતો. જાહેરમાં ચાર શખ્સો મોબાઈલ ફોનમાં લુડો કિંગની મની ગેમ રમી પૈસાની હારજીતનો જુગાર રમતા મળી આવતા પોલીસે ચારેયને ઝડપી લીધા હતા.

પોલીસના જણાવ્યા મુજબ, મોટાવડાળા ગામના બાપા સીતારામ મંદિર પાસે બાકડા પર બેસીને ફેઝલભાઈ આરીફભાઈ પોપટપોત્રા (ઉંમર 39), ઈરફાનભાઈ ઈકબાલભાઈ મુલતાની (ઉંમર 39), આરીફભાઈ અકબરભાઈ કાઝી (ઉંમર 32) અને દિપકભાઈ પ્રફુલદાસ ગોંડલીયા (ઉંમર 32) મોબાઈલમાં લુડો કિંગની મની ગેમ રમતા હતા.

પોલીસે ચારેયની અંગઝડતીમાંથી કુલ રૂ.2,590 રોકડા અને સ્થળ પરથી રૂ.160 મળી કુલ રૂ.2,750 રોકડા કબજે કર્યા હતા. ઉપરાંત લુડો કિંગની ગેમ ચાલુ હોય તેવો મોબાઈલ ફોન પણ કબજે કરી સ્ક્રીનશોટ તથા પ્રિન્ટ મેળવી તપાસ હાથ ધરી હતી. પોલીસે કુલ રૂ.8,750નો મુદ્દામાલ કબજે કરી ચારેય શખ્સો સામે જુગારધારા કલમ 12(અ) હેઠળ ગુનો નોંધ્યો હતો.

### ખેતરમાં ગાંજાનું વાવેતર અને ઘરમાંથી મળ્યો સુકો જથ્થો

## નર્મદાના જંગલ વિસ્તારમાંથી 18 લાખનો ગાંજો ઝડપાયો, પોલીસે 70 વર્ષીય વૃદ્ધ સામે NDPS હેઠળ ગુનો નોંધ્યો



(એજન્સી) નર્મદા | તા.20

નર્મદા જિલ્લાના જંગલ વિસ્તારમાં આવેલા ઝરવાણી ગામેથી સોશિયલ ઓફ યુનિટી (SOU) પોલીસે બાતમીના આધારે દરોડો પાડીને 18.75 લાખ રૂપિયાની કિંમતનો લીલો અને સુકો ગાંજો ઝડપી પાડ્યો છે. પોલીસે ખેતરમાંથી ગાંજાનું વાવેતર અને ઘરમાંથી સુકો ગાંજો જપ્ત કરીને 70 વર્ષીય વૃદ્ધ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.મળતી માહિતી અનુસાર, SOU પોલીસ સ્ટેશનની ટીમે ઝરવાણી ગામના પીપળી ખેતર ફળિયામાં રહેતા ગેલા તડવીના ઘરે અને ખેતરમાં દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન ઘરમાંથી 5 કિલોગ્રામ સુકો ગાંજો મળી આવ્યો હતો, જેની અંદાજિત કિંમત 2.50 લાખ રૂપિયા થાય છે. આ ઉપરાંત, ખેતરમાં ગેરકાયદે રીતે વાવેતર કરેલા લીલા ગાંજાના 357 જેટલા મોટા છોડ મળી આવ્યા હતા.

પોલીસે ખેતરમાંથી મળી આવેલા 32 કિલો 500 ગ્રામ વજનના લીલા ગાંજાના છોડ જેની કિંમત 16.25 લાખ રૂપિયા છે અને ઘરમાંથી મળેલો સુકો ગાંજો મળીને એકંદર 37 કિલો 500 ગ્રામ માદક પદાર્થ જપ્ત કર્યો છે. આ સમગ્ર મુદ્દામાલની કુલ કિંમત 18.75 લાખ રૂપિયા અંકાયી છે.

SOU સલામતી પોલીસે આ મામલે એનડીપીએસ (NDPS) એક્ટ હેઠળ ગુનો રજીસ્ટર કરીને 70 વર્ષીય આરોપી ગોપાલ તડવી સામે કાયદેસરની ધાકધમકી અને તપાસની કાર્યવાહી શરૂ કરી છે. જંગલ વિસ્તારમાં આટલી મોટી માત્રામાં ગાંજાનું વાવેતર અને વેચાણ ક્યારથી ચાલતું હતું તે દિશામાં પણ પોલીસે તપાસ લંબાવી છે.

## જામનગરના ચકચારી ડેન્ટલ કોલેજના રૂ.1.39 કરોડના કૌભાંડમાં ભાવનગરના એક આરોપીનો જેલમાંથી કબજો લેવાયો

(એજન્સી) જામનગર | તા.20

જામનગરની ડેન્ટલ કોલેજના ડીનની સહીવાળા રોગી કલ્યાણ સમિતિના 15 ચેક બેન્કમાં વટાવી રૂ.1.39 કરોડ પોતાના ખાતામાં ટ્રાન્સફર કરી લેવાના ચકચારી કૌભાંડમાં પોલીસે વધુ એક આરોપીનો હરિયાણાની જેલમાંથી ટ્રાન્સફર વોરંટના આધારે કબજો મેળવ્યો છે. આ કેસમાં સુરતના આરોપી હરેશ વસાવડાની બેન્ક ડિટેલની તપાસ દરમિયાન નાણાકીય વ્યવહારોનો રેલો ભાવનગરના હિતેશ પ્રવીણભાઈ ગોટી સુધી પહોંચ્યો હતો. પોલીસે તેની સંડોવણી સામે આવતાં હરિયાણાની મીનકા જેલમાંથી તેનો કબજો મેળવી જામનગર લાવવામાં આવ્યો છે.આરોપીની પૂછપરછ માટે તપાસનીશ પીએસઆઈ આર.બી.ઠાકોરે તેને અદાલત સમક્ષ રજૂ કરી ચાર દિવસના રિમાન્ડ મેળવ્યા છે. પોલીસ દ્વારા આરોપીની ઊંડાણપૂર્વકની પૂછપરછ હાથ ધરી આ સમગ્ર કૌભાંડના નાણાકીય





વ્યવહારોની કડીઓ જોડવા પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.નેશનલ હેલ્થ મિશન હેઠળ કરાર આધારિત ફરજ બજાવતા ડેન્ટલ કોલેજના ક્લાર્ક શોભિત ગર્ગ સામે ગત મે માસમાં ગુનો નોંધાયા બાદ તેની ધરપકડ કરવામાં આવી હતી. ત્યારબાદ પોલીસે કેસમાં થયેલા નાણાકીય વ્યવહારો અને બેન્ક ટ્રાન્ઝેક્શનની ઝીણવટભરી તપાસ શરૂ કરી હતી. તપાસ દરમિયાન સુરતના હરેશ વસાવડાની સંડોવણી સામે આવતા તેની પણ ધરપકડ કરવામાં આવી હતી.હરેશ વસાવડાની બેન્ક ડિટેલની તપાસ કરતાં પોલીસને વધુ એક શખસ હિતેશ પ્રવીણભાઈ ગોટી સાથે નાણાકીય વ્યવહારો થયાની માહિતી મળી હતી. પોલીસના પ્રાથમિક તપાસ અહેવાલ મુજબ, કેસના પ્રથમ આરોપી શોભિત ગર્ગ દ્વારા રોગી કલ્યાણ સમિતિના ચેકો મારફતે રકમ પોતાના ખાતામાં જમા કરાવવામાં આવતી હતી. ત્યારબાદ આ રકમ સુરતના હરેશ વસાવડા તથા હાલ કબજામાં લેવાયેલા હિતેશ ગોટી સુધી પહોંચતી હતી અને ત્યાંથી અન્ય બેન્ક ખાતાઓમાં પણ નાણાંના ટ્રાન્ઝેક્શન કરવામાં આવ્યા હોવાનું તપાસમાં સામે આવ્યું છે.હવે હિતેશ ગોટીને મળેલી રકમનો તેણે શું ઉપયોગ કર્યો? તેણે આ નાણાં અન્ય કોઈ વ્યક્તિને ટ્રાન્સફર કર્યા હતા કે કેમ? તેમજ સમગ્ર કૌભાંડમાં તેની સાથે અન્ય કોઈ વ્યક્તિ સંકળાયેલી છે કે કેમ? સહિતના મહત્વના સવાલોના જવાબ મેળવવા પોલીસે ચાર દિવસના રિમાન્ડ મેળવ્યા છે. સમગ્ર નાણાકીય વ્યવહારોની કડીઓ મેળવી પોલીસ કૌભાંડના મૂળ સુધી પહોંચવા વધુ તપાસ કરી રહી છે.

## બાઈકની ટક્કરે એક્સેસ ચાલકને ગંભીર ઈજા થયા બાદ સારવાર દરમિયાન કરુણ મૃત્યુ

(એજન્સી) જામનગર | તા.20

જામનગરમાં સ્પ્લેન્ડર મોટરસાયકલના ચાલકે પુરઝડપે અને બેદરકારીપૂર્વક હંકારી લાવી એક્સેસ મોટરસાયકલને ટક્કર મારતાં તેના ચાલક પ્રવિણસિંહ ધીરૂભા જાડેજા (ઉ.વ. 50)ને માથામાં ગંભીર ઈજા પહોંચી હતી. સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નિપજતાં અકસ્માતના બનાવે કરુણ અંત લીધો હતો. આ બનાવ અંગે મૃતકના પુત્ર મહીપાલસિંહ જાડેજાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ પ્રવિણસિંહ જાડેજા એક્સેસ મોટરસાયકલ લઈને પટેલ કોલોની શેરી નં. 6 તરફથી પસાર થઈ રહ્યા હતા ત્યારે ફૈઝાન મહમદહુશેન જામ સ્પ્લેન્ડર મોટરસાયકલ નં. જીજે-10-ઈએફ-9522 લઈને પુરઝડપે અને ગફલતભરી રીતે આવતાં એક્સેસને ટક્કર મારી હતી.અકસ્મતમાં પ્રવિણસિંહને માથામાં ગંભીર ઈજા સહિત શરીરે છોલછાલની ઈજાઓ થતાં તેમને જામનગરની જી.જી. હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

## જામજોધપુરના પરડવામાં પરિણીતાને માર મારી ધમકી આપ્યાના આક્ષેપ બાદ મહિલાએ આપઘાત કર્યો

(એજન્સી) જામનગર | તા.20

જામજોધપુર તાલુકાના પરડવા ગામમાં એક પરિણીતાને બ્લેકમેઈલ કરવાનો આરોપ મૂકી તેના ઘરે પહોંચેલા શખ્સોએ પ્લાસ્ટિકના પાઈપ તથા લાકડાના બટકાથી તેમજ ઢીકાપાટુનો માર મારી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાના આક્ષેપ બાદ મહિલાએ પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતાં ચકચાર મચી છે. આ બનાવ અંગે જામજોધપુર પોલીસે ત્રણ શખ્સો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.પોલીસ ફરિયાદ મુજબ પરડવા ગામના વિરમભાઈ ભીખાભાઈ ગોઢાણીયાની પત્ની લીલુબેન ઉપર બ્લેકમેઈલ કરવાનો આરોપ મુકવામાં આવ્યો હતો. આ આરોપના આધારે રણમલભાઈ ઉર્ફે કારાભાઈ ભીમાભાઈ પરમારે અરજણભાઈ કેશુભાઈ પરમાર તથા નાગાભાઈ કેશુભાઈ પરમારને લીલુબેનના ઘરે મોકલ્યા હોવાનો આક્ષેપ છે.બંને શખ્સોએ લીલુબેનને પ્લાસ્ટિકના પાઈપ તથા લાકડાના બટકાથી અને ઢીકાપાટુનો માર મારી શરીરે મુંઢ ઈજાઓ પહોંચાડી હતી.

તેમજ ગાળો આપી ગામ છોડીને જતા રહેવા જણાવ્યું હતું અને જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.આ બનાવથી લાગી આવતા લીલુબેને પોતાના રહેણાંક મકાનની છતની હુકમાં સાડી વડે ગળેફાંસો ખાઈ લેતાં તેમનું મોત નિપજ્યું હતું. બનાવ અંગે જામજોધપુર પોલીસ મથકમાં રણમલભાઈ ઉર્ફે કારાભાઈ ભીમાભાઈ પરમાર, અરજણભાઈ કેશુભાઈ પરમાર અને નાગાભાઈ કેશુભાઈ પરમાર સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ 108 સહિતની કલમો અને જી.પી. એક્ટની કલમ 135(1) મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે.

### તીનપત્તીનો જુગાર

## જામનગર જિલ્લામાં જુગારના દરોડામાં 22 શખ્સો ઝડપાયા : રૂ.1,20,780 રોકડ સહિતનો મુદ્દામાલ કબજે

(એજન્સી) જામનગર | તા.20

જામનગર જિલ્લામાં ગઈ રાત્રે પોલીસે જુગાર અંગે અલગ-અલગ ચાર દરોડા પાડી જાહેરમાં તીનપત્તીનો જુગાર રમતા કુલ 22 શખ્સોને ઝડપી લીધા હતા. પોલીસે ચારેય સ્થળેથી કુલ રૂ.1,20,780ની રોકડ રકમ તથા ગંજીપત્તા કબજે કરી જુગારધારા કલમ 12 મુજબ કાર્યવાહી હાથ ધરી છે.જામનગર શહેરના સીટી બી ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગેશ્વર કોલોનીમાં લાકડાના બેંસા પાસે જાહેરમાં ગોળ કુંડાળું વળી તીનપત્તીનો જુગાર રમાતો હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડ્યો હતો. પોલીસે કિશન ધીરૂભાઈ પરમાર (25), મીલન ડાયાભાઈ શિયાળ (25), મીલન ધીરૂભાઈ શિયાળ (23) અને વિમલ ભાવેશભાઈ બારીયા (19) સહિત 4 શખ્સોને ઝડપી લઈ તેમની પાસેથી રૂ.11,120 રોકડા તથા ગંજીપત્તા કબજે કર્યા હતા.બીજા બનાવમાં ધ્રોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ધરમપુર ગામની ચબુતરાવાળી શેરીમાં સ્ટ્રીટ લાઈટના અજવાળે જાહેરમાં તીનપત્તીનો જુગાર રમતા પ્રવિણભાઈ જેસીંગભાઈ રાઠોડ (30), સંજય ઉર્ફે પકો કાળુભાઈ પરેશા (30), દિનેશભાઈ ચનાભાઈ સોનારા (35), નરેશભાઈ શીવાભાઈ પરેશા (26), રામાભાઈ સોંડાભાઈ ચાવડીયા (23) અને મનસુખભાઈ નાથાભાઈ પરેશા (55) મળી છ શખ્સો ઝડપાયા હતા. પોલીસે સ્થળેથી રૂ.3,010 રોકડા અને ગંજીપત્તા કબજે કર્યા હતા.લાલપુરમાં ધરાનગર શેરાની હોટેલ પાછળ સ્ટ્રીટ લાઈટના અજવાળે જાહેરમાં તીનપત્તીનો જુગાર રમતા અતુલભાઈ લધુભાઈ વાઘેલા (46), મુકેશભાઈ રામજીભાઈ રાઠોડ (36), નિલેશભાઈ કારાભાઈ રાઠોડ (35) અને સાહીલભાઈ વિજયભાઈ કબીરા (21) મળી 4 શખ્સોને પોલીસે ઝડપી લીધા હતા.

### 4,72,507 પાણીના પાત્રો તપાસતા 2088માં પોરા મળ્યા

# જામનગરમાં મનપાની આરોગ્યશાખાની તપાસણી દરમિયાન તાવના 229-ઝાડા ઉલટીના 85 કેસો

(એજન્સી) જામનગર | તા.20

જામનગર કોર્પોરેશનના મેલેરિયા વિભાગે 13 આરોગ્ય કેન્દ્રો હેઠળના વિસ્તારોમાં મચ્છરજન્ય રોગચાળા વિરોધી ઝુંબેશ ચલાવી હતી. 233 ટીમોએ 97,244 ઘરોનો સર્વે કરતાં 1935 ઘરોમાં મચ્છરના પોરા મળ્યા. 4,72,507 પાણીના પાત્રો તપાસતા 2088માં પોરા મળ્યા. તંત્રએ 2184 પાત્રોનો નાશ કરી 45,812 પાત્રોમાં દવા નાખી. આ ઝુંબેશમાં તાવના 229 અને ઝાડા-ઉલટીના 85 કેસ નોંધાયા.જામનગર મ્યુ. કોર્પોરેશનની આરોગ્ય શાખા હેઠળના મેલેરીયા વિભાગે 13 આરોગ્ય કેન્દ્રો હેઠળના વિસ્તારમાં છેલ્લા થોડા દિવસોમાં કરેલી મચ્છરજન્ય રોગચાળા વિરોધી કરેલી ઝુંબેશ દરમિયાન તંત્રની ટીમોને તાવના ફ્લૂ અને ઝાડા-ઉલટીના 85 કેસો મળી આવ્યા છે. તેમજ તંત્રની ટીમોએ મચ્છરોની ઉત્પત્તિ થતાં પહેલા જ નાથવાની કામગીરી પણ કરી હતી. તંત્રની 233 ટીમોએ 97,244 ઘરોનો સર્વે કર્યો હતો. જેમાં 1935 ઘરોમાં મચ્છરોના પોરાની ઉત્પત્તિ જોવા મળી હતી. આ ઉપરાંત ટીમો દ્વારા પાણી ભરવાના કુલ 4,72,507 પાત્રોની ચકાસણી કરવામાં આવી હતી. આવા પાત્રોમાંથી 2088 પાત્રોમાં પણ મચ્છરોના પોરાની ઉત્પત્તિ જોવા મળી હતી. તેથી તંત્રએ આ પાત્રો ઉપરાંતના અન્ય મળીને 2184 પાત્રોનો નાશ કરાવ્યો હતો. ઉપરાંત કુલ 45,812 પાત્રોમાં મચ્છર વિરોધી દવા નાંખી હતી. આ તપાસ દરમિયાન તાવના 229 કેસો અને ઝાડા-ઉલટીના 85 કેસો મળી આવ્યા હતા.



## જામનગરમાં ચાલુ સ્કૂટરમાંથી કૂદીને આરોપી ભાગી જવાના પ્રકરણમાં સિટી.સી ડિવિઝનના એમઓબીની મહિલા જમાદાર સસ્પેન્ડ

જામનગર : જામનગરમાં બળજબરીથી નાણા કઢાવી લેવાના ગંભીર ગુનામાં ઝડપાયેલા આરોપીને ફોટા અને ફિંગરપ્રિન્ટ લેવા માટે એમઓબી શાખામાં લઈ ગયા બાદ પરત લઈ જતી વખતે આરોપી ચાલુ સ્કૂટરમાંથી કૂદીને સાગરીતની બાઈક પર બેસી ફરાર થઈ જવાના પ્રકરણમાં જિલ્લા પોલીસ વડા દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી છે. આ મામલે જામનગર જિલ્લા પોલીસ વડાએ સિટી સી ડિવિઝનના એમઓબી વિભાગની મહિલા જમાદાર રાધાબેન ગોજીયાને સસ્પેન્ડ કરી દીધા છે. મળતી વિગતો મુજબ, સિટી સી ડિવિઝન પોલીસ સ્ટેશનના ગુનામાં સંડોવાયેલા આરોપી મીત ઉર્ફે મિતેષ ઉર્ફે મીતલો સુનીલભાઈ બારિયાને ફોટા તથા ફિંગરપ્રિન્ટની કાર્યવાહી માટે એમઓબી શાખામાં લઈ જવામાં આવ્યો હતો. ત્યારબાદ આરોપીને પરત પોલીસ સ્ટેશન લઈ જવાની કામગીરી હોમગાર્ડ સભ્ય કિરણકુમાર ત્રિવેદીને સોંપવામાં આવી હતી.

હોમગાર્ડ કર્મચારી આરોપી મીતને એક્સેસ સ્કૂટર પર પાછળ બેસાડીને પરત લઈ જઈ રહ્યા હતા. દરમિયાન એમ.પી.શાહ કોલેજના ખૂણા પાસે બેટરીની દુકાન નજીક બે-ત્રણ વાહનો વચ્ચે ટ્રાફિકમાં સ્કૂટરની ગતિ ધીમી થતાં આરોપીએ તક ઝડપી હતી. ચાલુ સ્કૂટર પરથી નીચે કૂદી પડ્યા બાદ પાછળથી આવી રહેલા પોતાના સાગરીત પ્રકાશ ઉર્ફે પકોની બાઈક પર બેસી ગયો હતો અને બંને આરોપીઓ પુલ પરથી ફરાર થઈ ગયા હતા.

## વ્યાજ દરો રીસેટ કરવાની ફ્રીક્વન્સીમાં મોટો ફેરફાર

# RBIનો નવો ડ્રાફ્ટ: વર્ષ 2027થી બદલાશે પર્સનલ અને હોમ લોનનો નિયમ, EMI પર શું અસર થશે



### લોન લેતી વખતે આ 3 બાબતોનું ખાસ ધ્યાન રાખવું

અગામી સમયમાં નવી હોમ લોન લેતી વખતે ગ્રાહકોએ મુખ્યત્વે 3 વાતો ધ્યાનમાં રાખવી જોઈએ:

1) સ્પ્રેડ ચકાસો: માત્ર જાહેરાતોમાં દર્શાવાતા ઓછા વ્યાજ દર સરખાવવાને બદલે મૂળ બેન્ચમાર્ક પરનો સ્પ્રેડ ચેક કરો, કારણ કે તે વર્ષો સુધી તમારી સાથે રહે છે.

2) રીસેટ ફ્રીક્વન્સી: તમારી બેન્ક કે ધિરાણ સંસ્થા વ્યાજ દર ક્યારે અને કેટલા સમયાંતરે બદલશે તેની સ્પષ્ટ જાણકારી મેળવો.

3) આર્થિક સુરક્ષા અને સ્થિરતા: ભવિષ્યમાં વ્યાજ દર વધે તો પણ તમારા માસિક હોમ બજેટ પર કોઈ માઠું પરિણામ ન આવે તે માટે EMI સંભાળવાની આર્થિક તૈયારી રાખો.

(એજન્સી) નવી દિલ્હી | તા.20

રિઝર્વ બેન્ક ફ્લોટિંગ રેટ લોન પર વ્યાજ દરોની અસર ગ્રાહકોને ઝડપથી મળે તે માટે નવો પ્રસ્તાવ લાવી છે. આ ડ્રાફ્ટ પર 11 સપ્ટેમ્બર, 2026 સુધી સૂચનો મંગાવાયા છે, જે 1 એપ્રિલ, 2027થી અમલમાં આવશે. આ નિયમથી હોમ લોન EMIમાં તાત્કાલિક નહીં, પરંતુ RBIના દરોમાં ફેરફારનો લાભ 3 મહિનામાં મળશે.ભારતીય રિઝર્વ બેન્ક (RBI) આગામી સમયમાં એક એવા મહત્ત્વપૂર્ણ ફેરફારનો પ્રસ્તાવ લાવી રહી છે, જેનાથી ફ્લોટિંગ રેટ લોન પર વ્યાજ દરોમાં થતા ફેરફારની અસર ગ્રાહકો પર ખૂબ ઝડપથી જોવા મળશે. RBIની આ નવી ફ્રેમવર્ક યોજના હાલમાં માત્ર એક ડ્રાફ્ટ (ખરડો) છે, જેના પર 11 સપ્ટેમ્બર 2026 સુધી સૂચનો મંગાવવામાં આવ્યા છે. જો આ પ્રસ્તાવને મંજૂરી મળશે તો આ નિયમ 1 એપ્રિલ, 2027થી અમલમાં આવશે. જોકે આ નિયમથી હોમ લોનની EMIમાં તુરંત કોઈ ફેરફાર નહીં થાય, પરંતુ રિઝર્વ બેન્ક દ્વારા દરોમાં ઘટાડો કે વધારો કરવાનો લાભ કે અસરો લોન ધારકો સુધી પહોંચવાની પ્રક્રિયા ઘણી બદલાઈ જશે.

RBIનો સૌથી મોટો પ્રસ્તાવિત ફેરફાર વ્યાજ દરોના રીસેટ સમયગાળા સાથે જોડાયેલો છે. હાલમાં મોટાભાગની ફ્લોટિંગ-રેટ લોન વર્ષમાં માત્ર એક જ વાર રીસેટ થાય છે. આના કારણે RBI દ્વારા રેપો રેટમાં ઘટાડો કર્યા બાદ પણ લોન ધારકોને તેનો લાભ મેળવવામાં મહિનાઓ લાગી જતા હતા. પ્રસ્તાવિત નિયમ હેઠળ હવે ફ્લોટિંગ રેટ લોન વધુમાં વધુ ત્રણ મહિનાની અંદર રીસેટ કરવી પડશે. આનાથી રેપો રેટ આધારિત હોમ લોન લેનારાઓને વ્યાજ દરો ઘટવાનો લાભ ઝડપથી મળશે, પરંતુ સામે પક્ષે વ્યાજ દરો વધવાની સ્થિતિમાં તેની અસર પણ વહેલી જોવા મળશે.RBIનો આ નવો રીસેટ ફ્રેમવર્ક મુખ્યત્વે ફ્લોટિંગ-રેટ લોન પર લાગુ થાય છે. રિટેલ લેન્ડિંગ ક્ષેત્રે તે ખાસ કરીને હોમ લોન પર અસર કરશે. મોટાભાગની પર્સનલ અને ઓટો લોન ફિક્સ-રેટ આધારિત હોવાથી આ નિયમોને કારણે હયાત પર્સનલ લોનની EMIમાં અચાનક કોઈ બદલાવ નહીં આવે. જોકે, નવા લોન ધારકો માટે પારદર્શિતા વધશે અને લોન એગ્રીમેન્ટમાં જ બેન્ચમાર્ક, રેટ રીસેટની ફ્રીક્વન્સી અને રીસેટ તારીખ જેવી વિગતો સ્પષ્ટપણે દર્શાવવી પડશે. આ ઉપરાંત ડ્રાફ્ટમાં સ્પ્રેડના નોન-ક્રેડિટ હિસ્સામાં ત્રણ વર્ષ સુધી કોઈ ફેરફાર ન કરવાનો પ્રસ્તાવ પણ છે. ફ્લોટિંગ-રેટ પર ચાલી રહેલી જૂની હોમ લોન ધરાવતા ગ્રાહકોએ હાલમાં કંઈ કરવાની જરૂર નથી. પ્રસ્તાવિત નિયમ મુજબ, હયાત લોન 1 એપ્રિલ 2029 સુધીમાં નવી સિસ્ટમમાં ટ્રાન્સફર કરી દેવાશે, જેના માટે ગ્રાહક સંમતિ જરૂરી રહેશે. આ ફેરફાર માટે બેન્કો કોઈ પ્રોસેસિંગ ફી લઈ શકશે નહીં કે માત્ર સિસ્ટમ બદલાવાને કારણે વ્યાજ દર વધારી શકશે નહીં. રીસેટ સમયે ગ્રાહકો પાસે ફિક્સ-રેટ લોન પર શિફ્ટ થવાનો અથવા ક્રેડિટ પ્રોફાઈલ સુધરી હોય તો ઓછા સ્પ્રેડની માંગ કરવાનો પણ વિકલ્પ રહેશે.

## સિમ્બાયોટેક ફાર્માલેબ લિમિટેડનો રૂ. 17,570.00 મિલિયનનો આઈપીઓ 24 ઓગસ્ટ, 2026ના રોજ ખુલશે

અમદાવાદ : સિમ્બાયોટેક ફાર્માલેબ લિમિટેડ ("Symbiotec Pharmalab" or "The Company") તેના ઈક્વિટી શેરોના આઈપીઓ ("Offer") ના સંદર્ભમાં બિડ/ઓફર સોમવાર, 24 ઓગસ્ટ, 2026ના રોજ શરૂ કરવાની યોજના ધરાવે છે. આ ઓફરમાં કંપની દ્વારા રૂ. 1,500.00 મિલિયન સુધીની કુલ રકમના ઈક્વિટી શેરોના ફ્રેશ ઇશ્યૂ ("Fresh Issue") અને કંપનીના કેટલાક હાલના શેરધારકો (the "Selling Shareholders") (collectively, the "Total Offer Size") નો દ્વારા રૂ. 16,070.00 મિલિયન સુધીના ઈક્વિટી શેરોના વેચાણની ઓફર ("Offer for Sale") સમાવેશ થાય છે.કંપની આ ઓફરમાંથી મળેલી ચોખ્ખી આવકનો ઉપયોગ કંપની દ્વારા લેવામાં આવેલી કેટલીક બાકી લોનની સંપૂર્ણ અથવા આંશિક રીતે અગાઉથી ચુકવણી અને/અથવા ચુકવણી કરવા તેમજ સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે કરવાની દરખાસ્ત ધરાવે છે (the "Objects of the Offer"). ઓફર ફોર સેલમાં સતવાની હોલ્ડિંગ્સ એલએલપી (the "Promoter Selling Shareholder") દ્વારા રૂ. 1,440.00 મિલિયન સુધીની કુલ રકમના ઈક્વિટી શેર્સ, રોઝવુડ ઈન્વેસ્ટમેન્ટ્સ દ્વારા રૂ. 9,880.00 મિલિયન સુધીની કુલ રકમના ઈક્વિટી શેર્સ અને ઈન્ડિયા બિઝનેસ એક્સીલન્સ ફંડ - 3 દ્વારા (collectively, the "Investor Selling Shareholders") રૂ. 4,750.00 મિલિયન સુધીની કુલ રકમના ઈક્વિટી શેર્સનો સમાવેશ થાય છે.

# News Brief

## સુમેક્સ એન્જિનિયરિંગ લિમિટેડ નવી ઉત્પાદન ક્ષમતા ઊભી કરવા માટે NSE EMERGE પર IPOની જાહેરાત કરે છે; બિડિંગ 25 ઓગસ્ટથી શરૂ થશે

સિકંદરાબાદ | સુમેક્સ એન્જિનિયરિંગ લિમિટેડ ઓટોમોટિવ OEM અને ઓટો રિફિનિશ બજારો માટે ઓટોમોટિવ ટેપ્સ, ડાઈ-કટ્સ, સરફેસ-ફિનિશિંગ ઉત્પાદનો, કાર કેર ઉત્પાદનો અને વપરાશની સામગ્રી (consumables)નું ઉત્પાદન અને વેપાર કરતી કંપની છે. કંપની NSE EMERGE (SME) પ્લેટફોર્મ પર તેના પ્રારંભિક જાહેર ભરણું (IPO) સાથે મૂડી બજારમાં પ્રવેશ કરી રહી છે. આ 'બુક-બિલ્ટ' ઓફર હેઠળ 10ની ફેસ વેલ્યુ (અંકિત મૂલ્ય) ધરાવતા કુલ 52,87,200 સુધીના ઈક્વિટી શેર ઓફર કરવામાં આવશે, જેમાં 42,91,200 સુધીના નવા શેર (fresh issue) અને 9,96,000 સુધીના શેરનું વેચાણ (offer for sale) સામેલ છે. શેરની કિંમતની શ્રેણી (price band) 95 થી 101 પ્રતિ શેર નક્કી કરવામાં આવી છે (લોટ સાઈઝ: ઓછામાં ઓછા 2,400 શેર અને ત્યારબાદ 1,200 શેરના ગુણાંકમાં). કંપની નવા શેરના વેચાણમાંથી મળનારી ચોખ્ખી આવકનો ઉપયોગ નીચે મુજબના કાર્યો માટે કરવાની યોજના ધરાવે છે: રાજસ્થાનના તપુકારા (કરોલી) સ્થિત RIICO ઔદ્યોગિક વિસ્તારમાં સૂચિત ઉત્પાદન યુનિટ-Iના નિર્માણ માટે મૂડી ખર્ચ (488.68 લાખ સુધી); હરિયાણાના ઝજ્જર (નિમાના) સ્થિત મોડલ ઈકોનોમિક ટાઉનશિપમાં સૂચિત ઉત્પાદન યુનિટ-IIના નિર્માણ માટે (1,662.34 લાખ સુધી); કંપનીની કાર્યકારી મૂડી (working capital)ની જરૂરિયાતો પૂરી કરવા માટે; અને સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે. એન્કર રોકાણકાર માટેની તારીખ સોમવાર, 24 ઓગસ્ટ, 2026 નક્કી કરવામાં આવી છે. આ ઈશ્યૂ જાહેર સબ્સ્ક્રિપ્શન માટે મંગળવાર, 25 ઓગસ્ટ, 2026ના રોજ ખુલશે અને શુક્રવાર, 28 ઓગસ્ટ, 2026ના રોજ બંધ થશે. ચોખ્ખી આવકના ઉપયોગ પર 'કેર રેટિંગ્સ લિમિટેડ' (Care Ratings Limited) દ્વારા દેખરેખ રાખવામાં આવશે. બુક રનિંગ લીડ મેનેજર: GYR કેપિટલ એડવાઈઝર્સ પ્રાઈવેટ લિમિટેડ, ઈશ્યુનું માળખું, ઈશ્યુનું કુલ કદ: 10 ની ફેસ વેલ્યુ (અંકિત મૂલ્ય) ધરાવતા 52,87,200 સુધીના ઈક્વિટી શેર, નવા ઈશ્યુનું કદ: 10 ની ફેસ વેલ્યુ ધરાવતા 42,91,200 ઈક્વિટી શેર, વેચાણ માટેની ઓફર (Offer for Sale): 10 ની ફેસ વેલ્યુ ધરાવતા 9,96,000 ઈક્વિટી શેર, માર્કેટ મેકરનો હિસ્સો: 10 ની ફેસ વેલ્યુ ધરાવતા 2,66,400 સુધીના ઈક્વિટી શેર, કર્મચારીઓ માટે અનામત: 10 ની ફેસ વેલ્યુ (અંકિત મૂલ્ય) ધરાવતા 1,92,000 સુધીના ઈક્વિટી શેર, જાહેર જનતા માટે ચોખ્ખી ઓફર: 10 ની ફેસ વેલ્યુ ધરાવતા 48,28,800 સુધીના ઈક્વિટી શેર, એન્કર રોકાણકાર હિસ્સો: 10 ની ફેસ વેલ્યુ ધરાવતા 14,35,200 સુધીના ઈક્વિટી શેર, ચોખ્ખો QIB હિસ્સો: 10 ની ફેસ વેલ્યુ ધરાવતા 9,74,400 સુધીના ઈક્વિટી શેર, બિન-સંસ્થાકીય રોકાણકારો: 10 ની ફેસ વેલ્યુ ધરાવતા ઓછામાં ઓછા 7,27,200 ઈક્વિટી શેર, વ્યક્તિગત રોકાણકાર હિસ્સો: 10 ની ફેસ વેલ્યુ ધરાવતા ઓછામાં ઓછા 16,92,000 ઈક્વિટી શેર.

## મહિન્દ્રા લાસ્ટ માઈલ મોબિલિટી લિમિટેડના ઈલેક્ટ્રિક વાહનો (EV)નું વેચાણ 4 લાખથી વધી ગયું : આ સીમાચિહ્ન મેળવનાર ભારતની પ્રથમ કમર્શિયલ વ્હિકલ ઉત્પાદક બની



મુંબઈ : દરેક થ્રી-વ્હીલર અને નાનાં કમર્શિયલ વાહનો પાછળ આજીવિક રહેલી છે - એક ડ્રાઈવરની, એક દુકાનદારની, એક ડિલીવરી પાર્ટનરની, એક નાનાં વ્યવસાયની. હાલ એ સફરમાં 4 લાખથી વધારે સફર મહિન્દ્રા લાસ્ટ માઈલ મોબિલિટી ઈલેક્ટ્રિક વાહનોએ ખેડી રહ્યાં છે. મહિન્દ્રા લાસ્ટ માઈલ મોબિલિટી લિમિટેડ ભારતની પ્રથમ કમર્શિયલ ઈલેક્ટ્રિક વાહન ઉત્પાદક બની છે, જેણે કુલ 4 લાખથી વધારે ઈલેક્ટ્રિક વાહનોનું વેચાણ કર્યું છે, જે ઈલેક્ટ્રિક લાસ્ટ-માઈલ મોબિલિટીમાં દેશનાં પરિવર્તનમાં મુખ્ય સીમાચિહ્ન છે. આ સીમાચિહ્ન લાખો ગ્રાહકોના વિશ્વાસને પ્રતિબિંબિત કરે છે, જેઓ કમાણી, વિકાસ અને પ્રગતિ કરવા મહિન્દ્રા ઈલેક્ટ્રિક કમર્શિયલ વાહનો પર નિર્ભર છે. MLMMLની સફળતા સરળ વિચારસરણીમાં રહેલી છે : જ્યારે ઈલેક્ટ્રિક વાહનો આર્થિક રીતે વાજબી છે, ત્યારે ગ્રાહકો એનો સ્વીકાર કરે છે. તેમને આબોહવાલક્ષી સમાધાનો અપનાવવાનું કહેવાને બદલે કંપની ગ્રાહકોની રોજિંદી આવક અને વ્યાવસાયિક પરિણામો સુધારતા ઉત્પાદનો આપવા પર ધ્યાન કેન્દ્રીત કરે છે. પછી આ પર્યાવરણલક્ષી ફાયદા સ્વાભાવિક રીતે મળે છે. મહિન્દ્રાના ઈલેક્ટ્રિક વાહનો (EVs) (જેમાં UDO, ટ્રીયો રેન્જ, ઝોર ગ્રાન્ડ, ZEO અને ઈ-આલ્ફા શામેલ છે)એ સંયુક્તપણે કુલ 9 અબજ કિલોમીટરથી વધારેની સફર ખેડી છે તથા અંદાજે 1,85,000 મેટ્રિક ટન કાર્બન ડાયોકસાઈડ (CO)નું ઉત્સર્જન ટાળવામાં મદદ મળી છે, જે 8.3 મિલિયન વૃક્ષોનાં વાવેતરથી વધારે છે. ગ્રાહક-કેન્દ્રીત ઉત્પાદનોમાં રોકાણ, ભાગીદારીઓ, ઉત્પાદનો, ધિરાણ અને કસ્ટમર સપોર્ટનાં પીઠબળ સાથે MLMML 2031 સુધીમાં એક મિલિયન EVs (ઈલેક્ટ્રિક વાહનો) રોડ પર દોડાવવા કામગીરી કરી રહી છે.

## વ્યાજ દરમાં વધારાથી લઈને બાકી રહેલા સમય માટે વેબસાઈટ પર સતત નજર

# ૩૧ ઓગસ્ટની મુદત પૂરી થતા પહેલા FCNR થાપણો ઊભી કરવા બેંકોનો ધસારો

મુંબઈ : ફોરેન કરન્સી નોન-રેસિડેન્ટ (એફસીએનઆર) બેન્ક ડીપોઝિટ સ્વીકારાની સ્કીમની ૩૧ ઓગસ્ટની મુદત નજીક આવી રહી છે તેમ બેન્કો ખાસ કરીને ખાનગી ક્ષેત્રની બેન્કો એફસીએનઆર-બી થાપણ ઊભી કરવા દરેક સાધનોનો આક્રમક ઉપયોગ કરી રહી છે.થાપણ પરના વ્યાજ દરમાં વધારાથી લઈને બાકી રહેલા સમયગાળાની ગણતરી પર બેન્કોની નજર રહેલી છે. મુદત ટૂંકાવી દેવાનારિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)ના નિર્ણય બાદ કેટલીક ખાનગી બેન્કોએ તો થાપણ પરના વ્યાજ દર વધારી ૭.૫૦ ટકાથી પણ વધુ જેટલા કરી નાખ્યા હોવાનું જોવા મળી રહ્યું છે.અપેક્ષા કરતા જોરદાર પ્રતિસાદ અને સ્કીમને જાળવવા પાછળના ખર્ચમાં વધારાને પરિણામે આરબીઆઈએ એફસીએનઆર સ્કીમને મુદત પહેલા જ બંધ કરી દેવાનો અચાનક નિર્ણય લેવો પડયો હોવાનું માનવામાં આવે છે. મૂળ મુદત પ્રમાણે સદર સ્કીમ ૩૦ સપ્ટેમ્બર સુધીની હતી. પરંતુ ગયા સપ્તાહે રિઝર્વ બેન્કે તેને ૩૧ ઓગસ્ટ સુધી જ ચાલુ રાખવાની જાહેરાત કરી હતી. ૧૩ ઓગસ્ટ સુધીમાં સદર સ્કીમ હેઠળ ૫૨.૩૦ અબજ ડોલરનો ઈન્ફલો જોવા મળ્યો હતો.હજુ એક સપ્તાહ પહેલા જ રિઝર્વ બેન્કના ગવર્નર સંજય મલ્હોત્રાએ સ્કીમ વહેલી બંધ કરવાની કોઈ યોજના નહીં હોવાનું જાહેર કર્યું હતું. જેને પગલે બેન્કો આ સ્કીમ તેની મૂળ મુદત સુધી ચાલુ રહેશે તેવી ધારણાં રાખી રહી હતી.જો કે સ્કીમ હેઠળ મેળવાયેલા ડોલરની જાળવણી પેટે ઊંચા ખર્ચ તથા અપેક્ષા કરતા વધુ સારા પ્રતિસાદને કારણે સ્કીમ વહેલી બંધ કરી દેવાઈ હોવાનો મત પ્રવર્તી રહ્યો છે.પશ્ચિમ એશિયા યુદ્ધને કારણે ક્રુડ તેલના ભાવ આસમાને જતા ભારતીય રૂપિયા પર દબાણ આવ્યું છે અને ચૂકવણીની સમતુલા પણ લથડી ગઈ હતી જેને ધ્યાનમાં રાખી રિઝર્વ બેન્કે ડોલર પ્રવાહ વધારવા કેટલીક શરતો સાથે એફસીએનઆર - બી ડીપોઝિટ સ્કીમ શરૂ કરી હતી.

# વિપ્રો કન્ઝ્યુમર કેરનો અમદાવાદ સ્થિત ડર્માટચના અધિગ્રહણ સાથે ડિજિટલ બ્રાન્ડ ક્ષેત્રે પ્રવેશ

(એજન્સી) બેંગલુરુ | તા.20




વિપ્રો કન્ઝ્યુમર કેર એન્ડ લાઈટિંગે આજે અમદાવાદમાંથી ઉદ્દ્ભવેલી ડર્માટચના અધિગ્રહણની જાહેરાત કરી છે. ડર્માટચ ગુજરાતની ઉભરતી સફળ સ્થાનિક બ્રાન્ડ્સમાંની એક અને ભારતની સૌથી ઝડપથી વિકસતી, વિજ્ઞાન-આધારિત પ્રીમિયમ સ્કિનકેર બ્રાન્ડ્સમાંની એક છે. આ અધિગ્રહણ સાથે વિપ્રો કન્ઝ્યુમર કેર ભારતના ઝડપથી વિકસતા પ્રીમિયમ સ્કિનકેર માર્કેટમાં પ્રવેશ કરી રહી છે. વૈશ્વિક સ્તરે આ વિપ્રો કન્ઝ્યુમર કેરનું 18મું અધિગ્રહણ છે અને છેલ્લા એક મહિનામાં આ તેમનું ત્રીજું વ્યૂહાત્મક અધિગ્રહણ છે.આ નિર્ણય ઝડપથી વિકસતી ગ્રાહક શ્રેણીઓમાં પોતાનું વર્ચસ્વ મજબૂત કરવાની વિપ્રો કન્ઝ્યુમર કેરની વ્યૂહરચના દર્શાવે છે. કંપની એવા ક્ષેત્રોમાં વિસ્તાર કરી રહી છે જ્યાં ગ્રાહકો વિજ્ઞાન, સચોટ પરિણામો અને ત્વચારોગ નિષ્ણાતોની ભલામણ પર આધારિત ઉપાયો પસંદ કરી રહ્યા છે. ડર્મા લેબ, ડૉ. ડર્મિસ અને બાયો-એસેન્સ જેવી બ્રાન્ડ્સ દ્વારા પોતાના ગ્લોબલ સ્કિનકેર અનુભવને વધુ સશક્ત બનાવીને, આ અધિગ્રહણ દ્વારા વિપ્રો કન્ઝ્યુમર કેરે ભારતના પ્રીમિયમ સ્કિનકેર ક્ષેત્રમાં મહત્વપૂર્ણ પદાર્પણ કર્યું છે. અનીશ નાગપાલ અને અમિત પુરસવાની દ્વારા સ્થાપિત ડર્માટચ ભારતની ઝડપથી વિકસી રહેલી, ભારતમાં જ ઉત્પાદિત અને ત્વચાની વિવિધ સમસ્યાઓને ધ્યાનમાં રાખીને વિકસાવવામાં આવેલી ફાર્મસી સ્કિનકેર બ્રાન્ડ્સમાંની એક બની છે. બ્રાન્ડનું મુખ્ય ધ્યાન ત્વચા સંબંધિત બદલાતી સમસ્યાઓ અને ગ્રાહકોની જરૂરિયાતોની વ્યાપક શ્રેણીને સંબોધવા પર છે. પિગમેન્ટેશન, ખીલ, ત્વચાની ચમક અને સન પ્રોટેક્શન જેવી સમસ્યાઓને ધ્યાનમાં રાખીને વિકસાવવામાં આવેલી આ બ્રાન્ડ ફેસ વૉશ, સાબુ અને સીરમથી લઈને ક્રીમ, મૉઈશ્ચરાઈઝર અને સનસ્ક્રીન સુધીના વિવિધ પ્રકારના વિજ્ઞાન-આધારિત સ્કિનકેર સોલ્યુશન્સ પ્રદાન કરે છે.

## આગામી ત્રણ વર્ષમાં 1,000 ગોલ્ડ લોન શાખાઓ ખોલશે


# આદિત્ય બિરલા કેપિટલે ગોલ્ડ લોન બિઝનેસમાં પ્રવેશ કર્યો

(એજન્સી) મુંબઈ | તા.20

ભારતની અગ્રણી ડાયવર્સિફાઈડ ફાઈનાન્શિયલ સર્વિસીસ કંપનીઓમાંની એક આદિત્ય બિરલા કેપિટલ લિમિટેડ ('ABCL/the Company') ના એનબીએફસી બિઝનેસે આજે ગોલ્ડ લોન બિઝનેસમાં પ્રવેશવાની જાહેરાત કરી હતી. આ સાથે કંપનીએ તેની સિક્યોર્ડ લેન્ડિંગ પોર્ટફોલિયોમાં વ્યૂહાત્મક વિસ્તરણ કર્યું છે. ગોલ્ડ લોનની સુવિધા કંપનીની હાલની રિટેલ અને એમએસએમઈ ધિરાણ સેવાઓને પૂરક બનશે અને ગ્રાહકોને પારદર્શક, ફ્લેક્સિબલ તથા કોલેટરલ આધારિત ધિરાણનો વિકલ્પ પૂરો પાડશે. કંપનીએ માર્ચ 2027 સુધીમાં વધુ સંભાવના ધરાવતા બજારોમાં તબક્કાવાર રીતે 200-300 સમર્પિત ગોલ્ડ લોન શાખાઓ શરૂ કરવાની યોજના બનાવી છે. આગામી ત્રણ વર્ષ દરમિયાન એબીસીએલ-એનબીએફસી બિઝનેસનો આશરે 1,000 ગોલ્ડ લોન શાખાઓનું નેટવર્ક ઊભું કરવાનો લક્ષ્યાંક છે. આ રીતે સમગ્ર ભારતમાં મજબૂત બિઝનેસ નેટવર્ક ઊભું કરવાની સાથે દેશમાં કંપનીની હાજરીને વધુ મજબૂત બનાવવામાં આવશે. વિશ્વાસ, પારદર્શકતા અને સુવિધાને કેન્દ્રમાં રાખીને તૈયાર કરવામાં આવેલી આદિત્ય બિરલા કેપિટલની ગોલ્ડ લોન સુવિધામાં સમર્પિત શાખાઓ મારફતે સેવા અને ઓમ્નિચેનલ ડિજિટલ ક્ષમતાઓનું સંયોજન કરવામાં આવ્યું છે. ગ્રાહકોને સરળ અને સહજ રીતે ધિરાણનો અનુભવ મળશે, જેમાં પારદર્શક કિંમતો, ગીરવે મૂકવામાં આવેલા સોનાની સુરક્ષિત રીતે જાળવણી અને ઝડપથી લોનની રકમ ચૂકવવાની સુવિધાનો સમાવેશ થાય છે.

## 2 GWની ક્ષમતા! ગ્રીન એનર્જીની દોડમાં Vedanta સૌથી આગળ, Hindalco, JSW અને NALCOને પણ પાછળ છોડ્યાં

નવી દિલ્હી : Vedantaના ચેરમેન અનિલ અગ્રવાલે X પરની એક પોસ્ટ (https://x.com/AnilAgarwal_Ved/status/2090310490589471201?s=20) માં સહયોગી કંપનીઓની સરખામણીએ નવીનીકરણીય ઊર્જાના ક્ષેત્રમાં Groupના નેતૃત્વ પર પ્રકાશ પાડ્યો છે.



Vedanta પાસે હવે તેના વિવિધ ઓપરેશન્સમાં આશરે 2 GWની સ્થાપિત અને કરારબદ્ધ નવીનીકરણીય ઊર્જા ક્ષમતા છે.અક્ષય ઊર્જા દિવસ નિમિત્તે તેમણે જણાવ્યું હતું કે, "Vedantaમાં અમને અમારા એલ્યુમિનિયમ, ઝિંક અને અન્ય પ્લાન્ટ્સને વધુને વધુ નવીનીકરણીય ઊર્જા પર ચલાવવા માટે લેવામાં આવેલી મોટી પહેલ પર ખૂબ ગર્વ છે. 2 GW ક્ષમતા સાથે, ભારતમાં અમારા peer groupમાં અમે મોખરે છીએ અને અન્ય કંપનીઓની સરખામણીએ અમારી ક્ષમતા 5 ગણી સુધી વધુ છે. વૈશ્વિક સ્તરે પણ અમે અમારા peersમાં ટોચની 2-3 કંપનીઓમાં છીએ. લોકોએ કહ્યું હતું કે આવા energy-intensive, 24x7 પ્રક્રિયાઓને નવીનીકરણીય ઊર્જા પર ચલાવવી શક્ય નથી, પરંતુ Vedantaની sister company Serentica સાથે મળીને અમે નવીનતા દ્વારા સાબિત કર્યું છે કે આ સંપૂર્ણપણે શક્ય છે. એલ્યુમિનિયમ અને ઝિંકમાં અમારા નવા green productsની વૈશ્વિક સ્તરે સારી માંગ છે. અને અમારા shareholders અમે જે માર્ગ અપનાવવાનો નિર્ણય કર્યો છે તેનાથી અત્યંત ખુશ છે. મને વિશ્વાસ છે કે આપણું ભારત વિશ્વનો એવો પ્રથમ દેશ બનશે, જે એકસાથે હરિયાળું બનવાની સાથે સમૃદ્ધ પણ બનશે."Vedantaના નવીનીકરણીય ઊર્જાના પોર્ટફોલિયોની વિશાળતા તેને જાહેર રીતે જાહેર કરવામાં આવેલી નવીનીકરણીય ઊર્જા ક્ષમતાના મામલે ભારતીય metals અને mining ક્ષેત્રની સહયોગી કંપનીઓથી આગળ રાખે છે. આશરે 2 GW સાથે Vedantaનો પોર્ટફોલિયો Hindalcoની 470 MW ક્ષમતાથી લગભગ પાંચ ગણો, JSW Steelની આશરે 1 GW ક્ષમતાથી લગભગ બમણો અને NALCOની આશરે 198 MW તથા SAILની 24.6 MWની commissioned capacity કરતાં નોંધપાત્ર રીતે વધુ છે.

## વન પોઈન્ટ વન સોલ્યુશન્સ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૭ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં મુખ્ય કામગીરીના માપદંડોમાં મજબૂત વૃદ્ધિ નોંધાવી - 'ડ્યુઅલ-એન્જિન' વ્યૂહરચનાએ વેગ પકડ્યો

મુંબઈ : વૈશ્વિક સ્તરે કાર્યરત, AI-સંચાલિત ગ્રાહક અનુભવ અને એન્ટરપ્રાઈઝ ઓપરેશન્સ કંપની 'વન પોઈન્ટ વન સોલ્યુશન્સ લિમિટેડ' (NSE: ONEPOINT | BSE: 544748) એ ૩૦ જૂન, ૨૦૨૬ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટેના તેના નાણાકીય


1POINT BUSINESS PROCESS PARTNERS

પરિણામો જાહેર કર્યા છે. કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૨૭ના પ્રથમ ત્રિમાસિક ગાળા (Q1 FY27) માટે ૧૫૮.૩૨ કરોડની કામગીરીની આવક નોંધાવી છે, જે નાણાકીય વર્ષ ૨૦૨૬ના સમાન ગાળામાં ૬૯.૦૧ કરોડ હતી; આમ વાર્ષિક ધોરણે ૧૨૯.૪% અને ત્રિમાસિક ધોરણે ૬૪.૬%ની વૃદ્ધિ જોવા મળી છે. આ સમયગાળા દરમિયાન નફો ૧૬.૩૧ કરોડ રહ્યો હતો, જે ગયા વર્ષના સમાન ત્રિમાસિક ગાળાના ૯.૪૪ કરોડની સરખામણીમાં ૭૨.૮%નો વધારો દર્શાવે છે.આ ત્રિમાસિક ગાળા માટે EBITDA ૩૯.૩૮ કરોડ રહ્યો હતો, જે વાર્ષિક ધોરણે ૯૧.૫%નો વધારો અને ૨૪.૯%નું માર્જિન દર્શાવે છે. નાણાકીય વર્ષ ૨૦૨૭નો પ્રથમ ત્રિમાસિક ગાળો એ કંપનીના બે મુખ્ય વૃદ્ધિ એન્જિન (ડ્યુઅલ ગ્રોથ એન્જિન)ની વ્યાપક કામગીરીને પ્રતિબિંબિત કરતો પ્રથમ સંપૂર્ણ રિપોર્ટિંગ સમયગાળો છે: (૧) વૈશ્વિક માનવ સેવા (હ્યુમન સર્વિસીસ) એન્જિન, જે હવે કંપની દ્વારા હસ્તગત કરાયેલી લેટિન અમેરિકાની કંપની 'Netcom'ના સંપૂર્ણ ત્રિમાસિક ગાળાના એકીકરણથી મજબૂત બન્યું છે, અને (૨) 'એજન્ટિક AI' એન્જિન, જે 1Point1ની કંપની 'ResolX' દ્વારા તેના 'રિઝોલ્યુશન-એઝ-એ-સર્વિસ' (RaaS) મોડલ મારફતે સંચાલિત થાય છે. જેમ જેમ ઓટોમેશન વધે છે, તેમ કંપનીની આવકનું મિશ્રણ (રેવન્યુ મિક્સ) વધુ માર્જિન ધરાવતા AI, ઓર્કેસ્ટ્રેશન અને પરિણામ-આધારિત મોડલ્સ તરફ વળે છે, જ્યારે માનવીય નિપુણતા વધુ જટિલ અને નિર્ણય-આધારિત કાર્ય તરફ આગળ વધે છે.આ ત્રિમાસિક ગાળાનું EBITDA માર્જિન 'Netcom'ના ડિલિવરી મિક્સના એકીકરણને પ્રતિબિંબિત કરે છે, જ્યારે ૮.૧૨ કરોડનો નાણાકીય ખર્ચ (નાણાકીય વર્ષ ૨૦૨૬ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં: ૧.૮૫ કરોડ) મુખ્યત્વે અધિગ્રહણ (એક્વિઝિશન) સંબંધિત લોન/દેવાને કારણે છે. અગાઉના સમયગાળાના આંકડાઓ સાથે સીધી સરખામણી શક્ય નથી, કારણ કે નાણાકીય વર્ષ ૨૦૨૭નો પ્રથમ ત્રિમાસિક ગાળો એવો પ્રથમ ગાળો છે જેમાં 'Netcom'નો સંપૂર્ણ સમયગાળા માટે સમાવેશ કરવામાં આવ્યો છે.

# બીપીસીએલ દ્વારા 'ભારત ગેસ લાઈટ ઝિપ' સાથે ગુજરાતમાં આગામી પેઢીને LPGનો અનુભવ

(એજન્સી) અમદાવાદ | તા.20

અમદાવાદ, જામનગર, રાજકોટ, સુરત, વડોદરા, આણંદ, ભાવનગર, દાહોદ અને નડિયાદ BPCLના 100 શહેરોમાં વિસ્તરણના ઐતિહાસિક રોલઆઉટમાં જોડાયા; હળવા વજનના કોમ્પોઝિટ સિલિન્ડર, ઈન્સ્ટન્ટ ન્યૂ કનેક્શન અને એક્સપ્રેસ ડિલિવરી LPG ગ્રાહકો માટે સુવિધાને નવી વ્યાખ્યા આપે છે. ગુજરાત, ઓગસ્ટ, 2026: ફોર્ચ્યુન ગ્લોબલ 500 કંપની અને મહારત્ન PSU, ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (BPCL), ભારત ગેસ લાઈટ ઝિપ' ના રોલઆઉટ સાથે અમદાવાદ, જામનગર, રાજકોટ, સુરત, વડોદરા, આણંદ, ભાવનગર, દાહોદ અને નડિયાદના ગ્રાહકો માટે LPGનો એક નવા યુગનો અનુભવ લઈને આવી રહ્યું છે. આ BPCLની પ્રીમિયમ અને સુવિધા-કેન્દ્રિત LPG ઓફરિંગ છે.ગુજરાતના અમદાવાદ, જામનગર, રાજકોટ, સુરત, વડોદરા, આણંદ, ભાવનગર, દાહોદ અને નડિયાદમાં ઉપલબ્ધ આ રોલઆઉટ BPCLના હળવા




વજનના Bharatgas Lite કોમ્પોઝિટ સિલિન્ડર, ઈન્સ્ટન્ટ ન્યૂ કનેક્શન અને એક્સપ્રેસ ડિલિવરીને એકસાથે લાવે છે, જે આજના LPG ગ્રાહકોની બદલાતી જીવનશૈલી અને અપેક્ષાઓને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવેલી એક સંકલિત ઓફરિંગ છે. ગુજરાત સમગ્ર ભારતમાં 100 શહેરોમાં ભારત ગેસ લાઈટ ઝિપ' ના BPCLના ઐતિહાસિક વિસ્તરણનો એક ભાગ છે. 18 જુલાઈ, 2026ના રોજ મુંબઈમાં લોન્ચ થયા બાદ આ પ્રીમિયમ ઓફરિંગની પહોંચમાં નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો છે. ગુજરાત માટે LPGનો એક નવો અનુભવ : જેમ જેમ ગુજરાતના અમદાવાદ, જામનગર, રાજકોટ, સુરત, વડોદરા, આણંદ, ભાવનગર, દાહોદ અને નડિયાદનો વિકાસ થઈ રહ્યો છે અને જીવનશૈલીમાં પરિવર્તન આવી રહ્યું છે, તેમ સુવિધા, ઝડપ અને સરળ ઉપલબ્ધતા રોજિંદી ગ્રાહક પસંદગીઓને વધુને વધુ પ્રભાવિત કરી રહી છે. ભારત ગેસ લાઈટ ઝિપ' ને પરંપરાગત LPG અનુભવના વિવિધ તબક્કાઓમાં પરિવર્તન લાવીને આ બદલાવને અનુરૂપ બનાવવામાં આવ્યું છે.ભારત ગેસ લાઈટ કોમ્પોઝિટ સિલિન્ડર હળવા વજનનું, કાટમુક્ત અને પારદર્શક છે, જેનાથી ગ્રાહકો સિલિન્ડરમાં રહેલા LPGનું સ્તર સરળતાથી જોઈ શકે છે. તેની આધુનિક ડિઝાઈન, વધુ સુરક્ષા અને સરળતાથી હાથ ધરવાની સુવિધા તેને ખાસ કરીને આધુનિક પરિવારો માટે યોગ્ય બનાવે છે.આને ગ્રાહક-કેન્દ્રિત બે સેવાઓ દ્વારા પૂરક બનાવવામાં આવ્યું છે: ઈન્સ્ટન્ટ ન્યૂ કનેક્શન નવા Bharatgas LPG કનેક્શન મેળવવાની પ્રક્રિયાને સરળ બનાવે છે, જેથી નવા ગ્રાહકો માટે પ્રક્રિયા વધુ સરળ અને સુવિધાજનક બને છે. એક્સપ્રેસ ડિલિવરી ઝડપી સિલિન્ડર ડિલિવરી પૂરી પાડવા માટે ડિઝાઈન કરવામાં આવી છે, જે એવા ગ્રાહકોને વધુ સુવિધા આપે છે જેઓ રોજિંદી સેવાઓમાં ઝડપ અને વિશ્વસનીયતાની અપેક્ષા રાખે છે.

## તંત્રીની કલમે...

**વિક્રમ સંવત 2082, શ્રાવણ સુદ - 09**

# કોંગ્રેસના વિરોધથી ભાગવતનો અમેરિકા પ્રવાસ વિવાદમાં

નવીદિલ્હી : આરએસએસ પ્રમુખ મોહન ભાગવત ૨૫ ઓગસ્ટથી અમેરિકા, કેનેડા અને યુકેના પ્રવાસે જવાના છે. પ્રવાસ દરમિયાન તેઓ મૂળ ભારત નિવાસીઓ સાથે સંવાદ કરવાના છે. કોંગ્રેસના મહામંત્રી અને સાંસદ જયરામ રમેશના આક્ષેપ પ્રમાણે દેશની ખાસી આઈઆઈટીના ડિરેક્ટરોને કહેવામાં આવ્યું છે કે એમના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો સંપર્ક કરે કારણ કે તેઓ અમેરિકામાં ભાગવત સાથે મીટીંગ કરી શકે. વિદેશમાં મૂળ ભારતીયો સાથે જોડાયેલા સ્થાનિક સંગઠનો અને સંસ્થાઓ ભાગવતને આમંત્રીત કરે એ માટે પ્રયત્નો થઈ રહ્યા છે. આરએસએસનું કહેવું છે કે ભાગવતનો પ્રવાસ સંઘના શતાબ્દી વર્ષને કારણે ગોઠવાયો છે. આરએસએસના પ્રચાર પ્રમુખ સુનિલ આંબેકરે અગાઉ કહ્યું હતું કે ભાગવતનો વિદેશ પ્રવાસ વિદેશની સંસ્થાઓ અને ત્યાના સંગઠનોએ ગોઠવ્યો છે.તામિલનાડુમાં વિદ્યાર્થીઓને વિરોધ પ્રદર્શનમાં ભાગ લેતા રોકવાનો નિર્ણય બાબતે વિજયની સરકાર બેકફૂટ પર આવી ગઈ છે. આ હુકમનો ભારે વિરોધ થયા પછી ટીવીકેએ હુકમ પાછો ખેંચી લીધો છે. પહેલા જોસેફ વિજયની સરકારે વિદ્યાર્થીઓને સામ્યવાદ અને સીજેપી જેવા સંગઠનો દ્વારા થતા વિરોધ પ્રદર્શનથી દુર રહેવાની વાત કહી હતી. આ વાત જાણતા જ કોકરોચ જનતા પાર્ટી આક્રમક બની ગઈ હતી. તામિલનાડુ સરકારનો હુકમ સ્કૂલો અને કોલેજોના વિદ્યાર્થીઓ તેમજ યુવાનોને અસર કરનારો હતો. અધિકારીઓ અને સત્તાધિશોને ડાબેરીઓ તેમજ કોકરોચ જનતા પાર્ટીના વિરોધ પ્રદર્શનને અટકાવવા માટે કહેવામાં આવ્યું હતું. જંતર મંતર ખાતે જે રીતે કોકરોચ જનતા પાર્ટીએ વિરોધ પ્રદર્શન કર્યું હતું અને કેન્દ્ર સરકારે છેવટે નમતુ જોખવું પડ્યું હતું એમાંથી શીખીને વિજય સરકારે પણ પારોઠના પગલા ભર્યા છે. બસના ભાડામાં વધારો, સ્કૂલોને શહેરની બહાર લઈ જવાની યોજના અને ચાર સંસ્થાઓને કેન્દ્રીય વિદ્યાલય સીસ્ટમ હેઠળ લાવવાનો પ્રસ્તાવ, આ ત્રણ બાબતોમાં સમાનતા નથી. જોકે મધ્યપ્રદેશમાં આ ત્રણે વાતને કારણે એક સરખી પ્રતિક્રિયા જોવા મળી છે. સ્કૂલના વિદ્યાર્થીઓને જેન આલ્ફા તરીકે ઓળખવામાં આવે છે. જેન આલ્ફા હવે સ્કૂલ બહાર નીકળીને સત્તાધિશો સામે વિરોધ પ્રદર્શન કરવા માંડ્યા છે. આમાંથી કોઈપણ વિરોધ પ્રદર્શનનું આયોજન કોઈ છાત્રસંઘ, શિક્ષક સંગઠન કે રાજકીય પાર્ટીના કાર્યકરોએ કર્યું નથી. આ બધા વિરોધ પ્રદર્શનની આગેવાની બધા સ્કૂલના વિદ્યાર્થીઓએ લીધી છે. પહેલું વિરોધ પ્રદર્શન વીદીસા જિલ્લાના સીરોંજ બસ સ્ટેન્ડ પર કરવામાં આવ્યું હતું. કન્યા હાયર સેકન્ડરી સ્કૂલની વિદ્યાર્થીનીઓ જે :૨ પરથી બસમાં આવજા કરતી હતી ત્યાંના ખાનગી બસ ઓપરેટરોએ ભાડુ ૧૦ :પિયાથી વધારીને ૨૫ :પિયા કરી નાખ્યું હતું. આ જ રીતે બીજા નિર્ણયોના વિરોધ પ્રદર્શનો અલગ અલગ જિલ્લાઓમાં થ: થયા છે. મધ્યપ્રદેશની ભાજપ સરકાર ટેન્શનમાં આવી ગઈ છે.રાષ્ટ્રીય જનતા દળ (આરજેડી)ના કાર્યકારી પ્રમુખ તેજસ્વી યાદવ લોકસભાના માર્ચના બહાને વિરોધ પક્ષના નેતાની ભૂમિકામાં આવી ગયા છે. નવાઈની વાત એ છે કે સીવાન ફાયરીંગનો તેજસ્વી યાદવ વિરોધ કરી રહ્યા છે એ કિસ્સામાં તો એકે-૪૭ થી ફાયરીંગ કરનાર પોલીસ કોન્સ્ટેબલને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. સીવાનના એસપીની બદલી પણ કરી નાખવામાં આવી છે. સવાલ એ છે કે બનાવ બન્યાના આટલા દિવસ પછી તેજસ્વી યાદવ કેમ રસ્તા પર ઉતર્યા છે? રાજ્યમાં જ્યારે વિવાદાસ્પદ બનાવો બની રહ્યા હતા ત્યારે તેજસ્વી યાદવ વિદેશ હતા. વિદેશથી આવીને હવે એમણે પોતાનું અલગ વિરોધ પ્રદર્શન ચાલુ કર્યુ છે. નવાઈ એ વાતની છે કે તેજસ્વી યાદવના વિરોધ પ્રદર્શનમાં મદદે બીજા કોઈ રાજકીય પક્ષો આવ્યા નથી. તેજસ્વી યાદવે બીજા વિરોધ પક્ષોને સાથે રહેવા માટે પણ કહ્યું નથી. તેજસ્વીનો કોંગ્રેસને મેસેજ છે તે તેઓ હવે બિહારમાં એકલે હાથે જ એનડીએનો વિરોધ કરશે.વીર સાવરકરના પ્રપોત્ર સત્યકી સાવરકરએ એવું કહ્યું છે કે, નાથુરામ ગોડસે આરએસએસ સાથે સંકળાયેલા હતા. આ નિવેદન પછી કોંગ્રેસ આક્રમક મૂડમાં છે. કોંગ્રેસે આરએસએસ પાસે સ્પષ્ટતા માંગી છે. સત્યકી સાવરકરએ રાહુલ ગાંધી સામે દાખલ કરેલી બદનક્ષીની ફરિયાદના કેસમાં સુનાવણી ચાલી રહી હતી ત્યારે સત્યકીએ આ નિવેદન કર્યું હતું.

## માર્ગ સલામતી માટે નખત્રાણા બ્લોગર્સની અનોખી પહેલ : 'કચ્છ 0 એક્સિડેન્ટ'નું વિઝન

**મહેશ એલ. સોની નખત્રાણા**

માર્ગ સલામતી આજના સમયમાં અત્યંત મહત્વનો વિષય બની ગયો છે. દરરોજ રસ્તાઓ પર થતા અકસ્માતોમાં અનેક લોકોના જીવ જાય છે અને અનેક પરિવારોને કાયમી નુકસાન સહન કરવું પડે છે. અકસ્માતો પાછળ ઘણી વખત ઝડપ, બેદરકારી, ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન, હેલ્મેટ કે સીટ બેલ્ટનો ઉપયોગ ન કરવો અને વાહન ચલાવતી વખતે મોબાઈલનો ઉપયોગ જેવા કારણો જવાબદાર હોય છે. આવા અકસ્માતોને ઘટાડવા માટે સરકાર અને પોલીસની કામગીરી સાથે સામાન્ય નાગરિકોની જાગૃતિ પણ એટલી જ જરૂરી છે. આ જ વિચાર સાથે નખત્રાણા બ્લોગર્સ દ્વારા સોશિયલ મીડિયા પર બ્લોગિંગની સાથે માર્ગ સલામતી અને સામાજિક જાગૃતિ માટે સતત પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. નખત્રાણા બ્લોગર્સની શરૂઆત 17 મે 2025ના રોજ થઈ હતી. શરૂઆતથી જ કચ્છની સુંદરતા, સંસ્કૃતિ, સ્થાનિક મુદ્દાઓ અને લોકો સાથે જોડાયેલા વિવિધ વિષયોને સોશિયલ મીડિયા મારફતે લોકો સુધી પહોંચાડવાની સાથે સમાજને ઉપયોગી સંદેશા આપવાનો પ્રયાસ કરવામાં આવે છે.માર્ગ સલામતીના મુદ્દાને ખાસ મહત્વ આપતા નખત્રાણા બ્લોગર્સ દ્વારા લોકોને ટ્રાફિક નિયમોનું પાલન કરવા માટે જાગૃત કરવામાં આવે છે. ખાસ કરીને વાહન ચલાવતી વખતે હેલ્મેટ પહેરવું, કારમાં સીટ બેલ્ટનો ઉપયોગ કરવો, નિયત ઝડપ મર્યાદાનું પાલન કરવું, વાહન ચલાવતી વખતે મોબાઈલનો ઉપયોગ ન કરવો, નશાની હાલતમાં વાહન ન ચલાવવું અને ટ્રાફિક સિગ્નલનું પાલન કરવું જેવી બાબતો અંગે સોશિયલ મીડિયા મારફતે જનજાગૃતિ ફેલાવવામાં આવે છે.નખત્રાણા બ્લોગર્સના ફાઉન્ડર જય ગિરીનું વિઝન 'કચ્છ 0 એક્સિડેન્ટ' તરફ આગળ વધવાનું છે. આ વિઝનનો હેતુ માત્ર અકસ્માતો અંગે પોસ્ટ કરવો નથી, પરંતુ લોકોમાં એવી માનસિકતા ઊભી કરવાનો છે કે રસ્તા પર સલામતી સૌની પ્રથમ જવાબદારી છે. એક વ્યક્તિ ટ્રાફિક નિયમોનું પાલન કરે તો તે માત્ર પોતાનું જીવન જ નહીં, પરંતુ રસ્તા પર ચાલતા અન્ય લોકોનું જીવન પણ સુરક્ષિત રાખવામાં મદદરૂપ બની શકે છે.આજના સમયમાં સોશિયલ મીડિયા યુવાનો સુધી ઝડપથી પહોંચવાનું સૌથી અસરકારક માધ્યમ બની રહ્યું છે. તેથી સોશિયલ મીડિયાની આ શક્તિનો ઉપયોગ માત્ર મનોરંજન માટે નહીં પરંતુ સમાજ ઉપયોગી સંદેશાઓ ફેલાવવા માટે પણ થવો જોઈએ. નખત્રાણા બ્લોગર્સ દ્વારા આ જ દિશામાં સોશિયલ મીડિયાના માધ્યમથી માર્ગ સલામતી અંગે લોકો સુધી સતત જાગૃતિ સંદેશ પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવે છે.માર્ગ સલામતી માટે માત્ર નિયમો બનાવવાથી અકસ્માતો અટકાવી શકાય નહીં. દરેક વાહનચાલકે નિયમોને પોતાની જવાબદારી સમજીને તેનું પાલન કરવું પડશે. ઘણી વખત થોડા સેકન્ડ બચાવવાની ઉતાવળમાં લોકો ઓવર સ્પીડ કરે છે, ખોટી રીતે ઓવરટેક કરે છે અથવા ટ્રાફિક નિયમોની અવગણના કરે છે. પરંતુ આ નાની બેદરકારી ક્યારેક જીવનભરનું દુઃખ આપી શકે છે. તેથી રસ્તા પર ઝડપ કરતાં સલામતીને પ્રાથમિકતા આપવી જરૂરી છે.વિશેષ કરીને યુવાનોને માર્ગ સલામતી અંગે વધુ જાગૃત કરવાની જરૂર છે. યુવાનોમાં વાહન ચલાવવાનો ઉત્સાહ અને ઝડપનો શોખ ઘણી વખત જોખમી બની શકે છે. હેલ્મેટ વિના બાઈક ચલાવવી, ત્રણ સવારી કરવી, સ્ટંટ કરવા, રોંગ સાઈડમાં વાહન ચલાવવું કે વાહન ચલાવતી વખતે મોબાઈલનો ઉપયોગ કરવો જેવી પ્રવૃત્તિઓ ગંભીર અકસ્માતનું કારણ બની શકે છે.'કચ્છ 0 એક્સિડેન્ટ'નું વિઝન ત્યારે જ સફળ થઈ શકે જ્યારે સમાજનો દરેક વર્ગ તેમાં પોતાની ભૂમિકા ભજવે. માતા-પિતા પોતાના બાળકોને ટ્રાફિક નિયમોનું મહત્વ સમજાવે, શાળાઓ અને શૈક્ષણિક સંસ્થાઓ માર્ગ સલામતી અંગે જાગૃતિ લાવે, યુવાનો નિયમોનું પાલન કરે અને દરેક નાગરિક રસ્તા પર જવાબદારીપૂર્વક વર્તે તો અકસ્માતોની સંખ્યામાં ઘટાડો લાવી શકાય છે.નખત્રાણા બ્લોગર્સનો પ્રયાસ છે કે ક્યાંય માર્ગ સલામતી માત્ર એક દિવસનો વિષય ન રહે, પરંતુ લોકોના રોજિંદા જીવનનો એક ભાગ બને. "હેલ્મેટ પહેરવું, સીટ બેલ્ટ લગાવવો, ઝડપ નિયંત્રિત રાખવી અને ટ્રાફિક નિયમોનું પાલન કરવું" જેવી સામાન્ય બાબતો જ અનેક કિંમતી જિંદગીઓ બચાવી શકે છે.અંતે સંદેશ એ જ છે-રસ્તા પર પહોંચવાનું મહત્વનું છે, પરંતુ સલામત રીતે ઘરે પહોંચવું તેનાથી પણ વધુ મહત્વનું છે. આપણી થોડી સાવચેતી કોઈના પરિવારને તૂટતા બચાવી શકે છે. નખત્રાણા બ્લોગર્સનો સંકલ્પ છે કે સોશિયલ મીડિયાની શક્તિનો ઉપયોગ કરીને માર્ગ સલામતી અંગે વધુમાં વધુ જાગૃતિ ફેલાવવામાં આવે અને 'કચ્છ 0 એક્સિડેન્ટ'ના વિઝનને લોકો સુધી પહોંચાડવામાં આવે.

## રાજીવ ગાંધીની ૮૨મી જન્મજયંતીએ દેશલપર બન્યું હરિયાળું

**જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)**

ભારતના પૂર્વ વડાપ્રધાન સ્વ. રાજીવ ગાંધીજીની ૮૨મી જન્મજયંતીની નિમિત્તે નખત્રાણા તાલુકાના દેશલપર (ગું.) ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. નખત્રાણા તાલુકા પંચાયતના સદસ્ય સલીમભાઈ જુંજેજા તથા નખત્રાણા તાલુકા કોંગ્રેસ સમિતિના મહામંત્રી જુસબભાઈ સોઢાની ઉપસ્થિતિમાં નાના બાળકો સાથે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે જુસબભાઈ સોઢાએ જણાવ્યું હતું કે, "રાજીવ ગાંધીજી હંમેશા યુવાનો અને બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે કાર્યરત રહ્યા હતા. તેમની ૮૨મી જન્મજયંતીએ બાળકો સાથે વૃક્ષારોપણ કરી



પર્યાવરણ જાળવણીનો સંદેશ આપવાનો પ્રયાસ કર્યો છે. આજે વાવેલું એક વૃક્ષ આવનારી પેઢી માટે અમૂલ્ય વારસો બની શકે છે. તેથી સૌએ વૃક્ષ વાવવાની સાથે તેના જતન અને સંવર્ધનની જવાબદારી પણ નિભાવવી જોઈએ."રાજીવ ગાંધીજીની જન્મજયંતીની ઉજવણીને પર્યાવરણ સંરક્ષણ સાથે જોડતા યોજાયેલા આ કાર્યક્રમમાં બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વૃક્ષારોપણ સાથે વૃક્ષોના જતન અને સંવર્ધનનો સંદેશ આપવામાં આવ્યો હતો.કાર્યક્રમ થકી બાળકોમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ કેળવાય અને આવનારી પેઢી માટે હરિયાળું તથા સ્વચ્છ વાતાવરણ નિર્માણ થાય તેવી પ્રેરણાદાયી સંદેશ આપવામાં આવ્યો હતો.

## વતનની ઋણમુક્તિ: વડોદરાના આજીવન શિક્ષક શંકરલાલ ત્રિવેદી દ્વારા માતૃસંસ્થામાં શૈક્ષણિક કીટનું વિતરણ

**જગદીશ ત્રિવેદી | મહીસાગર**

વડોદરાને પોતાની કર્મભૂમિ બનાવનાર આજીવન શિક્ષક શ્રી શંકરલાલ ત્રિવેદી પોતાના જીવનના અમૃતવર્ષમાં પણ શિક્ષણ સેવા પ્રવૃત્તિમાં નિરંતર કાર્યરત છે. મહીસાગર જિલ્લાના મહીકાંઠા વિસ્તારના લુણાવાડા તાલુકાના નાના વડદલા ગામમાં જન્મેલા શ્રી ત્રિવેદીએ પોતાનું પ્રાથમિક શિક્ષણ નાના વડદલા પ્રાથમિક શાળામાંથી મેળવ્યું હતું. ત્યારબાદ વડોદરામાં માધ્યમિક શિક્ષણ પૂર્ણ કરી, પ્રાથમિક શિક્ષકની નોકરી સાથે એમ. એસ. યુનિવર્સિટીમાંથી B.A., B.Ed. ની પદવી મેળવી માધ્યમિક શિક્ષક તરીકે સેવાઓ આપી હતી.માધ્યમિક શિક્ષક બન્યા ત્યારથી જ તેમણે ગરીબ અને જરૂરિયાતમંદ બાળકોને શૈક્ષણિક સાધનો આપવાની સેવાયાત્રા શરૂ કરી હતી, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. છેલ્લા એક દાયકાથી તેઓ પોતાના વતનની શાળાઓમાં નિયમિતપણે શૈક્ષણિક કીટનું વિતરણ કરીને શિક્ષણના પ્રચાર-પ્રસારનો આનંદ મેળવે છે.



આ સેવાકાર્યના ભાગરૂપે તા. ૧૮/૦૮/૨૦૨૬ ના રોજ તેમણે પોતાની માતૃસંસ્થા લુણાવાડા તાલુકાની નાના વડદલા પ્રાથમિક શાળાના બાલવાટિકા તેમજ ધોરણ ૧ થી ૮ ના તમામ વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ અર્પણ કરી હતી. આ ઉપરાંત મોટા વડદલા પ્રાથમિક શાળાના બાલવાટિકા અને ધોરણ ૧ થી ૫ ના બાળકોને પણ શૈક્ષણિક સાધનો પૂરા પાડવામાં આવ્યા હતા.આ પ્રેરણાદાયી કાર્યમાં તેમના ધર્મપત્ની શ્રીમતી દેવિલાબેન ત્રિવેદી પણ સાથે રહ્યા હતા, જેઓ પોતે પણ નાના વડદલા શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીની છે.શાળા પરિવાર પ્રત્યેના આ અનોખા પ્રેમ અને યોગદાન બદલ નાના વડદલા શાળાના આચાર્ય પ્રકાશભાઈ પ્રજાપતિ, શિક્ષકગણ તેમજ વાલીઓએ બંને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું મોમેન્ટો અને શાલ ઓઢાડીને ભાવભીનું સન્માન કર્યું હતું. ઉપસ્થિત સૌ ગ્રામજનો અને શિક્ષકોએ ત્રિવેદી દંપતીના આ સરાહનીય કાર્યને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

## ધોરાજી સુપેડી સેજા ખાતે પોષણ ઉત્સવ- ૨૬ અંતર્ગત THR અને મિલેટમાંથી પૌષ્ટિક વાનગી નિદર્શન કાર્યક્રમ યોજાયો

**રિપોર્ટર વિજય રાડીયા ઉપલેટા**

રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારના સંયુક્ત ઉપક્રમે ચાલતા 'પોષણ અભિયાન' અંતર્ગત ધોરાજી તાલુકાના સુપેડી સેજા ખાતે 'પોષણ ઉત્સવ ર૬'ની ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમ સુપેડી સેજા ની આંગણવાડી વર્કર બહેનો દ્વારા ખાસ આયોજિત કરવામાં આવ્યો હતો. કાર્યક્રમ અંતર્ગત THR અને મિલેટ માંથી બનતી પૌષ્ટિક વાનગીઓનું જીવંત નિદર્શન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં આંગણવાડી કાર્યકર, તેડાગર બહેનો, લાભાર્થી માતાઓ, સ્થાનિક શાળાના શિક્ષકો, આરોગ્ય વિભાગના કર્મચારીઓ અને ગામના સ્થાનિક આગેવાનો તથા કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. મિલેટ અને THR માં મળતા અનાજમાંથી ઘરે સરળતાથી બનાવી શકાય તેવી હેલ્ધી અને ટેસ્ટી વાનગીઓ બનાવીને દર્શાવવામાં આવી. બાળકો, સગર્ભા અને ધાત્રી માતાઓને કયા પોષક તત્વોની જરૂર છે અને તે કેવી રીતે મળી શકે તે અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું.



'પોષણ ઉત્સવ-૨૦૨૬' અંતર્ગત પોષણને લગતા પોસ્ટર, ચાર્ટ તેમજ મિલેટ ના વિવિધ ધાન્યો અને THR ના પેકેટોનું પ્રદર્શન પણ ગોઠવવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય હેતુ લાભાર્થીઓમાં પોષણ અંગે જાગૃતતા ફેલાવવાનો અને THR તથા મિલેટનો રોજિંદા આહારમાં યોગ્ય ઉપયોગ કેવી રીતે કરવો તે સમજાવવાનો હતો. આ અંગે સુપેડી સેજા ના મુખ્યસેવીકા ક્રીર્તિદા બેન ભટ્ટ એ જણાવ્યું હતું કે 'આ કાર્યક્રમ અમારા CDPO મેડમ ઉર્વશી બા જાડેજા ના માર્ગદર્શન થી આયોજન કરવામાં આવ્યું હતું. તેમના સૂચનો અને પ્રોત્સાહનથી જ અમે લાભાર્થીઓ સુધી પોષણનો સંદેશ પહોંચાડી શકયા છીએ.કાર્યક્રમના અંતે ઉપસ્થિત તમામ બહેનો અને આગેવાનોએ પોષણયુક્ત આહાર લેવાનો અને પરિવારને પણ તેના માટે પ્રોત્સાહિત કરવાનો સંકલ્પ લીધો હતો. સુપેડી સેજા ની આંગણવાડી ટીમની જહેમતથી આ કાર્યક્રમ ખૂબ જ સફળ રહ્યો. આવા કાર્યક્રમોથી ધોરાજી વિસ્તારમાં કુપોષણ નાબૂદ કરીને તંદુરસ્ત ગુજરાતના નિર્માણમાં મહત્વનું યોગદાન મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી.

## જુનાગઢમ.ન.પા.દ્વારાસમયમર્યાદામાં વ્યવસાયવેરો જમા કરાવવા સુચના

**નરેન્દ્ર દવે જૂનાગઢ**

મહાનગરપાલિકા, જૂનાગઢ દ્વારા પગારદારો, વેતનદારો બંને વ્યવસાયીઓ/ વેપારીઓ પાસે થી વ્યવસાયવેરો ઉઘરાવાની કામગીરી મહાનગરપાલિકાને સોંપાયેલ છે. તમામ વ્યવસાયી કરદાતાઓને વ્યવસાયવેરાની વર્ષ ૨૦૨૬-૨૭ની તથા પાછલી બાકી રહેતી રકમ તા:૩૦/૦૯/૨૦૨૬ સુધીમાં ભરપાઈ કરવા અનુરોધ છે.વ્યવસાયવેરો મુદત હરોળમાં ભરપાઈ કરવામાં નહી આવે તો આસામીઓ સામે વ્યવસાયવેરા કાયદાની જોગવાઈ હેઠળ કડક પગલાં ભરવામાં આવશે. તેમ જુનાગઢ મહાનગરપાલિકા સેવા સદનની અખબારી યાદીમાં જણાવ્યું છે.આ યાદીમાં વધુમાં જણાવ્યું અનુસાર દુકાનદારો/વેપારીઓ,તબીબો,ટેકનીલ અને પ્રોફેશનલ કન્સલ્ટન્ટો, વીમા એજન્ટો, કોન્ટ્રાક્ટરો, ટુર ઓપરેટરો, કેબલ ટીવી ઓપરેટરો, એડવર્ટાઈઝિંગ એજન્ટો, સિનેમા ઘરો, આંગડીયા સર્વિસો પ્રાઈવેટ લીમીટેડ કંપનીઓ, બેંકો એસ્ટેટ એજન્ટો, કારખાના માલિકો વગેરે સર્વિસ પ્રોવાઈડરોએ વ્યવસાયવેરાની રકમ મહાનગરપાલિકા, જુનાગઢના સમય પ્રમાણે સવારે ૧૦:૩૦ કલાક થી બપોરે ૦૨:૦૦ સુધી તેમજ બપોરે ૦૨:૩૦ થી સાંજે ૦૪:૦૦ કલાક દરમ્યાન જુનાગઢ મહાનગરપાલિકા સેવા સદન ખાતે જનસેવા કેન્દ્ર,ગ્રાઉન્ડ ફ્લોર ખાતે જમા કરાવી શકાય છે,તેમજ jumcerp.gipl.in/account/citizenlogin પર લોગીન કરી નેટ બેન્કિંગ અને યુ.પી.આઈ. કયું આર કોડના માધ્યમથી ઘર બેઠા વ્યવસાય વેરો ભરી શકાય છે. જે કરદાતાઓએ વ્યવસાયવેરા રજીસ્ટ્રેશન કરાવેલ ન હોય અને વ્યવસાયવેરો ભરેલ ન હોય તેવા કરદાતાઓ પાસેથી દંડ અને વ્યાજ સાથે વ્યવસાયવેરો વસુલ કરવામાં આવશે. વ્યવસાયવેરા અંગે રજીટ્રેશન કરાવનું બાકી હોય,તેવા વ્યવસાયીઓએ તાત્કાલીક રજીસ્ટ્રેશન કરાવી આપવા મહાનગર સેવા સદન જુનાગઢ દ્વારા કરદાતાઓને અપીલ કરવામાં આવે છે.

## મકવાણા પરિવારનાં જીગ્રેશભાઈએ પીએચ.ડી.નો અભ્યાસ કર્યો સંપન્ન- પિતાનાં ચક્ષુદર્ક્ષનાં અશ્રુ વહ્યા

નરેન્દ્ર દવે જૂનાગઢ |
જૂનાગઢ સ્થિત ભક્તકવિ નરસિંહ મહેતા વિશ્વ વિદ્યાલયમાં ૨૧ જેટલા વિવિધ વિષયોમાં અનેક વિદ્યાર્થીઓ પીએચ.ડી.નો અભ્યાસ કરી રહ્યા છે. આજે મકવાણા જીગ્નેશભાઈ નારણભાઈનાં આખરી વાઈવા વોઈશ દરમ્યાન એજ્યુકેશન વિષયમાં અગિયારમાં ધોરણનાં અર્થશાસ્ત્ર વિષયનાં અધ્યયન માટે વર્કકાર્ડ અને પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન કાર્યક્રમની સંરચના અને અસરકારકતા વિષયમાં બાહ્ય રેફરી હરિશંકરસિંઘ સમક્ષ પોતાનાં થીશીસ રીચર્સ સુપરવાઈઝર ડો. હિનાબેન વી ઓડેદરાનાં માર્ગદર્શનમાં જીગ્નેશભાઈએ પોતાનું શોધપત્ર પ્રસ્તુત કર્યુ હતુ. ભક્તકવિ નરસિંહ મહેતા વિશ્વ વિદ્યાલયનાં કુલપતિ પ્રો. પ્રતાપસિંહજી ચૌહાણે તુરંત નોટીફિકેશન અને પ્રોવિઝનલ પ્રમાણપત્ર એનાયત કરી શુભકામનાં પાઠવી જણાવ્યુ હતુ કે સખત મહેનત, ધૈર્ય અને સંશોધન આજે સફળ થયા છે.મેળવેલ સર્વોચ્ચ ડિગ્રી થકી આપની કારિર્દીનાં શીખરો સર કરી તમારું જ્ઞાન સમાજને નવી દિશા ચિંધે એ જ અભિલાષા, આ તકે વિદ્યાર્થીનાં પિતાશ્રી નારણભાઈએ ખુશીનાં અશ્રુ સભર નયને યુનિ.નાં શિક્ષણકાર્ય અને કુલપતિ મહોદય પરત્વે ઋણાનુભાવ વ્યક્ત કરી જણાવ્યુ હતુ કે આજે શિક્ષણ જગત માં સામાન્ય પરિવારનો બાળક ઉચ્ચત્તમ લાયકાત ધારણ કરે એ ગૌરવની વાત છે. સરકારશ્રીની શિક્ષણ કલ્યાણકારી નીતિઓ અંતરીયાળનાં પરીવારનાં બાળકોમાં શિક્ષણ પુંજ બની આજે પ્રજવલ્લીત થઈ રહ્યા છે તેમાં ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં કુલપતિશ્રીની દુરદેશીતા અગ્રીમ છે.

## મહાનગરપાલિકા,જુનાગઢ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં પ્રતિબંધિત પ્લાસ્ટીકનું ચેકીંગ

**નરેન્દ્ર દવે જૂનાગઢ**

રાજ્ય સરકારની 'સ્વચ્છ ગુજરાત, પ્લાસ્ટિક ફ્રી ગુજરાત' ઝુંબેશને વેગ આપવાના ભાગરૂપે ઑગસ્ટ માસ દરમ્યાન જુનાગઢ મહાનગરપાલિકાના કમિશનરશ્રીની સૂચના અને માર્ગદર્શન હેઠળ સેનિટેશન શાખાની ટીમ દ્વારા સમગ્ર શહેરમાં એક સઘન પ્રતિબંધિત પ્લાસ્ટિક ની ઝુંબેશ તેમજ જાહેર માં ન્યુસન્સ ફેલાવવા બાબત નું ચેકિંગ કરી એક ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અભિયાન દરમિયાન સેનિટેશન વિભાગના અધિકારીઓ અને સુપરવાઈઝરો અને એસ આઈ ની ટીમે વિવિધ બજારોમાં જઈને સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ કરનારા સ્થાનિક વેપારીઓ,નાના દુકાનદારો તેમજ લારી-ગલ્લાવાળાઓને કાયદાકીય જોગવાઈઓ ની સમજ આપી હતી અને ભવિષ્યમાં પ્લાસ્ટિક બેગ કે અન્ય પ્રતિબંધિત સામગ્રીનો ઉપયોગ ન કરવા અને કાપડ ની થેલી નો ઉપયોગ કરવા માટે કડક સૂચના આપી ચેતવણી આપી હતી.આ સાથે જ ટીમ દ્વારા શહેરના દરેક વોર્ડમાં આવેલી દુકાનો અને વ્યાપારી એકમોમાં પ્રતિબંધિત પ્લાસ્ટિક તેમજ જાહેર માં રસ્તા પર દુકાનદાર દ્વારા ન્યુસન્સ ફેલાવવા બાબતે આકસ્મિક અને સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું, નિયમોનું ઉલ્લંઘન કરનારા આસામીઓ સામે કડક વહીવટી કાર્યવાહી કરીને સ્થળ પર જ પ્રતિબંધિત પ્લાસ્ટિક નો રૂ.૩૨,૩૦૦/- નો દંડ વસૂલવામાં આવ્યો હતો અલગ અલગ વેપારી પાસે ૩ કિલોગ્રામ સિંગલ યુઝ પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવ્યું હતું મહાનગરપાલિકા દ્વારા જુનાગઢના તમામ પ્રબુદ્ધ નાગરિકો,વેપારી મંડળો અને શાકભાજી-ફળોના વિક્રેતાઓને પર્યાવરણના રક્ષણ માટે સિંગલ યુઝ પ્લાસ્ટિકનો બહિષ્કાર કરવા અને જુનાગઢને પ્લાસ્ટિક મુક્ત, સ્વચ્છ અને ગ્રીન સિટી બનાવવામાં તેમજ જાહેર માં પાણી નો બગાડ કરી અને ગંદકી ન કરવા સંપૂર્ણ સહયોગ આપવા ખાસ અપીલ કરવામાં આવી છે.

## જૂનાગઢ,મહાનગર પાલિકાના ફાયર વિભાગ દ્વારા વિવિધ આરોગ્ય કેન્દ્રો અને હોસ્પિટલોમાં સઘન મોકડ્રીલ તેમજ ફાયર સેફ્ટી તાલીમ યોજાઈ

**નરેન્દ્ર દવે જૂનાગઢ**

આકસ્મિક આગ તેમજ આપત્તિજનક પરિસ્થિતિઓ સામે સુરક્ષા અને ત્વરિત પ્રતિસાદની તૈયારીઓના ભાગરૂપે જૂનાગઢ મહાનગર પાલિકાની ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં સઘન તાલીમ અને મોકડ્રીલ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અભિયાન અંતર્ગત બિલખા રોડ સ્થિત UPHC આંબેડકર નગર ખાતે સ્ટાફ માટે બેઝિક ફાયર ઈન્ડક્શન તાલીમ યોજવામાં આવી હતી, જેમાં સિદ્ધાંત અને પ્રાયોગિક પદ્ધતિઓ દ્વારા ફાયર સિસ્ટમ અંગે માર્ગદર્શન પૂરું પડાયું હતું.ત્યારબાદ UPHC ટીંબાવાડી ખાતે ઉપસ્થિત સ્ટાફની હાજરીમાં લાઈવ મોકડ્રીલ યોજાઈ હતી, જેમાં આગની કાલ્પનિક ઘટના ઊભી કરી બચાવ કામગીરી હાથ ધરીને કેઝ્યુઅલ્ટીને સુરક્ષિત બહાર કાઢવાની પદ્ધતિ તથા આધુનિક સાધનોનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, ઝાંઝરડા રોડ પર આવેલા બિઝનેસ સ્ક્વેર કોમ્પ્લેક્સમાં શિલ્પન ક્લિનિક, શ્રેય ઓર્થોપેડિક અને હેપ્પી માઈન્ડ હોસ્પિટલના સ્ટાફને કટોકટી વ્યવસ્થાપન અને અગ્નિશામક ઉપકરણોના યોગ્ય સંચાલનની પ્રાયોગિક તાલીમ અપાઈ હતી. સમગ્ર કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય હોસ્પિટલ સ્ટાફમાં આપત્તિ સામે જાગૃતિ કેળવી માનવ સુરક્ષાને વધુ સુદ્રઢ બનાવવાનો રહ્યો હતો.

## પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના લોકો માટે બની આશીર્વાદરૂપ, જૂનાગઢ જિલ્લામાં ૪૫,૩૩૧ લોકોને સારવાર, રૂ. ૮૯.૭૦ લાખની સહાય

**નરેન્દ્ર દવે જૂનાગઢ**

એક સમયે ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારમાં ગંભીર બીમારી આવી પડે ત્યારે સારવારના ખર્ચ માટે દેવું કરવું પડે તેવી પરિસ્થિતિ સર્જાતી હતી. સાથે જ સારવાર માટે અનેક મુશ્કેલીઓ પણ ખરી જ. પરંતુ આજે પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાથી ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારોને મોટી રાહત મળી છે અને શ્રેષ્ઠ આરોગ્ય સેવાઓ માટે સુનિશ્ચિત પણ બન્યા છે.જૂનાગઢ જિલ્લામાં વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન ૪૫,૩૩૧ લોકોને વિવિધ બીમારીઓમાં પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ સારવારનો લાભ મળ્યો છે. કેન્દ્ર રાજ્ય સરકાર દ્વારા આરોગ્ય વીમા કવચથી સુરક્ષિત લાભાર્થીઓને એમ્પેનલ્ડ ખાનગી હોસ્પિટલોમાં વિના મૂલ્યે સારવાર મળી હતી. આ માટે સરકાર દ્વારા રૂ. ૮૯ લાખ ૭૦ હજારની આરોગ્ય સહાય પૂરી પાડવામાં આવી હતી. આમ, આ યોજના અંતર્ગત મળતી સારવારથી અનેક પરિવારોને ગંભીર બીમારી સમયે થનારા સારવાર ખર્ચના આર્થિક બોજમાંથી રાહત મળી છે.જૂનાગઢ જિલ્લામાં જૂન-૨૦૨૬ સુધીમાં NFSA રાશનકાર્ડ ધરાવતા ૭.૮૭ લાખથી વધુ નાગરિકોને પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ આવરી લેવામાં આવ્યા છે. ઉપરાંત હેઠળ ૭૦ વર્ષ અને તેથી વધુ વયના તમામ વરિષ્ઠ નાગરિકોને આવકની મર્યાદા વિના આયુષ્માન ભારત - આયુષ્માન વય વંદના યોજના હેઠળ જિલ્લામાં અત્યાર સુધીમાં ૪૮,૪૫૭ વરિષ્ઠ નાગરિકોને આવરી લેવામાં આવ્યા છે. ઉપરાંત આશા બહેનો અને આંગણવાડી વર્કર રાજ્ય સરકારના વર્ગ- ૩ અને ૪ના કર્મચારીઓને પણ આ યોજના હેઠળ આવરી લેવામાં આવ્યા છે.

## જૂનાગઢ જિલ્લાના ખેડૂતો માટે બાગાયત ખાતાની વિવિધ યોજનાઓ અંતર્ગત આઈ-ખેડૂત પોર્ટલ ખુલ્લું મુકાયું : આધાર ઓથેન્ટિકેશન ફરજિયાત

**નરેન્દ્ર દવે જૂનાગઢ**

વર્ષ ૨૦૨૬-૨૭ માટે બાગાયત ખાતાની યોજનાઓનો લાભ મેળવવા માટે જૂનાગઢ જિલ્લાના ખેડૂતો માટે આંબા અને જામફળ ફળપાક ઉત્પાદકતા વધારવાનો કાર્યક્રમ તેમજ હવાઈ માર્ગે બાગાયત પેદાશની નિકાસ માટેના નૂર સહાય ઘટક માટે તા. ૨૦/૦૮/૨૦૨૬ થી ૨૬/૦૮/૨૦૨૬ સુધી, તથા નેટ હાઉસ / એગ્રો ટેક્ષટાઈલ નેટ હાઉસ માટે સહાય ઘટક માટે તા.૨૧/૦૮/૨૦૨૬ થી તા. ૨૦/૦૯/૨૦૨૬ સુધી આઈ-ખેડૂત પોર્ટલ (I-Khedut) ખુલ્લું મુકવામાં આવ્યું છે. વધુમાં, વર્ષ ૨૦૨૬-૨૭ દરમિયાન આઈ-ખેડૂત પોર્ટલ ૨.૦ પર નોંધણી કરેલ તેમજ નવા નોંધણી થનાર ખેડૂતોએ પોતાનું આધાર ઓથેન્ટિકેશન ફરજિયાતપણે કરવાનું રહેશે. ત્યાર બાદ જ ઓનલાઈન અરજી કરી શકાશે. આ યોજનાઓ અંગે વધુ માહિતી કે માર્ગદર્શન મેળવવા માટે નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી, સરદાર બાગ પાસે, નીલમબાગ, લઘુકૃષિ ભવન, જૂનાગઢ (ફોન નં: ૦૨૮૫-૨૬૩૫૦૧૯), જૂનાગઢ ખાતે રૂબરૂ અથવા ટેલિફોનિક સંપર્ક કરવા નાયબ બાગાયત નિયામકશ્રી, જૂનાગઢ દ્વારા જણાવાયું છે.

## આઈ.ટી.આઈ. જૂનાગઢ ખાતે યોજાયેલ PMNAM એપ્રેન્ટીસ ભરતી મેળામાં ૩૪૮ ઉમેદવારોની પસંદગી

નરેન્દ્ર દવે | સરકારી આઈ. ટી.આઈ. જૂનાગઢ ખાતે આચાર્ય શ્રી ભગીરથસિંહ જાળીયાના માર્ગદર્શન હેઠળ PMNAM (પ્રધાનમંત્રી નેશનલ એપ્રેન્ટીસશીપ મેળા)નું આયોજન કરવામાં આવ્યું હતું. આ ભરતી મેળામાં જૂનાગઢ જિલ્લાના સરકારી તેમજ ખાનગી ક્ષેત્રના વિવિધ એકમો દ્વારા વિવિધ ટ્રેડમાં એપ્રેન્ટીસ ઉમેદવારોની બહોળા પ્રમાણમાં ભરતી કરવામાં આવી હતી. જેમાં GSRTC જૂનાગઢ, જૂનાગઢ ડેરી, નગર પાલિકા વંથલી, આલ્ફા મશીન ટૂલ્સ, જૂનાગઢ જ્વેલરી પ્રા. લિ., ઉષા બ્રેકો, જૂનાગઢ મ્યુનિસિપલ કોર્પોરેશન, પરફેક્ટ મોટર્સ, સામન્વય હોસ્પિટલ તથા ફર્ન હોટેલ, જૂનાગઢ સહિતના એકમો ઉપસ્થિત રહ્યા હતા.આ ભરતી મેળામાં વિવિધ વ્યવસાયો માં એપ્રેન્ટીસશીપ માટે કુલ ૫૫૭ ઉમેદવારો ઉપસ્થિત રહ્યા હતા. જેમાંથી વિવિધ કંપનીઓ દ્વારા ઈન્ટરવ્યુ/ પસંદગી પ્રક્રિયા હાથ ધરી કુલ ૩૪૮ ઉમેદવારોની એપ્રેન્ટીસ તરીકે પસંદગી કરવામાં આવી હતી. આ રીતે મોટી સંખ્યામાં ઉમેદવારોને એપ્રેન્ટીસશીપ ની તક મળતા તાલીમાર્થીઓ માં ઉત્સાહ જોવા મળ્યો હતો.આ ભરતી મેળાના સફળ આયોજન બદલ આચાર્યશ્રી દ્વારા ઉપસ્થિત વિવિધ એકમો, ઉમેદવારો તથા સમગ્ર આયોજન સાથે સંકળાયેલા કર્મચારીઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.માં પીએચ.ડીની એન્ટ્રસ પરીક્ષા બાદ લાયકાત પ્રાપ્ત નેટ-જીસેટ પરીક્ષા પાસ વિદ્યાર્થીઓનાં ડોક્યુમેન્ટનું વેરીફિકશેન હાથ ધરાયુ

**નરેન્દ્ર દવે જૂનાગઢ**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ. ખાતે ચાલુ શૈક્ષણિક વર્ષ દરમ્યાન પીએચ.ડીનાં અભ્યાસ માટે નવા પ્રવેશ પ્રક્રિયાનાં ભાગ રૂપ ૬૫૦ થી વધુ વિદ્યાર્થી ઓએ એન્ટ્રસ પરીક્ષા આપી હતી. જેમાં ઉતિર્ણ વિદ્યાર્થીઓ સાથે નેટ-જીસેટની પરીક્ષા ઉતિર્ણ કરનાર વિદ્યાર્થીઓ અને ગયા વર્ષ નેટ-જીસેટની પરીક્ષા પાસ કરનાર તથા ગયા વર્ષે એન્ટ્રસ એઝામ પાસ કરનાર અને પરીક્ષા મુક્તિ મેળવેલ વિદ્યાર્થીઓને આ વર્ષની આર.ડી.સી માં પોતાનું પ્રેઝન્ટેશન કરી શકે એવી ઉત્તમ વ્યવસ્થા કુલપતિ પ્રો. પ્રતાપસિંહજી ચૌહાણનાં માર્ગદર્શનમાં પીએચ.ડી વિભાગિય વડા ડો.ઓમ જોષી, રાહુલ ચૌહાણ અને અમિત ટોપરદાસાણી દ્વારા હાથ ધરવામાં આવ્યુ હતુ. જેમાં રાજ્ય ભરનાં વિવિધ વિસ્તારનાં વિદ્યાર્થીઓ એ ઉપસ્થિત રહી પીએચ.ડીમાં અભ્યાસ કરવાની ઈચ્છાશક્તિ વ્યક્ત કરી હતી. આ તકે યુનિ.નાં કુલપતિ પ્રો.(ડો.) પ્રતાપસિંહજી ચૌહાણે જણાવ્યુ હતુ કે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં છત્ર તળે વિદ્યાર્થી પોતાનું શોધકાર્ય હાથ ધરે એથી રૂડુ શું હોઈ શકે. ઈશ્વરે ગીર-ગીરનારનાં વનપ્રદેશ અને આરબ સાગરતટનાં સાંનિધ્યે જ્યારે ઉચ્ચ શિક્ષણ નાં નવા આયામોમાં પ્રકૃતિનાં અને લોક સંસ્કૃતિનાં પોતાનાં મિજાજને સિંચ્યો છે ત્યારે આપણે નવી શિક્ષણનિતી અંતર્ગત સાગરતટનાં ચાર જિલ્લા જૂનાગઢ, ગીર સોમનાથ અને દેવભુમિ દ્વારકાનાં વધુમાં વધુ વિદ્યાર્થી પીએચ.ડી કરે તે દિશામાં પ્રયાસરત છીએ.

## ગુજરાત ન્યૂઝના બ્યુરો ચીફ ધરકાસભાઈ મોખા બન્યા ભીમ આર્મીના મીડિયા કન્વીનર

**મહેશ એલ. સોની નખત્રાણા**

પત્રકારિત્વ અને સમાજસેવાના ક્ષેત્રે પોતાની આગવી ઓળખ ધરાવતા ન્યૂ ગુજરાત ન્યૂઝના બ્યુરો ચીફ શ્રી ધરકાસ ભાઈ જુમાભાઈ મોખાની ભીમ આર્મી ભારત એકતા મિશન – કચ્છ જિલ્લામાં ભુજ તાલુકા મીડિયા કન્વીનર



તરીકે નિમણૂંક કરવામાં આવી છે.ધરકાસ ભાઈ છેલ્લા ઘણા સમયથી નિડરતાપૂર્વક પ્રજાના પ્રશ્નોને ઉજાગર કરી રહ્યા છે. ગરીબ, દલિત, આદિવાસી અને વંચિત વર્ગના હક્ક-અધિકાર માટે તેઓ હંમેશા મેદાનમાં રહ્યા છે. તેમની નિષ્પક્ષ અને સચોટ પત્રકારિત્વને કારણે સમાજમાં તેમનું વિશેષ માન છે.તેમની કાર્યનિષ્ઠા અને સેવાભાવને બિરદાવીને સંગઠને તેમના પર ભરોસો મુક્યો છે. હવે મીડિયા કન્વીનર તરીકે તેઓ ભીમ આર્મીના સંવિધાનિક વિચારો, કાર્યો અને આંદોલનોને ભુજ તાલુકાના ગામ-ગામ સુધી પહોંચાડવાની જવાબદારી નિભાવશે.આ ગૌરવપૂર્ણ નિમણૂંકના સમાચારથી તેમના પરિવારજનો, પત્રકાર મિત્રો અને સામાજિક આગેવાનોમાં ખુશીનો માહોલ છે. સૌએ તેમને ઉજજવળ ભવિષ્ય માટે હાર્દિક અભિનંદન અને શુભકામનાઓ પાઠવી છે.

## જાફરાબાદનાં વરિષ્ઠ પત્રકાર તેમજ અનેક સામાજિક ક્ષેત્રે પોતાનું મહત્વનું યોગદાન આપનાર એચ.એમ. ઘોરીનો આજે જન્મદિન

**કિશોર આર. સોલંકી | જાફરાબાદ**

જાફરાબાદના સામાજિક કાર્યકર અને વરિષ્ઠ પત્રકાર સિટીઝન ફોરમ ઓન હ્યુમન રાઈટ્સના તેમજ મહિલા સુરક્ષા સેવા સંસ્થાના ચેરમેન તેમજ તાલુકા વીજિલન્સ કીમીટીના પૂર્વ બિન સરકારી સભ્ય અને દરેક જ્ઞાતિ વર્ગમાં કોમી એકતાના મિશાલ સમાન એચ.એમ. ઘોરીનો આજે જન્મદિવસ છે. તેઓ બિનવિવાદાસ્પદ કોઈ પણ જ્ઞાતિ જાતીના ભેદભાવવગર સમાજની સેવા કરી રહ્યા છે. વિધવા બહેનો, વૃધ્ધ લોકોને અને દિવ્યાંગોને સરકારની વિવિધ યોજનાઓનો લાભ અપાવવા માટે હંમેશા સક્રિય રહ્યા છે. તેઓ પેન્શનરોના વિવિધ પ્રશ્નોના નિવારણ કરવામાં અગ્રેસર રહ્યા છે. તેઓ નિષ્ઠાવાન અને પ્રમાણીક વ્યકિત છે. તેઓ યુવાનોને રોજગાર અંગે માર્ગદર્શન આપી રહ્યા છે. તેઓ ૭૯ વર્ષનીઉંમરે પણ સક્ષમ હોયતેઓનુંએક આદર્શ જીવન અને વ્યકિતત્વ સમાજને પ્રેરણા દાયી રહેલ છે. વિવિધ ટ્રસ્ટોમાં (એન.જી.ઓ.) પોતાનું મોટું યોગદાન છે. તેઓ સ્ટ્રીટ ન્યુઝ ગુજરાત અખબારના વરિષ્ઠ પત્રકાર તરીકે ફરજ બજાવી રહ્યા છે. તેઓ કામના સ્થળે સ્ત્રી જાતિ સતામણીની કાયદાકીયકમીટીમા બિન સરકારી સભ્ય તરીકે ફરજ બજાવી ચુકયા છે.



વિદ્યાર્થીઓને મળતી શિષ્યવૃત્તિ આપવામાં તેમજ વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ અપાવવામાં મદદરૂપ બને છે. કોઈ શૈક્ષણિક સંસ્થાઓમાં વિદ્યાર્થીઓની લિવિંગ સર્ટિફિકેટ મેળવવા માટે કોઈ સંસ્થાઆ ફ્રિની ઉઘરાણી કરતા હોય તેના માટે સરકાર ના પરિપત્રો મુજબ શિક્ષણ. તેઓ રાજકીય શેત્રે કોંગ્રેસ સેવાદળના ચેરમેન તરીકે ફરજ બજાવી ચૂક્યા છે. વર્તમાન સમયમાં તેઓ અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિના કારોબારી સભ્ય અને વડિલ માર્ગદર્શક તરીકે કામગીરી કરી રહ્યા છે. તેઓના જન્મ દિવસ નિમિતે પૂર્વ ધારાસભ્ય શ્રી અંબરીશભાઈ ડેર તથા કોળી સમાજના અગ્રણી પ્રવિણભાઈ બારૈયા તેમજ સાગરખેડૂ વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ પ્રમુખ તેમજ પત્રકાર કિશોરભાઈ આર.સોલંકી તેમજ વિવિધ સંસ્થાઓ રાજકીય લોકો તેમજ અનેક સામાજિક કાર્યકરો દ્વારા તથા સિટીઝન ફોરમ ઓન હ્યુમન રાઈટ્સના પ્રમુખ રાકેશભાઈ જોષી તથા જા.કે.ઉ. મંડળના પ્રમુખ કિરીટભાઈ મહેતા (મુંબઈ) યોગેશભાઈ ગોરડિયા (મુંબઈ) તથા એડવોકેટ નોટરી ઈમરાનભાઈ ગાહા, પૂર્વ આચાર્ય બ્રચશાળાના ઈકબાલભાઈ આર.હબસી તરફથી એચ.એમ. ઘોરીને જન્મ દિવસ નિમિત્તે હાર્દિક શુભકામનાઓ પાઠવી છે. તેઓનામો..૮૧૪૦૬૩૯૬ ૧૪ ઉપર અભિનંદન આપી રહ્યા છે.

## જાફરાબાદ તાલુકાના રોહિસા ગામે ટીબી મુક્ત ભારત અંતર્ગત ટીબી રોગ નિદાન કેમ્પ તેમજ હોમિયોપેથીક નિદાન સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું

**કિશોર આર. સોલંકી | જાફરાબાદ**

જાફરાબાદ તાલુકાના રોહિસા ગામે ટીબી મુક્ત ભારત અંતર્ગત ટીબી રોગ નિદાન કેમ્પ તેમજ હોમીઓપેથીક નિદાન સારવાર કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતું.પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારત અંતર્ગત જાફરાબાદ તાલુકાના ના રોહિસા ગામે ટીબી રોગ મુક્ત માટે કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતુ.જેમા ટીબી રોગ વિષે સમ્પુર્ણ માહિતી



આપવામાં આવી હતી તેમજ છાતી ના એકસરે કરવામાં આવ્યા હતા.અને જરૂર જણાય તો સ્પુટમ ટેસ્ટ માટે સેમ્પલ લેવામાં આવીયા હતા.આ કાયેક્રમ નું આયોજન જીલ્લા ક્ષય અધિકારી ડો.કુરેશી સાહેબ શ્રી તેમજ તાલુકા હેલ્થ ઓફિસર ડો.ટાક તેમજ મેડિકલ ઓફિસર શ્રી ડો. નકુમ સાહેબ શ્રી ના માર્ગદર્શન મુજબ આ કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતુ આ કાયેક્મ માં હોમીઓપેથીક મેડિકલ ઓફિસર શ્રી ડો.નિતેષ બાબરીયા.સીએસઓ. નયનાબેન. ઉપાષણા બેન.એફ એસ.ડબલ્યુ.કંચનબેન.દયાબેન.એમપીએસડબલ્યુ. જતીનભાઈ.રાજેસભાઈ.તેમજ આશા વર્કર બહેનો ગામના સરપંચ શ્રી ભાણીબેન છગનભાઈ વાઘેલા.એકસરે ટ્રેકનિશન ધમીષ્ઠાબેન તેમજ ગ્રામ ના સામાજીક આગેવાન હાજર રહ્યા હતા ગામ ના લાભાર્થીઓએ બહોળિ સંખ્યા માં લાભ લિધેલ છે.આ કાર્યક્રમ ને સફળ બનાવવા સિનિયર ટ્રીટમેન્ટ સુપરવાઈઝર સંદિપભાઈ જોષી દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

# પાવરપટ્ટી નિરોણાના ગૌરવ એવા નીડર પત્રકાર માલશી માતંગની ભીમ આર્મીના કચ્છ જિલ્લા સહ મીડિયા કન્વીનર પદે નિમણૂંક કરાઈ

મહેશ એલ. સોની નખત્રાણા

કલમની તાકાતથી સમાજને દિશા આપનારા અને પ્રજાના અવાજને વાચા આપનારા પાવરપટ્ટી વિસ્તારના નિરોણા ગામના યુવા અને નીડર પત્રકાર શ્રી માલશી માતંગની સેવાઓને વધુ એક માન મળ્યું છે.



માલશી માતંગે આશાપુરા ટીવી ન્યૂઝમાં પત્રકાર તરીકે સેવા આપીને હંમેશા પ્રજાના પ્રશ્નોને પ્રાધાન્ય આપ્યું છે. તેમની નિડર પત્રકારિત્વ અને નિષ્પક્ષ અહેવાલોએ સામાન્ય જનતાના અવાજને તંત્ર સુધી પહોંચાડવાનું મહત્વનું કાર્ય કર્યું છે.

સાથે સાથે તેઓ દિવ્યાંગ અધિકાર મંચ, કચ્છ જિલ્લાના પ્રમુખ તરીકેની જવાબદારી પણ નિષ્ઠાપૂર્વક નિભાવી રહ્યા છે. દિવ્યાંગોના હક્ક-અધિકાર માટે તેઓ સતત સંઘર્ષરત રહ્યા છે અને સેવાભાવી કાર્યો દ્વારા સમાજમાં જાગૃતિ ફેલાવવાનું ઉમદા કાર્ય કરી રહ્યા છે. તેમની સામાજિક નિષ્ઠા, પત્રકારત્વ પ્રત્યેની લગન અને સમાજસેવાના કાર્યોને બિરદાવીને તાજેતરમાં ભીમ આર્મી ભારત એકતા મિશન સંગઠન દ્વારા તેમને કચ્છ જિલ્લા સહ મીડિયા કન્વીનર તરીકેની મહત્વપૂર્ણ નિમણૂંક અપાઈ છે.

આ ગૌરવપૂર્ણ નિમણૂંકના સમાચાર મળતા જ તેમના સગા-સંબંધીઓ, સ્નેહીજનો, પત્રકાર મિત્રો અને સામાજિક આગેવાનોમાં આનંદની લહેર છવાઈ ગઈ છે. સૌએ તેમને ઉજ્જવળ કારકિર્દી માટે હાર્દિક શુભકામનાઓ અને અભિનંદન પાઠવ્યા છે.

પાવરપટ્ટીની આ ધરતીના દીકરાએ પત્રકારિત્વ અને સમાજસેવા એમ બંને ક્ષેત્રે પોતાની આગવી છાપ ઉભી કરી છે. તેમની આ નવી જવાબદારી ચોક્કસપણે સમાજના છેવાડાના માનવી સુધી ન્યાય અને અધિકારની વાત પહોંચાડવામાં વધુ મજબૂતી આપશે એવી સૌને આશા છે.

# જનહિતને સમર્પિત એડવોકેટ ભગવાનભાઈ કાનજીયાણી...

## 600 ખેડૂતોના હિત અને રેવન્યુ રેકોર્ડના રક્ષણ માટે તાલુકાથી રાજ્ય સ્તર સુધી નિઃશુલ્ક કાનૂની લડત

જગદીશ પી. દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકાના એડવોકેટ ભગવાનભાઈ કાનજીયાણી કાયદાકીય વ્યવસાયની સાથે સામાજિક અને જનહિતલક્ષી પ્રવૃત્તિઓમાં પણ સક્રિય રીતે કાર્યરત છે. ખાસ કરીને તાલુકાના આશરે 600 ખેડૂતોના હિત અને તેમના રેવન્યુ રેકોર્ડનું રક્ષણ થાય તે હેતુથી તેઓ તાલુકા કક્ષાથી રાજ્ય કક્ષા સુધી નિસ્વાર્થ અને નિઃશુલ્ક કાનૂની લડત લડી રહ્યા છે.



ખેડૂતોના હક્કો, જમીન તથા રેવન્યુ સંબંધિત પ્રશ્નોને યોગ્ય કક્ષાએ રજૂ કરી ન્યાય મળે તે માટે તેઓ સતત પ્રયત્નશીલ છે. ખેડૂતોના હિતમાં કાયદાકીય જ્ઞાનનો ઉપયોગ કરી તેમના પ્રશ્નોને યોગ્ય દિશા આપવાની તેમની કામગીરીને કારણે તેઓ જનહિતના ક્ષેત્રે આગવી ઓળખ બનાવી રહ્યા છે.

ભગવાનભાઈ કાનજીયાણીએ વિરાણી મોટી ખાતે પ્રાથમિક શિક્ષણ મેળવ્યા બાદ ભુજ ખાતે ઉચ્ચ અભ્યાસ કર્યો હતો. તેમણે B.Com. અને B.A. એમ બે ગ્રેજ્યુએશન ડિગ્રી મેળવી, ત્યારબાદ M.Com.ની માસ્ટર ડિગ્રી પ્રાપ્ત કરી અને ત્યાર બાદ LL.B. સુધીનો અભ્યાસ કર્યો છે. લોકસેવાના ક્ષેત્રે તેઓ સ્વામી વિવેકાનંદ યુવા બોડીગાર્ડના માધ્યમથી જોડાયેલા રહ્યા છે. સામાજિક ક્ષેત્રે તેઓ નખત્રાણા પાટીદાર સમાજ મંડળની કારોબારી સમિતિમાં સલાહકાર તરીકે કાર્યરત છે.

આ ઉપરાંત જાહેર જીવનમાં પણ તેઓ સક્રિય છે અને હાલ આમ આદમી પાર્ટીના તાલુકા મહામંત્રી તરીકે જવાબદારી નિભાવી રહ્યા છે.

કાયદાકીય જ્ઞાન, શૈક્ષણિક લાયકાત અને સામાજિક અનુભવનો ઉપયોગ સમાજ તથા ખેડૂતોના હિત માટે કરવાની તેમની સેવાભાવી કામગીરી જનહિત પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતાનું ઉત્તમ ઉદાહરણ બની રહી છે.

# દેશલપર-ગુંતલીના આંગણવાડી કેન્દ્ર-રમાં બે દિવસીય સર્જનાત્મક પ્રવૃત્તિ યોજાઈ





જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

બાળકોમાં રહેલી સર્જનાત્મક પ્રતિભાને ઉજાગર કરવા તથા તેમની કલ્પનાશક્તિ અને કૌશલ્યને વેગ આપવા માટે દેશલપર-ગુંતલી ગામે આવેલ આંગણવાડી કેન્દ્ર-૨ ખાતે બે દિવસીય સર્જનાત્મક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આજની થીમ અંતર્ગત બાળકોને કાતરકામ તેમજ ફાળકામ જેવી રસપ્રદ અને જ્ઞાનવર્ધક પ્રવૃત્તિઓ કરાવવામાં આવી હતી. બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ વિવિધ આકારો અને સુંદર કૃતિઓ તૈયાર કરી પોતાની સર્જનાત્મકતાનું પ્રદર્શન કર્યું હતું.

આ અંગે આંગણવાડી કેન્દ્ર-૨ના બેનશ્રી અમિનાબેન લાંગાએ માહિતી આપતા જણાવ્યું હતું કે, બાળકોને રમતાં-રમતાં શીખવાની સાથે તેમની કલ્પનાશક્તિ, એકાગ્રતા, હાથ-આંખનું સંકલન અને આત્મવિશ્વાસનો વિકાસ થાય તે હેતુથી આવી સર્જનાત્મક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે.

બે દિવસ દરમિયાન યોજાયેલી આ પ્રવૃત્તિઓથી આંગણવાડીના બાળકોમાં આનંદ અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.

# પત્નીએ પ્રેમી અને ભાઈ સાથે મળી પતિની સોપારી આપી:કારને ટક્કર મારી અજાણ્યા શખસોનો હુમલો

મહેસાણા | મહેસાણાના જેલ રોડ સ્થિત વિનયનગર સોસાયટીમાં રહેતા અને અગાઉ સાઉદી અરેબિયામાં નોકરી કરતા 45 વર્ષીય સુનીલકુમાર પટેલે પોતાની પત્ની અર્પિતા પટેલ સહિત પાંચ શખ્સો સામે જીવલેણ હુમલો કરવા, અપહરણ અને હત્યાનું ગુનાહિત કાવતરું રચવા અંગે મહેસાણા સિટી બી ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

પત્નીના ચારિત્ર્ય પર શંકા જતાં ઘરમાં મુકેલા વોઈસ રેકોર્ડિંગ ડિવાઇસથી રૂ.70 લાખના ખર્ચે પતિની હત્યા કરવાના કાવતરાનો પર્દાફાશ થયો હતો. અગાઉ પોલીસ તંત્રમાં રજૂઆત કરવા છતાં કોઈ કાર્યવાહી ન થતાં આખરે પત્ની, સાળા અને ભાભી સહિતના આરોપીઓ સામે કાનૂની કાર્યવાહી કરવા પીડિતે કોર્ટના દ્વાર ખટખટાવ્યા હતા.

ફરિયાદી સુનીલકુમારના લગ્ન વર્ષ 2007માં મણુંદ ગામના અર્પિતા સાથે થયા હતા. સાઉદી અરેબિયાથી પરત આવ્યા બાદ પત્ની મોબાઈલ પર સતત અન્ય પુરુષ સાથે વાતો કરતી હોવાથી પતિને તેના પર શંકા ગઈ હતી. આ સમયગાળા દરમિયાન ભાંડુ નજીક સુનીલકુમારની ગાડીને પાછળથી ટક્કર મારી અજાણ્યા શખસોએ ધોકા વડે હુમલો કરી તેમનો હાથ ભાંગી નાખ્યો હતો. જોકે, તે સમયે ઘરસંસાર બચાવવાની દાનત રાખીને પતિએ પોલીસ ફરિયાદ નોંધાવી નહોતી.

પત્નીની શંકાસ્પદ હિલચાલ પર નજર રાખવા સુનીલકુમારે ઘરમાં એક વોઈસ રેકોર્ડિંગ ડિવાઈસ મૂક્યું હતું, જેમાં પત્ની અને તેના સાથીદારો વચ્ચેની ચોંકાવનારી વાતચીત રેકોર્ડ થઈ ગઈ હતી. આ રેકોર્ડિંગમાં પતિનું હોસ્પિટલમાંથી અપહરણ કરી, ખેતરમાં ફેંકી દઈ કે ચાંપાનેર ખાતે મકાન ભાડે રાખીને હત્યા કરી નાખવાનું કાવતરું સામે આવ્યું હતું, જેના માટે રૂ.70 લાખ સુધીનો વ્યવહાર નક્કી થયો હતો. આ ઉપરાંત પત્નીએ પતિ વડોદરા જઈ રહ્યા હોવાની બાતમી આપી ત્યાં જ તેમનો કાંટો કાઢી નાખવાની યોજના પણ બનાવી હતી.

આ ગંભીર બાબતે અગાઉ મહેસાણા શહેર બી ડિવિઝન પોલીસ મથકે અને ડીએસપી કચેરીએ અરજીઓ કરવા છતાં કોઈ યોગ્ય તપાસ થઈ નહોતી. જેથી પીડિત પતિએ મહેસાણા કોર્ટમાં અર્પિતાબેન, તેમના ભાઈ સચિન ઉમેદભાઈ પટેલ, ભાભી જાગૃતિબેન અને બે અજાણ્યા ઈસમો સામે કડક કાર્યવાહી કરવા અરજી કરી હતી. આખરે કોર્ટના આદેશથી બી ડિવિઝન પોલીસે ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



# ઈજાગ્રસ્તને મેડીકલ વાન મારફતે ધારપુર સારવાર અર્થે ખસેડાયો

## ચાણસ્મા ના કંબોઈ નજીક નર્મદાની મુખ્ય કેનાલ પાસે પસાર થતા બાઈકચાલક ને અજાણ્યો ચાલક ટક્કર મારી રફુ ચક્કર થઈ ગયો

નિતીન ઠાકર ચાણસ્મા

ચાણસ્મા તાલુકાના કંબોઈ નજીક નર્મદાની મુખ્ય કેનાલ પાસેથી. કાંકરેજ તાલુકાના ખારીયા ગામના કુલદીપસિંહ પોતાનું બાઈક લઈ જઈ રહ્યા હતા દરમિયાન અજાણ્યા વાહનચાલકે બાઈકચાલકને ટક્કર મારતાં બાઈકચાલક રોડ પર પડી ગયા હતા અને પગના ભાગે ઈજાઓ થતાં તાત્કાલિક મેડીકલ વાન મારફતે ધારપુર ખાતે સારવાર અર્થે ખસેડાયા હતા સદનસીબે ઈજાગ્રસ્ત બાઈકચાલક મોટી ઈજાઓમાંથી બચવા પામ્યા હતા. કંબોઈ નજીક નર્મદા કેનાલ પસાર થતી હોવાથી અને વચ્ચે હાઈવે પસાર થતો હોઈ હાઈવેની બંન્ને સાઈડે થી આવતા વાહનો રોડ ક્રોશ કરતાં વારંવાર અકસ્માત થતાં હોઈ બંન્ને સાઈડના રોડ પર બમ્પ મૂકવા વાહનચાલકોની માંગ ઉઠવા પામી છે

# વેરાવળ-જૂનાગઢ સેક્શન અને સ્ટેશનોનું મુખ્યાલય સંરક્ષા ઓડિટ ટીમ દ્વારા સઘન સંરક્ષા ઓડિટ

નરેન્દ્ર દવે જૂનાગઢ

પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળમાં રેલ પરિચાલનની સંરક્ષા વ્યવસ્થાને વધુ સુદ્રઢ અને અસરકારક બનાવવાના હેતુથી 19 ઓગસ્ટ 2026ના રોજ મુખ્યાલય સંરક્ષા ઓડિટ ટીમ દ્વારા વેરાવળ-જૂનાગઢ સેક્શન તથા વેરાવળ અને જૂનાગઢ સ્ટેશનોનું ઈન્ટર ડિવિઝન સંરક્ષા ઓડિટ નિરીક્ષણ કરવામાં આવ્યું.મુખ્યાલયની સંરક્ષા ઓડિટ ટીમમાં પ્રમુખ મુખ્ય સંરક્ષા અધિકારી (PCSO) શ્રી કુશાલ સિંહ, મુખ્ય વિદ્યુત ઈજનેર/પરિચાલન (CEE/OP) શ્રી દિનેશ જૈન, મુખ્ય રોલિંગ સ્ટોક ઈજનેર (માલ પરિવહન અને પરિચાલન) શ્રી આનંદ પી. સોની, મુખ્ય માલભાડા પરિવહન પ્રબંધક (CFTM) શ્રી નરેન્દ્રન પનવાર, ઉપ મુખ્ય સંરક્ષા અધિકારી (યાંત્રિક) શ્રી મહેશ કુમાર, ઉપ મુખ્ય સંરક્ષા અધિકારી (વિદ્યુત)શ્રી નિતિશ કુમાર બોયલ, ઉપ મુખ્ય પરિચાલન પ્રબંધક (સુરક્ષા) શ્રી નવેંદુ દત્તા, ઉપ મુખ્ય સંરક્ષા અધિકારી (ઈજનેરી) શ્રી સંજીવ જૈન સહિત સંરક્ષા ટીમના અન્ય અધિકારીઓ સામેલ રહ્યા.ભાવનગર મંડળના વરિષ્ઠ મંડલ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું કે ઓડિટ દરમિયાન વેરાવળ- જૂનાગઢ સેક્શનના વિવિધ સ્ટેશનો તથા મહત્વપૂર્ણ સંરક્ષા સંપત્તિઓનું વિગતવાર અને સઘન નિરીક્ષણ કરવામાં આવ્યું. ટીમ દ્વારા લેવલ ક્રોસિંગ ગેટ, પુલ, RRI, ART, ARME, લોબી, રનિંગ રૂમ સહિત પરિચાલન અને સંરક્ષા સાથે સંકળાયેલી વિવિધ વ્યવસ્થાઓની વ્યાપક સમીક્ષા કરવામાં આવી. નિરીક્ષણ દરમિયાન સંબંધિત વ્યવસ્થાઓની કાર્યપ્રણાલી, નિર્ધારિત સંરક્ષા ધોરણોનું પાલન તેમજ આપાતકાલીન પરિસ્થિતિમાં તત્પરતાની પણ સમીક્ષા કરવામાં આવી. આ સંરક્ષા ઓડિટનો મુખ્ય ઉદ્દેશ રેલ પરિચાલનમાં નિર્ધારિત સંરક્ષા ધોરણો અને પ્રક્રિયાઓના અસરકારક પાલનનું મૂલ્યાંકન કરવું, સંભવિત સંરક્ષા જોખમોની ઓળખ કરવી તેમજ તેમને દૂર કરવા માટે જરૂરી સુધારાત્મક પગલાંને વધુ અસરકારક બનાવવાનો હતો. આ પ્રકારના ઓડિટથી પરિચાલન વ્યવસ્થાની નિયમિત સમીક્ષા સાથે સંરક્ષા સંસ્કૃતિને વધુ મજબૂત બનાવવામાં મહત્વપૂર્ણ મદદ મળે છે. આ પ્રસંગે ભાવનગર મંડળના અપર મંડલ રેલ પ્રબંધકશ્રી ઋત્વિક શર્મા તથા વરિષ્ઠ મંડલ સંરક્ષા અધિકારી શ્રી માણિક ગુપ્તા સહિત મંડળના વિવિધ સંબંધિત વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા. મંડળના અધિકારીઓ અને કર્મચારીઓએ મુખ્યાલય ઓડિટ ટીમ સાથે નિરીક્ષણમાં સક્રિયપણે ભાગ લીધો તથા સંરક્ષા સંબંધિત વિવિધ વ્યવસ્થાઓની માહિતી પૂરી પાડી. ઓડિટ દરમિયાન સંબંધિત વિભાગોને સંરક્ષા ધોરણોનું કડકપણે પાલન સુનિશ્ચિત કરવા, ઓળખાયેલી ખામીઓનું સમયબદ્ધ નિરાકરણ કરવા તથા સંરક્ષા વ્યવસ્થામાં સતત સુધારો અને દેખરેખ જાળવી રાખવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો, અધિકારીઓએ સંરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપીને રેલ પરિચાલનને વધુ સુરક્ષિત, વિશ્વસનીય અને સુચારુ બનાવવા માટે સતત પ્રયાસો કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી. ભાવનગર મંડળ દ્વારા મુસાફરો અને રેલ કર્મચારીઓની સંરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપતાં સંરક્ષા ધોરણોના અસરકારક અમલીકરણ અને સતત દેખરેખ દ્વારા સુરક્ષિત રેલ પરિચાલન સુનિશ્ચિત કરવાની દિશામાં સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

# બોરતલાવ તાલુકા પંચાયત હેઠળના હાંડોદ ગ્રામ પંચાયત ખાતે પોષણ માહ અંતર્ગત પૌષ્ટિક વાનગી સ્પર્ધાનું આયોજન



રિપોર્ટર. કમલેશ પટેલ. સંખેડા

બોરતલાવ તાલુકા પંચાયત હેઠળના હાંડોદ ગ્રામ પંચાયત ખાતે પોષણ માહ અંતર્ગત પૌષ્ટિક વાનગી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં તાલુકા પંચાયત સદસ્ય ભાવિકાબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા અને મહિલાઓને પ્રોત્સાહિત કર્યા હતા.ભાવિકાબેન પટેલે સ્પર્ધામાં ભાગ લેનાર બહેનો દ્વારા તૈયાર કરવામાં આવેલી વિવિધ પૌષ્ટિક વાનગીઓનું નિરીક્ષણ કર્યું હતું.આ પ્રસંગે ભાવિકાબેને મહિલાઓને સંબોધતા પોષણયુક્ત આહાર અને સ્વસ્થ જીવનશૈલીના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું કે તેનાથી પરિવાર તંદુરસ્ત રહે છે અને મહિલાઓને રોજિંદા આહારમાં બાજરી, રાગી, કઠોળ, લીલા શાકભાજી અને ફળોનો સમાવેશ કરવા પ્રોત્સાહિત કર્યા.સ્પર્ધામાં ભાગ લેનાર મહિલાઓએ ઘરે બનાવેલી વિવિધ પૌષ્ટિક વાનગીઓ રજૂ કરી હતી. આ કાર્યક્રમ દરમિયાન પોષણ, સ્વચ્છતા અને માતૃ-બાળ આરોગ્ય અંગે પણ ઉપસ્થિતોને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.કાર્યક્રમના અંતે, ભાવિકાબેન પટેલે આવા જનજાગૃતિના કાર્યક્રમના આયોજન બદલ આયોજકોનો આભાર માન્યો હતો.

# સંખેડા તાલુકાના બહાદરપુર ગામમાં ₹1.21 કરોડના ખર્ચે નવીન પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (PHC) ના નિર્માણ કાર્યનો પ્રારંભ થયો છે. આનાથી ગ્રામજનોને વધુ સારી આરોગ્ય સુવિધાઓ ઉપલબ્ધ થશે



રિપોર્ટર .કમલેશ પટેલ. સંખેડા.

આજે PHC ના નિર્માણ સ્થળે સળિયા, સિમેન્ટ અને અન્ય જરૂરી બાંધકામ સામગ્રી લાવીને કામગીરીની શરૂઆત કરવામાં આવી હતી. ગ્રામજનોએ આ વિકાસ કાર્યને આવકાર્યો છે. નવીન PHC માં આધુનિક સુવિધાઓ જેવી કે ઓપીડી, ઈમરજન્સી, લેબોરેટરી, પ્રસુતિ ખંડ અને દર્દીઓ માટે વેઈટિંગ રૂમની વ્યવસ્થા કરવામાં આવશે. આ કેન્દ્રનો સીધો લાભ આસપાસના 15 થી વધુ ગામોના લોકોને મળશે.સ્થાનિક આગેવાનોએ જણાવ્યું કે અત્યાર સુધી બહાદરપુર અને આજુબાજુના ગામના લોકોને નાની-મોટી સારવાર માટે સંખેડા કે વડોદરા જવું પડતું હતું. નવી PHC શરૂ થવાથી ગામમાં જ પ્રાથમિક સારવાર, રસીકરણ, માતૃ-બાળ આરોગ્ય સેવા અને 24 કલાક ઈમરજન્સી સુવિધા મળી શકશે, જેનાથી સમય અને પૈસા બંનેની બચત થશે. કામગીરી શરૂ થતા ગામના સરપંચ ભૌમિકભાઈ દેસાઈ સહિત મોટી સંખ્યામાં આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. ગ્રામજનોએ સરકાર અને આરોગ્ય વિભાગનો આભાર વ્યક્ત કર્યો હતો અને ઝડપથી કામ પૂર્ણ થાય તેવી અપેક્ષા રાખી હતી. તંત્ર દ્વારા ખાતરી આપવામાં આવી છે કે નક્કી કરેલ સમયમર્યાદામાં ગુણવત્તા સાથે કામ પૂર્ણ કરીને PHC નું લોકાર્પણ કરવામાં આવશે.


# હાસ્ય ના તડકા

"આ દુનિયા માં કંઈપણ સ્થાયી નથી હોતું માણસો ની પરેશાની પણ સ્થાયી નથી હોતી એટલે આપણે ખુશ રહેવું જોઈએ."
-ચાર્લી ચેપ્લિન.

આ વાત એકદમ સાચી છે માણસ નું જીવન એ જન્મ અને મૃત્યુ વચ્ચેની સફર માં વિતાવેલ નવ રસો થી ભરેલ મહા કુંભ જેવું હોય છે.કાલ ની ખબર નથી ને એના માટે આજ થી તૈયારી શું કામ? પરંતુ પ્રકૃતિ એ માણસ નો સ્વભાવ જ કાલ ની ચિંતા માં આજ ભૂલવા નો બનાવ્યો છે. દરેક મનુષ્યના સ્વભાવમાં શૃંગાર,હાસ્ય,કરુણ, રૌદ્ર, ભયાનક,વીર, શાંત,બીભત્સ, વીર કુલ નવ રસ હોય છે.આ નવ રસ માં જ આપણા જીવન ના અસ્તિત્વ નું સત્ય છુપાયેલું હોય છે. ઈશ્વર એ નવ રસ માંથી હાસ્ય રસ નું વરદાન માત્ર ને માત્ર મનુષ્ય ને જ આપ્યું છે. પ્રકૃતિ ના સર્જન માં આઠ રસ કણ કણ માં વ્યાપ્ત હોય છે પણ નવમો રસ હાસ્ય રસ એ પક્ષી,પશુ, જળચર, થળચર જીવ જંતુઓ વગેરે વગેરે માં નથી હોતા.ક્યારેય તમે પક્ષી અને પ્રાણીઓને માણસ ની જેમ તમે ખડખડાટ હસતા જોયા છે? કદાચ વિના કારણ રડી શકાય પણ વિના કારણ હસાવી ન શકાય.બીજા ને હસાવું એ ખૂબ અઘરું કામ છે. જે બીજા ના મુખ પર ખડખડાટ હાસ્ય લાવવું એ એક કળા છે. "તુમ ઈતના ક્યો મુસ્કુરા રહી હો,ક્યાં ગમ હૈ કે તુમ છુપા રહે હો.." સાચી વાત છે દરેક સફળ હાસ્ય કલાકાર નું જીવન બંધ કવર નું રહસ્ય હોય છે.જે રીતે અગ્નિ ની ભઠ્ઠી માંથી તપાવી ને ધાતુ સોનુ બને છે એ જ રીતે હાસ્ય રસ પણ અનેક સારા,ખરાબ અને કડવા અનુભવો ને સહન કર્યા બાદ જ પીરસી શકાય છે.મેરા નામ જોકર ફિલ્મ માં સર્કસ ના હાસ્ય કલાકાર જોકર જોક્સ બનાવી ને શ્રોતાઓ ને તો ખડખડાટ હસાવે છે પણ એની વેદના વિશે કોણ જાણે છે?

હાસ્ય એ દર્દ માંથી રાહત આપતી દવા છે.
ચાર્લી ચેપ્લિન.

ફેમસ હાસ્ય કલાકાર ચાર્લી ચેપ્લિન ના શો કાર્ટૂન નેટવર્ક ની માફક ફક્ત બાળકો માટે કે એ સર્ટિફિકેટ ની ફિલ્મો માફક ૨૧ વર્ષ ની ઉપર ના ઉંમર માટે નથી એના દરેક શો માં ખડખડાટ હાસ્ય ને ઉંમર ની દિવાલ સહેજ પણ સ્પર્શતી નથી.બ્લેક & વાઈટ ચાર્લી ચેપ્લિન શો ના હાસ્ય ને રંગીન ચશ્મા ની આવશક્તા નથી.



- રુપાલી દવે

માણસ નો સ્વભાવ એ બ્લેક & વાઈટ મા સુખ ના બદલે રંગીન દુઃખ માં જીવવું ગમે છે. એટલે જ એ વર્તમાન ને બદલે ભૂતકાળ ની ઘટના ને ભૂલી શકતો નથી.સારા અવસર માં ખુદ કરતા સગા સબંધીઓ અને મહેમાન ની પરવા વધારે માણસ ને સતાવતી હોય છે.આ કારણોસર જ પ્રસંગો ના આલ્બમ માં મહેમાનો ના ચહેરા વધારે ખિલખિલાટ હસતા આવતા હોય છે.

મારા આમને સામને બન્ને પડોશીઓ એ હર્નીયા નું ઓપરેશન કરાવ્યા ને લગભગ બે મહિના વીતી ગયા છે.આ બન્ને નું ઓપરેશન સાવ સરળ આધુનિક ટેક્નોલોજી થી થયું છે છતાંય બે માસ બાદ પણ પડોશણ



ની ફરિયાદ "ભાભી, થોડા સા ભી બેડ સે ઉઠ કર ચલી તો બહોત દર્દ હો રહા હૈ.." પડોશી નું કહેવું એમ છે કે ભાભી,ડોક્ટરે દૂરબીન થી ઓપરેશન કર્યું છે એટલે ટાંકા તો લીધા નથી છતાંય શ્રીમતિ જી ને દર્દ થાય છે સમજાતું નથી.પડોશણ ને સમજતા મારા પંચાતિયા સ્વભાવ ને ક્ષણ પણ ન લાગી પણ પડોશી ને બે માસ વીત્યા બાદ પણ "દર્દ" સમજાતું નથી.પતિ પત્ની ના સબંધો પ્રેમ ના બદલે ઋણાનું બંધન ના લીધે બન્યા હોય છે. જેવું ગયા જન્મ માં પુરુષ વાવે છે એવું એને બીજા જન્મ માં બૈરું મળે છે.મારી ફિલોસોફી સાંભળતા જ મારી દીદી હસી હસી ને લોટપોટ થતા બોલી કે રૂપલી,તું અને તારી વાતો માં લોકોની મિમિક્રી નું દર્શન થતા જ ખડખડાટ હસવું આવે છે,ક્યાંથી લાવે છે આ બધું? મેં મારી દીદી ને કીધું કે ૨૦૦૧ ના ધરતી કંપ એ આખા ગુજરાત ને ધ્રુજાવી દીધું હતું ને ત્યારે કદાચ ધરતી કંપ એ મારા શરીર ના બદલે મગજ ને વધારે ધ્રુજાવ્યુ હશે એમાં ને ક્કી ચાર્લી ચેપ્લિન નું ભૂત મને વળગી ગયું હશે.

આજકાલ હાસ્ય રસ ના ભૂત ને લીધે જ બેસણા માં જવાના બદલે ટેલીફોનિક ખરખરો કરી નાખું છું. બોલ, જ્યાર થી મેં બેસણા માં જવાનું બંધ કરી દીધું છે ને ત્યાર થી કેમ કરતા મરી ગયા ના? ની કેસેટ વગાડવા ના બદલે "શ્રી કૃષ્ણ શરણમ્" ની કેસેટ બેસણાં માં વાગવા લાગી છે. પુરુષ માણસ નો સ્વભાવ પર્યાપ્ત આનંદ માં ખુદ માં વધારે રાજી રહે છે.પત્ની ભૂલ થી મીઠું હાસ્ય વેરી ને થોડા વખાણ કરી નાખે ને તો દિલ ને બદલે પત્ની આગળ પાકીટ ખોલી નાખશે. એટલે જ પુરુષ ને પત્ની ને બાદ કરતા આજુ બાજુ વાળા ની પંચાત માં રસ નથી હોતો. બેસણા મેળાવડા ગ્રુપ માં બેઠેલ પત્ની ના નીકળે ત્યાં સુધી પતિ રીલ્સ ના સહારે વધારે જોવા મળે છે. બેસણા પ્રસંગ માં સ્ત્રી ગ્રુપ : શું થયું હતું? આમ આટલા જલદી જવાની ભાઈ ની ઉંમર નહતી,કેમ કરતા ચાલ્યા ગયા? બીચારા ભગવાન નું માણસ હતા બેત્રણ વાક્ય બાદ સાઈડ માં બેસી જાશે ને બીજું સ્ત્રી ગ્રુપ ઉપર વાળા પ્રશ્નો નો મારો ચલાવશે. "શ્રી કૃષ્ણ શરણમ્" ધૂન માં ધીમા સૂરે સ્ત્રીઓના સમૂહ ના ગણગણાટ "બીચારી એ લાઈફ ટાઈમ પતિ ની સેવા ખુદ ને ભૂલી ને કરી છે છતાંય જેવું હરિ ધારે એ જ થાયજોયું બીચારી સુકાઈ ને લાકડું બની ગઈ છે ને એની આંખો રડી રડી ને લાલ ચોળ થઈ ગઈ છે..બાપ રે બાપ ઘણી ગુમાવવા નું દુઃખ કોને કહે?..મારા ભગવાન આ દિવસો કોઈને ન દેખાડતો બાપ..સારું છે છોકરા છૈયા થાળે પડી ગયા છે પાંચ સાત વરસ પહેલા ગયા હોત તો..તો..બિચારી કોને સહારે જીવત?.." વગેરે વગેરે પંચાત ગોસીપ ના સુર બદલતા ખુરશી પર બેઠેલી વેવાણ નીચે બેસતા બોલી કે "સાવ ખોટા પસ્તાવવા ના આંસુડા સારે છે મારી દીકરી ના સસરા પર વેવાણ એ વીતાવવા માં બાકી રાખ્યું નથીહે!.હે!!લે,હોઈ નહી.. ના ના બેન અમે ભાઈ ની ખબર કાઢવા જતા ત્યારે તો તમારી વેવાણ જ ખાટલે બેઠી રહેતી હતી..".ત્યાં અચાનક અજાણી બૈરા મંડળી બેસણા માં એન્ટ્રી બાદ નજીક આવતા જ પૂછશે ને કે બોન,તમે શું થાવ આમના?.. વેવાણ છું મારી દીકરી નું સાસરું એટલે સાસરું કોઈ વાતની ખોટ નહી સાસુ એટલે શું વખાણ કરું? શબ્દો ખૂટશે.સસરા તો ભગવાન ના માણસ હતા સાવ સીધા સાદા ભોળિયા માણસ.." ..

વિશ્વ ના મોટાભાગ ના કલેશો એ સ્ત્રી પાત્રને સબંધિત જ હશે પણ સશસ્ત્ર સ્ત્રીઓ વતી રણમેદાન માં પુરુષો જ મેદાન માં ઉતરતા હોય છે. ભોળિયા શબ્દ પુરુષ ની બાબત માં બંધ બેસે છે પણ એના પર પત્નીઓ "નો કૉમેન્ટ્સ" બોલી ને હસ્તાક્ષર કરતા બચે છે,કેમ? સમજી જાવ.



# રોનાલ્ડોએ જ્યોર્જિનાને હીરાથી મઢી દીધી...!

## 718 કરોડના દાગીના પહેરી પાંચ બાળકોની હાજરીમાં 'સાદાઈ'થી લગ્ન કર્યાં; જે સ્ટોરમાં નોકરી કરી, તેના જ કપડાં પહેર્યાં

(એજન્સી) મુંબઈ | તા 20

છેલ્લા એક અઠવાડિયાથી સોશિયલ મીડિયા પર એક લગ્નની ચર્ચા જોરશોરથી થઈ રહી છે. મોટાભાગના સોશિયલ મીડિયા યુઝર્સ પ્રખ્યાત ફૂટબોલર ક્રિસ્ટિયાનો રોનાલ્ડો અને તેની ગર્લફ્રેન્ડ જ્યોર્જિના રોડ્રિગ્ઝેએ ઘરના બેઠક રૂમમાં સાદગીથી કરેલા લગ્નને ખોબલેને ખોબલે વધાવી રહ્યા છે. જોકે, વાસ્તવિકતા એ છે કે, સાદગીપૂર્ણ લાગતા આ લગ્ન પાછળ અબજો રૂપિયાનો ખર્ચ થયો છે. રિપોર્ટ્સ અનુસાર જ્યોર્જિનાએ લગ્નમાં અંદાજે 7.18 અબજની રેર જ્વેલરી પહેરી હતી. સાથે જ બંનેના કપડાં પણ ગુચ્ચી બ્રાન્ડના હતા.

વર્લ્ડ ફેમસ પોર્ટુગીઝ ફૂટબોલર ક્રિસ્ટિયાનો રોનાલ્ડો અને આર્જેન્ટાઇન-સ્પેનિશ મોડલ જ્યોર્જિયા રોડ્રિગ્ઝે 11 ઓગસ્ટ 2026ના રોજ લગ્ન કર્યાં. છેલ્લા 10 વર્ષથી સાથે રહેતા રોનાલ્ડો અને જ્યોર્જિયાના 4 બાળકો છે. બંનેએ પોતાના 4 બાળકો અને રોનાલ્ડોના દીકરાની હાજરીમાં પોતાના પોર્ટુગીઝ સ્થિત ઘરના લિવિંગ રૂમમાં લગ્ન કર્યાં.

તાજેતરમાં કેટલાક રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવ્યો છે કે, આ સાદગીપૂર્ણ લાગતા લગ્નમાં જ્યોર્જિના રોડ્રિગ્ઝે $75 મિલિયન એટલે કે અંદાજે 7.18 અબજના ઘરેણાં પહેર્યાં હતાં. ઉપરાંત જ્યોર્જિનાએ ગુચી બ્રાન્ડનો એક ખાસ સૂટ પહેર્યો હતો, જેમાં તેણે મેડ્રિડના એ બુટિકને ટ્રિબ્યુટ આપ્યું હતું, જ્યાં કપલ 10 વર્ષ અગાઉ પહેલીવાર મળ્યું હતું.

વાસ્તવમાં કન્ટેન્ટ ક્રિએટર જુલિયા ચાફે એક વીડિયો શેર કર્યો, જેમાં તેણે જ્યોર્જિનાની જ્વેલરી વિશે વિસ્તૃત વાત કરી. તેણે દાવો કર્યો કે, 'જ્યોર્જિના રોડ્રિગ્સે તેના લગ્ન માટે $75 મિલિયનની ચોપાર્ડ હાઈ જ્વેલરી પહેરી હતી.' જુલિયાએ ઘરેણા વિશે વાત કરતા કહ્યું કે, 'જ્યોર્જિનાએ લગ્ન દરમિયાન પહેરેલાં આ દાગીના ચોપાર્ડના પ્રખ્યાત 'ગાર્ડન ઓફ કલાહારી' કલેક્શનમાંથી છે, જે કલેક્શન અગાઉ વિશ્વ પ્રસિદ્ધ અમેરિકન સિંગર બિયોન્સ અને અંબાણી પરિવાર સાથે મૈત્રીપૂર્ણ સંબંધ ધરાવતી રિહાનાએ પહેર્યું હતું.'

ઘરેણાના મુખ્ય આકર્ષણ વિશે વાત કરતા જુલિયાએ જણાવ્યું કે, 'જ્વેલરીનું મુખ્ય આકર્ષણ તેમાં રહેલા 3 હીરા હતા, જેમાં 50 કેરેટનો મુખ્ય હીરો, 25 કેરેટનો પેર શેપ હીરો અને 26 કેરેટનો હાર્ટ શેપ હીરો હતો. આ કલેક્શનની સૌથી મહત્ત્વની વાત એ છે કે, આ ત્રણેય પેન્ડન્ટ્સને અલગ કરી શકાય છે. જ્યોર્જિયાએ વેડિંગ ડે પર માત્ર 50 કેરેટનો ગોળ હીરો જ પહેરવાનું પસંદ કર્યું.

'જ્યોર્જિના વેડિંગ ડ્રેસની પાછળ પણ એક રસપ્રદ સ્ટોરી છે. વાસ્તવમાં ઓગસ્ટ 2016માં જ્યારે રોનાલ્ડો પોતાના ફૂટબોલ કરિયરની ટોચ પર હતો, ત્યારે તે તેના 6 વર્ષના દીકરા ક્રિસ્ટિયાનો જુનિયર સાથે સ્પેનના મેડ્રિડના કાલે સેરાનો સ્થિત ગુચી સ્ટોરમાં ગયો હતો. તે સમયે જ્યોર્જિના 22 વર્ષની હતી. તે ત્યારે ઈંગ્લેન્ડથી સ્પેન પરત ફરી હતી.

તેણે ગુચી સ્ટોરમાં સેલ્સ આસિસ્ટન્ટ તરીકે નોકરી શરૂ કરી હતી. જે દિવસે રોનાલ્ડો સ્ટોરમાં આવ્યો, તે દિવસે જ્યોર્જિનાની ડ્યુટી નહોતી. પણ તેના મિત્રની અવેજીમાં તે એ દિવસે કામ પર આવી હતી. બાદમાં બંને વચ્ચે પહેલી નજરનો પ્રેમ થયો અને 10 વર્ષ રિલેશનશિપમાં રહ્યા બાદ બંનેએ એ જ તારીખે લગ્ન કર્યાં.

**ગુચીના કપડાં પહેરી કપલે પહેલી મુલાકાત યાદ કરી** આ ખાસ દિવસને વધુ ખાસ બનાવવા માટે બંનેએ ગુચીના કપડાં પહેરવાનું નક્કી કર્યું. જ્યોર્ડિનાએ વ્હાઈટ સિલ્ક ફેઈલ સ્કર્ટ સૂટ અને મેચિંગ સેટિન શૂઝ પહેર્યા હતા, જેના પર સિગ્નેચર સિલ્વર હોર્સબિટ ડિટેઈલિંગ હતી, જ્યારે રોનાલ્ડોએ કસ્ટમ બેજ કોટન સૂટ અને કસ્ટમ લોફર્સ પહેર્યા હતા. ગુચીએ કપલ ઉપરાંત તેમના પાંચેય બાળકોના પણ કપડાં અને જૂતા ડિઝાઈન કર્યા. ગુચીના આર્ટિસ્ટિક ડિરેક્ટર ડેમ્નાએ વોગ સાથેની વાતચીતમાં કહ્યું કે, 'જે ક્ષણે તેમની લવ સ્ટોરી મેડ્રિડના ગુચી સ્ટોરમાં શરૂ થઈ હતી, તેને ધ્યાનમાં રાખીને આ ખાસ ક્ષણે જ્યોર્જિના અને ક્રિસ્ટિયાનોને ડ્રેસ-અપ કરવા મારા માટે ખૂબ જ ખાસ અનુભવ હતો. તેમાં એક અદભુત રોમેન્ટિક લાગણી છે- એક સુંદર વર્તુળ પૂર્ણ થવા જેવું છે, જાણે કોઈ આધુનિક સમયની પરિકથા હોય.' જ્યોર્જિનાએ વોગ સાથેની વાતચીતમાં જણાવ્યું કે, તેઓ ફરી પરિવાર અને સ્વજનોની હાજરીમાં ધામધૂમથી લગ્ન કરશે. આ લગ્ન તેમના 10 વર્ષના રિલેશનશિપની ઉજવણી કરવા માટે ખાસ હતા.

# ગુજરાન ચલાવવા રણદીપ હુડ્ડા સેક્સ વર્કર બનવા નીકળ્યો

## નેપાળની જેલમાં 'બિકીની કિલર'ને મળ્યો, ડિરેક્ટરને લીધે કરિયર અટક્યું; સખાવતી કાર્યોથી દિલ જીત્યા

(એજન્સી) મુંબઈ | તા 20

બોલિવૂડના સંવેદનશીલ કલાકારોમાંનો એક રણદીપ હુડ્ડા આજે 50 વર્ષનો થયો છે. પડદા પર પોતાની દમદાર એક્ટિંગ અને ગંભીર પાત્રોથી ઓળખ બનાવનાર રણદીપના વાસ્તવિક જીવનનું એક પાસું માનવતાથી ભરેલું પણ છે. જ્યારે પણ દેશના કોઈ ખૂણામાં આફત આવી કે લોકો મુશ્કેલીમાં દેખાયા, રણદીપ ગ્લેમરસ દુનિયાથી દૂર જમીની સ્તરે મદદ માટે સૌથી આગળ ઊભેલા જોવા મળ્યો.

તાજેતરમાં આસામમાં આવેલા ભયાનક પૂર દરમિયાન પણ રણદીપ હુડ્ડાનો આ જ માનવીય ચહેરો જોવા મળ્યો. જ્યારે પૂરના પાણીએ આસામના ઘણા વિસ્તારોને ડુબાડી દીધા, ત્યારે રણદીપ સોશિયલ મીડિયા પર ફક્ત દુઃખ વ્યક્ત કરીને અટક્યો નહીં. તે સીધો આસામના શિવસાગર જિલ્લામાં પહોંચ્યો. અહીં તે પોતે પાણીમાં ઉતર્યો અને પીડિતોને રાહત સામગ્રીનું વિતરણ કર્યું. રેલવે સ્ટેશન પર બનાવેલા રાહત કેમ્પમાં રહેતા પીડિત પરિવારો વચ્ચે પહોંચીને તેણે ભોજન પીરસ્યું અને લંગરની વ્યવસ્થા સંભાળી.

રણદીપ હુડ્ડાનું રાહત કાર્યોમાં જોડાણ તાજેતરની ઘટના સુધી સીમિત નથી. તે લાંબા સમયથી સંકટના સમયે જમીની સ્તરે સેવા કરતા આવ્યા છે. 2018માં જ્યારે કેરળ (હવે કેરલમ) ભયાનક પૂરની ઝપેટમાં હતું અને લાખો લોકો બેઘર થઈ ગયા હતા, ત્યારે રણદીપ સીધા કેરળ (હવે કેરલમ)ના પૂર પ્રભાવિત વિસ્તારોમાં પહોંચ્યો હતો. ખાલસા એડ સંસ્થા સાથે મળીને, તેણે રાહત શિબિરોમાં હજારો લોકો માટે રસોઈ બનાવવાથી લઈને વહેંચવા સુધીનું કામ કર્યું હતું. મોટા વાસણોમાં ભોજન બનાવતા અને પૂર પીડિતોને ભોજન પીરસતા તેની તસવીરો પણ સામે આવી હતી. કેરલમ પછી, વર્ષ 2019 માં જ્યારે મહારાષ્ટ્રનો નાસિક જિલ્લો ભયંકર દુષ્કાળની ઝપેટમાં હતો, ત્યારે પણ રણદીપ રાહત લઈને પહોંચ્યો હતો. નાસિકના વેલે ગામમાં પરિસ્થિતિ એટલી ગંભીર હતી કે પીવાના પાણીના કૂવા સંપૂર્ણપણે સુકાઈ ગયા હતા અને ગ્રામજનો ટીપે ટીપે પાણી માટે તરસતા હતા. રણદીપ પોતે તે ગામમાં પહોંચ્યો, પરિસ્થિતિનો તાગ મેળવ્યો અને દુષ્કાળનો સામનો કરી રહેલા ગ્રામજનો માટે દરરોજ 25 થી 30 પાણીના ટેન્કરોની વ્યવસ્થા કરાવી.

રણદીપ હુડ્ડા માત્ર કુદરતી આફતોમાં જ નહીં, પરંતુ પર્યાવરણ અને વન્યજીવોની સુરક્ષા માટે પણ સક્રિય રહ્યો છે. મુંબઈના વર્સોવા બીચ અને મીઠી નદીના સફાઈ અભિયાનમાં તે સતત પર્યાવરણ કાર્યકર અફરોઝ શાહ સાથે ઊભો રહ્યો. વીકએન્ડ્સ પર જ્યારે અન્ય બોલિવૂડ સેલિબ્રિટીઝ પાર્ટીઓમાં વ્યસ્ત રહેતા હતા, ત્યારે રણદીપ સવારે-સવારે વર્સોવા બીચ પર ગ્લવ્ઝ પહેરીને કચરો અને પ્લાસ્ટિક ઉપાડતો જોવા મળતો હતો.

પર્યાવરણ પ્રત્યેના તેના આ જ કાર્યને ધ્યાનમાં રાખીને સંયુક્ત રાષ્ટ્ર (યુએન) એ તેને 'જલીય પ્રવાસી પ્રજાતિઓના સંરક્ષણ' (CMS) માટે પોતાના બ્રાન્ડ એમ્બેસેડર બનાવ્યો હતો. તે પોતે જણાવે છે કે, તેને બાળપણથી જ પ્રાણીઓ અને પ્રકૃતિ પ્રત્યે ઊંડો લગાવ રહ્યો છે. તેણે ઘણા ઘોડાઓને દત્તક લીધા છે અને વાઘ સંરક્ષણ અભિયાનોમાં પણ તે સક્રિય ભૂમિકા ભજવે છે. માનવતા અને સમાજ સેવાનો આ જુસ્સો રણદીપને તેના પરિવાર તરફથી વારસામાં મળ્યો છે. તેના પિતા ડૉક્ટર અને માતા આશા હુડ્ડા એક જાણીતા સોશિયલ વર્કર છે. રણદીપનું માનવું છે કે, બાળપણમાં માતાને બીજાની મદદ કરતા જોઈને જ તેનામાં પણ જરૂરિયાતમંદો પ્રત્યે આ સંવેદનશીલતા ઊભી થઈ.

ખર્ચ કાઢવા માટે મેલ સેક્સ વર્કર બનવા નીકળ્યો શાળાનો અભ્યાસ પૂરો કર્યા પછી ઉચ્ચ શિક્ષણ માટે રણદીપ હુડ્ડા ઓસ્ટ્રેલિયાના મેલબોર્ન ગયો. ત્યાં તેણે માર્કેટિંગમાં બેચલરની ડિગ્રી લીધી અને ત્યારબાદ બિઝનેસ મેનેજમેન્ટ અને હ્યુમન રિસોર્સમાં માસ્ટર્સનો અભ્યાસ પૂરો કર્યો. જોકે, ઓસ્ટ્રેલિયામાં તેના દિવસો ઘણી મુશ્કેલીઓમાં વીત્યા. પોકેટ મની કાઢવા અને પોતાના અભ્યાસનો ખર્ચ ઉઠાવવા માટે તેણે ત્યાં ઘણા નાના-મોટા કામ કર્યા.

રણદીપે ઓસ્ટ્રેલિયામાં રેસ્ટોરન્ટમાં વાસણ ધોયા, વેટરનું કામ કર્યું, કાર વોશિંગ સેન્ટરમાં ગાડીઓ ધોઈ અને મોડી રાત સુધી ટેક્સી પણ ચલાવી. સંઘર્ષ એટલો વધી ગયો હતો કે એક સમયે પૈસાની સખત અછતને કારણે તેણે જિગોલો (મેલ સેક્સ વર્કર) બનવા વિશે પણ ગંભીરતાથી વિચાર્યું હતું.

મિડ-ડેને આપેલા એક ઈન્ટરવ્યુમાં રણદીપે ખુલાસો કર્યો હતો કે, તેણે જિગોલો બનવા માટે ત્યાં પ્રયાસ પણ કર્યો હતો. એક એજન્ટે તેને એક કપલને સર્વિસ આપવા માટે કહ્યું, તો તેણે ના પાડી દીધી.



મીરા નાયરે રણદીપને તેમની આગામી ફિલ્મ 'મોન્સૂન વેડિંગ' (2001)ના ઓડિશન માટે બોલાવ્યો. ઓડિશનમાં રણદીપનું કામ પસંદ આવ્યું અને તેને NRI સંબંધી રાહુલ ચઢ્ઢાના પાત્રમાં કાસ્ટ કરવામાં આવ્યો. આ રીતે, વર્ષ 2001માં રણદીપ હુડ્ડાએ બોલિવૂડમાં પોતાનું પહેલું પગલું ભર્યું. 35 હજાર રૂપિયાનો કોન્ટ્રાક્ટ કર્યો, 4 વર્ષ સુધી કામ ન મળ્યું 'મોન્સૂન વેડિંગ' પછી રણદીપને આશા હતી કે તેને બોલિવૂડમાં કામ મળવા લાગશે, પરંતુ તેની કારકિર્દીમાં એક મોટો અવરોધ આવ્યો. તે દરમિયાન, પ્રખ્યાત ડિરેક્ટર રામગોપાલ વર્માએ રણદીપનું એક નાટક જોયું અને તેનાથી પ્રભાવિત થઈને તેને પોતાની ફિલ્મ 'ગેંગસ્ટર' માટે સાઈન કરી લીધો.

રામગોપાલ વર્માએ રણદીપ સાથે દર મહિને 35,000 રૂપિયાનો એક એક્સક્લુઝિવ કોન્ટ્રાક્ટ સાઈન કરાવ્યો. શરત એ હતી કે જ્યાં સુધી રામગોપાલ વર્માની ફિલ્મ પૂરી ન થાય ત્યાં સુધી રણદીપ કોઈ બીજા બેનરની ફિલ્મમાં કામ કરી શકશે નહીં. પરંતુ સ્ક્રિપ્ટિંગ અને પ્રોડક્શનને કારણે તે ફિલ્મ ટળતી ગઈ. આ રાહ એક-બે મહિના નહીં, પરંતુ પૂરા ચાર વર્ષ લાંબી ચાલી.



# ગોવિંદા-સુનીતાના છૂટાછેડા નહીં થાય

## સતત ઝઘડા પછી આજે કેસ પાછો ખેંચ્યો, દીકરો યશવર્ધન માતાની ઢાલ બન્યો; સુનીતા કોર્ટની બહાર પાપારાઝી પર ભડકી

(એજન્સી) મુંબઈ | તા 20

ગોવિંદાની પત્ની સુનીતા આહુજા અને તેનો દીકરો યશવર્ધન બુધવારે મુંબઈમાં ફેમિલી કોર્ટમાંથી બહાર નીકળતા જોવા મળ્યા. બંનેની કોર્ટમાં હાજરીએ લોકોનું ધ્યાન ખેંચ્યું.

ગોવિંદાના મેનેજર શશિ રંજને કહ્યું કે, 'સુનીતા આહુજાએ ગોંવિદાની વિરુદ્ધ દાખલ કરેલી છૂટાછેડાની અરજી પાછી ખેંચી લીધી છે.' શશિના મતે, હવે બધું ઠીક છે અને બંને વચ્ચે બધું સામાન્ય થવાની અપેક્ષા છે.' તેમણે પાછલા 2 વર્ષના ઘટનાક્રમને લઈને કહ્યું કે, 'આ સમય સારો રહ્યો નથી.'

કોર્ટની બહારનો એક વીડિયો સામે આવ્યો છે, જેમાં પાપારાઝીએ સુનીતા અને તેના દીકરાને પ્રશ્ન કર્યો કે, 'કોર્ટમાં શું થયું?' જેના પર દીકરા યશવર્ધન આહુજાએ કહ્યું, 'કંઈ થયું નથી. જવા દો.' યશ પોતાની માતાને કેમેરાથી બચાવતો કાર સુધી લઈ ગયો.

તે જ સમયે, કારમાં બેસતા પહેલા સુનીતાએ ગુસ્સે થઈને કહ્યું, 'બર્થડે મનાવવા ગયા હતા.' આ પછી તે કારમાં બેસીને ચાલ્યા ગયા. નોંધનીય છે કે, સુનીતા આહુજાએ ડિસેમ્બર 2024માં ગોવિંદા વિરુદ્ધ બાંદ્રા ફેમિલી કોર્ટમાં છૂટાછેડા માટે અરજી દાખલ કરી હતી. જ્યારે, આ સમાચાર ગયા વર્ષે ઓગસ્ટ મહિનામાં સામે આવ્યા હતા, જ્યારે હોટરફ્લાઈએ તેના રિપોર્ટમાં કહ્યું હતું કે, સુનીતાએ હિંદુ મેરેજ એક્ટ 1955ની કલમ 13 (1) (i), (ia), (ib) હેઠળ છૂટાછેડા માટે અરજી કરી છે. અરજીમાં તેણે ગોવિંદા પર ક્રૂરતા, બેવફાઈ અને ત્યાગ જેવા ગંભીર આરોપો લગાવ્યા છે. સંપૂર્ણ સમાચાર અહીં વાંચો...

તાજેતરમાં ગોવિંદા તેની આગામી કમબેક ફિલ્મ 'રૂપા'ની કો-એક્ટ્રેસ કોમલ રાણી સ્વર્ણકાર સાથે અવારનવાર જોવા મળી રહ્યો છે. આ અંગે સુનીતાએ કહ્યું હતું કે, 'ગોવિંદા પોતાની દીકરીની ઉંમરની છોકરીને લઈને ફરી રહ્યો છે અને તેને આ વાત પર થોડી શરમ આવવી જોઈએ.'

સુનીતા આહુજાએ ગોવિંદા સાથે દેખાયેલી એક્ટ્રેસ કોમલના ડ્રેસિંગ સેન્સ પર પણ ટિપ્પણી કરી. તેણે કહ્યું કે, 'જો સામેવાળાનો શુગર ડેડી એટલો અમીર છે, તો ઓછામાં ઓછા કપડાં તો યોગ્ય પહેરવા જોઈએ.'

સુનીતાએ આગળ કહ્યું હતું કે, 'માણસનું પોતાનું એક સ્ટાન્ડર્ડ હોવું જોઈએ.'

એક્તા કપૂરે નાગિન ફિલ્મ બનાવવાની જાહેરાત કરતાં જ હિરોઈન અંગે અટકળો શરૂ થઈ છે. મુંબઈમાં નાગપંચમીના દિવસે ઈન્સ્ટાગ્રામ પર વીડિયો શેર કરતા તેમણે જણાવ્યું કે, 11 વર્ષ સુધી ટીવી પર રાજ કર્યા બાદ હવે બાલાજી ટેલિફિલ્મ્સ આ ફ્રેન્ચાઈઝીને મોટા પડદે લાવવા તૈયાર છે. મૌની રોય, સુરભિ જ્યોતિ અને નિયા શર્મા જેવી અભિનેત્રીઓએ ટીવી પર નાગિનની ભૂમિકા ભજવી છે. હવે ફિલ્મમાં કોણ નાગિન બનશે તેના પર સૌની નજર છે.

# એક્તા કપૂર હવે ટીવીને બદલે મોટા પડદા માટે નાગીન ફિલ્મ બનાવશે...

મુંબઈ : એક્તા કપૂરે નાગિન ફિલ્મ આવી રહી હોવાના સંકેતો આપ્યા છે. એક્તાએ તેની ટીવી સિરિયલ્સમાં નાગિનની ભૂમિકાઓ ભજવનારી વિવિધ એક્ટ્રેસીસના શોટ ભેગાં કરેલી બનાવેલો વિડિયો શેર કરી જણાવ્યું હતું કે કશુંક વધુ રોમાંચક આવી રહ્યું છે. હેપી નાગપંચમી.

એક્તાએ નાગપંચમીના દિવસે ઈન્સ્ટા પર વિડિયો શેર કરી જણાવ્યું હતું કે નાગિને ૧૧ વર્ષ ટીવીના નાના પડદે રાજ કર્યું છે. હવે બાલાજી ટેલિફિલ્મ્સ લિ. આ ફ્રેન્ચાઈઝીને ટીવીની પણ પેલે પાર લઈ જવા તૈયાર છે. એક્તા કપૂર નાગિન ફિલ્મમાં મુખ્ય ભૂમિકા માટે કોને પસંદ કરે છે તેના પર બધાની નજર છે.

૨૦૨૫ માં પહેલીવાર નાગિન ટીવી શ્રેણી રજૂ થઈ ત્યારે મૌની રોય અને અર્જુન બિજલાનીની જોડી તેમાં હતી. એ પછી ત્રીજી સીઝનમાં સુરભિ જ્યોતિ નાગિન બની હતી. જ્યારે ચોથી સીઝનમાં નિયા શર્મા નાગિન બની હતી પણ કોરોના મહામારીને કારણે સિરિયલ અચાનક બંધ કરી દેવી પડી હતી.

# મારી જવાની-બેડરૂમના સપના જોવાનું બંધ કરો!

## બાબા રામદેવ પર ભડકી કંગના રનૌત; 'ગટર જનરેશન' વિવાદ મુદ્દે ટિપ્પણીથી નારાજ, બાબાને સુપ્રીમ કોર્ટની ફટકાર યાદ અપાવી...

(એજન્સી) મુંબઈ | તા 20

બોલિવૂડ અભિનેત્રી અને ભાજપના સાંસદ કંગના રનૌતે યોગગુરુ બાબા રામદેવ સામે આક્રમક વલણ અપનાવ્યું છે. તાજેતરમાં કંગનાએ દેશની Gen Z પેઢીને 'ગટર જનરેશન' કહી હતી, જેના પર બાબા રામદેવે વિરોધ નોંધાવ્યો હતો અને અભિનેત્રીના ભૂતકાળ તેમજ અંગત જીવન પર સવાલો ઉઠાવ્યા હતા. હવે આ નિવેદનનો પલટવાર કરતા કંગનાએ સોશિયલ મીડિયા પર આકરા પ્રહારો કર્યા છે.

કંગના રનૌતે પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર એક લાંબી નોટ શેર કરીને બાબા રામદેવ પર સીધો પ્રહાર કર્યો છે. તેમણે લખ્યું, 'બાબાજી, મારી જવાની કે બેડરૂમ વિશે દિવસે સપના જોવાનું બંધ કરો. કોઈ વ્યક્તિ માત્ર અફવાઓ અને પંચાતના આધારે જ અંદાજ લગાવી શકે છે.'

કંગનાએ પતંજલિ સાથે જોડાયેલા વિવાદો અને સુપ્રીમ કોર્ટની કાર્યવાહીનો ઉલ્લેખ કરતા આગળ કહ્યું કે, 'ઓછામાં ઓછું મને ક્યારેય સુપ્રીમ કોર્ટ તરફથી નકલી કે ફ્રોડ મેડિકલ દાવાઓ માટે ફટકાર નથી પડી. આ વાત પાક્કા તથ્યો પર આધારિત છે, કોઈ પંચાત કે અંદાજા પર નહીં. એટલા માટે મને ચારિત્ર્ય વિશે શીખવવાનો પ્રયાસ ન કરો. મારું ચારિત્ર્ય તમારા કરતાં ઘણું સારું છે અને અહીં કોઈ ધોખાધડી નથી.'

શું હતો સમગ્ર વિવાદ? આ સમગ્ર વિવાદની શરૂઆત બાબા રામદેવના એક ઈન્ટરવ્યુથી થઈ હતી. જ્યારે તેમને કંગનાના Gen-Zને 'ગટર જનરેશન' કહેવાના નિવેદન વિશે સવાલ પૂછવામાં આવ્યો ત્યારે તેમણે કંગનાના ભૂતકાળ પર ટિપ્પણી કરી હતી. રામદેવે કહ્યું હતું કે, 'તેમનું બાળપણ કેવું રહ્યું છે? તેમની જવાની કેવી રહી છે? તેમના અગાઉના કારનામા કેવા રહ્યા છે? હું આવા લોકો વિશે વાત કરવા માંગતો નથી.'

બાબા રામદેવે કંગનાના નિવેદનની સખત નિંદા કરતા કહ્યું હતું કે દેશના યુવાનો માટે આવા શબ્દોનો ઉપયોગ કરવો બિલકુલ અયોગ્ય છે. તેમણે કહ્યું કે દેશના યુવાનોને ગટર કહેવું એ બગડેલી માનસિકતાની નિશાની છે અને કંગનાની પાર્ટી (BJP)ના વરિષ્ઠ લોકોએ આ નિવેદનની નોંધ લેવી જોઈએ.

# જિંદગી ના મિલેગી દોબારા ટુ બની રહી હોવાનું કન્ફર્મ...





મુંબઈ : ૨૦૧૧માં આવેલી હૃતિક, અભય દેઓલ તથા ફરહાન અખ્તર અને કેટરિના કૈફની હીટ ફિલ્મ 'જિંદગી ના મિલેગી દોબારા' ફિલ્મને પદર વર્ષ થયા તે નિમિત્તે એક ફિલ્મોત્સવમાં વાત કરતાં ઝોયા અખ્તરે ફિલ્મની સિક્વલ આવી રહી હોવાનું જણાવ્યું હતું.

ઝોયાએ જણાવ્યું હતું કે તે રીમા કાગતી સાથે મળી આ સિક્વલની સ્ટોરી ડેવલપ કરી રહી છે. જોકે, ઝોયાએ કાસ્ટિંગ કે પછી શૂટિંગ શિડયૂલ વિશે હાલ કોઈ માહિતી આપી નથી. ઝોયાએ જણાવ્યું હતું કે ફિલ્મના પાત્રો તેમની જિંદગીના વિવિધ તબક્કે પહોંચ્યા હોય અને તેમની સ્ટોરી રસપ્રદ બની રહેશે તો જ પ્રોજેક્ટ આગળ વધશે. જો અમને લાગશે કે બધું બરાબર છે અને આ પાત્રોને આજે મળવાની મજા આવશે તો અમે આગળ વધીશું.દરમ્યાન ઝોયાએ ફોડ પાડયો હતો કે ફિલ્મમાં નતાશાનું પાત્ર ભજવનાર કલ્કિ કોચલીન ફિલ્મની ખલનાયિકા નહોતી. 'જિંદગી ના મિલેગી દોબારા' ફિલ્મનું નિર્માણ એક્સલ એન્ટરટેઈનમેન્ટ દ્વારા ૪૫ કરોડ રૂપિયાના બજેટમાં કરવામાં આવ્યું હતું. સ્પેન, ભારત અને યુકેમાં શૂટ કરવામાં આવેલી આ ફિલ્મ બોક્સ ઓફિસ પર ૧૫૩ કરોડ રૂપિયા રળી હીટ નીવડી હતી.

એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

# ટેસ્ટ ક્રિકેટમાં રવીન્દ્ર જાડેજાના નામે શરમજનક રેકોર્ડ

● વર્ષ 2021થી સૌથી વધુ નો-બોલ ફેંકનાર સ્પિનર બન્યા



(એજન્સી) નવી દિલ્હી । તા. 20

ભારતીય ક્રિકેટ જગતમાંથી એક રસપ્રદ અને આશ્ચર્યજનક સમાચાર સામે આવ્યા છે. પોતાની અતિશય ઝડપી ઓવરો ફેંકવા માટે જાણીતા ભારતના સ્ટાર ઓલરાઉન્ડર રવીન્દ્ર જાડેજાના નામે ટેસ્ટ ક્રિકેટમાં એક અણગમતો અને શરમજનક રેકોર્ડ નોંધાયો છે. સામાન્ય રીતે જે બોલર પોતાની ઓવરો ગણતરીની મિનિટોમાં પૂરી કરી લેવા માટે પ્રખ્યાત છે, તે જ ખેલાડી છેલ્લા કેટલાક વર્ષોમાં સૌથી વધુ નો-બોલ ફેંકવાના મામલે વિશ્વના તમામ સ્પિનરોમાં મોખરે પહોંચી ગયો છે.

પ્રાપ્ત થતી વિગતો અનુસાર, વર્ષ 2021 થી અત્યાર સુધીના આંકડાઓ પર નજર કરવામાં આવે તો ટેસ્ટ ક્રિકેટમાં સ્પિન બોલર તરીકે સૌથી વધુ નો-બોલ ફેંકવાનો રેકોર્ડ રવીન્દ્ર જાડેજાના નામે જ બોલે છે. ભારતીય ખેલાડી જાડેજાએ આ સમયગાળા દરમિયાન કુલ 84 નો-બોલ ફેંક્યા છે અને આ યાદીમાં તે પ્રથમ સ્થાને બિરાજમાન છે. આ યાદીમાં બીજા ક્રમે પાકિસ્તાનના સ્પિનર નૌમાન અલી છે, જેમણે 40 નો-બોલ ફેંક્યા છે. જો સરખામણી કરવામાં આવે તો રવીન્દ્ર જાડેજા દ્વારા ફેંકવામાં આવેલા નો-બોલની સંખ્યા બીજા ક્રમના ખેલાડી કરતા બમણાથી પણ વધુ છે. અન્ય ખેલાડીઓમાં શ્રીલંકાના લસિથ એમ્બુલદેનિયા (33 નો-બોલ) અને ઈંગ્લેન્ડના જેક લીચ (19 નો-બોલ) નો સમાવેશ થાય છે. ઝડપથી ઓવર પૂરી કરવાના ચક્કરમાં લાઈન અને લેન્થ પરનું નિયંત્રણ ચૂકી જવાના કારણે આ રેકોર્ડ જાડેજાના ખાતામાં ગયો છે.

# આઈસીસી ટેસ્ટ રેન્કિંગમાં મોટો ફેરફાર અને ઉલટફેર



(એજન્સી) દુબઈ । તા. 20

આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ (ICC) દ્વારા ટેસ્ટ ક્રિકેટ ખેલાડીઓની નવી અને અપડેટ કરવામાં આવેલી રેન્કિંગ જાહેર કરવામાં આવી છે. આ વખતે બહાર આવેલી રેન્કિંગમાં બેટિંગ ક્ષેત્રે જબરદસ્ત ઉથલપાથલ જોવા મળી છે. લાંબા સમયથી ટેસ્ટ ક્રિકેટમાં નંબર વનનું સિંહાસન સંભાળી રહેલા ઓસ્ટ્રેલિયાના સ્ફોટક બેટ્સમેન ટ્રેવિસ હેડનો તાજ છીનવાઈ ગયો છે, જ્યારે ઈંગ્લેન્ડના યુવા અને ડાબા હાથના ખેલાડીએ શાનદાર છલાંગ લગાવીને શિખર સર કરી લીધું છે. ઈંગ્લેન્ડના વિસ્ફોટક બેટ્સમેન હેરી બ્રુકે આઈસીસી ટેસ્ટ રેન્કિંગમાં શાનદાર પ્રદર્શનના આધારે પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી લીધું છે. હેરી બ્રુક હાલમાં 852 ની શાનદાર રેટિંગ સાથે દુનિયાના નંબર 1 ટેસ્ટ બેટ્સમેન બની ગયા છે. આ સાથે જ ઈંગ્લેન્ડના ટેસ્ટ કેપ્ટન જો રૂટને પણ એક સ્થાનનો ફાયદો થયો છે અને તેઓ 840 ની રેટિંગ સાથે બીજા ક્રમે પહોંચી ગયા છે. ઓસ્ટ્રેલિયાના અનુભવી બેટ્સમેન સ્ટીવ સ્મિથ 833 ની રેટિંગ સાથે ત્રીજા સ્થાન પર આવી ગયા છે.

જ્યારે લાંબા સમયથી નંબર વન સ્થાન પર કબ્જો જમાવીને બેઠેલા ઓસ્ટ્રેલિયાના ટ્રેવિસ હેડને રેન્કિંગમાં મોટું નુકસાન વેઠવું પડ્યું છે. રેટિંગ્સના ઘટાડાના કારણે તેઓ સીધા ત્રણ સ્થાન સરકીને ચોથા નંબર પર આવી ગયા છે, અને તેમની રેટિંગ 819 રહી ગઈ છે. આ ઉપરાંત, સાઉથ આફ્રિકાના ટેસ્ટ કેપ્ટન ટેમ્બા બાવુમા 775 ની રેટિંગ સાથે પાંચમા સ્થાન પર યથાવત છે.

આ નવી રેન્કિંગમાં ભારતીય ક્રિકેટ ટીમની વાત કરીએ તો, ભારતીય બેટ્સમેનોની સ્થિતિ હાલમાં સુરક્ષિત અને યથાવત રહી છે. ભારતીય ટીમના કેપ્ટન શુભમન ગિલ 743 ની રેટિંગ સાથે સાતમાં સ્થાન પર અકબંધ છે, જ્યારે સ્ટાર ઓપનર યશસ્વી જયસ્વાલ 733 ની રેટિંગ સાથે નવમા સ્થાન પર યથાવત છે. પાકિસ્તાનના બાબર આઝમ પણ આ સૂચિમાં 716 ની રેટિંગ સાથે દસમા ક્રમે છે.



# હોકી વર્લ્ડ કપમાં ભારતની પાકિસ્તાન સામે જીત

## પાકિસ્તાન પાંચ સામે ત્રણ ગોલથી બહાર, સોળ વર્ષ પછીની મેચમાં દબદબો જાળવ્યો

(એજન્સી) એમસ્ટેલવીન । તા. 20

આંતરરાષ્ટ્રીય હોકી જગતમાંથી ભારત માટે એક અત્યંત ગૌરવપૂર્ણ અને રોમાંચક ખબર સામે આવી રહી છે. નેધરલેન્ડ્સના એમસ્ટેલવીન સ્ટેડિયમ ખાતે રમાઈ રહેલા એફઆઈએચ હોકી વર્લ્ડ કપ 2026 ના મહત્વપૂર્ણ મુકાબલામાં ભારતીય હોકી ટીમે પરંપરાગત હરીફ પાકિસ્તાનને પાંચ સામે ત્રણ ગોલના માર્જિનથી ધૂળ ચટાડી છે. સોળ વર્ષના લાંબા અંતરાલ બાદ વર્લ્ડ કપના મંચ પર આ બંને કટ્ટર હરીફો - આવ્યા હતા, જેમાં ભારતીય ખેલાડીઓએ શરૂઆતથી લઈને અંત સુધી શાનદાર આક્રમક રમત દાખવીને મેચ પર સંપૂર્ણ પ્રભુત્વ જમાવ્યું હતું. આ શાનદાર વિજય સાથે ભારતે આગામી રાઉન્ડમાં સત્તાવાર રીતે પ્રવેશ કરી લીધો છે, જ્યારે પાકિસ્તાનનું અભિયાન અહીં જ સમાપ્ત થઈ ગયું છે.

આ મહત્ત્વપૂર્ણ મુકાબલાની શરૂઆતથી જ ભારતીય ટીમે પાકિસ્તાની ડિફેન્સ પર સતત દબાણ બનાવી રાખ્યું હતું. મેચના પ્રારંભિક ચરણમાં જ ભારતીય કેપ્ટન હરમનપ્રીત સિંહે પાંચમી મિનિટે જ શાનદાર પેનલ્ટી કોર્નરને ગોલમાં ફેરવીને ટીમનું ખાતું ખોલાવ્યું હતું. ત્યારબાદ, 11મી મિનિટે સ્ટ્રાઈકર અભિષેકે વધુ એક સુંદર ફીલ્ડ ગોલ કરીને ભારતની સરસાઈને બમણી કરી દીધી હતી. પ્રથમ ક્વાર્ટરના અંત સુધીમાં ભારતે બે-શૂન્યની મજબૂત લીડ મેળવી લીધી હતી, જેના કારણે પાકિસ્તાની ટીમ દબાણમાં આવી ગઈ હતી.

મેચનો બીજો ક્વાર્ટર અત્યંત રોમાંચક અને ઉથલપાથલ ભરેલો રહ્યો હતો, જેમાં બંને ટીમો તરફથી ગોલનો વરસાદ થયો હતો. ભારત માટે કેપ્ટન હરમનપ્રીતે 21મી મિનિટે અને અભિષેકે 24મી મિનિટે પોતાના અંગત ગોલ દોહરાવ્યા હતા. બીજી બાજુ, પાકિસ્તાન તરફથી પણ વળતી લડત આપતા હન્નાન શાહિદે 22મી મિનિટે અને સૂફિયાન ખાને 25મી મિનિટે ગોલ નોંધાવ્યા હતા. અડધી મેચ પૂરી થઈ ત્યારે સ્કોરબોર્ડ પર ભારત ચાર અને પાકિસ્તાન બે સાથે આગળ હતું. આ ક્વાર્ટર દરમિયાન રમતનું વાતાવરણ ગરમ રહેતા અમ્પાયરે ચાર ગ્રીન કાર્ડ અને એક યલો કાર્ડ પણ બતાવ્યા હતા.

મેચના ઉત્તરાર્ધમાં એટલે કે ત્રીજા ક્વાર્ટરમાં પાકિસ્તાની ટીમ વાપસી કરશે તેવી આશાઓ હતી, પરંતુ ભારતીય ખેલાડીઓએ તેમની તમામ રણનીતિઓને નિષ્ફળ બનાવી દીધી હતી. પેનલ્ટી કોર્નરના નિષ્ણાત હાર્દિક સિંહે 35મી મિનિટે અત્યંત શાનદાર કૌશલ્ય દાખવીને પાંચમો ગોલ ફટકાર્યો હતો, જેનાથી ભારતની પકડ વધુ મજબૂત બની ગઈ હતી.

છેલ્લા અને ચોથા ક્વાર્ટરમાં પાકિસ્તાન તરફથી શાહિદ હન્નાને 46મી મિનિટે વધુ એક ગોલ કર્યો હતો, પરંતુ ત્યાં સુધીમાં ઘણું મોડું થઈ ચૂક્યું હતું અને મેચ સંપૂર્ણપણે તેમના હાથમાંથી નીકળી ગઈ હતી.

સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, પૂલ-ડી ના આ મુકાબલામાં ભારતે કુલ ત્રણમાંથી બે મેચ જીતીને છ પોઈન્ટ સાથે આગામી ચરણમાં સ્થાન સુનિશ્ચિત કર્યું છે. આ વિજયે ભારતીય હોકી પ્રત્યે દેશભરના પ્રશંસકોમાં ભારે ઉત્સાહ ભરી દીધો છે. બીજી તરફ, એક પણ મેચમાં વિજય મેળવી ન શકનાર પાકિસ્તાની ટીમ આ પરાજય સાથે જ હોકી વર્લ્ડ કપ 2026 ની રેસમાંથી સત્તાવાર રીતે બહાર ફેંકાય ગઈ છે.

# વિરાટ કોહલીની સલાહે બદલી પીવી સિંદુની જિંદગી





(એજન્સી) નવી દિલ્હી । તા. 20

ભારતીય રમતગમત જગતમાંથી એક અત્યંત પ્રેરણાદાયી અને હૃદયસ્પર્શી કિસ્સો સામે આવી રહ્યો છે. દેશનું નામ રોશન કરનાર સ્ટાર બેડમિન્ટન ખેલાડી અને બે વખતની ઓલિમ્પિક મેડલ વિજેતા પીવી સિંધુએ ક્રિકેટ જગતના દિગ્ગજ ખેલાડી વિરાટ કોહલી સાથેના પોતાના ખાસ અને ગાઢ સંબંધોનો ખુલાસો કર્યો છે. સિંધુના જણાવ્યા અનુસાર, જ્યારે તે પોતાના કરિયરના સૌથી મુશ્કેલ અને નિરાશાજનક તબક્કામાંથી પસાર થઈ રહી હતી, ત્યારે વિરાટ કોહલી દ્વારા આપવામાં આવેલી એક નાની સલાહે તેમનો જીવન પ્રત્યેનો દૃષ્ટિકોણ સંપૂર્ણપણે બદલી નાખ્યો હતો. આ સાચી મિત્રતા અને માર્ગદર્શનના કારણે જ આજે તે ફરીથી મેદાન પર પૂરા જોશ સાથે જીત હાંસલ કરી રહી છે.

પ્રાપ્ત થતી વિગતો અનુસાર, નવી દિલ્હીમાં આયોજિત BWF વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ભાગ લઈ રહેલી પીવી સિંધુએ રોયલ ચેલેન્જર્સ બેંગલુરુના પોડકાસ્ટમાં ખુલ્લીને વાતચીત કરી હતી. સિંધુએ જણાવ્યું કે તે વિરાટ કોહલીને પોતાના સગા ભાઈ જેવો માને છે. જ્યારે તે પોતાના ખરાબ ફોર્મ અને માનસિક દબાણ સામે ઝઝૂમી રહી હતી, ત્યારે તે વિરાટ કોહલીને મળી હતી અને પોતાની નિરાશા વ્યક્ત કરી હતી. તે સમયે વિરાટે તેમને ખૂબ જ સાદી પરંતુ ગહન વાત કહી હતી કે પરિણામોની ચિંતા કર્યા વગર માત્ર મેદાન પર જાવ અને પોતાની સ્વાભાવિક રમતનો આનંદ લો.

વિરાટ કોહલીએ સિંધુને સમજાવ્યું હતું કે વધારેમાં વધારે શું થઈ શકે? તમે કંઈ ગુમાવવા નથી જઈ રહ્યા કારણ કે તમે તમારી મહેનતથી અહીં સુધી પહોંચ્યા છો. બસ દુનિયાને બતાવી દો કે તમે કોણ છો. આ શબ્દોએ પીવી સિંધુના હૃદયને સ્પર્શી લીધું હતું. ત્યારથી લઈને આજદિન સુધી સિંધુ પોતાની દરેક નાની-મોટી જીતની ખુશી વિરાટ કોહલી સાથે અચૂક શેર કરે છે.

### સિંધુનું શાનદાર પ્રદર્શન

આ માનસિક મજબૂતી અને સકારાત્મક અભિગમનું પરિણામ તાજેતરની મેચોમાં પણ સ્પષ્ટપણે જોવા મળ્યું છે. વર્લ્ડ બેડમિન્ટન ચેમ્પિયનશિપમાં મહિલા સિંગલ્સના પ્રથમ રાઉન્ડમાં મેદાન પર ઉતરેલી પીવી સિંધુએ આયર્લેન્ડની ખેલાડી સોફિયા નોબલ સામે અત્યંત આક્રમક અને ઉત્કૃષ્ટ રમતનું પ્રદર્શન કર્યું હતું. સિંધુએ સીધા સેટોમાં 21-7 અને 21-11 ના શાનદાર સ્કોર સાથે વિજય મેળવીને ટૂર્નામેન્ટમાં શાનદાર શરૂઆત કરી છે. વર્લ્ડ બેડમિન્ટન ચેમ્પિયનશિપના ઈતિહાસમાં સિંધુનો રેકોર્ડ હંમેશા સોનેરી અક્ષરોએ લખાતો આવ્યો છે.

# હોકી વર્લ્ડ કપમાં ભારતનો પાકિસ્તાન સામે વિજય, 5 દાયકા જૂના ઈતિહાસનું પુનરાવર્તન

(એજન્સી) એમસ્ટેલવીન । તા. 20



આંતરરાષ્ટ્રીય હોકી જગતમાંથી ભારત માટે એક અત્યંત રોમાંચક અને ગૌરવશાળી સમાચાર સામે આવ્યા છે. નેધરલેન્ડ્સના ઐતિહાસિક વેગનર સ્ટેડિયમ ખાતે રમાઈ રહેલા FIH હોકી વર્લ્ડ કપ 2026 ના મહત્વપૂર્ણ મુકાબલામાં ભારતીય ટીમે પરંપરાગત હરીફ પાકિસ્તાનને હરાવીને આગામી રાઉન્ડમાં ાનદાર પ્રવેશ કર્યો છે. આ મેચ ભારતીય ટીમ માટે કરો યા મરો સમાન હતી, જેમાં ખેલાડીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને 53 વર્ષ જૂના ઐતિહાસિક વિજયી ઈતિહાસનું શાનદાર પુનરાવર્તન કર્યું છે.

પ્રાપ્ત થતી વિગતો અનુસાર, હોકી વર્લ્ડ કપના ઈતિહાસમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે પૂરા 16 વર્ષના લાંબા અંતરાલ બાદ આ હાઈ-વોલ્ટેજ મુકાબલો યોજાયો હતો. આ અગાઉ વર્ષ 2010માં નવી દિલ્હીમાં બંને ટીમો આમને-સામને આવી હતી, જેમાં ભારતે બાજી મારી હતી. આજના આ ઐતિહાસિક મેદાન પર આ જ તારીખે એટલે કે 31 ઓગસ્ટ 1973ના રોજ વર્લ્ડ કપની સેમિફાઈનલમાં ભારતે પાકિસ્તાનને 1-0થી હરાવ્યું હતું, જેમાં બીપી ગોવિંદાએ નિર્ણાયક ગોલ ફટકાર્યો હતો. આ વખતે પણ ભારતીય ટીમ પોતાના એ જ જૂના વિજયી ઈતિહાસને જીવંત કરવાના નિર્ધાર સાથે મેદાન પર ઉતરી હતી.

સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, આ ટૂર્નામેન્ટમાં ભારતીય ટીમે પોતાના અભિયાનની શરૂઆત વેલ્સ સામે 3-1થી જીતીને કરી હતી, પરંતુ બીજી જ મેચમાં ઈંગ્લેન્ડ સામે ડિફેન્સની ભૂલોના કારણે 2-4થી પરાજયનો સામનો કરવો પડ્યો હતો. આ કારણોસર પાકિસ્તાન સામેની આ મેચ જીતવી અથવા ડ્રો રાખવી ભારત માટે આગામી રાઉન્ડમાં સ્થાન મેળવવા માટે અનિવાર્ય બની ગઈ હતી.

મેચ દરમિયાન ભારતીય હોકી ખેલાડીઓએ શરૂઆતથી જ આક્રમક રમત અપનાવીને પાકિસ્તાની રક્ષણ પંક્તિ પર દબાણ જાળવી રાખ્યું હતું. ખેલાડીઓએ પોતાની ક્ષમતાનો પૂરેપૂરો ઉપયોગ કરીને નિર્ણાયક ક્ષણોમાં ઉત્તમ ગોલ ફટકાર્યા હતા. ભારતીય ટીમનું આ પ્રદર્શન માત્ર વિજય પૂરતું મર્યાદિત નથી, પરંતુ તેણે ટીમનો આત્મવિશ્વાસ પણ અનેકગણો વધારી દીધો છે.

હોકી વર્લ્ડ કપના ઈતિહાસમાં અત્યાર સુધી બંને ટીમો વચ્ચે રમાયેલા મુકાબલાઓમાં ભારતે હંમેશા મજબૂત પકડ જાળવી છે. આ જીત સાથે ભારતીય ટીમે પૂલ મેચોમાં પોતાની સ્થિતિ અત્યંત મજબૂત બનાવી લીધી છે અને આગામી રાઉન્ડમાં ટ્રોફી જીતવા તરફ વધુ એક મજબૂત પગલું ભર્યું છે. દેશભરના ખેલપ્રેમીઓમાં આ ભવ્ય જીતને લઈને ભારે ઉત્સાહ અને ખુશીની લહેર છવાઈ ગઈ છે.

# ગૉલ ટેસ્ટમાં ભારત સામે શ્રીલંકન કેપ્ટન ધનંજય ડી સિલ્વાએ હારનું કારણ જણાવ્યું

## ચોથી ઈનિંગ્સમાં બેટિંગ કરવી મુશ્કેલ બની ગઈ હતી

(એજન્સી) ગૉલ । તા. 20



શ્રીલંકાના ગૉલ સ્ટેડિયમ ખાતે રમાયેલી પ્રથમ ટેસ્ટ મેચમાં યજમાન શ્રીલંકન ટીમને ભારતીય ટીમ સામે કારમી હારનો સામનો કરવો પડ્યો છે. ભારતે આ રોમાંચક મુકાબલામાં શાનદાર પ્રદર્શન કરીને 165 રને વિજય મેળવ્યો છે. મેચની સમાપ્તિ પછી શ્રીલંકાના કેપ્ટન ધનંજય ડી સિલ્વાએ પરાજયનું વિશ્લેષણ કરતા હાર પાછળના મુખ્ય કારણો રજૂ કર્યા હતા અને મેચ કયા મોડ પર પલટાઈ તેની સ્પષ્ટતા કરી હતી.

પ્રાપ્ત થતી વિગતો અનુસાર, મેચ પછીના પ્રેઝન્ટેશનમાં વાત કરતા શ્રીલંકન કેપ્ટન ધનંજય ડી સિલ્વાએ જણાવ્યું હતું કે તેમની ટીમે આખી મેચ દરમિયાન સખત સંઘર્ષ કર્યો હતો અને મેચમાં ટકી રહેવાનો પૂરો પ્રયાસ કર્યો હતો. જોકે, આ પિચની વાસ્તવિકતા એ હતી કે ચોથી ઈનિંગ્સમાં બેટિંગ કરવી ક્યારેય સરળ હોતી નથી. ગૉલની આ પિચ પર બીજા દિવસથી જ સ્પિન બોલરોને મદદ મળવા લાગી હતી, જેના કારણે બેટ્સમેનો માટે ક્રિઝ પર ટકવું મુશ્કેલ બનતું ગયું હતું. આ જ કારણસર ભારતની બીજી ઈનિંગ્સ પણ 193 રનમાં સમેટાઈ ગઈ હતી.

સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, કેપ્ટન ડી સિલ્વાએ સ્વીકાર્યું કે મેચમાં ભારતીય ઓપનરો કેએલ રાહુલ અને દેવદત્ત પડિક્કલ દ્વારા આપવામાં આવેલી મજબૂત શરૂઆતથી જ શ્રીલંકન ટીમ પર દબાણ ઊભું થઈ ગયું હતું. આ ઉપરાંત, ટોસની ભૂમિકા પણ મહત્ત્વની રહી હતી કારણ કે ભારતે ટોસ જીતીને પહેલા બેટિંગ પસંદ કરી હતી, અને જ્યારે શ્રીલંકા બેટિંગમાં ઉતરી ત્યારે ખેલાડીઓએ ઝડપથી પોતાની વિકેટો ગુમાવી દીધી હતી, જે પરાજયનું મુખ્ય કારણ બન્યું.

આ ટેસ્ટ મેચમાં શ્રીલંકાની બેટિંગ લાઈન-અપ અપેક્ષા મુજબ પ્રદર્શન કરી શકી ન હતી. પ્રથમ ઈનિંગ્સમાં સોનલ દિનુશાએ શાનદાર સદી અને નિરોશન ડિકવેલાએ અડધી સદી ફટકારીને ટીમને સંભાળવાનો પ્રયાસ કર્યો હતો.

શરૂઆત // આર્સેનલ ડિફેન્ડિંગ ચેમ્પિયન તરીકે મેદાનમાં ઉતરશે, 9 ક્લબો યુરોપિયન સ્પર્ધાઓમાં ભાગ લેશે

# પ્રીમિયર લીગ 2026/27ની શાનદાર શરૂઆત

(એજન્સી) લંડન । તા. 20



વિશ્વભરના ફૂટબોલ પ્રેમીઓ માટે આતુરતાનો અંત લાવીને પ્રીમિયર લીગ 2026/27ની રોમાંચક નવી સિઝનનો પ્રારંભ થવા જઈ રહ્યો છે. ગત સિઝનમાં અદ્ભુત પ્રદર્શન કરીને ચેમ્પિયન બનેલી આર્સેનલ ટીમ પોતાના ટાઈટલને બચાવવા માટે મેદાન પર ઉતરશે. વર્ષ 2003/04 પછી પહેલીવાર આર્સેનલે ખિતાબ જીતીને ઈતિહાસ રચ્યો હતો. આ નવી સિઝનમાં દુનિયાના શ્રેષ્ઠ ખેલાડીઓ, અનુભવી મેનેજરો અને નામાંકિત ક્લબો વચ્ચે કાંટાની ટક્કર જોવા મળશે.

પ્રાપ્ત થતી વિગતો અનુસાર, પ્રીમિયર લીગમાં સ્પર્ધા માત્ર ટાઈટલની રેસ પૂરતી મર્યાદિત નથી, પરંતુ યુરોપિયન ક્વોલિફિકેશન અને રેલિગેશન (બિલો ડાઉન) સામેની લડાઈ પણ એટલી જ જોરદાર રહી છે. ઈંગ્લેન્ડ યુએફએ (UEFA) કોએફિશિયન્ટ રેન્કિંગમાં મોખરે રહેવાને કારણે આ સિઝનમાં રેકોર્ડ-બ્રેક નવ પ્રીમિયર લીગ ક્લબો યુરોપિયન સ્પર્ધાઓમાં ભાગ લેશે, જેમાં પાંચ ક્લબો યુઈએફએ ચેમ્પિયન્સ લીગમાં રમશે.

સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, ગત સિઝનમાં મેચોનો રોમાંચ અંતિમ ક્ષણો સુધી જળવાઈ રહ્યો હતો. મેચના 90મી મિનિટ કે ત્યારબાદ રેકોર્ડ 115 ગોલ નોંધાયા હતા, જ્યારે 142 મેચો માત્ર એક જ ગોલના તફાવતથી નક્કી થઈ હતી. નવી પ્રમોટ થયેલી ટીમોએ પણ શાનદાર પ્રદર્શન કરીને ફૂટબોલ જગતમાં મોટું આશ્ચર્ય સર્જ્યું છે.

નવી સિઝનમાં કોવેન્ટ્રી સિટી, હલ સિટી અને ઈપ્સવિચ ટાઉનની ટોપ ફ્લાઈટમાં વાપસી થઈ છે. કોવેન્ટ્રી સિટી 25 વર્ષ બાદ પ્રીમિયર લીગમાં પરત ફરી છે અને તેમની સાથે દિગ્ગજ ફ્રેન્ક લેમ્પાર્ડ મેનેજર તરીકે જોડાયા છે.

### સિઝનની પ્રથમ રાઉન્ડની મુખ્ય મેચોનું શેડ્યૂલ નીચે મુજબ છે:

■ 22 ઓગસ્ટ, શનિવાર:

આર્સેનલ vs કોવેન્ટ્રી સિટી (રાત્રે 12:30 વાગ્યે)
હલ સિટી vs મેન્ચેસ્ટર યુનાઈટેડ (સાંજ 5 વાગ્યે)
એવર્ટન vs ક્રિસ્ટલ પેલેસ (સાંજ 7:30 વાગ્યે)
ઈપ્સવિચ ટાઉન vs સન્ડરલેન્ડ (સાંજ 7:30 વાગ્યે)
નોટિંગહામ ફોરેસ્ટ vs લીડ્સ યુનાઈટેડ (સાંજ 7:30 વાગ્યે)
બ્રેન્ટફોર્ડ vs ટોટનહામ હોટસ્પુર (રાત્રે 10 વાગ્યે)

■ 23 ઓગસ્ટ, રવિવાર:

બ્રાઈટન vs એસ્ટન વિલા (સાંજ 6:30 વાગ્યે)
મેન્ચેસ્ટર સિટી vs બોર્નમાઉથ (સાંજ 6:30 વાગ્યે)
ન્યૂકેસલ યુનાઈટેડ vs લિવરપૂલ (રાત્રે 9 વાગ્યે)

■ 25 ઓગસ્ટ, મંગળવાર:

ફુલહામ vs ચેન્સી (રાત્રે 12:30 વાગ્યે)

કોર્ટે ફટકાર્યો દંડ અને કારમાં ઈન્ટરલોક ડિવાઈસ ફરજિયાત કર્યું

# સિડનીમાં સ્ટાર ક્રિકેટર ડેવિડ વૉર્નર ડ્રિંક એન્ડ ડ્રાઈવમાં દોષિત

(એજન્સી) સિડની । તા. 20



ઓસ્ટ્રેલિયાના ક્રિકેટ જગતમાંથી એક અત્યંત ચોંકાવનારા અને શરમજનક સમાચાર સામે આવી રહ્યા છે. ઓસ્ટ્રેલિયાના પૂર્વ દિગ્ગજ ઓપનિંગ બેટ્સમેન ડેવિડ વૉર્નરને સિડનીની વેવરલી લોકલ કોર્ટે ડ્રિંક એન્ડ ડ્રાઈવ (દારૂ પીને વાહન ચલાવવા) ના કેસમાં સત્તાવાર રીતે દોષિત ઠેરવ્યા છે. 39 વર્ષીય વૉર્નર પર કાયદાકીય મર્યાદા કરતાં બમણાથી પણ વધુ માત્રામાં આલ્કોહોલનું સેવન કરીને કાર ચલાવવાનો ગંભીર આરોપ પૂરવાર થયો છે, જેના કારણે તેમને કાનૂની કાર્યવાહીનો સામનો કરવો પડ્યો છે.

પ્રાપ્ત થતી વિગતો અનુસાર, ગત 5 એપ્રિલે 'ઈસ્ટર સનડે' ના પવિત્ર દિવસે આ ઘટના બની હતી. ડેવિડ વૉર્નર જ્યારે પોતાની કાર હંકારી રહ્યા હતા ત્યારે અચાનક રેન્ડમ બ્રેથ-ટેસ્ટિંગ સાઈટ નજીક પહોંચતા જ તેમણે પોલીસથી બચવા માટે કારમાં બેઠેલા એક સહ-મુસાફર સાથે સીટ બદલવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો. પોલીસે સ્થળ પર જ તપાસ કરતા તેમના લોહીમાં આલ્કોહોલનું પ્રમાણ કાનૂની મર્યાદા કરતાં બમણાથી પણ વધુ હોવાનું જણાયું હતું.

આ કેસની સુનાવણી દરમિયાન જજ ક્લેયર ફોર્ને કડક ટિપ્પણી કરતા નોંધ્યું હતું કે સામાન્ય નાગરિકોમાં દારૂ પીને વાહન ચલાવવાની જોખમી પ્રવૃત્તિને ડામવી અત્યંત આવશ્યક છે. આ ગુનો વધુ ગંભીર એટલા માટે બની જાય છે કારણ કે ઘટના સમયે કારની અંદર નાના બાળકો પણ સવાર હતા, જે તેમની સુરક્ષા માટે સીધો ખતરો હતો. કોર્ટે આ મામલે ડેવિડ વૉર્નરને 1,500 ઓસ્ટ્રેલિયન ડોલર એટલે કે ભારતીય ચલણ મુજબ આશરે 1 લાખ રૂપિયાનો આર્થિક દંડ ફટકાર્યો છે. આ ઉપરાંત, ભવિષ્યમાં તેઓ ગાડી ચલાવી શકે તે માટે તેમની કારમાં ખાસ 'ઈન્ટરલોક ડિવાઈસ' (બ્રેથ એનાલાઈઝર) લગાવવાનો આદેશ આપ્યો છે.

AHMEDABAD EXPRESS
AHMEDABAD • અમદાવાદ

અમદાવાદ એક્સપ્રેસ
FRIDAY • 21-08-2026

## આતંકીઓની ઢાલ બનવું બંધ કરો, વૈશ્વિક સુરક્ષામાં સુધારાની માંગ

# સંયુક્ત રાષ્ટ્રમાં ભારતની કડક ચેતવણી

(એજન્સી) ન્યુ યોર્ક | તા. 20



સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં તાજેતરમાં આયોજિત એક ઉચ્ચસ્તરીય બેઠક દરમિયાન ભારતે વૈશ્વિક મંચ પરથી આતંકવાદને આશ્રય આપતા દેશો સામે અત્યંત આક્રમક અને સ્પષ્ટ વલણ અપનાવ્યું છે. ભારતીય પ્રતિનિધિએ આંતરરાષ્ટ્રીય સ્તરે આતંકવાદીઓને બચાવવા માટે રમાતી રાજકીય રમત અને બેવડી નીતિની આડે હાથે ઝાટકણી કાઢી હતી. પરિષદની જૂની અને અપ્રચલિત કાર્યપ્રણાલી પર સવાલો ઉઠાવતા ભારતે જણાવ્યું કે હવે સમય આવી ગયો છે કે વૈશ્વિક સંસ્થાઓમાં તાત્કાલિક ધોરણે મોટા સુધારા કરવામાં આવે, જેથી વિકાસશીલ રાષ્ટ્રોના હિતોનું રક્ષણ થઈ શકે અને આતંકવાદ સામેની લડાઈને વધુ મજબૂત બનાવી શકાય.

વૈશ્વિક સ્તરે આતંકવાદ વિરોધી ગતિવિધિઓ અને સુરક્ષા પરિષદની ભૂમિકા લાંબા સમયથી ચર્ચાના કેન્દ્રમાં રહી છે. તાજેતરના સમયમાં એવા અનેક કિસ્સાઓ સામે આવ્યા છે જ્યાં કેટલાક દેશોએ પોતાના સંકીર્ણ રાજકીય સ્વાર્થ ખાતર વૈશ્વિક સ્તરે કુખ્યાત આતંકવાદીઓને પ્રતિબંધિત યાદીમાં મુકવાની પ્રક્રિયામાં અડચણો ઊભી કરી છે. ભારતે આ બેવડી નીતિ પર સીધા પ્રહાર કરતા ચેતવણી આપી છે કે આતંકવાદીઓ માટે રક્ષણ કવચ બનવાનું આ કૃત્ય હવે વધારે સમય ચલાવી લેવામાં આવશે નહીં.

મીડિયા અહેવાલ અનુસાર, સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના પ્રતિનિધિ યોજના પટેલે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે આતંકવાદીઓને વૈશ્વિક યાદીમાં સામેલ કરવાની કે તેમાંથી હટાવવાની પ્રક્રિયા સંપૂર્ણપણે પારદર્શક અને નિષ્પક્ષ હોવી અનિવાર્ય છે. છેલ્લા કેટલાક સમયથી સહાયક સમિતિઓમાં ચાલી રહેલા આંતરિક મતભેદો અને અધ્યક્ષોની નિમણૂકમાં વિલંબના કારણે આતંકવાદ વિરોધી કાર્યો પર માળખાકીય વિપરીત અસરો પડી રહી છે. ભારતે આ તમામ ખામીઓ પર ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી.

આ મહત્વપૂર્ણ બેઠકમાં ભારતે માત્ર આતંકવાદનો મુદ્દો જ નહીં, પરંતુ વૈશ્વિક સંસ્થાઓની આઠ દાયકા જૂની સંરચના પર પણ કડાકા ભડાકા કર્યા હતા. દ્વિતીય વિશ્વયુદ્ધના સમયની આસપાસ એટલે કે ૧૯૪૫માં ઘડાયેલી આ વ્યવસ્થા આજના આધુનિક યુગની વાસ્તવિકતાઓ સાથે બિલકુલ સુસંગત નથી. છેલ્લા આઠ દાયકામાં સંયુક્ત રાષ્ટ્રના સભ્ય દેશોની સંખ્યામાં ચાર ગણો વધારો થયો છે, છતાં નિર્ણય લેવાની પ્રક્રિયામાં હજુ પણ જૂની માનસિકતા જળવાઈ રહી છે.

સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, ભારતે સુરક્ષા પરિષદમાં કાયમી અને અસ્થાયી બંને શ્રેણીઓમાં વિસ્તાર કરવાની જોરદાર માંગ કરી છે. વિશ્વના વિવિધ હિસ્સાઓમાં ચાલી રહેલા સંઘર્ષો અને કટોકટીઓને ઉકેલવામાં સુરક્ષા પરિષદની નિષ્ક્રિયતાના કારણે આજે આ વૈશ્વિક સંસ્થાની વિશ્વસનીયતા પર ગંભીર સવાલો ઊભા થઈ રહ્યા છે. પરિષદની આ નિષ્ક્રિયતા અને અસમર્થતાના કારણે આખી દુનિયાએ અત્યંત ભારે માનવીય કિંમત ચૂકવવી પડી છે. આ ગંભીર પરિસ્થિતિમાંથી બહાર આવવા માટે ભારતે સંયુક્ત રાષ્ટ્રની સૌથી લોકશાહી સંસ્થા એવી મહાસભા સાથે વધુ ઉત્તમ અને સંતુલિત તાલમેલ જાળવવા માટે ભારપૂર્વક અનુરોધ કર્યો હતો, જેથી વૈશ્વિક શાંતિ અને સુરક્ષાના લક્ષ્યોને સચોટ રીતે પાર પાડી શકાય.

## પાકિસ્તાનનો કૂટનીતિક પ્રોપેગેન્ડા પડી ભાંગ્યો

# કાશ્મીર ભારતનો ભાગ હોવાની અમેરિકાની જાહેરાતથી ખળભળાટ



(એજન્સી) શ્રીનગર | તા. 20

આંતરરાષ્ટ્રીય રાજકારણમાં તાજેતરમાં એક અત્યંત મહત્ત્વપૂર્ણ ઘટનાક્રમ સામે આવ્યો છે, જેમાં અમેરિકાના વરિષ્ઠ રાજદૂતના એક સ્પષ્ટ નિવેદને પાકિસ્તાનની ઊંઘ હરામ કરી દીધી છે. જમ્મુ-કાશ્મીરની મુલાકાતે આવેલા અમેરિકન રાજદૂતે ખુલ્લેઆમ એ વાસ્તવિકતા સ્વીકારી છે કે જમ્મુ-કાશ્મીર એ ભારતનું અભિન્ન અને અવિભાજ્ય અંગ છે. આ નિવેદન સામે આવતા જ પાકિસ્તાની વિદેશ મંત્રાલયમાં હડકંપ મચી ગયો છે અને ત્યાંના શાસકોમાં ભારે અકળામણ જોવા મળી રહી છે. દશકોથી ભારત વિરુદ્ધ ખોટો પ્રચાર કરતા પાકિસ્તાનનો આંતરરાષ્ટ્રીય સ્તરે પરદો ફાટી ગયો છે અને તેના તમામ કૂટનીતિક પ્રયાસો પાણીમાં બેસી ગયા છે.

અમેરિકન પ્રમુખના ભારત સ્થિત રાજદૂત સર્જિયો ગોર હાલમાં જ શ્રીનગરના પ્રવાસે આવ્યા હતા. આ મુલાકાત દરમિયાન તેમણે માત્ર કાશ્મીરની મુલાકાત જ લીધી ન હતી, પરંતુ સ્પષ્ટ શબ્દોમાં નિવેદન આપ્યું હતું કે જમ્મુ-કાશ્મીર ભારતનો જ ભાગ છે. આ સાથે તેમણે અમેરિકન નાગરિકોને કાશ્મીરની સુંદરતા માણવા માટે અહીંની મુલાકાત લેવા પ્રોત્સાહિત કરવાની વાત પણ કરી હતી. એટલું જ નહીં, ટૂંક સમયમાં અમેરિકા દ્વારા આ ક્ષેત્ર માટેની ટ્રાવેલ એડવાઈઝરીની સમીક્ષા કરવામાં આવશે તેવો સંકેત પણ આપવામાં આવ્યો છે.

સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, સુપરપાવર દેશના પ્રતિનિધિ દ્વારા જાહેર મંચ પરથી આ પ્રકારનું સત્તાવાર નિવેદન આપવાથી પાકિસ્તાનની કમર ભાંગી ગઈ છે. આ ઘટનાથી ભારે અકળાયેલા પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે તાત્કાલિક ધોરણે ઈસ્લામાબાદ ખાતે તહેનાત અમેરિકન ઉપ-રાજદૂતને સમન પાઠવ્યું હતું અને તેમની સમક્ષ એક સત્તાવાર વિરોધ પત્ર એટલે કે ડિમાર્શે રજૂ કર્યો હતો. પાકિસ્તાની અધિકારીઓએ અમેરિકન રાજદૂતના આ નિવેદનને સખત શબ્દોમાં ફગાવી દેવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો અને જૂનું રટણ ચાલુ રાખતા દાવો કર્યો હતો કે કાશ્મીર એક વિવાદિત ક્ષેત્ર છે.

આ સમગ્ર મામલે પાકિસ્તાનનું બેવડું અને લાચાર વલણ ફરી એકવાર દુનિયાની સામે ખુલ્લું પડી ગયું છે. એક તરફ પાકિસ્તાની સરકાર અમેરિકાને દશકો જૂની નીતિઓનું પાલન કરવાની સલાહ આપી રહી છે અને વિરોધ પત્ર પાઠવી રહી છે, તો બીજી તરફ તે જ પાકિસ્તાન અમેરિકન પ્રમુખ સમક્ષ કાશ્મીર મુદ્દે મધ્યસ્થી કરવા માટે ગગડી રહ્યું છે. પાકિસ્તાની વિદેશ મંત્રાલય દ્વારા જારી કર નિવેદનોમાં ડોનાલ્ડ ટ્રમ્પના એ જૂના નિવેદનની પ્રશંસા કરવામાં આવી છે જેમાં તેમણે ભારત અને પાકિસ્તાન વચ્ચે મધ્યસ્થી કરવાની ઓફર કરી હતી.

કૂટનીતિક દ્રષ્ટિએ અમેરિકન રાજદૂતનું શ્રીનગર જવું અને ત્યાંથી કાશ્મીરને ભારતનો ભાગ ગણાવવો એ પાકિસ્તાન માટે એક મોટો આંચકો છે. જમ્મુ-કાશ્મીરમાંથી કલમ 370 હટાવ્યા બાદ રાજ્યમાં શાંતિ, સુરક્ષા અને વિકાસનો જે નવો યુગ શરૂ થયો છે, તેને હવે આખી દુનિયા નજરે જોઈ રહી છે. પાકિસ્તાન દ્વારા અમેરિકન રાજદૂતને વિરોધ નોંધાવવો એ માત્ર પોતાની આંતરિક જનતાને ગુમરાહ કરવાનો અને આંખમાં ધૂળ નાખવાનો એક નકામો પ્રયાસ માત્ર છે, કારણ કે વૈશ્વિક મંચ પર હવે પાકિસ્તાનના આ પાયાવિહોણા વિરોધને કોઈ પણ ગંભીરતાથી લઈ રહ્યું નથી.

## ન્યૂઝ બ્રીફ

### યુરોપમાં અમેરિકાના લશ્કરી થાણા પર ઈરાનનો હુમલો



તેહરાન | મધ્યપૂર્વમાં ચાલી રહેલો તણાવ હવે અત્યંત ખતરનાક વળાંક પર પહોંચી ગયો છે, જે વૈશ્વિક શાંતિ માટે એક મોટો ખતરો બની રહ્યો છે. પ્રાપ્ત થતી અત્યંત ગંભીર માહિતી અનુસાર, ઈરાને હવે અમેરિકા સામેના આ યુદ્ધને માત્ર મધ્યપૂર્વ પૂરતું સીમિત ન રાખતા યુરોપ સુધી વિસ્તારવાનું એક ભયાનક આયોજન તૈયાર કર્યું છે. ઈરાની સત્તાવાળાઓ દ્વારા સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે કે જો અમેરિકન પ્રમુખ દ્વારા યુદ્ધની પરિસ્થિતિને વધુ વકરાવવામાં આવશે, તો ઈરાન મધ્યપૂર્વની સરહદો વટાવીને યુરોપમાં આવેલા અમેરિકાના મહત્વપૂર્ણ લશ્કરી થાણાઓ પર સીધા હુમલા કરશે. આ કડક વલણથી આંતરરાષ્ટ્રીય રાજકારણમાં મોટો હડકંપ મચી ગયો છે. અત્યાર સુધી ઈરાન પોતાના જવાબી હુમલાઓ દુબઈ અને કુવૈત જેવા મધ્યપૂર્વના પ્રદેશો પૂરતા જ મર્યાદિત રાખતું હતું, પરંતુ હવે તેની રણનીતિમાં મોટો બદલાવ જોવા મળી રહ્યો છે. બ્રિટિશ અખબારના અહેવાલો અને આંતરરાષ્ટ્રીય સૂત્રોના જણાવ્યા અનુસાર, ઈરાનનું લશ્કર દક્ષિણ-પૂર્વી યુરોપના દેશોમાં આવેલા અમેરિકન લશ્કરી કેન્દ્રોને નિશાન બનાવી શકે છે, જેમાં બલ્ગેરિયા જેવા દેશો પણ સામેલ છે કારણ કે બલ્ગેરિયાએ તાજેતરમાં જ પોતાના એરબેઝનો ઉપયોગ કરવાની અમેરિકાને મંજૂરી આપી હતી.

### બ્રિટનમાં સાલ્મોનેલા સંક્રમણથી એક વ્યક્તિનું મોત



લંડન | યુરોપિયન દેશ બ્રિટનમાંથી આંતરરાષ્ટ્રીય સ્તરે ચિંતાજનક અને આરોગ્ય ક્ષેત્રે હડકંપ મચાવનારા સમાચાર સામે આવી રહ્યા છે. બ્રિટનમાં બહારના દેશોમાંથી આયાત કરવામાં આવેલા ઈંડાના સેવનથી ફેલાયેલા જોખમી 'સાલ્મોનેલા' બેક્ટેરિયાના સંક્રમણને કારણે હાહાકાર મચી ગયો છે. દેશમાં આ ગંભીર ફૂડ પોઈઝનિંગના કારણે અત્યાર સુધીમાં એક વ્યક્તિનું દુઃખદ મૃત્યુ નીપજ્યું છે, જ્યારે બસોથી વધુ નાગરિકો આ જીવલેણ રોગની ઝપેટમાં આવી ગયા છે. બ્રિટનની મુખ્ય સ્વાસ્થ્ય એજન્સી દ્વારા આ અંગેનો સત્તાવાર અહેવાલ જાહેર કરવામાં આવ્યા બાદ સમગ્ર દેશમાં ખાદ્ય સુરક્ષાને લઈને ગંભીર સવાલો ઊભા થયા છે. બ્રિટનની સ્વાસ્થ્ય સુરક્ષા એજન્સી (UKHSA) દ્વારા જારી કરવામાં આવેલા તાજેતરના ડેટા મુજબ, ઓગસ્ટ 2026 સુધીમાં દેશભરમાં સાલ્મોનેલા એન્ટરિટિડિસ નામના આ જોખમી બેક્ટેરિયાથી સંક્રમિત દર્દીઓની કુલ સંખ્યા વધીને 207 પર પહોંચી ગઈ છે. આ સંક્રમણનો ભોગ બનેલા લોકોમાં માત્ર યુવાનો જ નહીં પરંતુ એક વર્ષના નાના બાળકોથી લઈને 90 વર્ષ સુધીના વડીલો પણ સામેલ છે.

## લોંગ માર્ચ રોકેટથી ઐતિહાસિક પ્રક્ષેપણ

# ચીનનું ચાંગ ઇ સાત મિશન ચંદ્ર પર શોધ કરશે, ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર બરફની શોધ

(એજન્સી) બેઇજિંગ | તા. 20





આંતરરાષ્ટ્રીય સ્પેસ સાયન્સ ક્ષેત્રે એક અત્યંત મહત્ત્વપૂર્ણ અને રોમાંચક સમાચાર સામે આવી રહ્યા છે. આગામી 24 ઓગસ્ટ 2026ના રોજ ડ્રેગન તરીકે ઓળખાતું દેશ ચીન પોતાનું અત્યાધુનિક અને મહત્ત્વાકાંક્ષી ચંદ્ર મિશન 'ચાંગ-ઈ-7' સત્તાવાર રીતે લોન્ચ કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. આ નવા અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર જઈને ત્યાં પાણીના બરફીલા સ્વરૂપ અને અન્ય કિંમતી ખનિજ પદાર્થોની સઘન શોધ કરવાનો છે. આ મિશન સફળ થવાથી ચંદ્ર સંશોધનના ઈતિહાસમાં એક નવો અધ્યાય લખાશે અને વૈજ્ઞાનિકોને બ્રહ્માંડના રહસ્યો ઉકેલવામાં મોટી સફળતા મળશે.

ચીનના આ મહત્ત્વાકાંક્ષી ચંદ્ર અભિયાનના ચોથા તબક્કા અંતર્ગત આ યાનને રવાના કરવામાં આવી રહ્યું છે. પ્રાપ્ત સત્તાવાર વિગતો અનુસાર, આ સમગ્ર મિશનને હેનાન પ્રાંતમાં આવેલી વેનચાંગ સ્પેસ લોન્ચ સાઈટ પરથી શક્તિશાળી લોંગ માર્ચ-ફાઈવ રોકેટના માધ્યમથી અંતરિક્ષમાં મોકલવામાં આવશે.

ચાંગ-ઈ-7 મિશન કોઈ સામાન્ય અવકાશયાન નથી, પરંતુ તેમાં અનેક નાના-મોટા યાન અને ઉપકરણોનો સમૂહ સામેલ છે. આ મિશનમાં એક ઓર્બિટર, એક લેન્ડર, એક અત્યાધુનિક રોવર અને એક નાનો મેપિંગ પ્રોબ જોડવામાં આવ્યા છે, જે સંયુક્ત રીતે ચંદ્રના દક્ષિણ ધ્રુવના અલગ-અલગ દુર્ગમ વિસ્તારોની ઊંડાણપૂર્વક તપાસ કરશે.

મીડિયા અહેવાલ મુજબ, આ મિશનનું સૌથી મોટું આકર્ષણ તેનો નાનો હોપિંગ પ્રોબ છે, જે સામાન્ય રોવરની જેમ માત્ર સપાટી પર ફરવાને બદલે નાના-મોટા ઉછાળ ભરીને આગળ વધી શકે છે.

ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર આવેલા અત્યંત ઊંડા ખાડાઓમાં જ્યાં સૂર્યપ્રકાશ ક્યારેય પહોંચતો નથી અને જ્યાંનું તાપમાન અત્યંત નીચું હોય છે, ત્યાં સામાન્ય વાહનો જઈ શકતા નથી.

આ વિશિષ્ટ હોપિંગ પ્રોબ તે અંધારી જગ્યાઓમાં જઈને બરફના સ્વરૂપમાં રહેલા પાણીની ઉપસ્થિતિ ચકાસશે. વૈજ્ઞાનિકોને પ્રબળ આશા છે કે સૂર્યના કિરણોથી વંચિત રહેલા આ ઠંડા ખાડાઓમાં હજુ પણ બરફ સુરક્ષિત અવસ્થામાં જમા થયેલો હશે.

આ મિશન માત્ર પાણીની શોધ પૂરતું મર્યાદિત નથી, પરંતુ તે ચંદ્રની માટી, ભૌગોલિક સપાટી અને ત્યાંના પાતળા વાતાવરણનો પણ ઝીણવટભર્યો અભ્યાસ કરશે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, મિશન સાથે જોડાયેલા વૈજ્ઞાનિકો એ સમજવાનો પ્રયાસ કરશે કે ચંદ્રના આ ચોક્કસ ભાગમાં પાણી અને અન્ય મૂળભૂત તત્વો ક્યાં અને કેટલા જથ્થામાં ઉપલબ્ધ છે. લેન્ડર ચંદ્રની ધરતી પર ઉતરીને વૈજ્ઞાનિક ઉપકરણો દ્વારા પ્રત્યક્ષ પરીક્ષણ કરશે, જ્યારે ઓર્બિટર ચંદ્રની આસપાસ ભ્રમણ કરીને ઉપરથી ઉચ્ચ ગુણવત્તાવાળી તસવીરો અને કિંમતી ડેટા પૃથ્વી પર મોકલશે.

ચંદ્ર પર માનવ વસાહતો સ્થાપવાના ભવિષ્યના ભવિષ્યના પ્રોજેક્ટ્સ માટે પાણીની ઉપસ્થિતિ અનિવાર્ય શરત છે. જો ચીનનું આ મિશન સફળ સાબિત થાય છે, તો તે અવકાશ વિજ્ઞાન જગતમાં એક મોટી ક્રાંતિ લાવશે. આ સમગ્ર અભિયાન પર દુનિયાભરના વૈજ્ઞાનિકો અને અવકાશ સંશોધન સંસ્થાઓની ભારે નજર ટકેલી છે. આગામી થોડા દિવસોમાં આ લોન્ચિંગને લઈને તમામ તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવશે.

## બાંગ્લાદેશમાં અલ કાયદાનો વધતો પ્રભાવ અને ધમકી, સંયુક્ત રાષ્ટ્ર દ્વારા કટ્ટરવાદ સામે ચિંતા

(એજન્સી) ઢાકા | તા. 20

પડોશી દેશ બાંગ્લાદેશમાંથી લઘુમતી સમુદાય અને ખાસ કરીને હિન્દુઓ માટે અત્યંત ચિંતાજનક અને ખતરનાક સમાચાર સામે આવી રહ્યા છે. બાંગ્લાદેશમાં સત્તા પરિવર્તન બાદથી જ ઉદ્ભવેલી અસ્થિર પરિસ્થિતિનો લાભ લઈને હવે આંતરરાષ્ટ્રીય આતંકવાદી સંગઠન અલ-કાયદા પોતાના પગપાળા વિસ્તારી રહ્યું છે. તાજેતરમાં જ અલ-કાયદા સાથે સંકળાયેલા એક કટ્ટરવાદી તત્ત્વ દ્વારા હિન્દુઓ વિરુદ્ધ ખુલ્લેઆમ ઝેર ઓકવામાં આવ્યું છે અને જીવથી મારી નાખવાની ધમકી આપવામાં આવી છે, જેના કારણે વૈશ્વિક સ્તરે અને ભારતીય ઉપખંડમાં ભારે હડકંપ મચી ગયો છે.

બાંગ્લાદેશમાં અગાઉની સરકાર પદભ્રષ્ટ થયા બાદ કટ્ટરવાદી ઈસ્લામિક સંગઠનોને ખુલ્લો દો મળી ગયો છે. તાજેતરમાં જ 'દાવા મુવમેન્ટ' નામના એક કટ્ટરવાદી કાર્યક્રમ દરમિયાન અલ-કાયદા સાથે જોડાયેલા હારૂન ઈજ્જહાર નામના શખ્સે હિન્દુ સમુદાયને નિશાન બનાવીને અત્યંત ઉશ્કેરણીજનક નિવેદનો આપ્યા છે. આ વીડિયોમાં તેણે ખુલ્લેઆમ ધમકી આપતા જણાવ્યું હતું કે હિન્દુઓને તો ખૂબ જ આસાનીથી ખતમ કરી શકાય છે, અને કદાચ તેમના માટે વિશેષ પ્રયાસો કરવાની પણ જરૂર નહીં પડે કારણ કે અન્ય પરિસ્થિતિઓ જ તેમના માટે પૂરતી સાબિત થશે.

આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ બાંગ્લાદેશમાં વસતા લાખો હિન્દુ નાગરિકોમાં ડર અને અસુરક્ષાની ભાવના વધુ પ્રબળ બની છે. અગાઉ પણ લઘુમતીઓ પર થયેલા હુમલાઓ અને મંદિરોમાં તોડફોડની ઘટનાઓ વચ્ચે આ પ્રકારની ધમકીઓ મળવી એ એક ગંભીર માનવ અધિકાર કટોકટી તરફ ઈશારો કરે છે.

## અમેરિકામાં ગ્રીન કાર્ડ મેળવવું વધુ મુશ્કેલ બન્યું, પરિવાર આધારિત અરજીઓ પર ગંભીર ફટકો

(એજન્સી)વોશિંગ્ટન | તા. 20



આંતરરાષ્ટ્રીય સ્તરે ઈમિગ્રેશન ક્ષેત્રે એક અત્યંત મહત્વપૂર્ણ અને ચિંતાજનક સમાચાર સામે આવી રહ્યા છે. અમેરિકામાં કાયદેસર રીતે કાયમી વસવાટ કરવા ઈચ્છતા લોકો માટે મુશ્કેલીઓમાં મોટો વધારો થવા જઈ રહ્યો છે. ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા લેવામાં આવેલા એક કડક નિર્ણય અનુસાર, આગામી 18 સપ્ટેમ્બરથી ઈમિગ્રેશનના નિયમોમાં ધરખમ ફેરફાર લાગુ કરવામાં આવશે. આ નવા નિયમોના કારણે ગ્રીન કાર્ડ મેળવવાની પ્રક્રિયા અત્યંત જટિલ બની જશે, જેની સીધી અસર અમેરિકામાં વસતા લાખો પ્રવાસીઓ અને ખાસ કરીને ભારતમાંથી કાયમી વસવાટ માટે અરજી કરનારા નાગરિકો પર પડશે.

અમેરિકામાં અગાઉના બાઈડન યુગના સમયમાં ઈમિગ્રેશન નીતિઓ relativement હળવી હતી, પરંતુ હવે ટ્રમ્પ તંત્રએ સત્તા સંભાળતા જ પબ્લિક ચાર્જની વ્યાખ્યામાં વ્યાપક વિસ્તરણ કર્યું છે. આ નવા નિયમ હેઠળ જો કોઈ ગ્રીન કાર્ડધારકે અથવા અરજદારે ભૂતકાળમાં મેડિકેઈડ, ફૂડ સ્ટેમ્પ્સ, હાઉસિંગ આસિસ્ટન્સ, રોકડ સહાય અથવા કોલેજ માટેની નાણાકીય સહાય જેવી કોઈ પણ સરકારી સહાયતા મેળવી હશે, તો તેની ગ્રીન કાર્ડની અરજી 'પબ્લિક ચાર્જ' શ્રેણી હેઠળ સત્તાવાર રીતે નકારી કાઢવામાં આવશે. અગાઉ આ માપદંડ માત્ર રોકડ સહાય અને લાંબા ગાળાના સંસ્થાકીયકરણ પૂરતો જ મર્યાદિત હતો, પરંતુ હવે તેનો વ્યાપ ઘણો મોટો કરી દેવામાં આવ્યો છે.

સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, યુએસ સિટિઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસિઝ (યુએસસીઆઈએસ) ના અધિકારીઓને આ નવા નિયમો અંતર્ગત અસાધારણ અને વ્યાપક સત્તાઓ સોંપવામાં આવી છે. હવે ત્યાંના અધિકારીઓ અરજદારની ઉંમર, આરોગ્ય, કૌટુંબિક દરજ્જો, નાણાકીય સ્થિતિ અને શૈક્ષણિક પૃષ્ઠભૂમિ જેવા પાંચ મુખ્ય માપદંડોના આધારે નિર્ણય કરશે. જો અધિકારીઓને એમ લાગશે કે અરજદાર ભવિષ્યમાં ક્યારેય પણ પબ્લિક ચાર્જ હેઠળ આવતી સરકારી સગવડોનો લાભ લઈ શકે છે, તો તેઓ ગ્રીન કાર્ડ આપવાનો સીધો ઈન્કાર કરી શકશે અથવા તો અરજદાર પાસેથી ભારેખમ પબ્લિક ચાર્જ બોન્ડ ભરાવવાનો આદેશ આપી શકશે.

આ નીતિગત ફેરફારથી સૌથી મોટો ફટકો પરિવાર આધારિત (ફેમિલી-બેઝ્ડ) ઈમિગ્રેશન અરજીઓ કરનારાઓને લાગવાનો છે.

**ધરા ધ્રુજી..... મોટા પ્રમાણમાં એન્ટિક પુસ્તકોની ખરીદી, સ્કેન કર્યા પછી પુસ્તકોને કચરામાં ફેંકાયા**

# કૃત્રિમ બુદ્ધિમત્તાના વિકાસ માટે દુર્લભ પુસ્તકોનો નાશ

(એજન્સી) કેલિફોર્નિયા | તા. 20




આધુનિક ટેક્નોલોજી અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અર્થાત કૃત્રિમ બુદ્ધિમત્તાના ક્ષેત્રમાં અતિશય ઝડપથી થઈ રહેલા વિકાસ પાછળના કાળાં સત્યો હવે ધીમે ધીમે બહાર આવી રહ્યા છે. અમેરિકાના કેલિફોર્નિયામાંથી એક અત્યંત ચોંકાવનારો અને દુઃખદ કિસ્સો પ્રકાશમાં આવ્યો છે, જ્યાં અદ્યતન એઆઈ મોડેલ્સને તાલીમ આપવા માટે દુર્લભ અને પ્રાચીન પુસ્તકોને બેરહેમીથી નષ્ટ કરવામાં આવી રહ્યા છે. વિશ્વભરમાં પોતાની ટેક્નોલોજીનો ડંકો વગાડતી મોટી કંપનીઓ દ્વારા લાર્જ લેંગ્વેજ મોડલ્સને વધુ સચોટ બનાવવા માટે આ પ્રકારે વારસાગત અને એન્ટિક પુસ્તકોનો નાશ કરવામાં આવી રહ્યો છે, જેના કારણે બૌદ્ધિક જગતમાં ભારે રોષ ફેલાયો છે.

એઆઈ મોડલ્સને ટ્રેનિંગ આપવા માટે મોટી કંપનીઓ કઈ હદ સુધી નીચે જઈ શકે છે તેની કોઈ કલ્પના પણ કરી શકાતી નથી. એક અગ્રણી મીડિયા અહેવાલમાં આ ભયાનક ખુલાસો કરવામાં આવ્યો છે કે એમેઝોન જેવી દિગ્ગજ કંપનીઓ બજારમાંથી મોટા પ્રમાણમાં એન્ટિક અને દુર્લભ પુસ્તકો ખરીદી રહી છે. આ પુસ્તકોની બાઈન્ડિંગ કાપીને તેના પાનાઓને હાઈ-સ્પીડ સ્કેનરમાંથી પસાર કરવામાં આવે છે, જેથી તેનો તમામ ડિજિટલ ડેટા મશીન લર્નિંગ માટે વાપરી શકાય. સ્કેનિંગ પ્રક્રિયા પૂર્ણ થતાં જ આ કિંમતી અને અજોડ પુસ્તકોને સીધા કચરામાં ફેંકી દેવામાં આવે છે.

આ ગેરકાયદે અને વિનાશક પ્રવૃત્તિને પકડવા માટે તપાસકર્તાઓએ એમેઝોન દ્વારા લઈ જવામાં આવતા એક હજાર જેટલા રેર પુસ્તકોમાં ખાસ એરટેગ પણ લગાવ્યા હતા. તપાસ દરમિયાન આ તમામ પુસ્તકો કંપનીના વિશેષ એકમો ખાતેથી મળી આવ્યા હતા, જે સાબિત કરે છે કે વ્યવસ્થિત આયોજન પૂર્વક આ સાંસ્કૃતિક વારસાને નષ્ટ કરવામાં આવી રહ્યો છે. આ ચોંકાવનારી હકીકત સામે આવ્યા બાદ સમગ્ર દુનિયાના લેખકો, ઈતિહાસકારો અને સંશોધકોમાં ચિંતાની લહેર દોડી ગઈ છે.

અમેરિકાની અદાલતમાં હાલમાં ચાલી રહેલા એક કોપીરાઈટ કેસના સત્તાવાર દસ્તાવેજોમાંથી પણ આ મામલે અનેક ચોંકાવનારી બાબતો બહાર આવી છે. અદાલતી કાગળો અનુસાર, એન્થ્રોપિક નામની એક જાણીતી એઆઈ કંપની ગુપ્ત રીતે 'પનામા' નામનો એક પ્રોજેક્ટ ચલાવી રહી છે. આ પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ્ય દુનિયાભરમાંથી પ્રાચીન અને રેર પુસ્તકો જથ્થાબંધ ખરીદવા અને તેનું ડિસ્ટ્રક્ટિવ સ્કેનિંગ કરવાનો છે. ઝડપથી સ્કેનિંગ કરવા માટે પુસ્તકોના પાનાઓને અલગ કરી દેવામાં આવે છે અને બાદમાં તેનો નાશ કરી દેવામાં આવે છે.

# ગૂગલ દ્વારા બંધ પડેલી એરલાઇન્સ ડેટાની બોલી

(એજન્સી) વોશિંગ્ટન | તા. 20

આધુનિક ટેક્નોલોજી અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અર્થાત કૃત્રિમ બુદ્ધિમત્તાના યુગમાં અદ્ભુત અને ચોંકાવનારા કિસ્સાઓ સામે આવી રહ્યા છે. અમેરિકામાં નાદારી નોંધાવી ચૂકેલી એક અગ્રણી એરલાઈન્સ કંપનીના આંતરિક રેકોર્ડ અને ડેટાને ખરીદવા માટે દિગ્ગજ ટેક કંપની ગૂગલ દ્વારા કરોડો રૂપિયાની બોલી લગાવવામાં આવી છે. આ સોદો માત્ર કંપનીના વ્યાપારિક કારોબાર પૂરતો મર્યાદિત નથી, પરંતુ તેમાં કંપનીના કર્મચારીઓની આંતરિક ચેટ અને ઈમેઈલ્સનો સમાવેશ થાય છે, જેણે વૈશ્વિક સ્તરે ભારે ચર્ચા જગાવી છે.

અમેરિકામાં સ્પિરિટ એરલાઈન્સ નામના જાણીતા હવાઈ પ્રવાસ ઉદ્યોગને આર્થિક કટોકટીના કારણે તાળાં વાગી ગયા છે અને કંપની હાલ હરાજીની પ્રક્રિયામાંથી પસાર થઈ રહી છે. આ ડૂબેલી કંપનીના આંતરિક ડેટાને હસ્તગત કરવા માટે ગૂગલે આશરે પંચાણું કરોડ રૂપિયાથી વધુની જંગી રકમની બોલી લગાવી છે. અગાઉ ક્યારેય જોવા ન મળી હોય તેવી આ ઘટનામાં ગૂગલ એરલાઈન્સના મુસાફરોની વિગતો કે વિમાનોના ડેટામાં રસ દાખવી રહી નથી, પરંતુ કંપનીની અંદર ઉપયોગમાં લેવાયેલા આંતરિક દસ્તાવેજો ખરીદવા માંગે છે. આ ખરીદી પેકેજમાં અંદાજે દસ કરોડ ઈ-મેઈલ્સ અને માઈક્રોસોફ્ટ ટીમ્સ પ્લેટફોર્મના પચાસ કરોડ જેટલા મેસેજ સામેલ છે. આ ઉપરાંત કંપનીની કામકાજની પદ્ધતિ, આંતરિક સોફ્ટવેર અને મીટિંગ્સના રેકોર્ડ્સ પણ આનો હિસ્સો છે. આ પ્રકારનો અત્યંત ગોપનીય ડેટા સામાન્ય સંજોગોમાં કોઈપણ સંસ્થા બહાર લાવવા દેતી નથી, પરંતુ નાદારીની પ્રક્રિયામાં આ ડેટા હવે હરાજીના સ્તરે પહોંચી ગયો છે.

## દિલ્હીમાં પાકિસ્તાની મિશન બહાર બુલડોઝર એક્શન

# જેવા સાથે તેવા: ઈસ્લામાબાદમાં કાર્યવાહીના 3 જ દિવસમાં દિલ્હીમાં પાકિસ્તાન હાઈ કમિશન પર બુલડોઝર એક્શન




**(એજન્સી) નવી દિલ્હી | તા 20**

પહલગામ હુમલા બાદ ભારત-પાકિસ્તાન તણાવ વધ્યો છે. પાકિસ્તાને ઈસ્લામાબાદમાં ભારતીય દૂતાવાસ બહારથી સુરક્ષા બેરિકેડ્સ હટાવ્યા હતા. તેના 3 દિવસ બાદ ભારતે દિલ્હીમાં પાકિસ્તાની હાઈકમિશનના વીઝા વિભાગ બહાર ગેરકાયદેસર દબાણો અને બાંધકામો પર બુલડોઝર ફેરવી દીધું. આ કાર્યવાહી પાકિસ્તાનની ઉશ્કેરણીનો ભારતનો 'જેવા સાથે તેવા' જવાબ છે, જે કૂટનીતિક વર્તુળોમાં ચર્ચાનો વિષય બન્યો છે. પહલગામ આતંકી હુમલામાં 26 લોકોના મોત બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ સતત વધી રહ્યો છે. બંને દેશો વચ્ચે ઔપચારિક કૂટનીતિક ગતિવિધિઓ લગભગ ઠપ છે, ત્યારે પાકિસ્તાને ઉશ્કેરણીજનક પગલું ભરતાં ભારતે પણ કૂટનીતિક મોરચે 'જેવા સાથે તેવા' જવાબ આપ્યો છે.ઈસ્લામાબાદમાં ભારતીય દૂતાવાસ બહારથી પાકિસ્તાની સત્તાવાળાઓએ સુરક્ષા બેરિકેડ્સ અને પાર્કિંગ પોલ મનસ્વી રીતે હટાવી લીધા હતા. આ ઘટનાના માત્ર 3 દિવસ બાદ નવી દિલ્હીમાં પાકિસ્તાન હાઈકમિશન બહાર કડક કાર્યવાહી કરવામાં આવી છે. નવી દિલ્હીમાં પાકિસ્તાની દૂતાવાસના વીઝા વિભાગ પાસે નિર્ધારિત હદ બહાર ઉભા કરાયેલા ગેરકાયદેસર બાંધકામો અને દબાણો પર બુલડોઝર ફેરવીને તમામ અસુરક્ષિત માળખાં દૂર કરી દેવાયા છે. કૂટનીતિક સૂત્રોના જણાવ્યા અનુસાર, નવી દિલ્હીનું આ પગલું એક વિચારેલી અને સંતુલિત જવાબી કાર્યવાહી છે. આ કાર્યવાહી દ્વારા ભારતે સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે પાકિસ્તાનની કોઈપણ ઉશ્કેરણીનો તુરંત અને યોગ્ય જવાબ આપવામાં આવશે. અધિકારીઓની આ કાર્યવાહી બાદ બંને દેશોના રાજનયિક પરિસરો બહાર સુરક્ષા વ્યવસ્થામાં મોટા ફેરફારો જોવા મળ્યા છે.બીજી તરફ, જમ્મુ-કાશ્મીરના પ્રવાસે આવેલા ભારતમાં અમેરિકાના રાજદૂત સર્જિયો ગોરના નિવેદને પણ પાકિસ્તાનની અસ્વસ્થતા વધારી દીધી છે. સર્જિયો ગોરે જમ્મુ-કાશ્મીરને ભારતનો અતૂટ અને મહત્ત્વપૂર્ણ ભાગ ગણાવ્યો હતો. આ નિવેદનથી ગિન્નાયેલા પાકિસ્તાને ઈસ્લામાબાદમાં અમેરિકાના કાર્યવાહક રાજદૂતને સમન્સ પાઠવીને વિરોધ નોંધાવ્યો હતો. આ સમગ્ર ઘટનાક્રમ વચ્ચે બંને દેશોમાં લેવાયેલા આ પગલાં કૂટનીતિક વર્તુળોમાં ભારે ચર્ચાનો વિષય બન્યા છે.

## મંત્રીઓને મેદાનમાં ઉતારાશે : જેન-ઝીને મનાવવા મોદી સરકારના હવાતિયાં

નવી દિલ્હી : શિક્ષણમાં સુધારા માટે યુવાનો આંદોલન કરી રહ્યા છે, એવામાં તેમને આકર્ષવા માટે મોદી સરકારે એક દેશવ્યાપી પ્રોગ્રામની તૈયારી કરી લીધી છે. જેમાં જેન-ઝીને લઈને સરકારે તમામ કેન્દ્રીય મંત્રીઓને નવી જવાબદારી સોંપી છે, જે હેઠળ કેન્દ્રીય મંત્રી દરરોજ એક યુનિવર્સિટીની મુલાકાત લેશે કે જેથી વિદ્યાર્થીઓની સાથે વાતચીત કરી શકાય અને તેમની ચિંતાઓને સમજી શકાય.એવા અહેવાલો છે કે કેન્દ્ર સરકારે જેન-ઝીને આકર્ષવા માટે વન ડે, વન યુનિવર્સિટી નામનું એક અભિયાન શ: કર્યું છે. જેનો હેતુ સરકાર અને જેન-ઝી વચ્ચેનો સંબંધ વધારવાનો છે. આ અભિયાન હેઠળ કેન્દ્રીય મંત્રીઓ યુનિવર્સિટીઓની મુલાકાત લેશે, સાથે જ દેશને અસર કરનારા મુદ્દાઓ પર યુવાનોનો અભિપ્રાય લેવામાં આવશે, તેમની સાથે સંવાદ વધારવામાં આવશે. સરકાર દ્વારા યુવાનો કે વિદ્યાર્થીઓ માટે શું યોજનાઓ ચલાવવામાં આવી રહી છે તેનો પ્રચાર પણ કરવામાં આવશે. શિક્ષણમાં સુધારા માટે દિલ્હીમાં હજારો યુવાનો દ્વારા જંતર મંતર પર લાંબા સમય સુધી આંદોલન ચલાવાયું હતું, જે બાદથી સરકાર જેન-ઝીને આકર્ષવા માટે પ્રયાસો કરી રહી છે, અગાઉ મોદીએ ઈન્સ્ટાગ્રામ પર રીલ શેર કરી હતી. હવે મંત્રીઓને પણ જેન-ઝી વચ્ચે મોકલવામાં આવશે. બે કેન્દ્રીય મંત્રીઓને તેની જવાબદારી સોંપવામાં આવી હોવાના અહેવાલો છે. બીજી તરફ હાલમાં જેન-ઝીની ભારે ચર્ચા છે, તેઓ કોઈને કોઈ મુદ્દે વિરોધ પ્રદર્શનો કરતા જોવા મળી રહ્યા છે.

# News Brief

## કર્ણાટકના મુખ્યમંત્રી શિવકુમારે દક્ષિણ ઝોનલ કાઉન્સિલમાં ૫૪૩ લોકસભા બેઠકો જાળવી રાખવા અને ૧૯૭૧ની વસ્તી ગણતરીને માન આપવાનો ઠરાવ લાવવાની માંગ કરી છે

મહાબલીપુરમ : કર્ણાટકના મુખ્યમંત્રી ડીકે શિવકુમારે ગુરુવારે દક્ષિણ ઝોનલ કાઉન્સિલને એક ઠરાવ અપનાવવા વિનંતી કરી જેમાં કેન્દ્ર સરકારને ૧૯૭૧ની વસ્તી ગણતરીને સીમાંકન માટે આધાર તરીકે માન આપવા, આગામી ૨૫ વર્ષ માટે લોકસભાની હાલની ૫૪૩ બેઠકો જાળવી રાખવા અને આ હાલની બેઠકોમાં મહિલા અનામતને સમાવવાનું આહ્વાન કરવામાં આવ્યું હતું. દક્ષિણ ઝોનલ કાઉન્સિલની ૩૧મી બેઠકને સંબોધતા, શિવકુમારે કહ્યું કે દક્ષિણની વસ્તીને નિયંત્રિત કરવામાં સફળતા તેના રાજકીય અવાજને ઘટાડવાનું કારણ ન બનવી જોઈએ. 'અમે ખાતરી આપીએ છીએ કે કોઈ પણ દક્ષિણ રાજ્ય બેઠકો ગુમાવશે નહીં. પરંતુ પ્રતિનિધિત્વ ફક્ત સંખ્યાઓ વિશે નથી. તે વજન અને અવાજ વિશે છે,' તેમણે કહ્યું. શિવકુમારે કહ્યું કે દક્ષિણના રાજ્યોએ વસ્તી સ્થિરીકરણ માટેના દેશના આહ્વાનનો શિસ્ત અને સફળતા સાથે પ્રતિભાવ આપ્યો છે, અને સીમાંકન કવાયત દરમિયાન તે સિદ્ધિ માટે તેમને દંડ ન આપવો જોઈએ. 'તે સફળતા ક્યારેય આપણો અવાજ ઓછો કરવાનું કારણ ન બનવી જોઈએ. આપણું આર્થિક વજન રાજકીય અવાજ સાથે મેળ ખાતું હોવું જોઈએ,' તેમણે કહ્યું. મુખ્યમંત્રીએ ખાસ કરીને 1971ના વસ્તીના આધારનું સન્માન કરવા અને લોકસભાની એકંદર શક્તિને યથાવત રાખવા હાકલ કરી. 'મને વિશ્વાસ છે કે અહીંના બધા મુખ્યમંત્રીઓ મારી વાતમાં મને ટેકો આપશે. 1971ના આધારનું સન્માન થવા દો, અને આપણા અવાજની શક્તિનું રક્ષણ થવા દો,' તેમણે કહ્યું. શિવકુમારે સીમાંકનના મુદ્દાને મહિલા અનામત સાથે પણ જોડ્યો, દલીલ કરી કે નવી સીમાંકન કવાયતને કારણે અનામતના અમલીકરણમાં વિલંબ થવો જોઈએ નહીં. 'મહિલાઓએ તેમના યોગ્ય પ્રતિનિધિત્વ માટે લાંબા સમયથી રાહ જોઈ છે. તેમના અનામતને વસ્તી ગણતરી માટે રાહ જોવી ન જોઈએ,' તેમણે કહ્યું. તેથી તેમણે કાઉન્સિલને આગામી 25 વર્ષ માટે હાલની 543 લોકસભા બેઠકો પર સ્થિર કરવા માટે ઠરાવ પસાર કરવા અને 'તેથી હું આ કાઉન્સિલને લોકસભામાં બેઠકોની સંખ્યાને વર્તમાન સંખ્યા સુધી સ્થિર કરવા અને તે સંખ્યાની અંદર મહિલા અનામત પ્રદાન કરવા માટે ઠરાવ પસાર કરવા વિનંતી કરું છું. હું મારા સાથી મુખ્યમંત્રીઓને અમારા સહિયારા વલણને સમર્થન આપવા માટે હાકલ કરું છું,' તેમણે કહ્યું. દક્ષિણના રાજ્યોમાં એવી ચિંતા વચ્ચે મુખ્યમંત્રી શિવકુમારનો હસ્તક્ષેપ આવ્યો છે કે વસ્તીના આધારે સીમાંકન કવાયત વસ્તી નિયંત્રણ પગલાં સફળતાપૂર્વક અમલમાં મૂકનારા રાજ્યો અને મોટી વસ્તી ધરાવતા રાજ્યો વચ્ચે સંસદીય પ્રતિનિધિત્વના સંતુલનને બદલી શકે છે. તેમણે કહ્યું કે દક્ષિણના રાજકીય અવાજનું રક્ષણ કરવું એ ભારતના સંઘીય માળખામાં ન્યાયીતા સુનિશ્ચિત કરવા માટે અભિન્ન છે. 'આપણા અવાજમાં ન્યાયીતા વાર્તાનો અડધો ભાગ છે.

## સુપ્રીમ કોર્ટે બેંગ્લોર પાણી પુરવઠાની વ્યાખ્યાને મોટાભાગે ઉદ્યોગ તરીકે માન્ય રાખી છે

નવી દિલ્હી: સુપ્રીમ કોર્ટે ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, 1947 ની કલમ 2(j) હેઠળ 1978 ના બેંગ્લોર પાણી પુરવઠા ચુકાદાના 'ઉદ્યોગ' ના અર્થઘટનને મોટાભાગે સમર્થન આપ્યું છે, પરંતુ સ્પષ્ટ કર્યું છે કે તે ભવિષ્યના વિવાદોને અંકુશમાં રાખશે નહીં. આ ચુકાદો 1947 ના કાયદા હેઠળ બાકી રહેલા વિવાદોને નિયંત્રિત કરવાનું ચાલુ રાખશે, જ્યારે ભવિષ્યના વિવાદોનો નિર્ણય ઔદ્યોગિક સંબંધો સંહિતા, 2020 હેઠળ લેવામાં આવશે, કોર્ટે સ્પષ્ટ કર્યું. CJI સૂર્યકાંતની આગેવાની હેઠળની નવ ન્યાયાધીશોની બંધારણીય બેન્ચે 6:3 બહુમતીથી ઠરાવ્યું કે 1978 ના ચુકાદા પર પુનર્વિચારણા માંગતો સંદર્ભ માન્ય રીતે બનાવવામાં આવ્યો હતો અને જાળવી શકાય છે. બહુમતીએ બેંગ્લોર પાણી પુરવઠામાં નિર્ધારિત 'ટ્રિપલ ટેસ્ટ' ના આવશ્યક માળખાને જાળવી રાખ્યું. જોકે, તેણે કહ્યું કે પરીક્ષણના કેટલાક પાસાઓ અને તેની સાથેની માર્ગદર્શિકા શુદ્ધિકરણ માટે સક્ષમ છે. કોર્ટે જણાવ્યું હતું કે કલમ 2(j) ના અવકાશને વધુ સારી રીતે પ્રતિબિંબિત કરવા માટે કેટલાક તત્વોને અલગ રીતે રજૂ કરી શકાયા હોત, પરંતુ મૂળભૂત માળખું 'સમયની કસોટી પર ખરું ઉતર્યું' હતું. કોર્ટે તે મુજબ ટ્રિપલ ટેસ્ટના કેટલાક પાસાઓમાં સુધારો કરવાનો પ્રસ્તાવ મૂક્યો હતો પરંતુ 1947 ના કાયદા હેઠળ શાસન કરતી કાનૂની સ્થિતિને સ્થાનાંતરિત કરવાનો પ્રયાસ કર્યો ન હતો. તેણે સ્પષ્ટ કર્યું કે 1947 ના કાયદા હેઠળ ઉદ્ભવતા વિવાદો, જેમાં બાકી રહેલા વિવાદો શામેલ છે, બેંગ્લોર પાણી પુરવઠામાં નિર્ધારિત કાયદા અનુસાર નિર્ણય લેવાનું ચાલુ રાખશે. આ સ્પષ્ટતા પહેલાથી નક્કી કરાયેલા મુદ્દાઓને ખલેલ પહોંચાડશે નહીં. ભવિષ્યના વિવાદો માટે, જોકે, ઔદ્યોગિક સંબંધો સંહિતા, 2020 લાગુ પડશે. કોર્ટે કહ્યું કે નવા સંહિતાનું અર્થઘટન તેના પોતાના લખાણ અને સંદર્ભના આધારે થવું જોઈએ. બેંગ્લોર પાણી પુરવઠાના ચુકાદાને નવા કાયદાના અર્થઘટન માટે 'એન્કર' તરીકે ગણી શકાય નહીં. ન્યાયાધીશ બી.વી. નાગરત્ના, ન્યાયાધીશ ઉજ્જવલ ભૂયાન અને દીપંકર દત્તા સાથે, સંદર્ભની જાળવણી પર બહુમતી સાથે અસંમત હતા. ન્યાયાધીશ નાગરત્નાએ જણાવ્યું હતું કે કલમ 2(j) ના અર્થઘટનને ફરીથી ખોલવાની કોઈ જરૂર નથી, જે લગભગ પાંચ દાયકાથી કાર્યરત હતી. તેમણે નોંધ્યું હતું કે જોગવાઈને લગતા પ્રશ્નો કોર્ટ સમક્ષ અગાઉ ફરી ઉભા થયા હતા અને નાની બેન્ચ દ્વારા તેનો ઉકેલ લાવી શકાયો હોત. તેમણે 2020 કોડના અમલ તરફ પણ ધ્યાન દોર્યું હતું અને કહ્યું હતું કે સમાધાન થયેલ સ્થિતિ ફરીથી ખોલવાથી બાકી રહેલા ઔદ્યોગિક વિવાદોમાં અનિશ્ચિતતા ઊભી થઈ શકે છે.

## DGTSના મહાનિદેશક શ્રી શૈલેન્દ્ર કુમાર સિન્હાએ અમદાવાદ અને વડોદરાની પાંચ દિવસીય સમીક્ષા મુલાકાત લીધી;

# DGTS અમદાવાદ ઝોનલ યુનિટ, CPGRAMના નિકાલની સમીક્ષા કરી, વેપારી મંડળો અને હિતધારકો સાથે સંવાદ કર્યો

ટેક્સપેયર સર્વિસીસ મહાનિદેશાલય (DGTS) વિશે : ટેક્સપેયર સર્વિસીસ મહાનિદેશાલય (DGTS) એ નાણા મંત્રાલયના મહેસૂલ વિભાગ હેઠળના સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈનડાયરેક્ટ ટેક્સીસ એન્ડ કસ્ટમ્સ (CBIC) હેઠળ કાર્યરત એક કરદાતા-કેન્દ્રિત ક્ષેત્રીય રચના છે. આ મહાનિદેશાલયની સ્થાપના ઓગસ્ટ 2015માં 6 ઝોનલ યુનિટ્સ સાથે કરવામાં આવી હતી, જેમાં અમદાવાદ ઝોનલ યુનિટ પણ એક હતું.DGTSની સ્થાપના કરદાતાઓની સેવાઓને મજબૂત કરવા, ભાગીદારો સાથે સંવાદ, ફરિયાદોનું નિવારણ અને જાહેર જાગૃતિ વધારવાના વિશિષ્ટ ઉદ્દેશ્ય સાથે કરવામાં આવી છે. તે કરદાતાઓ અને અપ્રત્યક્ષ કર વહીવટ વચ્ચે એક મહત્વપૂર્ણ કડી તરીકે કામ કરે છે. મહાનિદેશાલયને કરદાતાઓ અને ક્ષેત્રીય કર કાર્યાલયો વચ્ચે સંવાદ સરળ બનાવવાની, કરદાતા જાગૃતિ અને આઉટરીચ કાર્યક્રમો યોજવાની, સેન્ટ્રલાઈઝ્ડ પબ્લિક ગ્રીવન્સ રેડ્રેસ એન્ડ મોનિટરિંગ સિસ્ટમ (CPGRAM) સહિત વિવિધ માધ્યમોથી મળતી કરદાતાઓની ફરિયાદોનો નિકાલ કરવાની તથા કર કાયદા અને પ્રક્રિયાઓ અંગે વેપારી મંડળો, ઉદ્યોગ સંઘો અને વ્યાવસાયિક સંસ્થાઓ પાસેથી પ્રતિસાદ (ફીડબેક) મેળવવાની જવાબદારી સોંપવામાં આવી છે. DGTS દેશભરમાં આવેલી પોતાની ઝોનલ યુનિટ્સ દ્વારા સ્વૈચ્છિક કર પાલન, પારદર્શિતા અને ઉત્તમ કરદાતા અનુભવને પ્રોત્સાહન આપવાના હેતુથી કાર્ય કરે છે. મુલાકાતની સમીક્ષા : કરદાતાઓની સેવાઓ અને ફરિયાદ નિવારણ માળખાને વધુ મજબૂત કરવાના સતત પ્રયાસોના ભાગરૂપે, DGTS, નવી દિલ્હીના મહાનિદેશક (DG) શ્રી શૈલેન્દ્ર કુમાર સિન્હાએ, DGTS, નવી દિલ્હીના અપર મહાનિદેશક (ADG) શ્રી અમરજીત સિંહ સાથે 17 થી 21 ઓગસ્ટ 2026 દરમિયાન અમદાવાદ અને વડોદરાની પાંચ દિવસીય મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન અમદાવાદ અને વડોદરા ઝોનમાં વિવિધ સમીક્ષા બેઠકો, CPGRAM ની સમીક્ષા અને ભાગીદારો સાથે વિચાર-વિમર્શ યોજાયા હતા. 17 ઓગસ્ટ 2026 – અમદાવાદ આગમન : DGTSના મહાનિદેશક 17.08.2026 ના રોજ ગુજરાતની પાંચ દિવસીય સમીક્ષા મુલાકાતની શરૂઆત માટે અમદાવાદ પહોંચ્યા હતા. આ સાથે જ આગામી દિવસોમાં યોજાનારી સમીક્ષા બેઠકો અને ભાગીદારો સાથેના સંવાદોની વિગતવાર કાર્ય યોજના શરૂ થઈ હતી. 18 ઓગસ્ટ 2026 – DGTS, અમદાવાદ ઝોનલ યુનિટ ખાતે સમીક્ષા બેઠક : DGTS, અમદાવાદ ઝોનલ યુનિટ (AZU) ની સમીક્ષા બેઠક 18.08.2026ના રોજ મહાનિદેશકના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. બેઠકમાં DGTSના ADG શ્રી અમરજીત સિંહ; DGTS, AZUના પ્રિન્સિપલ ADG શ્રી સુમિત કુમાર અને ઝોનલ યુનિટના અન્ય વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. વર્ષ 2025-26 દરમિયાન DGTS, AZUની સિદ્ધિઓ પરના પ્રેઝન્ટેશન પછી, મહાનિદેશકે યુનિટની વિવિધ પ્રવૃત્તિઓની સમીક્ષા કરી હતી અને કરદાતા જાગૃતિ, આઉટરીચ અને લોકસંપર્કને વધુ મજબૂત કરવા માટે અનેક મહત્વપૂર્ણ દિશા-નિર્દેશો આપ્યા હતા. મહાનિદેશક દ્વારા આપવામાં આવેલા મુખ્ય નિર્દેશોમાં: વિભાગના પ્રતિષ્ઠિત અધિકારીઓ અને કીર્તિ ચક્ર વિજેતાઓને પ્રદર્શિત કરતી એક ગેલેરી વિકસાવવી; દૂરના વિસ્તારોમાં કરદાતા સેવાઓ સુધારવા માટે સબ-ઝોનલ કાર્યાલયોની સ્થાપના માટે દરખાસ્ત તૈયાર કરવી; કરદાતા જાગૃતિ કાર્યક્રમો માટે AIR (આકાશવાણી) અને દૂરદર્શન સાથે જોડાણ કરવું; વિશેષ કરીને નાના શહેરોમાં સમગ્ર ગુજરાતના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ અને ટેક્સ કન્સલ્ટન્ટ્સનું મેપિંગ કરવું; GST સુવિધા સંબંધિત તાલીમ માટે કોમર્સ ગ્રેજ્યુએટ્સ માટે NACIN-આધારિત તાલીમની શક્યતાઓ તપાસવી; શાળાના બાળકોમાં કરવેરા અને નાગરિક જવાબદારીની ભાવના વિકસાવવા 'નજ થિયરી' (Nudge Theory) નો ઉપયોગ કરવો; કર જાગૃતિ અને નશા-વિરોધી સંદેશાઓ પર GST ક્વિઝ અને મહિલા બાઈક રેલી યોજવી; કરદાતાઓને લગતી વિવિધ સમસ્યાઓના ઉકેલ માટે સિંગલ-વિન્ડો સિસ્ટમની શક્યતાઓ તપાસવી; બાંગ્લાદેશમાં ટેક્સટાઈલ ક્ષેત્રની વર્તમાન પરિસ્થિતિને કારણે સુરતના ટેક્સટાઈલ ક્ષેત્ર માટે ઊભી



થયેલી તકો પર અસરોનું આકલન કરવું; અને GST તથા કસ્ટમ્સ પ્રક્રિયાઓ અંગે એરપોર્ટ્સ અને એવિએશન સેક્ટર માટે કેન્દ્રિત આઉટરીચ કાર્યક્રમો યોજવાનો સમાવેશ થાય છે. મહાનિદેશકે નિર્દેશ આપ્યો હતો કે તમામ સૂચનોની તપાસ કરવામાં આવે અને જ્યાં જરૂર હોય ત્યાં મંજૂરી માટે કોંક્રીટ પ્રપોઝલ તરીકે વિકસાવવામાં આવે. 19 ઓગસ્ટ 2026 (પૂર્વાહ્ન) – CGST અમદાવાદ ઝોન સાથે CPGRAM ની સમીક્ષા : 19.08.2026ના રોજ પ્રથમ સત્રમાં, મહાનિદેશકે CGST અમદાવાદ ઝોનના પ્રિન્સિપલ ચીફ કમિશનર શ્રી એસ.કે. મલ્લ અને ઝોનના અન્ય અધિકારીઓ સાથે CPGRAMની સમીક્ષા બેઠક યોજી હતી. બેઠકમાં CPGRAMના નિકાલની સ્થિતિ, ફરિયાદોના નિવારણમાં ક્ષેત્રીય કાર્યાલયો સામે આવતા મુખ્ય પડકારો અને સમસ્યાઓ તથા કરદાતાઓ દ્વારા સામાન્ય રીતે નોંધાવવામાં આવતી ફરિયાદોની મુખ્ય કેટેગરીઓ પર વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. બેઠક દરમિયાન મહાનિદેશકે CPGRAM ફરિયાદોના સમયબદ્ધ અને સંતોષકારક નિકાલ માટે કેટલાક પગલાં સૂચવ્યા હતા, જેમાં ઝોનલ સ્તરે બાકી ફરિયાદોનું નજીકથી મોનિટરિંગ, અરજદારોને આપવામાં આવેલા જવાબોની ગુણવત્તાની સમીક્ષા, વારંવાર સામે આવતી ફરિયાદોની શ્રેણીઓનું રૂટ-કોઝ એનાલિસિસ (મૂળ કારણ વિશ્લેષણ) જેથી સિસ્ટમિક સુધારા કરી શકાય, અને વરિષ્ઠ અધિકારીઓ દ્વારા CPGRAM નિકાલની નિયમિત સમીક્ષા કરવાનો સમાવેશ થાય છે. CGST અમદાવાદ ઝોનના અધિકારીઓને કરદાતાઓની ફરિયાદોના સમયબદ્ધ અને સંતોષકારક નિવારણને પ્રાથમિકતા આપવા નિર્દેશ આપવામાં આવ્યો હતો. 19 ઓગસ્ટ 2026 (સાંજે) – વેપારી અને વ્યાવસાયિક મંડળો સાથે સંવાદ : બીજા સત્રમાં, જીએસટી ભવન, અંબાવાડી, અમદાવાદ ખાતે મહાનિદેશકે વેપારી અને વ્યાવસાયિક સંગઠનોના પ્રતિનિધિઓ સાથે સંવાદ કર્યો હતો. તેમાં ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા (ICAI), ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોસ્ટ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા (ICMAI), GSTBA, ASSOCHAM અને ટેક્સ એડવોકેટ્સ એસોસિએશન, ગુજરાતના પ્રતિનિધિઓ સામેલ હતા. સહભાગીઓનું સ્વાગત કરતાં મહાનિદેશકે ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ (Ease of Doing Business) ને પ્રોત્સાહન આપવા માટે વિભાગ અને વેપાર જગત વચ્ચે સતત સંવાદના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે વિશેષરૂપે B2C ક્ષેત્રમાં કરદાતા આધારના વિસ્તરણમાં એસોસિએશનોને સહયોગ આપવા આહ્વાન કર્યું હતું, આ સંદર્ભમાં ગુજરાતની લગભગ 7.6 કરોડની વસ્તીની સરખામણીએ આશરે 13.2 લાખના કરદાતા આધાર વચ્ચેના મોટા તફાવતને રેખાંકિત કરવામાં આવ્યો હતો. DGTSના ADG શ્રી અમરજીત સિંહે સહભાગીઓને GST 2.0 હેઠળ તાજેતરના GST સુધારાઓ અને સુવિધાજનક પગલાં વિશે માહિતગાર કર્યા હતા. જેમાં નિયમ 9A અને 14A ની અધિસૂચના, 90 ટકા સુધીના પ્રોવિઝનલ રિફંડ સહિત રિફંડ પ્રક્રિયા ઝડપી બનાવવી, ફાઈનાન્સ એક્ટ, 2025ની સંબંધિત જોગવાઈઓ, IGST એક્ટ હેઠળ ઈન્ટરમીડિયરી સેવાઓ સંબંધિત પગલાં અને નોંધણી તથા રિફંડ પ્રક્રિયાઓનું સતત સરળીકરણ જેવા વિષયો શામેલ હતા. DGTS, AZUના ADG શ્રી સુમિત કુમારે CPGRAMના માધ્યમથી કરદાતા સુવિધા અને ફરિયાદ નિવારણ સહિત DGTSની ભૂમિકા વિશે મંડળોને માહિતી આપી હતી. સહભાગીઓ દ્વારા MSME સુવિધા, કરદાતાઓને ફરિયાદ ટિકિટની જાણ ન થવી, મંજૂરીઓ માટે સિંગલ-વિન્ડો સિસ્ટમ, ઈમિગ્રેશન, કસ્ટમ્સ અને ક્વોરેન્ટાઈનને આવરી લેતી ઈન્ટિગ્રેટેડ ચેક પોસ્ટ્સ તથા ઈ-વે બિલ અને ફ્રેટ (માલવાહક) સંબંધિત મુશ્કેલીઓ જેવા મુદ્દાઓ ઉઠાવવામાં આવ્યા હતા. મહાનિદેશકે નિર્દેશ આપ્યો હતો કે સંબંધિત સત્તાધિકારીઓ દ્વારા આ મુદ્દાઓની તપાસ કરવામાં આવે અને જાગૃતિ તથા આઉટરીચ કાર્યક્રમોને મજબૂત કરવામાં આવે, તેમજ નવી યોજનાઓ અને સુધારાઓની માહિતી ડિજિટલ અને અન્ય માધ્યમો દ્વારા વેપાર જગત સુધી પહોંચાડવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. 20 ઓગસ્ટ 2026 (પૂર્વાહ્ન) – ચીફ કમિશનર કસ્ટમ્સ સાથે CPGRAM પર બેઠક : 20.08.2026ના રોજ પ્રથમ સત્રમાં, મહાનિદેશકે કસ્ટમ્સ રચનાઓ સંબંધિત CPGRAM ફરિયાદોની સ્થિતિની સમીક્ષા કરવા માટે ચીફ કમિશનર ઓફ કસ્ટમ્સ, અમદાવાદ સાથે બેઠક યોજી હતી. ચર્ચામાં કસ્ટમ્સ સંબંધિત ફરિયાદોની પેન્ડન્સી અને નિકાલ, આયાતકારો, નિકાસકારો અને મુસાફરો દ્વારા ઉઠાવવામાં આવતા સામાન્ય મુદ્દાઓ અને ફરિયાદ નિવારણની સમયબદ્ધતા તથા ગુણવત્તાને વધુ સુધારવાના પગલાં પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. મહાનિર્દેશકે બાકી રહેલી અરજીઓની નજીકથી દેખરેખ રાખવા અને કસ્ટમ્સ સંબંધિત ફરિયાદોનું કરદાતા-મૈત્રીપૂર્ણ તથા સમયબદ્ધ નિરાકરણ સુનિશ્ચિત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. 20 ઓગસ્ટ 2026 (અપરાહ્ન) – ગિફ્ટ સિટી (GIFT City), ગાંધીનગરના ભાગીદારો સાથે સંવાદ : બીજા સત્રમાં, મહાનિદેશકે ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસીસ સેન્ટર (IFSC) ને લગતી તાજેતરની સરકારી પહેલો વિશે ગિફ્ટ સિટી, ગાંધીનગરના ભાગીદારો સાથે સંવાદ કર્યો હતો. ચર્ચામાં ગિફ્ટ સિટીમાંથી કામગીરી કરતી સંસ્થાઓ માટે સુવિધાજનક પગલાં અને પ્રક્રિયાત્મક સરળીકરણ તથા IFSC ઈકોસિસ્ટમના ભાગીદારોને જાગૃતિ અને આઉટરીચ સપોર્ટ પૂરો પાડવામાં DGTSની ભૂમિકાને આવરી લેવામાં આવી હતી.

## 'બાબૂ' શબ્દે પોલીસને આપ્યો મહત્ત્વનો સુરાગ

# 10મા ધોરણના વિદ્યાર્થીઓએ પ્રિન્સિપાલની હત્યા કરી! 'બાબુ' શબ્દથી ભેદ ઉકેલાયો; કારણ ચોંકાવનારું

**(એજન્સી) નવી દિલ્હી | તા 20**

તેલંગાણાના નલગોંડામાં પ્રિન્સિપાલ રૂપા રેડ્ડીની હત્યાનો ભેદ ઉકેલાયો છે. 16 વર્ષના 2 વિદ્યાર્થીઓએ લૂંટના ઈરાદે તેમના ઘરે ઘૂસી 27 ઘા ઝીંકી હત્યા કરી હતી. 'બાબૂ' શબ્દથી પોલીસને મહત્ત્વનો સુરાગ મળ્યો. પોલીસે 5 ટીમો બનાવી 80 લોકોની પૂછપરછ બાદ આરોપીઓને ઝડપ્યા. 1.54 લાખ રોકડા અને લોહીવાળી 500ની નોટો જપ્ત કરાઈ છે.તેલંગાણાના નલગોંડા જિલ્લામાં એક શાળાના પ્રિન્સિપાલની સનસનાટીભરી હત્યાનો કેસ પોલીસે ઉકેલી નાખ્યો છે. તપાસમાં સામે આવ્યું છે કે શાળાના જ 10મા ધોરણમાં ભણતા 16 વર્ષના બે વિદ્યાર્થીઓએ પૈસાની લૂંટ કરવાના ઈરાદે પ્રિન્સિપાલ રૂપા રેડ્ડીની તેમના ઘરમાં ઘૂસીને હત્યા કરી હતી. આરોપીઓએ પ્રિન્સિપાલ પર ચાકુ વડે 27 વખત હુમલો કર્યો હતો.હત્યા કેસનો ભેદ ઉકેલવામાં એક નાનકડા શબ્દે મુખ્ય ભૂમિકા ભજવી હતી. હુમલા પહેલાં પ્રિન્સિપાલ રૂપા રેડ્ડીના ફોન પર થયેલી છેલ્લી વાતચીતમાં તેમણે 'બાબૂ' શબ્દ કહ્યો હતો. પ્રિન્સિપાલ રૂપા રેડ્ડી અવારનવાર પોતાના વિદ્યાર્થીઓને પ્રેમથી 'બાબૂ' કહીને બોલાવતા હતા. આ સુરાગ મળતાં જ પોલીસની તપાસનો ધમધમાટ શાળા તરફ કર્યો હતો.કેસ ઉકેલવા માટે પોલીસે 5 વિશેષ ટીમો બનાવી હતી. CCTV ફુટેજ, ફોરેન્સિક પુરાવા અને ટેકનિકલ ડેટાના આધારે 80થી વધુ લોકોની




પૂછપરછ કરવામાં આવી હતી. આખરે પોલીસે લૂંટ અને હત્યાનું કાવતરું રચનારા 16 વર્ષના બંને સગીર વિદ્યાર્થીઓની અટકાયત કરી હતી.તપાસ અધિકારીઓના જણાવ્યા મુજબ, બંને વિદ્યાર્થીઓએ લૂંટ કરવા માટે પહેલાંથી જ ચાકુ, મોજાં અને માસ્ક ખરીદ્યા હતા. તેઓ લૂંટ કરવાના ઈરાદાથી પ્રિન્સિપાલના ઘરે પહોંચ્યા હતા. પ્રિન્સિપાલે રોકવાનો પ્રયાસ કરતાં જ વિદ્યાર્થીઓએ તેમના પર ચાકુથી હિચકારો હુમલો કરી દીધો હતો અને રોકડ લઈને ફરાર થઈ ગયા હતા. નલગોંડાના એસપી શરથ ચંદ્ર પવારના જણાવ્યા અનુસાર, પોલીસે આરોપીઓ પાસેથી 1.54 લાખ રૂપિયા રોકડા, એક આઈફોન, ચાકુ, મોજાં, માસ્ક અને મોબાઈલ્સ જપ્ત કર્યા છે. આ ઉપરાંત લૂંટાયેલી રકમમાંથી 500 રૂપિયાની 3 નોટો પર લોહીના ડાઘ પણ મળી આવ્યા છે, જે ફોરેન્સિક પુરાવા તરીકે મહત્ત્વના સાબિત થયા છે.

# ડીએસસી ભરતી પ્રક્રિયામાં અનિયમિતતાઓ સ્પષ્ટપણે સ્પષ્ટ છે જગન રેડ્ડીએ વિપક્ષ પર નિશાન સાધ્યું

**(એજન્સી) તાડેપલ્લી | તા 20**

યુવાજન શ્રમિકા રાયથુ કોંગ્રેસ પાર્ટી (વાયએસઆરસીપી) ના વડા અને આંધ્રપ્રદેશના ભૂતપૂર્વ મુખ્યમંત્રી વાયએસ જગન મોહન રેડ્ડીએ ગુરુવારે આરોપ લગાવ્યો કે જિલ્લા પસંદગી સમિતિ (ડીએસસી) ભરતી પ્રક્રિયામાં અનિયમિતતાઓ સ્પષ્ટપણે સ્પષ્ટ છે અને રાજ્ય સરકાર પર કથિત ભૂલો સ્વીકારવાનો ઈનકાર કરવાનો આરોપ લગાવ્યો. જગને આરોપ લગાવ્યો કે સરકાર વિધાનસભામાં આ મુદ્દા પર ચર્ચા કરવા તૈયાર છે પરંતુ વિધાનસભા પરિષદમાં ચર્ચા ટાળી રહી છે, જ્યાં વિપક્ષના સભ્યો કથિત અનિયમિતતાઓ પર પ્રશ્નો ઉઠાવી શકે છે. તેમણે દાવો કર્યો કે મુખ્યમંત્રી એન ચંદ્રબાબુ નાયડુ ભરતી પ્રક્રિયામાં કથિત ભૂલોને ઉજાગર કરવા અંગે વિપક્ષ દ્વારા આશંકા વ્યક્ત કરી રહ્યા છે.જગને શિક્ષણ મંત્રી નારા લોકેશના દાવા પર પણ સવાલ ઉઠાવ્યા કે DSC પ્રશ્નપત્ર તૈયાર કરવાની અને પરીક્ષાઓ યોજવાની જવાબદારી એક જ અધિકારીને સોંપવામાં કંઈ ખોટું નથી. 'આંધ્રપ્રદેશ DSC ભરતીના ઈતિહાસમાં, બંને જવાબદારીઓ ક્યારેય એક જ વ્યક્તિને સોંપવામાં આવી ન હતી. બંને જવાબદારીઓ એક જ વ્યક્તિને સોંપવાથી અનિયમિતતાઓનો પાયો નાખ્યો,' જગને કહ્યું. રાજ્યમાં DSC ભરતી પરીક્ષા અને નિમણૂકોના સંચાલન અંગે વિપક્ષના વ્યાપક અભિયાન વચ્ચે આ આરોપો આવ્યા છે. YSRCP નેતાઓએ પ્રશ્ન ઉઠાવ્યો છે કે DSC પરીક્ષા નિયુક્ત કન્વીનર વિના કેવી રીતે લેવામાં આવી અને રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (SCERT) ના આઉટસોર્સિંગ કર્મચારીની નિમણૂક અંગે સ્પષ્ટતા માંગી છે, જેણે પછીથી જિલ્લા-ટોચનો ક્રમ મેળવ્યો. વિપક્ષે કર્મચારીની નિમણૂક અંગેના ખુલાસામાં વિરોધાભાસ તરીકે વર્ણવેલ બાબતો તરફ પણ ધ્યાન દોર્યું છે અને આ બાબતની વિગતવાર તપાસની માંગ કરી છે. YSRCP નેતાઓએ રમતગમત ક્વોટા હેઠળ કરવામાં આવેલી નિમણૂકો અને રમતગમત પ્રમાણપત્રો જારી કરવાની વ્યાપક તપાસની માંગ કરી છે. તેઓએ એવો પણ આરોપ લગાવ્યો છે કે નોકરીઓ માટે ઉમેદવારો પાસેથી લાખો રૂપિયાની માંગણી કરવામાં આવી હતી, જેમાં ઓડિયો રેકોર્ડિંગનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો જે આરોપો.YSRCP નેતાઓએ કથિત DSC ગેરરીતિઓની સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI) તપાસની માંગ કરી છે અને ભરતી પ્રક્રિયા માટે શિક્ષણ મંત્રીને જવાબદાર ઠેરવીને લોકેશના રાજીનામાની માંગ કરી છે. YSRCP MLC એ 17 ઓગસ્ટના રોજ આંધ્ર પ્રદેશ વિધાન પરિષદ પરિસરમાં વિરોધ પ્રદર્શન કર્યું હતું, જેમાં DSC ભરતીમાં કથિત ગેરરીતિઓની સંપૂર્ણ તપાસની માંગ કરવામાં આવી હતી.

**ઈ-ઓક્શન સૂચના**

**"પૂર/જળમગ્નતાથી અસરગ્રસ્ત કાચો માલ – પેપર રીલ, WIP (વર્ક-ઈન-પ્રોગ્રેસ) અને FG (ફિનિશ્ડ ગુડ્સ) – પેપર ટ્યુબ/કોર", જેનો અંદાજિત કુલ જથ્થો 45,146 કિગ્રા છે, પ્રતિ કિલોગ્રામના ધોરણે નિકાલ માટે રજૂ કરવામાં આવે છે."**

રસ ધરાવતા ખરીદદારોને "પૂર/જળમગ્નતાથી અસરગ્રસ્ત કાચો માલ – પેપર રીલ, WIP (વર્ક-ઈન-પ્રોગ્રેસ) અને FG (ફિનિશ્ડ ગુડ્સ) – પેપર ટ્યુબ/કોર", જેનો અંદાજિત કુલ જથ્થો 45,146 કિગ્રા છે અને જેનો નિકાલ પ્રતિ કિલોગ્રામના ધોરણે કરવામાં આવનાર છે, તેના ઈ- ઓક્શનમાં ભાગ લેવા આમંત્રિત કરવામાં આવે છે. ઉક્ત સામગ્રી M/s. Navkar Tubes and Coresની માલિકીની છે. વિષયક સામગ્રીનું નિરીક્ષણ કરવડ ગામ, વાપી-ધરમપુર રોડ, ગુજરાત – 396191 ખાતે 20-08-26 થી 25-08-26 દરમિયાન, સવારે 10:00 વાગ્યાથી સાંજે 05:00 વાગ્યા સુધી, માત્ર કાર્યકારી દિવસોમાં કરી શકાશે. નિરીક્ષણ માટે કૃપા કરીને શ્રી પ્રકાશ શાહ – મોબાઈલ નં. +91-9825610011 નો સંપર્ક કરવો. ઈ-ઓક્શન 26-08-26ના રોજ www.b2bsalvage.com પર યોજાશે. ઈ-ઓક્શનની ભાગીદારી માટે જરૂરી Terms & Conditions સહિતનું Participation Form મેળવવા માટે કૃપા કરીને શ્રી હેમંત બિરલાનો સંપર્ક કરવો. ફોર્મ તથા EMD રકમ જમા કરવાની છેલ્લી તારીખ 25-08-26, સાંજે 04:00 વાગ્યા સુધી રહેશે.

**ઓક્શનિયર: બીટુબી સેલ્વેજ ઓક્શનિયર્સ ઈન્ડિયા એલએલપી**
**નોંધાયેલ કાર્યાલય: ૧૨૧, લવકુશ કોલોની, માંગલિયા, ઈન્દોર, મધ્ય પ્રદેશ – ૪૫૩૭૭૧.**
સંપર્ક નં.: +૯૧ ૯૭૫૪૭ ૦૯૦૭૧

સિટી
એક્સપ્રેસ
FRIDAY 21 AUGUST-2026
AHMEDABAD



# નકલી ઈંગ્લિશ દારૂની ફોર્મ્યુલા આપનાર 'ડૉક્ટર'નું જ મોત

## શિક્ષકનું ઘરમાં લોહીની ઊલટી કરીને મોત, સુરતનો યુવક 3 દિવસથી બેભાન, વરતેજ PI સસ્પેન્ડ; ભાવનગર લઠ્ઠાકાંડમાં 9 મોત...

ભાવનગર | ભાવનગરના લઠ્ઠાકાંડમાં નકલી ઈંગ્લિશ દારૂ પીવાથી 9 લોકોના મોત થયા છે, જ્યારે 46 લોકોને અસર થતાં સારવાર હેઠળ છે. 19 ઓગસ્ટની રાત્રે શહેરના ગાંધી કોલોની સામે ગિલ્બર્ટ એપાર્ટમેન્ટના બીજા માળેથી સોનગઢની સરકારી સ્કૂલના શિક્ષક હિતેશ પરમારની શંકાસ્પદ હાલતમાં લાશ મળી હતી. ઘરના રસોડામાં રોયલ સ્ટેગની અડધી ભરેલી બોટલ પણ પોલીસે જપ્ત કરી છે.

કાળીયાબીડ વિસ્તારમાં ભગવતી સર્કલ પાસે રહેતા 35 વર્ષીય યુવક જય જીતેન્દ્રભાઈ ભટ્ટીનું મોત નિપજ્યું છે. પરિણીત એવા જયેશભાઈને સંતાનમાં આઠ વર્ષનો એક દીકરો અને ચાર વર્ષની એક દીકરી છે.

દારૂ બનાવવા માટે ખાસ ઉજ્જૈનથી નરેન્દ્રસિંહ યાદવ ઉર્ફે ડૉક્ટરને બોલાવાયો હતો. જેણે સારસ, ગણેશ અને અમન સાથે મળી ગૌતમ સોલંકીના ઘરે આ મિથેનોલયુક્ત દારૂ તૈયાર કર્યો હતો. ઝેરી દારૂ બનાવનાર નરેન્દ્રસિંહ યાદવે પણ પોતે બનાવેલા દારૂનું સેવન કર્યું હતું. બીજા જ દિવસે તબિયત લથડતાં તેને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડાતા ત્યાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ થયું હતું.

મૂળ ભાવનગરનો 35 વર્ષીય સંજયસિંહ સુરતમાં પરિવાર સાથે રહે છે. તે વતન ભાવનગરથી દારૂ પીને સુરત આવતા જ બીમાર પડતાં તેને હોસ્પિટલમાં ખસેડાયો છે, જ્યાં તે 3 દિવસથી બેભાન છે.

જિલ્લામાં સ્થિતિ એવી વણસી છે કે બોટાદ અને અમરેલીથી 100 પોલીસ કર્મચારીઓને બંદોબસ્તમાં તહેનાત કરાયા છે. પકડાયેલા આરોપીઓને 4 વાગ્યા સુધીમાં કોર્ટમાં રિમાન્ડ માટે રજૂ કરાય તેવી સંભાવના છે. મોડી રાત સુધી SMC, LCB અને સ્થાનિક પોલીસે બુટલેગરોને ત્યાં સર્ચ ઓપરેશન કર્યું હતું. સાથે જ મુખ્ય સૂત્રધાર રઈસને ઇન્દોરથી SMCએ ઝડપી પાડ્યો છે. 21 વિરુદ્ધ ફરિયાદ અને 13ની ધરપકડ કરાઈ છે. ભાવનગર રેન્જ આઈજીએ વરતેજ પોલીસ મથકના પીઆઈ એ.બી.પઢેરીયાને સસ્પેન્ડ કર્યા છે. ગઈકાલે રાત્રે વરતેજ પોલીસ મથકના 4 પોલીસ કર્મીને સસ્પેન્ડ કરાયા હતા.



### ભાવનગરથી દારૂ પીને સુરત આવ્યો

નકલી દારૂ પીધા બાદ સુરતનો સંજયસિંહ નામનો યુવક પણ ગંભીર હાલતમાં હોસ્પિટલમાં દાખલ છે. યુવક 16 તારીખે રાત્રે ભાવનગરથી દારૂ પીને 17 તારીખે સવારે સુરત આવ્યો હતો. જ્યાં પહોંચતા જ તબિયત લથડી હતી. શરૂઆતમાં તેને ખાનગી હોસ્પિટલમાં ખસેડાયો હતો. ત્યારબાદ અન્ય એક ખાનગી હોસ્પિટલમાં વધુ સારવાર અર્થે લઈ જવાયો હતો. જ્યાં પણ તેની સ્થિતિમાં કોઈ સુધારો થયો નહોતો. જેથી તેને દક્ષિણ ગુજરાતની સૌથી મોટી ન્યુરોલોજિસ્ટની હોસ્પિટલમાં ખસેડાયો છે.

સંજયસિંહની જ્યારે તબિયત લથડી હતી ત્યારે પહેલા તેની આંખો બંધ થઈ ગઈ હતી. ત્યારબાદ તેના અલગ અલગ રિપોર્ટ કરાવી રહ્યા હતા ત્યારે તેને સિરિયસ એટેક આવી ગયો હતો. ત્યારથી જ તે બેભાન અવસ્થામાં છે અને સારવાર હેઠળ છે. સંજય છેલ્લા બે-ત્રણ દિવસથી આજ અવસ્થામાં હોવાથી પરિવાર પણ ચિંતિત છે.

સંજયસિંહની તબિયત લથડવાના કારણે અલગ અલગ ડૉક્ટરો દ્વારા અલગ અલગ રિપોર્ટો કરાવવામાં આવ્યા હતા. દારૂનો નશો કર્યો હોવાથી તેનો એક અલગથી રિપોર્ટ પણ કરવામાં આવ્યો હતો. જેમાં ઈથેનોલ મિથેનોલ પોઈઝનની અસર હોવાનો રિપોર્ટ પણ આવ્યો છે. દારૂ પીધાના આઠથી દસ કલાકમાં જ સંજયની તબિયત લથડી હતી અને જીવન મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યો છે.

### રો-મટિરિયલ અમદાવાદથી લાવ્યાં, ફોર્મ્યુલા આપનારનું તે જ દારૂથી મોત

બુટલેગર ગૌતમ સોલંકીએ દારૂ બનાવવા માટે મધ્યપ્રદેશથી ગેંગ બોલાવી હતી. તમામ આરોપીઓએ ભેગા મળી ત્રણ તબક્કામાં દારૂ બનાવ્યો હતો. જેના માટે મિથેનોલ અને રો-મટીરીયલ અમદાવાદથી ખરીદ્યું હતું. ભાવનગર પોલીસે ગૌતમ સોલંકી સહિત 21 લોકો સામે ગુનો દાખલ કર્યો છે. જોકે, આ નકલી દારૂની ફોર્મ્યુલા આપનાર 'ડોક્ટર'નું તે જ દારૂથી મોત નિપજ્યું છે.

ગૌતમ સોલંકી અને ઉજ્જૈનના રઈસ નામના શખ્સે ભેગા મળી અમદાવાદના અલગ અલગ વિસ્તારોમાંથી મિથેનોલ, વ્હાઈટ લિક્વિડ મટિરિયલ, ખાલી બોટલો, ઢાંકણાં અને રોયલ સ્ટેગના સ્ટીકરો ખરીદીને ટ્રાન્સપોર્ટથી વરતેજ લાવ્યા હતા. દારૂ બનાવવા માટે ખાસ ઉજ્જૈનથી નરેન્દ્રસિંહ યાદવ ઉર્ફે ડૉક્ટરને બોલાવવામાં આવ્યો હતો. જેણે સારસ, ગણેશ અને અમન સાથે મળી ગૌતમ સોલંકીના ઘરે આ મિથેનોલયુક્ત દારૂ તૈયાર કર્યો હતો.

પહેલા પ્રયાસમાં 51 પેટી દારૂ તૈયાર કરી ગૌતમ અને તેના સાળાએ વેચી દીધો હતો. બીજી વખત બનાવેલો દારૂ અત્યંત ખરાબ બનતાં તેનો સ્થળ પર જ નાશ કરી દેવાયો હતો. ત્રીજી વખત 25 પેટી દારૂ બનાવીને ભાવનગર અને આસપાસના ગામડાઓમાં છૂટક વેચાણ માટે મોકલ્યો હતો, જેમાં સંજય ચાવડા નામના શખ્સને વેચેલી 36 પેટીઓ નીલમબાગ પોલીસે દરોડો પાડીને કબજે કરી હતી.

મિથેનોલયુક્ત આ ઝેરી દારૂ બનાવનાર નરેન્દ્રસિંહ યાદવે પણ પોતે બનાવેલા દારૂનું સેવન કર્યું હતું. બીજા જ દિવસે તબિયત લથડતાં તેને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ થયું હતું. આ રીતે લોકો માટે તૈયાર કરાયેલો ઝેરી દારૂ ખુદ બનાવનાર માટે પણ કાળ સાબિત થયો હતો. ભાવનગર શહેર અને જિલ્લામાંથી નકલી ઈંગ્લિશ દારૂ પીવાથી તબિયત લથડી હોય તેવા અસરગ્રસ્ત દર્દીઓની સંખ્યામાં છેલ્લા ત્રણ દિવસમાં વધારો થયો છે. જેમાં ખાસ કરીને ભાવનગર સર ટી. હોસ્પિટલમાં અસરગ્રસ્ત દર્દીઓ વધી રહ્યા છે, ત્યારે સર ટી. હોસ્પિટલમાં સ્થાનિક કક્ષાએથી મુંબઈથી ફોમેપિઝોલ ઈન્જેક્શન મંગાવવાની તજવીજ હાથ ધરાઈ છે. પ્રારંભિક તબક્કામાં 10 ઈન્જેક્શન મંગાવવા વહીવટી પ્રક્રિયા શરૂ કરાઈ હોવાનું સૂત્રોએ માહિતી આપતા જણાવ્યું હતું.

# નવા શ્રમ કાયદા : ભારતના શ્રમ પરિદ્રશ્યમાં ઐતિહાસિક ફેરફાર

### અમદાવાદ મંડળમાં ઈન્ટરેક્ટિવ સેશન અને જાગૃતિ સેમિનારનું આયોજન



અમદાવાદ | રેલવે બોર્ડ અને પશ્ચિમ રેલવે મુખ્યમથક દ્વારા આપવામાં આવેલ દિશા-નિર્દેશોના અનુપાલનમાં અમદાવાદ મંડળના કાર્મિક વિભાગ દ્વારા નવા શ્રમ કાયદાઓની જોગવાઈઓ, તેમની અસર અને અનુપાલન સંબંધિત વિવિધ પાસાઓ પર ઈન્ટરેક્ટિવ સેશન અને જાગૃતિ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમમાં ઉપ મુખ્ય શ્રમ કમીશનર શ્રી વી. આર. ગણેશન અને સહાયક શ્રમ કમીશનર વિકાસ બિશ્નોઈની ગરિમાપૂર્ણ ઉપસ્થિતિ રહી. આ અવસર પર સિનિયર મંડળ કાર્મિક અધિકારી શ્રી સિદ્ધાર્થ સહિત મંડળના સંબંધિત અધિકારી, કર્મચારી અને રેલવેથી જોડાયેલા કોન્ટ્રાક્ટર ઉપસ્થિત રહ્યા. ભારત સરકાર દ્વારા 29 કેન્દ્રીય શ્રમ કાયદાઓને સમાહિત કરી 4 સર્વગ્રાહી શ્રમ સંહિતા તૈયાર કરવામાં આવી છે. આનો ઉદ્દેશ શ્રમિકોના અધિકારો અને હિતોની સુરક્ષા, સામાજિક સુરક્ષાનું વિસ્તરણ, સુરક્ષિત અને બહેતર કામ પરિસ્થિતિઓને સુનિશ્ચિત કરવાની સાથે-સાથે શ્રમ કાયદાઓની અનુપાલન પ્રક્રિયાને સરળ, પારદર્શક અને સુવ્યવસ્થિત બનાવવાનો છે.શ્રમ સુધારની ચાર મુખ્ય સંહિતાઓ : 1. વેતન સંહિતા, 2019 (Code on Wages, 2019): લઘુત્તમ વેતન, ફ્લોર વેજ, સમય પર ચુકવણી, લૈંગિક સમાનતા અને બોનસ સંબંધિત જોગવાઈઓને સુવ્યવસ્થિત કરે છે.2. ઔદ્યોગિક સંબંધ સંહિતા, 2020 (Industrial Relations Code, 2020): ટ્રેડ યુનિયનો, ઔદ્યોગિક વિવાદોના સમાધાન, ઔદ્યોગિક સંબંધો તથા શ્રમિકોના પુનઃ કૌશલ વિકાસથી સંબંધિત જોગવાઈ સામેલ કરે છે.3. સામાજિક સુરક્ષા સંહિતા, 2020 (Code on Social Security, 2020): EPF, ESIC, ગ્રેજ્યુઈટી સહિત સામાજિક સુરક્ષા સંબંધિત જોગવાઈઓને સર્વગ્રાહી કાયદાકિય માળખામાં સમાહિત કરે છે.4. વ્યવસાયિક સુરક્ષા, સ્વાસ્થ્ય અને કાર્યદશા સંહિતા, 2020 (OSH & WC Code, 2020): શ્રમિકોની સુરક્ષા, સ્વાસ્થ્ય અને ઉત્તમ કાર્ય પરિસ્થિતિઓ માટે સર્વગ્રાહી જોગવાઈ નિર્ધારિત કરે છે.સેમિનારમાં ચારેય શ્રમ સંહિતાઓની મુખ્ય જોગવાઈઓ, કર્મચારીઓના અધિકારો અને સુવિધાઓ, નિયોજકો અને કોન્ટ્રાક્ટરોની જવાબદારી તથા વૈધાનિક અનુપાલનથી જોડાયેલા વિષયો પર વિસ્તારપૂર્વક માહિતી આપવામાં આવી. પ્રતિભાગીઓને શ્રમ કાયદાઓના વ્યવહારિક પાસાઓ અને કામના સ્થળે તેમની અસરના સંબંધમાં માહિતગાર કરવામાં આવ્યા. ઈન્ટરેક્ટિવ સત્ર દરમિયાન અધિકારીઓ, કર્મચારીઓ અને કોન્ટ્રાક્ટરો દ્વારા વિવિધ પ્રશ્ન અને જિજ્ઞાસાઓ મુકવામાં આવી. ઉપ મુખ્ય શ્રમ કમીશનર શ્રી વી. આર. ગણેશન અને સહાયક શ્રમ કમીશનર શ્રી વિકાસ બિશ્નોઈ એ પ્રતિભાગીઓના પ્રશ્નોનું સમાધાન કરતાં સંબંધિત જોગવાઈઓના અસરકારક અનુપાલનના સંબંધમાં જરૂરી માર્ગદર્શન પૂરૂં પાડ્યું.આ અવસર પર સિનિયર મંડળ કાર્મિક અધિકારી શ્રી સિદ્ધાર્થ એ શ્રમ કાયદાઓની યોગ્ય સમજ વિકસિત કરવા તથા નિશ્ચિત જોગવાઈઓના અસરકારક અનુપાલન માટે સંબંધિત પક્ષો વચ્ચે ઉત્તમ સંકલનની જરૂરિયાત પર ભાર આપ્યો.આ જાગૃતિ કાર્યક્રમ નવા શ્રમ કાયદાઓના સંબંધમાં સર્વગ્રાહી સમજ વિકસિત કરવા, શ્રમિક હિતોની સુરક્ષા, સામાજિક સુરક્ષા અને સુરક્ષિત કાર્ય વાતાવરણને પ્રોત્સાહન આપવા તથા અમદાવાદ મંડળમાં કાયદેસર અને અસરકારક અનુપાલન સુનિશ્ચિત કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ પહેલ રહ્યો.

## 'પૈસા નહીં આપે તો કામ નહીં કરવા દઈએ', અમદાવાદ AMC કચેરીમાં એજન્ટ પિતા-પુત્રનો હુમલો

અમદાવાદ | અમદાવાદના દાણાપીઠ સ્થિત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ની મુખ્ય કચેરીમાં એજન્ટ તરીકે કામ કરતા શખસ પર અન્ય બે એજન્ટ પિતા-પુત્રએ હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડ્યાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે. AMC કચેરીમાં કામકાજ કરવા માટે હપ્તા પેટે પૈસાની માંગણી કરી પિતા-પુત્રએ યુવકને માથાના ભાગે લોખંડનું કડું મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે ભોગ બનનાર યુવકે કારંજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

મળતી માહિતી અનુસાર, ભોગ બનનાર 45 વર્ષીય સલીમ લંઘા છેલ્લા પાંચ વર્ષથી દાણાપીઠ AMC કચેરી ખાતે એજન્ટ તરીકે કામ કરે છે. ગઈકાલે તે AMC કચેરીના ગેટ નંબર-2 પાસે આવેલી કેન્ટીન નજીક પોતાના ભાઈ સાથે બેઠા હતા. આ દરમિયાન ત્યાં જ એજન્ટ તરીકે કામ કરતા યાસીન ઉર્ફે દાઢી હાસમ શેખ (રહે. ઈન્દિરાનગર, ઈસનપુર) અને તેમનો પુત્ર અનીક શેખ ત્યાં આવ્યા હતા.

આ પિતા-પુત્રએ સલીમને ધમકાવતા જણાવ્યું હતું કે, 'અહીંયા AMC ઓફિસ ખાતે એજન્ટ તરીકે કામ કરવું હોય તો અમારો ખર્ચો આપવો પડશે,




નહીંતર કામ કરવા નહીં દઈએ.' સલીમે પૈસા આપવાની ના પાડતાં જ બંને જણા ઉશ્કેરાઈ ગયા હતા અને ગાળાગાળી કરી મારપીટ કરવા લાગ્યા હતા. આ દરમિયાન અનીક શેખે હાથમાંથી લોખંડનું કડું કાઢીને સલીમના માથામાં મારતાં તેઓ લોહીલુહાણ થઈ ગયા હતા.

બૂમાબૂમ થતાં આસપાસના લોકો દોડી આવ્યા હતા અને સલીમભાઈને વધુ મારથી બચાવ્યા હતા. જતી વખતે બંને આરોપીઓએ ફરીથી કચેરીમાં દેખાશે તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ઈજાગ્રસ્ત સલીમભાઈને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. ઘટના અંગે કારંજ પોલીસે પિતા-પુત્ર વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાનૂની કાર્યવાહી હાથ ધરી છે.

### સાબરમતી અને ચાંદખેડાના વાહનચાલકો ઘરેથી વહેલા નીકળજો:ચીમનભાઈ પટેલ બ્રિજ પર બેરિંગની કામગીરી માટે બમ્પ મુકાયો

અમદાવાદ | જો તમે ઉત્તર ગુજરાત પાલનપુર કડી, કલોલ અને ચાંદખેડાથી સાબરમતી થઈને અમદાવાદ શહેરમાં પ્રવેશ કરી રહ્યા હોય તો સવારના સમયે વહેલા નીકળજો કારણકે સાબરમતીનો ચીમનભાઈ પટેલ બ્રિજ પરના બેરિંગ બદલવાની કામગીરીના કારણે ટ્રાફિકજામની સ્થિતિ સર્જાય છે. બ્રિજ પર RTO તરફના છેડા બાજુ બ્રિજની બેરિંગ બદલવાની કામગીરી કરવામાં આવી રહી છે.

તેના માટે લોખંડનો મોટો બમ્પ મૂકવામાં આવ્યો છે જેથી વાહનો ધીમી ગતિએ ચાલી રહ્યો છે. આ કામગીરીના કારણે સાબરમતી ટોરેન્ટ પાવર ચાર રસ્તા સુધી ટ્રાફિક જોવા મળે છે. સાબરમતી અને ચાંદખેડા તરફથી આવનારા વાહનચાલકોએ હવે સમય કરતાં વહેલા નીકળવું પડશે. કારણ કે બ્રિજના વચ્ચેના ભાગે બેરિંગ બદલવાની કામગીરી માટે મોટો લોખંડનો બમ્બ મ્યુનિસિપલ કોર્પોરેશનના બ્રિજ પ્રોજેક્ટ વિભાગ દ્વારા મૂકવામાં આવ્યો છે.

## ગેરકાયદે બાંધકામ ન તોડાવવાના નામે ₹3.15 લાખની લાંચ લેતાં મહિલા પત્રકાર અને પતિ રંગેહાથ ઝડપાયા

અમદાવાદ | અમદાવાદ શહેરમાં AMCના અધિકારીઓના નામે તોડબાજી કરી લાંચ માંગતા તોતિંગ કૌભાંડનો ACBએ પર્દાફાશ કર્યો છે. શહેરના સોનીની ચાલ વિસ્તારમાં ગેરકાયદે બાંધકામ તોડાવી પાડવાની ધમકી આપીને AMCના અધિકારી તથા પોતાના હિસ્સા પેટે લાખો રૂપિયાની લાંચ માંગનાર મહિલા પત્રકાર અને તેના પતિને ACB ની ટીમે 3.15 લાખની રોકડ સ્વીકારતા રંગેહાથ ઝડપી લીધા છે. આ મામલે એસીબીએ ગુનો નોંધી દંપતીની ધરપકડ કરી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

નિકોલ વિસ્તારમાં રહેતા 'નવજીવન ક્રાઈમ અધિકારી ન્યૂઝ'ના મહિલા પત્રકાર શિલ્પા આહિર અને તેમના પતિ વિજય આહિરે શહેરના પૂર્વ વિસ્તારમાં રહેતા એક નાગરિકને નિશાન



બનાવ્યા હતા. ફરિયાદીએ પોતાના મકાન અને દુકાનના ઉપરના ભાગે પહેલા માળે પતરાની છત દૂર કરીને સ્લેબ ભરી પાકું બાંધકામ કર્યું હતું, જેને દૂર કરવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા નોટિસ ફટકારવામાં આવી હતી. આ નોટિસની જાણ થતાં જ બંને પત્રકારોએ મકાન માલિકનો સંપર્ક કર્યો હતો અને પ્રથમ માળનું નવું બાંધકામ મ્યુનિસિપલ તંત્ર પાસે તોડાવી નાખવાની ધમકી આપી હતી.

બાંધકામ સામે ડિમોલિશનની કાર્યવાહી ન કરાવવી હોય તો AMC ના અધિકારીઓના નામે 3 લાખ અને પોતાના અંગત ખર્ચા પેટે 25 હજાર મળીને કુલ 3.25 લાખની લાંચની માંગણી કરવામાં આવી હતી. આ રકમ પૈકી મકાન માલિકે અગાઉ 10,000 આપી દીધા હતા, જ્યારે બાકીના 3.15 લાખ ચૂકવવા માટે દંપતી સતત દબાણ કરી રહ્યું હતું. લાંચની આ તોતિંગ રકમ આપવા ન માંગતા જાગૃત મકાન માલિકે સીધો લાંચ રુશ્વત વિરોધી બ્યુરો (ACB) નો સંપર્ક કરી સમગ્ર મામલે લેખિત ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદના આધારે ACB ની ટીમે લાંચિયા દંપતીને પકડવા માટે સોનીની ચાલ વિસ્તારમાં છટકું ગોઠવ્યું હતું. શિલ્પા આહિર અને વિજય આહિર ફરિયાદી પાસેથી બાકી રહેલી લાંચની રકમ લેવા માટે સ્થળ પર પહોંચ્યા હતા. ફરિયાદી પાસેથી લાંચ પેટે 3.15 લાખની રોકડ રકમ સ્વીકારતાની સાથે જ ACB ના અધિકારીઓએ બંનેને રંગેહાથ દબોચી લીધા હતા.

## ફેઝલે હિન્દુ ડોક્ટર યુવતી સાથેના લગ્નનું નકલી સર્ટિફિકેટ રજૂ કર્યું:માતાએ રડતાં-રડતાં કહ્યું- મારી દીકરીને લવ જેહાદમાં ફસાવી બ્રેનવોશ કર્યું, SITની રચના કરવા PMને પત્ર...

વડોદરા | વડોદરાના કરજણ તાલુકાના કિયા ગામના ફેઝલ દિવાન નામના યુવકે ભરૂચ જિલ્લાના જંબુસરની હિન્દુ ડોક્ટર યુવતીને ભગાડીને લઈ ગયા બાદ જંબુસર પોલીસમાં લગ્નનું બનાવટી સર્ટિફિકેટ રજૂ કર્યું હતું. યુવતીના પિતાએ અગાઉ પુત્રી ગુમ થયાની ફરિયાદ નોંધાવ્યા બાદ લગ્ન સર્ટિફિકેટની ખરાઈ કરાવતા વડોદરાના કુબેર ભવનની સબ રજિસ્ટ્રાર અને લગ્ન અધિકારીની કચેરીમાં તપાસ કરતા રેકોર્ડમાં આવા કોઈ લગ્નની નોંધ ન હોવાનું સામે આવ્યું હતું.

આ મામલે જંબુસર પોલીસમાં યુવતીના પિતાએ ફરિયાદ નોંદાવતા આરોપી ફેઝલની ધરપકડ કરાઈ છે. આ ઉપરાંત પિતાએ સમગ્ર કેસની તપાસ માટે SITની રચના કરવા વડાપ્રધાનને પત્ર લખ્યો છે. તો માતાએ દીકરીને લવ જેહાદમાં ફસાવી બ્રેનવોશ કર્યાના આક્ષેપ સાથે દીકરીને પરત લાવી આપવા માગ કરી છે.

BHMSનો અભ્યાસ કરેલી જંબુસરની યુવતી વડોદરામાં રહીને ગોત્રીની હોસ્પિટલમાં નોકરી કરતી હતી. 7 મેના રોજ સાંજના સમયે તેણે પરિવારને ફોન કરીને કહ્યું કે, 'મેં કોર્ટ મેરેજ કરી લીધા છે, આજથી હું ઘરે નહીં આવું અને હું સોનાનો 6 તોલાનો હાર મારી પાસે છે, હું તમને બે મહિના પછી આપી દઈ શ' કહી ફોન કાપી નાખ્યો હતો.

પરિવારે યુવતીની શોધખોળ કરતા બીજા દિવસે વાતચીત થઈ હતી. પરિવારજનોએ તેને ઘરે પરત આવવા સમજાવી હતી, પરંતુ યુવતીએ પરિવારની વાત માની ન હતી. આ અંગે 11 મેએ ગોત્રી પોલીસ સ્ટેશનમાં યુવતી ગુમ થયાની ફરિયાદ નોંધાવી હતી. તેમજ જંબુસર પોલીસ સ્ટેશનમાં પણ અરજી આપી હતી.

આ વચ્ચે પરિવારને જાણવા મળ્યું કે, યુવતીએ કરજણના કિયા ગામના ફેઝલ મજીદ દિવાન સાથે કોર્ટ-મેરેજ કર્યા છે. આ લગ્નનું સર્ટિફિકેટ યુવકના મામા દ્વારા જંબુસર પોલીસ સ્ટેશનમાં રજૂ કરવામાં આવ્યું છે. પરિવારે આ મેરેજ સર્ટિફિકેટની ખરાઈ વડોદરાના કુબેર ભવનમાં કરાવતા કચેરીએ 30 જૂનના રોજ લેખિતમાં જણાવ્યું કે, રેકોર્ડની ચકાસણી કરતા યુવક અને યુવતીના નામે 16 જૂન સુધીમાં કોઈ લગ્ન નોંધણી થઈ નથી. તેમજ કચેરી તરફથી આવું કોઈ લગ્ન સર્ટિફિકેટ અપાયું નથી. જંબુસર પોલીસે યુવતીના પિતાની ફરિયાદ લઈને યુવક સામે ગુનો નોંધ્યો છે.

વકીલ ચેતન દેસાઈએ જણાવ્યું કે, મેં મહિનામાં એક પુખ્ત વયની ડૉક્ટર દીકરી અન્ય ધર્મના છોકરા સાથે ઘરેથી ભાગી ગઈ હતી. ત્યારબાદ બે મહિનામાં પરિવારે ઘણી બધી ફરિયાદ કરી હતી. આ ડુપ્લિકેટ મેરેજ સર્ટિફિકેટમાં કોની-કોની મદદગારી છે?, સાક્ષીમાં કોણે સહી કરી છે અને કોણે બનાવટી સિક્કા બનાવ્યા છે? તેની તપાસ કરવા માટે પોલીસે હાલમાં ફરિયાદ નોંધી છે. કાયદાના ઘણા વિકટ પ્રશ્નો હતા, તેથી ગોત્રી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરવામાં આવી ન હતી. હાલમાં જંબુસર પોલીસે વોટ્સએપ દ્વારા મળેલી માહિતીના આધારે આ ફરિયાદ નોંધી છે.

## યુપીના રાજ્યપાલ પદેથી આનંદીબહેન પટેલના રાજીનામાની વાતો માત્ર અફવા

ગુજરાત | ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને હાલ ઉત્તર પ્રદેશના રાજ્યપાલ તરીકે કાર્યરત આનંદીબહેન પટેલના રાજીનામા અંગે સોશિયલ મીડિયા પર અફવાઓ વહેતી થઈ છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર એવા દાવા કરવામાં આવી રહ્યા હતા કે તેમણે કેન્દ્ર સરકાર સમક્ષ રાજ્યપાલ પદની જવાબદારીમાંથી મુક્ત થવાની રજૂઆત કરી હતી, જેને કેન્દ્ર સરકારે સ્વીકારી લીધી છે. આ પ્રકારના દાવા વાયરલ થતાં જ લોકોમાં અને રાજકીય વર્તુળોમાં જાતજાતની ચર્ચાઓ શરૂ થઈ ગઈ હતી.



આનંદીબહેન પટેલની નજીકના વિશ્વસનીય વર્તુળોએ સ્પષ્ટતા કરી છે કે, રાજીનામાની આ તમામ વાતો તદ્દન પાયાવિહોણી છે અને તેઓ આજે પણ ઉત્તર પ્રદેશના રાજ્યપાલ પદે યથાવત છે. આગામી રક્ષાબંધન પર્વ નિમિત્તે પરિવાર સાથે સમય વિતાવવા માટે તેઓ એક અઠવાડિયાની સત્તાવાર મંજૂર થયેલી રજા લઈને અમદાવાદ આવ્યા છે, જેને ખોટી રીતે રાજીનામા સાથે જોડી દેવામાં આવ્યું છે. આ મામલે ચાલી રહેલી ખોટી અફવાઓ સંદર્ભે આનંદીબહેન પટેલ ટૂંક સમયમાં સ્થિતિ સ્પષ્ટ કરી શકે છે. અમદાવાદ ખાતે પરિવાર સાથે એક સપ્તાહનો સમય વિતાવ્યા બાદ તેઓ ફરી ઉત્તર પ્રદેશ પરત ફરશે અને રાજ્યપાલ તરીકેની પોતાની બંધારણીય જવાબદારીઓ નિયમિતપણે ચાલુ રાખશે.

દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઇટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...